Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

SHIKSHNA SAHITYA 1954

G. K. V.
L. B.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

112696

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

शिक्षासाहित्य

५४

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિક્ષણ અને સાહિત્ય

सा विद्या या विमुक्तये

HL.
SHIKSHNA-SAHITYA
1954
G.K.V
Lib
HARDWAR.

112696

વર્ષ ૧૩ — અંક ૧૦

ઑક્ટોબર — નવજીવન, અમદાવાદ — ૧૯૫૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિક્ષણ અને સાહિત્ય

ઑક્ટોબર, ૧૯૫૪

વર્ષ ૧૩ અંક ૧૦

અનુક્રમણિકા

વિષય	લેખક	પૃષ્ઠ
હિંદીનું સ્વરૂપ	જવાહરલાલ નેહરુ	૨૮૯
દિલ્હીમાં ગાંધીજી	મનુબહેન ગાંધી	૨૯૧
નઈ તાલીમ વિષે ગાંધીજીની કલ્પના	દિલખુશ દીવાનજી	૨૯૫
ઉદ્યોગ દ્વારા શિક્ષણનો પ્રયોગ	વિઠ્ઠલદાસ કોઠારી	૨૯૬
એ પુણ્ય પર્વની સ્મૃતિમાં	મગનભાઈ દેસાઈ	૨૯૭
ધર્મ અને ઇતિહાસ	મગનભાઈ દેસાઈ	૩૦૧
જ્ઞાન વિજ્ઞાનની પરિભાષા	મગનભાઈ દેસાઈ	૩૦૨
આપણે એની ફરજ પાડવી જોઈએ ?	મગનભાઈ દેસાઈ	૩૦૪
સિગારેટની કહાણી	ગો૦	૩૦૫
સિંગાપોરમાં વિશ્વયુવક મહાસભા	રામલાલ પરીખ	૩૦૮
ડાંગની ભાષા	ઘેલુભાઈ નાયક	૩૧૧
મધમાખ	ગો૦	૩૧૨
માસિક વિવેચન		
સાક્ષરશ્રી રમણલાલ દેસાઈ	મ૦	૩૧૬
શ્રી રામસ્વામી આયરનું વ્યાખ્યાન	મ૦	૩૧૬
પરીક્ષામાં ચોપડીઓ વાપરી શકાય ?	મ૦	૩૧૭
એસ. એસ. સી. માં અંગ્રેજી ફરજિયાત થશે ?	મ૦	૩૧૭
શિક્ષણમાં પાયાગત સુધારો કરો	મ૦	૩૧૭
ભાષાકીય સહિષ્ણુતા અને હિંદી	મ૦	૩૧૮
એટલું બધું મુશ્કેલ નથી	મ૦	૩૧૮
નવી તાલીમ પ્રદર્શનની યોજના	વિ૦	૩૧૯
નવી તાલીમનું એક ભયસ્થાન	વિ૦	૩૧૯
નવું વાચન		
નિર્માણ	ચૂ૦	૩૨૦
નારી, તું નારાયણી	ચૂ૦	૩૨૦
સાભાર સ્વીકાર		૩૨૦

સૂચના

આ માસિક દર મહિનાની પહેલી તારીખે બહાર પડશે.

એક અઠવાડિયામાં અંક ન મળે તો ગ્રાહકે પોતાનો ગ્રાહકનંબર લખી ખબર આપવાથી તે અંક મોકલી આપવામાં આવશે. એ પહેલાં ટપાલ ખાતામાં પૂરી તપાસ કરી લેવા વિનંતી છે.

સરનામાનો ફેરફાર અમને તુરત જણાવશો કે જેથી નવો અંક નવા સરનામે મોકલી શકાય.

ગ્રાહકોને પત્રવહેવાર કરતી વખતે પોતાનો ગ્રાહકનંબર અવશ્ય જણાવવા વિનંતી છે.

ગ્રાહકો પોતાનું લવાજમ નવજીવન કાર્યાલયની શાખાઓમાં મુંબઈ (૧૩૦, પ્રિન્સેસ સ્ટ્રીટ); સુરત (કણપીઠ બજાર); રાજકોટ (લાખાજીરાજ રોડ); દિલ્હી (ઍર ઇંડિયા ઑફિસ સામે, કૉનોટ સરકસ, નવી દિલ્હી); ઇંદોર (ગાંધીભવન, યશવંત રોડ) અને વડોદરા (કોઠી સામે, રાવપુરા) ભરી શકશે.

લવાજમના દર

દેશમાં રૂ. ૪); પરદેશમાં રૂ. ૬) અથવા શિ. દસ; છૂટક નકલ આઠ આના

વ્યવસ્થાપક,
શિક્ષણ અને સાહિત્ય
નવજીવન કાર્યાલય,
પો. નવજીવન, **અમદાવાદ-૧૪**

અમારાં નવાં પ્રકાશનો

શિક્ષણનું માધ્યમ : લે૦ ગાંધીજી, સંપા૦ ભારતન કુમારપ્પા; કિં. રૂ. ૦-૩-૦; ટપાલરવાનગી ૦-૨-૦.

ભાષાવાર રાજ્યરચના : લે૦ ગાંધીજી, સંપા૦ ભારતન કુમારપ્પા; કિં. ૦-૩-૦; ટપાલરવાનગી ૦-૨-૦.

વિનીત જોડણીકોશ : બૃહદ્ સાર્થ જોડણીકોશની શાળોપયોગી આવૃત્તિ. કિં. રૂ. ૭-૮-૦; ટપાલરવાનગી ૧-૧૨-૦.

બાપુના પત્રો—૩ : કુસુમબહેન દેસાઈને : સંપા૦ કાકા કાલેલકર; કિં. રૂ. ૦-૧૨-૦; ટપાલરવાનગી ૦-૪-૦.

સાપ : લે૦ શિવશંકર પ્રાણશંકર શુકલ; કિં. રૂ. ૨-૮-૦; ટપાલરવાનગી ૦-૧૦-૦.

Medium of Instruction : By Gandhiji; Ed. Bharatan Kumarappa; Price Re. 0-4-0; Postage etc. 0-2-0.

Preparation for Science : By R. B. Gregg; Price Re. 1-8-0; Postage etc. 0-6-0.

This was Bapu : Com. By R. K. Prabhu; Price Rs. 2-0-0; Postage etc. 0-12-0.

નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ-૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

112896

શિક્ષણ અને સાહિત્ય

सा विद्या या विमुक्तये

વર્ષ ૧૩–અંક ૧૦] અમદાવાદ [ઑક્ટોબર, ૧૯૫૪

હિંદીનું સ્વરૂપ*

આ જાતના કોયડાઓમાં જુદી જુદી દૃષ્ટિએ વિચાર-વિનિમય થાય એ આવશ્યક છે. પણ હું દરેકને એક વાત ખ્યાલમાં રાખવાની વિનંતી કરું છું કે, જે સવાલ અંગે મતભેદ હોય, વાદવિવાદ ચાલતો હોય, ત્યાં જરા પણ દ્વેષ કે શત્રુતાની ભાવના ન હોવી જોઈએ. જો આપણે દ્વેષભાવથી અને કડવાશભરી રીતે આ સવાલનો ઉકેલ લાવવા પ્રયત્ન કરીશું, તો એનું પરિણામ એ કામને આગળ લઈ જનારું નહીં આવે અને એથી તો માત્ર ઝઘડાઓ જ વધશે, એ અંગે આપણાં મનમાં લેશમાત્ર પણ શંકા ન હોવી જોઈએ. એ વાત સાચી છે કે, કેટલાય પ્રશ્નો લોકોની બહુમતીથી ઊકલતા હોય છે. પણ આ પ્રશ્ન બહુમતીથી હલ થાય એવો નથી. આ તો એક એવો પ્રશ્ન છે કે જેના ઉકેલ માટે દેશમાં એવું વાતાવરણ ઉત્પન્ન કરવાની જરૂર છે કે જેથી આપણે જે વસ્તુને ઊંચે લઈ જવા માગીએ છીએ તેમાં એથી સહાય થાય. આ સવાલ સમસ્ત ભારતવર્ષ માટે મહત્ત્વપૂર્ણ છે, અને કેટલાંય કારણોસર તો દક્ષિણ ભારત માટે તો એ વળી અધિક મહત્ત્વનો છે. આપણે એનો ઉકેલ લાવવાનો છે.

પરિસ્થિતિ વગેરે અનેક કારણોને લઈને દક્ષિણ હિન્દે સામાન્ય રીતે આપણા વિધાનના આદેશોને વ્યાપક રૂપે સ્વીકાર્યા છે એવી મને પાકી ખાતરી છે. દક્ષિણે માત્ર તેનો સ્વીકાર જ નથી કર્યો, પણ તે પ્રમાણે આચરણ પણ કરે છે. તમે કદાચ એમ કહેશો કે, ક્યાંક ક્યાંક બહુ ધીમી પ્રગતિ થાય છે. પણ તેમ છતાંય બહુ ચોકસાઈપૂર્વક તેનો અમલ થઈ રહ્યો છે. એટલે ઉત્તર હિન્દના લોકોએ એવી નાહકની ધુમરાણ નહીં મચાવવી જોઈએ કે, દક્ષિણના લોકોએ આ ન કર્યું ને તે ન કર્યું. દક્ષિણ હિન્દની મંદ પ્રગતિ અંગે કોઈએ ટીકા કરવાની હોય તો તે દક્ષિણના લોકોએ જ કરવાની હોય, ઉત્તરમાં રહેનારા લોકોએ નહીં. એટલે મારી તમને સૌને તથા દેશની બીજી પ્રજાને પ્રાર્થના છે કે, આપણે એ યાદ રાખીએ કે જે પ્રશ્નમાં ડગલે ને પગલે અંતરાયો હતા એ પ્રશ્ન અંગે આપણે સૌએ વ્યાપક સમાધાન અને સમ્મતિ પ્રાપ્ત કર્યાં છે. એનાથી આપણને ભારે સફળતા મળી છે. આ એક મોટી વાત છે. અને હજી પણ જો આ અંગે કંઈ શંકા કે ચર્ચા થાય તો તે સ્વાભાવિક છે. આવા મહાન પ્રશ્ન પર એમ ન થાય તો બીજા શેના ઉપર થાય?

મહત્ત્વની વાત તો એ છે કે, આપણે મૂળ પ્રશ્ન ઉપર વધારે ધ્યાન આપવું જોઈએ; વાદાવાદ કે મતભેદો ઉપર નહીં. જો વિવાદ કે મતભેદો થાય જ તો એ એવી રીતના હોવા જોઈએ કે જેમ બે મિત્રો વચ્ચે થાય છે અને પછી ધીમે ધીમે એકબીજાને વધુ ને વધુ સમજતા જાય છે.

યુગોસ્લાવિયામાં ત્રણ મુખ્ય ભાષાઓ અને બે લિપિઓ છે. ત્રણ ભાષાઓ બન્ને લિપિમાં સરકારી કે રાષ્ટ્રીય ભાષાઓ છે. એમાં સ્વાભાવિક રીતે સર્વિયાની ભાષા ઘણા લોકો બોલતા હોવાને કારણે આગળ પડતી છે. પરંતુ યુગોસ્લાવિયાના એક ભૂતપૂર્વ

* પં. જવાહરલાલ નેહરુએ લોકસભાના કોંગ્રેસ પક્ષની એક બેઠકમાં આપેલ અને હિંદી 'આજકલ'–જુલાઈ ૧૯૫૪માં પ્રગટ થયેલા ભાષણનો સાર.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રધાને મને કહ્યું, અમારે ત્યાં એવી તકેદારી રાખવામાં આવે છે કે કયારેય એવો આભાસ સરખો પણ ન થાય કે મુખ્ય ભાષા સર્વોપરિ છે અને બીજી એ ગૌણ છે. સમજદાર દેશો આવી બાબતોમાં બહુ સાવધાનીથી ચાલતા હોય છે. એટલે આપણે બીજું ગમે તે કરીએ, પણ પ્રાદેશિક ભાષાઓને અને અખિલ ભારતીય ભાષા હિન્દીને ઉન્નત કરવા માટે આપણે પૂરતા પ્રયત્નો કરવા જોઈએ. પણ આપણે આપણાં મનમાં હંમેશાં ખ્યાલ રાખવો પડશે કે, આ કામ આપણે રચનાત્મક રીતે કરવાનું છે કે જેથી (રાષ્ટ્રભાષા) હિન્દીનો કોઈ પ્રાદેશિક ભાષા સાથે વિરોધ ન થાય. જો આપણે આ રીતે કામ નહીં કરીએ તો આપણે આફતોને નોતરી બેસીશું અને પછી એની રક્ષાને માટે અંદરો-અંદર લડીને આપણી શક્તિઓનો નાશ કરીશું. હું ઇચ્છું છું કે આ એક વાત તમે સૌ ખાસ ધ્યાનમાં રાખો.

હિન્દીને એનાં બે રૂપોથી ઓળખી શકાય. પહેલું, એ એક પ્રાદેશિક ભાષા છે અને બીજું પ્રાદેશિક ભાષાઓ જેવી જ તે છે. બીજું રૂપ, હિન્દીનું અખિલ ભારતીય સરકારી કે રાષ્ટ્રભાષાનું છે. આ બન્ને રૂપો જો કે એકબીજાથી ભિન્ન છે, છતાં બન્ને એકબીજાથી અળગાં ન થઈ શકે તેવાં છે. સ્વાભાવિક રીતે જ તમે એક પ્રાદેશિક ભાષાના રૂપમાં એની સમૃદ્ધિ થાય તેમ ઇચ્છશો. પણ એ જ પ્રાદેશિક સ્વરૂપને જો તમે અખિલ ભારતીય હિન્દી ઉપર લાદવાનો પ્રયત્ન કરશો, તો તમે એને બીજા પ્રદેશના લોકો માટે કઠણ અને મુશ્કેલ બનાવી મૂકશો. મેં પહેલાં જ કહ્યું છે કે, હિન્દીનાં બન્ને સ્વરૂપો વચ્ચે કોઈ એક નિર્ણાયક રેખા નથી. દક્ષિણ ભારતનો કોઈ માણસ હિન્દના અખિલ ભારતીય સ્વરૂપને જાણતો હશે તો એ પોતાના જ્ઞાનને એ દ્વારા વધારી શકશે. તમે એને માટે દરવાજા ખુલ્લા કર્યા છે.

દક્ષિણના લોકોમાં હિન્દીનો ફેલાવો કરવા માટે, પહેલાં એમને ખાતરી કરાવવી પડશે કે, તેઓ સરકારી કે બીજાં કાર્યો કરતાં છતાં નિર્ભયતા અને સુગમતાનો અનુભવ કરે. હિન્દી એમને માટે અગમ્ય નથી તથા એમને એનું પૂરતું જ્ઞાન પણ છે. બીજી વાત એ છે કે, ઉચ્ચ કક્ષાની હિન્દી શીખવી એ કોઈને માટે ફરજિયાત નહીં ગણાય.

કેટલાક લોકો એવો પ્રયત્ન કરે છે કે, અખિલ ભારતીય હિન્દીને જુદી જુદી ભાષાઓની ખીચડી ભાષા બનાવવી. અમુક હદ સુધી બીજી ભાષાઓના શબ્દો લેવા ઇષ્ટ છે. પણ એમાં એક મોટું જોખમ છે કે, જો તમે એને ખીચડી ભાષા બનાવશો તો એ એક બજારુ ભાષા તો થશે, પણ એક સમૃદ્ધ સાહિત્યિક ભાષા નહીં થાય. એવા હજારો શબ્દો છે કે જે ઉચ્ચારણ કે સામાન્ય ભેદથી સંસ્કૃત અને ફારસીમાં સમાન છે. એનું કારણ એ છે કે, એ શબ્દોનું મૂળ ઉદ્‌ગમસ્થાન એક છે. બીજી ભાષાઓના શબ્દોને લેવાનું હું પસંદ કરું છું. પણ હું ઇચ્છું છું કે, આ કામ એના સ્વાભાવિક વિકાસ-ક્રમમાં થયા કરે, નહીં કે એને મારીકૂટીને બનાવીને બીજા ઉપર ઠોકી બેસાડાય.

પારિભાષિક કે ટેકિનકલ શબ્દોને અંગે સ્વાભાવિક રીતે જ વૈજ્ઞાનિક, વ્યાવહારિક તથા બીજી લાગતી વળગતી બાબતોને લક્ષમાં રાખીને જ વિચાર કરવામાં આવે. આપણે ગમે તે શબ્દોને સ્વીકારીએ, વૈજ્ઞાનિક કે ટેકિનકલ શબ્દોના પ્રયોગ માટે હજી ઓછામાં ઓછાં ૧૦ વર્ષ સુધી તો એવી જોગવાઈ છે કે, આપણે આંતરરાષ્ટ્રીય પરિભાષાનો ઉપયોગ કરી શકીશું. આવા શબ્દોનો પ્રયોગ કરતી વખતે આપણે એ વાતનો ખ્યાલ રાખીશું કે, એ શબ્દો આપણે જેમના તેમ નહીં અપનાવી લઈએ પણ આપણે પસંદગી કરીશું અને જે અનુકૂળ હશે તેને જ લઈશું. આની સાથે એક બીજી પણ મહત્ત્વની વાત છે કે, આપણા દેશમાં આપણે જે કોઈ વૈજ્ઞાનિક કે ટેકિનકલ શબ્દ ગ્રહણ કરીશું એ બનશે ત્યાં સુધી આખા દેશ માટે એક-સરખો હશે. આપણે ભારતીય ભાષાઓ માટે પણ એકસમાન પરિભાષા વિકસાવવાનું કામ કરવું જોઈએ. જો આ બાબતમાં પણ સમાનતા નહીં જળવાય તો એ એક ભારે મોટી આફત ગણાશે.

સારાનુવાદક – **નરેન્દ્ર અંજારિયા**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દિલ્હીમાં ગાંધીજી

[અનુબહેન ગાંધીની ડાયરીમાંથી]

બિરલાહાઉસ, નવી દિલ્હી
૮–૧૧–'૪૭

નિયમ મુજબ પ્રાર્થના. પ્રાર્થના પછી...ની સાથે નૈસર્ગિક ઉપચાર વિષે વાતો. એ બંને ભાઈઓના વિચારોમાં ખૂબ તફાવત રહે છે. બાપુજી માગે છે ગરીબમાં ગરીબ ગામડાનું માણસ સહેજે ઉપચાર કરી શકે, જ્યારે આ લોકો ઇલેક્ટ્રિક થકી અને બીજાં બધાં આધુનિક સાધનોની તરફેણ કરે છે. બાપુજી કહે,

"કુદરતી ઉપચાર એટલે કુદરતે જે આપ્યું છે તેનો લાભ લેવો–સવારના સૂર્યસ્નાન, ખુલ્લી હવા, માટી, પાણીના ઉપચારો, અને ભોજનમાં સહેજેય ફળ ફૂલ પૂરતી દર્દીને દરદને અનુકૂળ કસરત દ્વારા ઉગાડાવી શકાય. અને એટલે જ એ તરફ હું આકર્ષાયો. ઉરુલીમાં મારો એ પ્રયોગ જો હું ત્યાં રહેવા પામ્યો હોત તો તો સંપૂર્ણ સફળ કરી બતાવત. પણ આજે મારું કંઈ જ ચાલતું નથી. જુઓને જનરલ કરિયપ્પા જેવા પણ શું બોલે છે? જવાબદાર માણસોને પણ આજે પોતાની જવાબદારીનું ભાન નથી રહ્યું. તેમ છતાં હું પોતે મારા માટે તો એક જ સ્થિતિ પ્રાપ્ત કરવા માગું છું અને તે સ્થિતપ્રજ્ઞાવસ્થા અથવા માનસિક સમતોલપણું. આ દિશામાં મેં ઠીક ઠીક પ્રગતિ તો કરી જ છે, અને હું એ સ્થિતિએ પહોંચ્યો છું કે, બધા જ રોગનો એક જ ઇલાજ છે અને તે રામનામ. અને મને ખાતરી છે કે, હું મરીશ ત્યારે રામનામ મારા હૈયામાં રમ્યા જ કરતું હશે, એ શ્રદ્ધામાં હું દિવસે ને દિવસે ખૂબ મક્કમ થતો જાઉં છું. તમે જુઓ તો ખરા કે, એક દિવસ મારો વિરોધી પણ મારો પડચો બોલ ઝીલવા તૈયાર થઈ જતો–આજે વિરોધીના વંટોળની તો વાત જ બાજુ પર રાખીએ, પણ મારા સાથીઓ, મિત્રો, અને પુત્રો જેવી ગણાતી વ્યક્તિઓના અને મારા વિચારોમાં અંતર છે, છતાં હું આટલો બધો માનસિક સ્વસ્થ છું કે હું પણ આશ્ચર્ય પામું છું કે, આ ચારેય તરફની જ્વાળા છતાં મને કેમ ક્યાંયથી તેનો તણખો કે ઝાળ સુધ્ધાં નહીં લાગતી હોય? એક જ કારણ છે કે, મારામાં ઈશ્વર શક્તિ રેડી રહ્યો છે, અને રામનામનું આશ્વાસન છે. જેમ રોજ રોજ આહાર અને ઊંઘ લેવાથી માણસ તાજગી અનુભવે છે એટલી તાજગી મને રામજી આપી રહેલ છે."

આજે સવારના પહોરમાં બાપુજીએ ખૂબ ગંભીર અને મનનીય વાતો કહી. ફરતી વેળા રાજેન્દ્રબાબુજી હતા. તેમની સાથે વાત થઈ–કોંગ્રેસ સંસ્થાની અત્યારે જે સ્થિતિ છે એ સંતોષજનક નથી. કાં તો એને મજબૂત બનાવવા કોઈ કે બહાર આવવું જોઈએ અથવા આ સંસ્થાનું ધ્યેય સ્વરાજ્ય લેવા પૂરતું હતું એ હવે પૂરું થાય છે, એટલે બહેતર છે પડતી થાય તે પહેલાં તેને વિખેરી નાખવી. એમાં આપણને કશું નુકસાન નથી, કારણ કે સ્વરાજ્ય આવતાં ખાદી ઓછી થતી જોઉં છું. રેંટિયા વારે તહેવારે ચલાવાય, ગામડાના ઉદ્યોગોની કોઈ ભાગ્યે જ વાતો કરે છે. સહુને મશિનરી અને કારખાનાં જોઈએ છે. એટલે સારું એ છે હાથમાં સર્વ સત્તા હોવા છતાં આપણે ઢીલા પડીએ છીએ તેના કરતાં નિખાલસતાપૂર્વક એકરાર કરી દેવો જોઈએ. અત્યાર સુધી આપણે અંગ્રેજોને વચમાં લાવતા હતા કે, અંગ્રેજોના હાથમાં સત્તા છે એટલે આપણે ધાર્યું કરી શકતાં નથી, પણ હવે?

રાજેન્દ્રબાબુજીએ પણ એટલું તો કબૂલ કર્યું કે, કોંગ્રેસ સંસ્થા પર જેટલું પહેલાં ધ્યાન અપાતું હતું તેટલું ધ્યાન નથી અપાતું. પરિણામે તકવાદીઓ ઘૂસી જવા લાગ્યા છે.

જનરલ કરિયપ્પાના ભાષણની પણ વાત કરી.

મસાજ સમયે બે પત્રો લખાવ્યા:

"આજની પરિસ્થિતિમાં પાકિસ્તાન જે કહે છે તે આચારમાં ન મુકાય ત્યાં સુધી આવેલા નિર્વાસિતોને હું પાછા જવાનું કહી જ ન શકું. જો દિલ્હીમાં કંઈક થઈ શકે તો જ મારાથી દિલ્હી છોડાય.

"અંકુશો તો લગભગ જશે એવી મને આશા છે. જો એમ થશે તો તેની અસર લોકોમાં ખૂબ સારી જ પડશે એમાં શંકા નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"મારી તબિયત ઠીક ઠીક ગજા ઉપરાંત કામ આપે છે એમાં ઈશ્વરનો હાથ છે."

બીજા પત્રમાં :

"આપણું ઘર સાફ ન થાય ત્યાં સુધી પડોશીને સાફ કરવા કહેવાનો અધિકાર પ્રાપ્ત નથી જ થતો. એટલે હું જન્મે કર્મે હિંદુ છું. મારે એ ધર્મને પ્રકાશિત કરવો છે, એટલે જ મારો ધર્મ વિશાળ છે."

પછી બંગાળી પાઠ કર્યો અને થોડી વાર સૂતા.

બપોર પછી મુલાકાતીઓમાં ઘનશ્યામદાસજી, રામેશ્વરીબહેન, બિધાનબાબુ, જામસાહેબ અને લેડી માઉન્ટબૅટન આવ્યાં.

જામસાહેબ સાથે આરઝી હકૂમતની વાતો થઈ. બંને જણા વચ્ચે રમૂજ જામી. જામસાહેબને બાપુજી કહે, "કેમ, અમારા નવાબ (શામળદાસકાકા) એ ઠીક ઠીક પ્રગતિ કરી છે ને?"

જામસાહેબ — "બાપુજી, એમાં કહેવાપણું શું હોય? આપનો જ ભત્રીજો હોય પછી પૂછવાપણું હોય?"

બાપુજી — "એમ જુઓ તો મારો ભત્રીજો ભલે હોય, પણ સાચું કહું તો કાકા તમે અને એ તમારો ભત્રીજો કહેવાય. સરદાર તમારા મોટાભાઈ ખરા ને!"

અમે તો પેટ પકડીને ખડખડાટ હસી પડ્યાં. કારણ કે જામબાપુ અને બાપુ બંનેનો સંગમ થાય એટલે પૂછવું જ શું? પણ બાપુજી પ્રત્યે જામસાહેબની પિતા જેવી ભક્તિ છે. આવે છે ત્યારે બાપુજીના ચરણસ્પર્શ કરીને પ્રણામ કરે છે અને જાય ત્યારે પણ તેમ જ. વળી પોતાની તબિયતને લીધે નીચે નથી બેસી શકાતું અને બાપુજીની સામે ખુરશી પર બેસવું એ ગરાસિયાના રિવાજ પ્રમાણે તેમને ગમતું નથી, બેસતાં સારી પેઠે સંકોચ પામે છે, પણ બાપુજી એ દૂર કરે છે.

તેમણે એક વાત કરી કે, "કાઠિયાવાડના રાજાઓ તો સેન્ટ્રલમાં શું થઈ રહ્યું છે એ જ જોશે. અને તેઓ પણ આ જમાનાને ઓળખી ગયા છે, એટલે ત્યાં કશી મુશ્કેલી નહીં પડે."

બાપુજી કહે, "મારે તો તમારી પાસેથી સેવા લેવી છે. આખા દેશનાં દેશી રાજ્યોના પ્રશ્નોમાં તમારે રસ લેવાનો છે અને મને માર્ગદર્શન આપવાનું છે."

બાપુજીની આવી નમ્રતા અને નિખાલસતાભરી પ્રેમાળ વાતોથી જ માણસો વશ થઈ જાય છે, એ એક જ કુનેહથી બાપુજીનો માર્ગ સરળ થઈ જાય છે એટલું તો મેં અનેક વખત જોયું.

જામસાહેબ કહે, "અમે તો સેવક જ છીએ. આપનો અને સરદાર સાહેબનો હુકમ અમને શિરોમાન્ય છે."

એ ઊઠ્યા એટલે બાપુજીએ મને વળાવવા મોટર સુધી જવા કહ્યું. મને કહે, "તું દીકરી બડભાગી છો હો! તું છે એટલે મારું કામ ઝટ પતી જાય છે. આ ડોસામાં અજબ વ્યક્તિત્વ છે, જેથી જાણ્યેઅજાણ્યે અંજાઈ જવાય છે. અને હવે અમારા દરબારોમાં મને સંડોવશે. મારાથી ના પણ કેમ કહેવાય? પાછા મને કહે છે કે, 'મારે તારું માર્ગદર્શન જોઈએ,' જો તો ખરી, એના શબ્દો!" પછી વિનોદમાં કહે, "અહીં વારંવાર આવવામાં જોખમ છે. કોણ જાણે તું કેમ અહીં રહી શકે છે!"

મેં કહ્યું, "જેને મન બાપુ જ સર્વસ્વ હોય તેને માટે જોખમ નથી, પણ દેખાવમાં બાપુ તરફની ભક્તિ બતાવીએ અને મનમાં કંઈક બીજું હોય તો તો પૂરતું જોખમ."

મારો વાંસો થાબડતા કહે, "તું પણ ઓછી ઊતરે તેમ નથી. . . ."

લેડી માઉન્ટબૅટને નિર્વાસિતોના કૅમ્પનાં કાર્યોનો હેવાલ આપ્યો અને બાપુજીને કુરુક્ષેત્રમાં જવા આગ્રહ કર્યો. બાપુજીને કહે, "ત્યાંના લોકો તમારાં દર્શન માટે ઝંખે છે. મેં તેઓને વચન આપ્યું છે કે હું ગાંધીજીને તમારો સંદેશો આપીશ, અને તેઓ તમારી મુલાકાતે આવે એવો આગ્રહ કરીશ."

બાપુજી ત્યાં જવા કબૂલ થયા. કદાચ એક બે દહાડામાં જ ત્યાં જઈશું.

ચંદ્રનગરના અરુણાશબાબુએ ખબર આપ્યા કે, "ત્યાં સત્યાગ્રહ થયો તે માટે તમારા ભાષણનો દુરુપયોગ કર્યો છે. અને ત્યાંના અમુક લોકો ફ્રાન્સની સરકારની મદદ માગે છે અને એથી પ્રજામાં દુવિધા ઉત્પન્ન થાય છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાપુજી કહે, "પણ મારો મત તો સાવ દીવા જેવો ચોખ્ખો છે કે, હું તો ચંદ્રનગર સાથે મૈત્રી સંબંધ જ ધરાવવાની ઇચ્છા રાખવાવાળો છું."

પછી એક સંદેશો આપ્યો કે, "મારી પાસે જે બાતમીઓ આવી છે તે સાચી નહી હોય એવી હું આશા રાખું છું. અને માનું છું કે ફ્રેંચ પ્રજા એક બહાદુર અને મહાન પ્રજા છે. અને તેઓ કાળી, ઘઉંવર્ણી કે બીજી કોઈ પણ પ્રજાને દબાવવા કે ગુલામ બનાવવા નહીં જ ઇચ્છે."

'ટાઇમ્સ' અને 'લાઈફ'ના પ્રતિનિધિઓ પાંચ મિનિટ મળી ગયા. બાપુજીનો ફોટો પાડવા આવ્યા હતા.

૩-૪૫થી મૌલાના સાહેબ સાથે કલાક વાતો કરી. અને રાષ્ટ્રીય મુસલમાનોને યોગ્ય માર્ગદર્શન આપવાની ભલામણ કરતાં કહ્યું, "હું જોઉં છું કે તેઓ પણ અતિશયોક્તિ કરે છે. તેઓ જાણી જોઈને કરે છે એમ હું નથી કહેતો. પણ જે હકીકત મારી પાસે મૂકે એ પહેલાં એના સંપૂર્ણ પુરાવા અને ખુલાસા તો મને મળવા જોઈએને!"

એમના ગયા પછી મૈસૂર સ્ટેટના રેડ્ડી અને ભાષ્યમ આવ્યા. જામસાહેબનો ઉપયોગ કરવાની તેમને પણ સૂચના કરી. અને પ્રાર્થનામાં જતાં પહેલાં એશિયાટિક કૉન્ફરન્સમાં આવેલા બે ભાઈઓ મળી ગયા. મુલાકાતીઓનો તાંતો શરૂ થાય છે કે અમે જોઈ જોઈને થાકીએ છીએ ત્યારે બાપુજી બોલીબોલીને કેટલા થાકતા હશે.

ઠંડીના દિવસો છે એથી બાપુજી દિવસ દરમિયાન તડકે જ બેસે છે. માથા પર તડકો લાગે ત્યારે નોઆ-ખાલીવાળો ટોપો ઓઢી લે છે. પ્રાર્થના સમય સુધી આજે તો ફુરસદ જ ન રહી,–જતાં જતાં પણ એક ભાઈ આવેલા.

પ્રાર્થનામાં — આજે વિરોધ કરનારા ત્રણેક જણા હતા એથી બાપુજીએ પ્રાર્થના પહેલાં શ્રોતાજનોને પૂછ્યું કે, આ વિરોધ કરનારા ભાઈઓ પ્રત્યે તમને રોષ ન થાય તો હું પ્રાર્થના ચલાવું. અને શ્રોતાજનોએ શાંતિ રાખવાની શરત કબૂલ કરી.

પ્રાર્થના પછી બાપુજીએ કહ્યું, એક શીખભાઈ તરફથી મને પત્ર મળ્યો છે. તેમણે માગણી કરી છે કે મારી પ્રાર્થનામાં ગ્રંથસાહેબના સુખમની* ગ્રંથમાંથી એકાદ શ્લોક બોલવો." આ સૂચના મને ગમી છે. એમ તો અહીં ભજનો થાય છે તેમાં નાનકસાહેબનાં ભજનો પણ ગવાય જ છે. પરંતુ આ બાબતમાં તેઓ બ્રિજકિશોરને મળે.

બીજું નિર્વાસિતો માટે રૂ, સોય, દોરા, કપડું જો આપવામાં આવે તો તેઓ પોતાની મેળે રજાઈ કરી લેશે અને મારી આ વિનંતિને મુંબઈના રૂના વેપારીઓએ વધાવી લીધી છે. મુંબઈ હંમેશાં સારાયે દેશના સુખદુઃખમાં મહત્ત્વનો ફાળો આપે છે એ માટે તો મુંબઈવાસીઓને જેટલા ધન્યવાદ આપીએ તેટલા ઓછા છે. દિલ્હીમાં પણ દાતાઓ ઓછા નથી. પરંતુ આ બાબતમાં મારે કોઈ પાસેથી આગ્રહપૂર્વકનું દાન લેવું નથી, પણ દાતાઓ સમજપૂર્વક આપશે તો તેમાં તેમને અને દેશને લાભ થશે. વળી આવી રીતે રજાઈઓ નિર્વાસિતો જાતે બનાવશે તો સહકારનો અને શ્રમનો તેમને પાઠ પણ મળશે.

રૂની ગાંસડીઓ આવી જશે એટલે મિલવાળાઓ પાસેથી રજાઈઓ માટે કપડું હું મેળવી લઈશ. અને કાપડની વાત કરું છું ત્યારે તેના પર જે અંકુશ છે તે વિષે બે શબ્દો કહેવાનું મન થાય છે. આપણા દેશમાં જો કપાસ આપણને પૂરતા પ્રમાણમાં મળી શકે તો આપણી પ્રજા માટે જોઈએ તેટલી ખાદી હાથમહેનતથી ઉત્પન્ન કરી શકાય. અને હિંદુસ્તાનમાં રૂનો દુષ્કાળ તો પડ્યો હોય એવું મેં કદી જાણ્યું નથી. આપણે પરદેશમાં હજારોની સંખ્યામાં રૂની ગાંસડીઓ મોકલીએ છીએ, તેમ છતાં દેશની મિલો માટે રૂની તંગી પડી નથી. કારણ કે આપણે ત્યાં કપાસનું વાવેતર પુષ્કળ કરવામાં આવે છે. એટલે આપણે આપણું આળસ જો ઓછું કરીએ તો પ્રત્યેક માણસ પોતાનું જરૂરી કાપડ ઘેર બેઠાં ઉત્પન્ન કરી શકે છે. દેશમાં કાપડની તંગી કેવળ આપણી જડતાને કારણે જ છે. અને એકેએક નિર્વાસિત પોતાની રજાઈઓ બનાવીને બાકીના રૂને

* આનો ગુજરાતી અનુવાદ શ્રી મગનભાઈ દેસાઈએ કરેલો છે. (કિં. રૂ. ૨–૦–૦; ટપાલરવાનગી ૦–૬–૦; પ્રાપ્તિ-સ્થાન: નવજીવન કાર્યાલય, અમદાવાદ–૧૪.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાથે તુનાઈ કરીને કે પીંજીને પૂણી બનાવી કાંતવામાં અને કપડું બનાવવામાં પોતાના સમયનો અને રૂનો સદુપયોગ કરે.

આજે મારી પાસે લેડી માઉન્ટબૅટન આવ્યાં હતાં. તેઓ આ દેશમાં આવેલા નિરાશ્રિતોના કૅમ્પમાં 'દયાની દેવી' બનીને ફરે છે. તેમણે મને કુરુક્ષેત્ર જવાનું કહ્યું, કારણ કે ત્યાંના લોકોની ઇચ્છા છે. હું પાણીપત તો જવાનો જ છું ત્યારે જવા વિચાર્યું, પણ એકીસાથે એ મુસાફરી નહિ થઈ શકે. વળી A. I. C. C. ની મુલાકાત સુધી મારાથી ક્યાંય નહિ નીકળાય. એટલે કુરુક્ષેત્રની મુસાફરી ત્યાં સુધી મુલતવી રાખવી પડશે. પરંતુ ત્યાં એટલી મોટી છાવણી છે કે ત્યાંના લોકો માટે અહીંના રેડિયોઘર પરથી મારે કંઈક બોલવું અને ત્યાંની છાવણીઓમાં રહેતા લોકો માટે રેડિયો સાથે જરૂરી યંત્ર ગોઠવી દેશે. મેં આ તેમની સૂચનાને વધાવી લીધી છે. એટલે આવતા મંગળવારે કે બુધવારે હું કુરુક્ષેત્રનાં ભાઈબહેનો માટે કંઈક કહી શકીશ તે દરમિયાન પાણીપતની મુલાકાતે તો આજકાલમાં જ જવાનો ઇરાદો રાખું છું.

બાપુજીએ ફરતી વેળા મને કહ્યું, "મારા હાથના સૂતરની સાડી તારી પાસે છે તે અહીં છે? અહીં હોય તો લેડી માઉન્ટબૅટનની ઇચ્છા છે કે તેના ભત્રીજાના લગ્નમાં હું રાણી ઇલિઝાબેથ માટે મારા હાથની કંઈક વસ્તુ આપું અને તું હમણાં જે સૂતર થાય છે તે લઈ લેજે."

મેં કહ્યું, "આપના સૂતરની મારી પાસે બે વખત સાડી આવેલી અને હું સાથે રાખતી અને આવી રીતે પ્રસંગો આવતાં આપ કોઈને અપાવી દેતા. એટલે મારી પાસે છેલ્લે સેવાગ્રામથી મને જે સાડી આપી છે તે તો હવે હું ક્યાંય સાથે રાખતી જ નથી, અને આપની સાથે હોઉં ત્યારે તો રાખવી જ ન જોઈએ."

બાપુજી હસી પડ્યા. "તારી વાત તો ખરી છે કે તારા હકમાંથી મેં ભાગ તો પડાવ્યો છે. પણ હવે તારી પાસેથી એ સાડી તને કોચવીને ઘેરેથી મંગાવવી નથી, કારણ કે હવે એ સાડી લઈ લઉં તો તને ફરી એટલું સૂતર કાંતી આપવા જીવી શકું કે કેમ એ તો રામજી જાણે..."

મેં કહ્યું, "એમ કેમ બોલો છો?"

બાપુજી કહે, "હું ખરું જ કહું છું. એક સાડીનું સૂતર એટલે ૨૫ કે ૩૦ આંટીને? એટલે એક અઠવાડિયામાં માંડ એક આંટી ઊતરે. ૩૦ અઠવાડિયાંમાં તો કોણ જાણે શું થાય? અરે, અર્ધા કલાક પછી કે અર્ધી પળ પછી શું થવાનું છે કોણે જાણ્યું છે? પણ મારું અહીં જેટલું સૂતર છે તેને રડીને કંઈક રૂમાલ જેવું ગૂંથતાં આવડે તો તમે બંને છોકરીઓ કરો. તમને સમય ન રહે તો કોઈક પાસે કરાવી નાખો."

આ રૂમાલ એક બહેનને કરવા માટે બાપુજીનું સૂતર આપ્યું. કાલ સુધીમાં કદાચ થઈ જશે.

આ પછી મુસ્લિમ લીગના રજવાન ઉલ્લાસાહેબ આવ્યા. તેમણે વાત કરી કે, પાકિસ્તાનમાં હિંદુઓની પૂરી સલામતી છે, પણ હિંદુઓ ડરીને ચાલ્યા જાય છે. બાપુજીએ એમને કહ્યું, "જો પૂરું સંરક્ષણ મળતું હોય તોપણ હિંદુઓ પોતાનાં ઘરબાર માલમતા છોડી આવી અસહ્ય ટાઢમાં અહીં હેરાન થવા આવે, એ તો ન માની શકાય એવી વાત છે. પાકિસ્તાનને તમે 'પાક' બનાવો, આદર્શ બનાવો, અને કહો કે, હિંદના માણસો પોતાના સત્યવાદીપણાનો દાવો કરે છે, પણ અમારે ત્યાં એક હિંદુ બચ્ચું પણ કાળી રાતે ચાલ્યું જતું હોય તોયે કોઈ એને કંઈ નહીં કરે, ઊલટાનું નિરાધાર હશે તો પોતાને ત્યાં આશરો આપે. આવી જાતનું પાકિસ્તાન જે દાવો કરે છે એવું આદર્શ બને તેમ હું ઇચ્છું છું અને તો સહુથી પહેલો હું ઝીણાસાહેબને પગમાં પડીને દંડવત્ કરીશ...પણ કહે છે એક અને હકીકત જુદી છે. . . ."

પેલા ભાઈ તો એવા સ્તબ્ધ થઈ ગયા કે એક અક્ષરની પણ દલીલ ન કરી, અને બાપુજીનો સંદેશો પહોંચાડશે એમ કહ્યું.

ત્યાર પછી જહાંગીરભાઈ પટેલ આવ્યા. ૯–૩૦ પછી સૂવાની તૈયારી થતી હતી ત્યાં પંડિતજી આવી ગયા. આજે એમને ત્યાં મહેમાનો જમવાના હોવાથી વધારે ન રોકાયા.

પરમ દહાડે પાણીપત જવાનું નક્કી થયું છે.

— ચાલુ]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નઈ તાલીમ વિષે ગાંધીજીની કલ્પના

ગજરાજની ઉમ્મર નવ વર્ષની. બહુ તેજસ્વી વિદ્યાર્થી. એની વિધવા માતા સેવાગ્રામ આશ્રમમાં આવીને રહી. આર્યનાયકમજીની નઈ તાલીમ શાળામાં ગજરાજે જવું. ગજરાજે શરત કરેલી કે, બાપુ એક વખત પણ મારી નઈ તાલીમ શાળામાં આવી જાય તો જ નિયમિત રીતે હું ત્યાં ભણવા જાઉં.

બાપુએ કહ્યું, "ના, તારી શાળામાં તો નહીં આવું, પરંતુ તું જ્યાં રાત્રે સૂએ છે ત્યાં છાત્રાલયમાં એક વખત આવીશ."

થોડા દિવસ પછી બાપુ નઈ તાલીમ છાત્રાલયની મુલાકાતે ગયા છાત્રાલયમાં બધી વસ્તુ એક શિક્ષકની દૃષ્ટિથી તપાસી અને ભારે દુઃખ સાથે પાછા ફર્યા. પોતાની અંતર વેદના સંસ્થાને ત્યાર પછી લખેલા પત્રમાં ઠાલવી?

"બાળકોને જ્યાં દવા અપાય છે એ ઓરડાની આગળ ઘણો ભેજ રહે છે. બાળકો ત્યાં આગળ હાથ મોં ધુએ છે. . . .

"જે સાદડીઓ પર બાળકો સૂએ છે તે બધી અસ્વચ્છ હોય છે.

"ઓરડાની વચમાં જ સાદડી પર શાહીનો ખડિયો અને કલમ એમ ને એમ બંધ પડ્યાં છે. ખડિયામાં તેમ જ કલમમાં પણ અસ્વચ્છતા હતી.

"એક બાળકનો બિસ્તરો ખોલતાં જણાયું કે, પાથરણાં અને ઓઢવાનાં બરાબર ધોવાતાં ન હતાં. ચાદરમાં ઘણાં કાણાં પડેલાં. તેમાંથી થોડાં કઢંગી રીતે જ સાંધેલાં હતાં.

"ગાદલું હતું તે લાંબા વપરાશને લીધે કઠણ થઈ ગયું હતું. ગાદલા નીચે વગર ધોયેલા ગાભા પડેલા હતા.

"ખુલ્લી હવા આવતી રોકે એ રીતે ઓટલા પર કામડીના પડદા નાંખ્યા હતા."

આ બધી નજીવી લાગતી વાતોમાં બાપુએ નઈ તાલીમનું ખંડન થતું નિહાળ્યું. એમનાથી નઈ તાલીમના છાત્રાલયમાં આટલી બધી બેદરકારી, અવ્યવસ્થા અને અસ્વચ્છતા બિલકુલ સહન ન થઈ. અને તે અંગે લખેલા પત્રમાં એમણે આ બધું સુધારવા માટે સૂચનાઓ આપી.

"બાળકો હાથમોં ધુએ તે પાણીને વ્યવસ્થિત રીતે ભેગું કરવા માટે કૂંડું અથવા પીપ યોગ્ય જગ્યાએ મૂકવાં જોઈએ. એ વપરાયેલા પાણીનો આજે થાય છે એવો બગાડ ન જ થવા દેવાય. વપરાયેલ ए पाणी पण घणुं कीमती છે. વળી પાણી જમીનને ભીની કર્યા કરે તો મચ્છરો થાય.

"ફાટેલી ચાદર જો બરાબર સાંધી ન જ શકાય તો એને બેવડી કરી તેની ગોદડી બનાવવી જોઈએ. ટ્રાન્સવાલમાં જેલમાં આવી ગોદડી હું બનાવતો. આ ગોદડી ઘણી હૂંફ આપે છે. ફાટેલાં ગાદલાં કંઈ નકામાં ન જવા દેવાય. એ બધાંને સ્વચ્છ રીતે ધોવાં જોઈએ અને તેને સાચવી રાખવાં જોઈએ. ફાટેલાં કપડાંને થીંગડાં મારવા માટે અથવા બીજા એવા જ ઉપયોગી કામ માટે તે વાપરી શકાય છે.

"કેટલાંક બાળકો પાસે ઠંડીમાં પહેરવા માટે પૂરતાં કપડાં ન હતાં. બીજા કેટલાક પાસે જોઈએ તે કરતાં વધારે કપડાં હોય તો એમના પર એવા સંસ્કાર પડવા જોઈએ કે, વધારાનાં કપડાં જેમની પાસે બિલકુલ નથી તેમને આપવાને એમને સૂઝે અને ગમે. પરસ્પર સહકારની એ સુંદર તાલીમ થઈ પડે છે.

"ઓટલા પર કામડીના પડદા શા માટે રાખવા જોઈએ? પ્રકાશ અને હવાને માટે ઓટલા હોય છે. પડદા બંનેને અટકાવે છે. વધારે વિદ્યાર્થીઓની સગવડ માટે આમ કર્યું હોય તો એવી વધુ સંખ્યાનો મોહ શા માટે!

"આ બધી નજીવી બાબતો પર મેં આટલું લાંબું પ્રવચન લખ્યું. પરંતુ નજીવી વસ્તુઓમાંથી જ મોટી વસ્તુ નિર્માણ થાય છે. મારું આખું જીવન જ આવી નજીવી વસ્તુઓનું રામાયણ છે. બાળકોના શિક્ષણમાં આ નજીવી વસ્તુ પર આપણે બાળકોનું લક્ષ દોરવાની કાળજી નહીં રાખીએ તો આપણે નિષ્ફળ જ થયાં છીએ. અથવા નઈ તાલીમનો આગ્રહ રાખનારો હું જ નિષ્ફળ ગયો છું. મેં શા માટે નઈ તાલીમની શાળા જાતે જ ચલાવવાનો આગ્રહ ન રાખ્યો? બીજા પર એ જવાબદારી મેં શા માટે નાંખી?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"સ્વચ્છતા સુઘડતા અને આરોગ્ય વિષેની સૂક્ષ્મ દૃષ્ટિ એ જ નઈ તાલીમનો સંસ્કાર છે. અને આ સંસ્કારનો આગ્રહ રાખવામાં કશો જ ખર્ચ નથી થતો. ફક્ત શિક્ષકમાં સૂક્ષ્મ અવલોકનશક્તિ અને સાચી કલાદૃષ્ટિની જ જરૂર છે. તમે મને જણાવશો કે, એક બે વિદ્યાર્થીઓ હોય તો જ આટલી કાળજી રાખી શકાય. મારો જવાબ એ છે કે—તો શા માટે એકબેથી વધુ બાળકોની જવાબદારી લો છો?

"આપણે સંભાળી શકીએ તેના કરતાં વધારે જવાબદારી સ્વીકારીએ તો એમાં અસત્યનો ડાઘ આપણા આત્માને લાગી જાય છે."

બાપુને મન નઈ તાલીમ કેટલી બધી જીવંત વસ્તુ હતી! નઈ તાલીમ જીવનનાં બધાં જ અંગોને આવરી લેનાર અને ઉજાળનાર જીવનની ભવ્ય પ્રતિષ્ઠા છે એનો કેટલો બધો સ્પષ્ટ ખ્યાલ બાપુને હતો!*

દિલખુશ દીવાનજી

* પ્યારેલાલજીએ 'હરિજન'માં લખેલાં અંગ્રેજી લેખ પરથી.

ઉદ્યોગ દ્વારા શિક્ષણનો પ્રયોગ

પ્રચલિત કેળવણીની શાળાઓમાં વિદ્યાર્થીઓ કામ કર્યા વગર પુસ્તકિયા શિક્ષણ લે છે એટલે તેમને વાસ્તવિક શિક્ષણ મળતું નથી અને તેઓ કંઈ ઉત્પાદન કરતા નથી. તેને બદલે વર્ધા યોજના પ્રમાણેની શાળામાં વિદ્યાર્થી પ્રત્યક્ષ કામ કરીને કંઈ પેદા કરે અને સાથે કેળવણી પણ પામે એવી કલ્પના કરેલી છે. મૂળ કલ્પના તો એવી છે કે, 'શાળામાં થતા કામનું આર્થિક વળતર એટલું હોય કે જેથી શિક્ષકનો પગાર તેમાંથી નીકળી રહે.' આ આદર્શને કોઈ શાળા હજી પૂરેપૂરી પહોંચી શકી નથી, પણ તે દિશામાં જે પ્રયત્નો થયા છે એ ઉપરથી જણાય છે કે, વર્ધા યોજનાની શાળાના વિદ્યાર્થીઓ પોતે કેળવણી લેતાં લેતાં કંઈ ને કંઈ કમાય છે અને સારું શિક્ષણ પામે છે. આ બે દૃષ્ટિએ નવી શાળાઓની કસોટી કરવી જોઈએ. સારું શિક્ષણ એ શાળાના પરિણામ ઉપરથી જોઈ શકાય અને તે સારું આવે છે. પણ તે સાચી કસોટી નથી. તે શાળામાં ભણેલા વિદ્યાર્થીઓની સમગ્ર તપાસ ઉપરથી તે નક્કી કરવું જોઈએ. આ બાબત વધારે શાસ્ત્રીય તપાસ માગી લે છે. પણ ઉદ્યોગના કામમાં શાળા કેટલી આગળ વધી તે જોવું વધારે સહેલું છે. અહીં એ દૃષ્ટિએ ત્રણ શાળાઓના ઉદ્યોગકામનો અનુભવ રજૂ કર્યો છે.

આ આંકડા ત્રણ શાળાઓના લીધા છે: (૧) વલ્લભવિદ્યાલય, બોચાસણ (૨) કુમાર શાળા, મોરજ (૩) ગુ. કુમાર મંદિર, અમદાવાદ. આમાંથી પહેલી બે શાળાઓ ગ્રામવિસ્તારમાં છે અને ત્રીજી અમદાવાદ જેવા શહેરના વાતાવરણમાં છે. ત્રણેના અનુભવ ઉપરથી જોવાનું એ છે કે, વિદ્યાર્થીઓ કેટલું કામ કરી શકે છે. આપણે ત્રણે શાળાના ઉદ્યોગકામનું તારણ જોઈએ.

	બોચાસણ (૧૯૫૩-૫૪)	મોરજ (૧૯૫૩-૫૪)	અમદાવાદ (૧૯૫૨-૫૩)
૧. કેટલા ધોરણની શાળા	૫થી ૭	૧થી ૭	૧ થી ૭
૨. કુલ વિદ્યાર્થીઓ	૧૦૨	૨૨૩	૧૬૬
૩. વિદ્યાર્થીઓની સામાન્ય ઉંમર	૧૦થી ૧૬	૭થી ૧૬	૬ થી ૧૫
૪. ઉદ્યોગની કુલ આવક રૂ.	૨,૧૩૬-૧૧-૩	૫૪૧-૨-૦	૮૪૬-૧૧-૦
૫. ઉદ્યોગખર્ચ રૂ.	૯૬૮-૧૫-૬	૩૩૪-૩-૩	૧૩૫-૫-૦
૬. ઉદ્યોગની આવકમાંથી ખર્ચ જતાં વિદ્યાર્થી દીઠ વાર્ષિક ચોખ્ખી આવક રૂ.	૧૧-૭-૦	૦-૧૪-૧૦	૪-૪-૬
૭. વિદ્યાર્થી દીઠ એક કલાકની ચોખ્ખી કમાણી	૪.૫ પાઈ	.૮૭ પાઈ	૧.૫ પાઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોરજની શાળાના આગલા વરસના આંકડા મળ્યા નથી. બીજી બે શાળાના બે સાલના તુલનાત્મક આંકડા નીચે પ્રમાણે છે :

	ઓચાસણ		અમદાવાદ	
	૧૯૫૧-૫૨	૧૯૫૨-૫૩	૧૯૫૧-૫૨	૧૯૫૨-૫૩
વિદ્યાર્થી દીઠ વાર્ષિક ચોખ્ખી કમાણી* (રૂ)	૬-૪-૦	૮-૧૫-૮	૨-૬-૪	૪-૪-૬
વિદ્યાર્થી દીઠ એક કલાકની ચોખ્ખી કમાણી (પાઈ)	૨.૫	૩.૧	૧.૦	૧.૫
શાળાન્ત પરીક્ષાનું પરિણામ (ટકા)	૧૦૦	૧૦૦	૮૯	૮૯

આ આંકડા બતાવે છે કે, આ શાળાઓ ઉદ્યોગ-કામમાં પ્રગતિ કરી રહી છે. એ રીતે બધી પ્રાથમિક શાળાઓમાં શિક્ષણ અપાય તો ખર્ચ કાઢતાં જરૂર આવક થાય અને વગર ફી લીધે કેળવણીનો વિસ્તાર કરવાનું વધારે સરળ થાય. વિશેષમાં બેઠાડુ કેળવણીનો દોષ દૂર થાય. અને સ્વચ્છતા, ઉદ્યોગ તથા સુઘડતાના પાઠો મળે એ મોટો રાષ્ટ્રીય લાભ મળે.

વિઠ્ઠલદાસ કોઠારી

* ઉદ્યોગની કમાણી ગણવાની રીત બધે એકસરખી હોતી નથી, એટલે તેની સરખામણી કરવી અઘરી છે. સામાન્ય રિવાજ એવો છે કે, ચરખા સંઘના ભાવે મજૂરી ગણવી. પણ વિદ્યાર્થીઓનું સૂતર બધું પૂરતા કસ અને સમાનતાવાળું હોતું નથી, એટલે ચરખા સંઘના ધોરણે ભાવ આંકી શકાય નહિ. આથી સૂતરનો આંક, કસ અને સમાનતા જોઈને તેનો ભાવ ઓછોવત્તો આંકવો જોઈએ. અગર તો તેની ખાદી થતી હોય તો જે ભાવ ઊપજે તે મુજબ જ કમાણી ગણવી જોઈએ.

જુદા જુદા ધોરણના સૂતરની સામાન્ય મજૂરી નીચે પ્રમાણે ગણી શકાય :

ધોરણ ૧	આંટીએ	૩ પાઈ	ધોરણ ૫	આંટીએ	૧૮ પાઈ
,, ૨	,,	૬ ,,	,, ૬	,,	૨૧ ,,
,, ૩	,,	૯ ,,	,, ૭	,,	૨૪ ,,
,, ૪	,,	૧૨ ,,			

વિદ્યાર્થી નવો શિખાઉ હોય તો તેનું સૂતર તેને યોગ્ય કક્ષાનું ગણવું જોઈએ. એટલે કે, સારા સૂતરની આંટીના પૂરા બે આના ગણાય. તે સિવાય ભાવ ઓછોવત્તો ગણવો જોઈએ. જેમ સૂતર સુધરે તેમ ભાવ વધારે આંકી શકાય.

આ રીતે ગણેલી કમાણીમાંથી ઉદ્યોગખર્ચ અગર સાધન-ઘસારો ૧૫ ટકા જેટલો કાપવો જોઈએ. ત્યાર બાદ વધે તે ઉદ્યોગની ચોખ્ખી કમાણી ગણાય.

આમ, ઉપરના કોઠામાં ગણેલી કમાણી ચરખા સંઘના ધોરણે બેઠી ગણવામાં નથી આવી, પણ સૂતરની જાત પ્રમાણે ગણવામાં આવી છે અને તેમાંથી ૧૫ ટકા ઘસારો કાપવામાં આવ્યો છે.

એ પુણ્ય પર્વની સ્મૃતિમાં

સપ્ટેમ્બરના બીજા સપ્તાહમાં બે પુણ્ય સ્મરણ કરવાનાં આવે છે—૧. આજથી બે વરસ ઉપર ૯મી સપ્ટેમ્બરે કિશોરલાલભાઈ નિજધામ સિધાવ્યા તે એમની પુણ્યતિથિ; ૨. સપ્ટેમ્બરની ૧૧મી તારીખે ભાઈ વિનોબા ૬૦ વર્ષ પૂરાં કરે છે તે એમની ષષ્ટિપૂર્તિ. પહેલું મૃત્યુનું પુણ્યપર્વ છે; બીજું જીવનનું. દુનિયાની નજરે આ ભેદ મોટો ગણાય. પરંતુ જે બે પવિત્ર પુરુષોને અંગે એ છે તે એવા છે કે જેમને મન જીવન અને મરણ બેઉ સમાન છે. મરીને જીવવાનો મંત્ર સાધવો એ જો જીવન તથા મરણનું ચરમ રહસ્ય હોય, તો તે આ બેઉ પુણ્યાત્માઓમાં એકસમાન જોવા મળે છે.

ઈ. સ. ૧૯૨૧માં કૉલેજ છોડી હું ગાંધીજીના સત્યાગ્રહાશ્રમમાં દાખલ થયો. ત્યારે આશ્રમની નાનકડી શાળા એક મહા મોટી વસ્તુના બીજરૂપ હતી. શિક્ષણ મારું જીવનવ્રત હતું, અને હું એમાં દાખલ થયો. ભાઈ કિશોરલાલભાઈને તથા વિનોબાને ત્યારે ઓળખવાનું મને મળ્યું. કિશોરલાલભાઈ જોડે, તુલનામાં કંઈક નિકટ પરિચયમાં આવવાનું થયું; વિનોબા જોડે નહિવત્, કેમ કે તે અરસામાં એ સ્વ૦ જમનાલાલજીની માગણીથી વર્ધામાં સત્યાગ્રહાશ્રમની શાખા સ્થાપવાને નિમિત્તે તે દિશામાં વળ્યા હતા; અવારનવાર સાબરમતી આવે એટલું જ. ઈ. સ. ૧૯૩૪માં વર્ધા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહિલાશ્રમના કામ માટે હું ગયો અને દોઢ બે વરસ રહ્યો તે દરમિયાન વિનોબાનો સંપર્ક મને મળ્યો. તે વખતે શ્રી કિશોરલાલભાઈ પણ ત્યાં જ હતા, અને ગાંધીજીએ પણ સાબરમતી છોડી વર્ધામાં આશ્રમ કર્યો હતો. આથી કાકાસાહેબ પણ ત્યાં હતા. એટલે, સાબરમતીની શાળાની યાદ આપે એવો સંગમ તે વખતે વર્ધામાં હતો.

ગાંધીજીનું સૌથી મોટું સદ્‌ભાગ્ય હોય તો તે તેમને આવી મળેલા વિરલ સાથીગણમાં રહેલું હતું. એમાં એમની પ્રતિભાશક્તિ કારણરૂપ હતી. અને જો ગાંધીજી તેમના અપૂર્વ પ્રયોગમાં સફળ થયા તો તેનું કારણ પણ તેઓશ્રી આવો સાથીગણ આકર્ષી શક્યા અને જમાવ્યો એ હતું.

તેમના જીવનભરના અને જુદા જુદા તબક્કાઓના આ સાથીઓને જો જોઈએ તો કેવી વિધવિધ પ્રકૃતિની વ્યક્તિઓનો બનેલો તે જોવા મળે છે! આખા દેશની વાત તો જવા દો; કેવળ એમની આશ્રમ સંસ્થાની વાત કરું તોય ઓછું નથી. ઘણું કરીને સ્વ૦ મહાદેવભાઈએ એક વાર, હસવાની ભાષામાં, છતાં કેટલીક વ્યક્તિઓને એમ સાચે જ લાગતું, તેમના શબ્દોમાં, આશ્રમને માણસોનું એક અજબઘર કે સંગ્રહસ્થાન કહ્યું હતું. ભાતભાતના લોકનું સંગમસ્થાન ગાંધીજી બની શકતા હતા, તેમાં તેમના સ્વરાજસિદ્ધિયોગની પ્રાણશક્તિ સમાઈ હતી. આપણને સ્વરાજ્ય મળ્યું તેનો જાદૂ ગાંધીજીની આ લોકોત્તર શક્તિમાં રહેલો હતો. તે દ્વારા તેમણે હિંદનાં અનેક શક્તિશાળી સ્ત્રીપુરુષોની જીવનશક્તિને કેન્દ્ર આપ્યું, વ્યવસાયાત્મિકા બુદ્ધિ પ્રેરી,— ટૂંકમાં કહો કે, એક નવી દીક્ષા આપી; અને એમ કરીને આપણા રાષ્ટ્રના જીવનધનને હિંદની અને માનવતાની સેવામાં એકાગ્ર કર્યું, તેમાં 'જ્ઞાનયોગવ્યવસ્થિતિ' આણી, અને અખિલ હિંદમાં એક મહાન સામાજિક કર્મયોગ જારી કર્યો.

ગાંધીજી ઈ. સ. ૧૯૧૫માં હિંદમાં આવ્યા તે અગાઉનો આ યોગ હિંદના જાહેરજીવનમાં શરૂ થયો હતો, એમ કહી શકાય. હિંદનું નવ સમાજકારણ કે રાજકારણ જીવન અને સંસ્કૃતિના ધર્મદર્શનના પાયા પર રચવાના પ્રયત્ન શરૂ થઈ ગયા હતા. શ્રી રામકૃષ્ણ-વિવેકાનંદ પ્રણીત સેવા દ્વારા મુક્તિનો મંત્ર; પ્રાચીન આર્ય જીવનનો પુનરુદ્ધાર કરવાનો આર્યસમાજી ઉગ્ર પ્રયત્ન; એ જ પ્રાચીનતાને આરાધતો, છતાં અર્વાચીન યુગની પરિભાષામાં અને પ્રાચીન મંત્રયુગની ગૂઢ મુગ્ધતા-પૂર્વક કામ કરતો થિયૉસૉફી પ્રચાર; સંતોની અનુજ સમી ભક્તિભાવનાથી પ્રેરિત પશ્ચિમ હિંદનો પ્રાર્થના-સમાજી જીવનમંત્ર; તથા અંગ્રેજી ભણતરને આધારે ઊભો થયેલો નવમતયુગ અને તેની સુધારણા-ધગશ.— આ સંભાર હિંદના નવપ્રયાણના પાયામાં પડેલો હતો, જેની ભૂમિકા ઉપર ગાંધીજીને ચાલવાનું હતું.

આ મહાપ્રયાસ બે પ્રવાહમાં તે કાળે વહેતો હતો— ૧. લોકમાન્ય-અરવિંદ આદિ મહાપુરુષોનો, ૨. રાનડે-ગોખલે આદિનો. આ ગંગાયમુનાનો ત્રિવેણીસંગમ ગાંધીયુગમાં થયો. જોકે તેનાં નિરનિરાળાં પાત્રોમાં જઈને જોઈએ તો, આ બે મૂળ ધારાનાં જળ જુદાં જુદાં વહેતાં જોવા મળે. ગાંધીજીનો આશ્રમ આ મહા-સંગમના એક પ્રતિનિધિરૂપ નમૂનો હતો, એમ કહું તો ખોટું નથી. શ્રી કાકાસાહેબ અને સ્વામી આનંદ જેવા લોકમાન્યની ગંગામાંથી આવેલાની સાથે ગોખલેની યમુનામાં તરતા આવેલા કિશોરલાલભાઈ પણ ત્યાં એકરસે મળ્યા હતા. શ્રી વિનોબા પહેલા પ્રવાહના નહોતા; તે સાવ બીજા પ્રવાહના ન ગણાય, છતાં તેમની છટા અને પ્રતિભા જોઈએ તો તે બીજા પ્રવાહને વધારે મળતા કહેવાય. પ્રાર્થનાસમાજની ભાવભક્તિ એ વધારે ધરાવનારા હતા. છતાં તે અને કિશોરલાલભાઈની દીક્ષાદૃષ્ટિ કાંઈક જુદી હતી. આ લખું છું તે વિગતે એની ચર્ચા કરવા માટે નહીં, પરંતુ આ બે સંતપુરુષોની પુણ્ય-પર્વણી પ્રસંગે આ લખું છું, તેથી કાંઈક એમનો ભેગો વિચાર વણાઈને કલમમાંથી ઊતરે છે, એટલું જ.

હિંદના સાંસ્કૃતિક તથા અધ્યાત્મ જીવનમાં કર્મ અને સંન્યાસનો વિચાર મૌલિક રૂપે રહેલો છે. આ વિચારે કેવળ વ્યક્તિઓને જ નહીં પરંતુ આપણા સમાજજીવનને પણ આવરેલું છે. જુઓ ગીતા. આ જ પ્રશ્ન તેનું મૂળ બીજ છે અને એના નિરાકરણમાં આપણી સંસ્કૃતિ અને જીવનદૃષ્ટિની જે ખાસિયત છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેનું પ્રતિનિધિત્વ એ ગ્રંથ પામે છે. બુદ્ધ-મહાવીરના શ્રમણસંસ્કૃતિ યુગમાં એ પ્રશ્ન એક રીતે ઊકલ્યો હતો. એ બંને યુગપ્રવર્તકોએ સંન્યાસપ્રધાન નિર્ણય લીધો અને સમાજમાં પણ સંન્યાસ ઉત્તમ ધર્મ અને ઉદાત્ત મહા માર્ગ લેખાયો. તે બે દ્રષ્ટાઓએ તેને અનુરૂપ એક નવદર્શન પણ પ્રવર્તાવ્યું, જેમાં નિર્વાણ અને કર્મનાશને પ્રાધાન્ય મળ્યું અને તેને અનુરૂપ અમુક ખાસ ફિલસૂફી આપી.

એ યુગનો ઊતરતો કે નબળો સમય આવતાં, — દરેક યુગનું એમ ચક્રનેમીક્રમે થાય જ છે, તે પ્રમાણે – સમાજમાં સંન્યાસ અને કર્મત્યાગનો અમુક વિક્ષોભક અતિરેક પેદા થયો. જે ફિલસૂફી કે પ્રજ્ઞાવાદ પ્રચલિત થયો હતો, તે અધૂરો એટલે કે મર્યાદિત લાગ્યો. મૂળમાં જઈને પાછું મંથન કરવું ઘટે, એવી સ્થિતિ આવી. તે કામ શંકરાચાર્યે કર્યું. તે સંન્યાસ જેવી પ્રબળ જીવનશક્તિને ઇન્કારી તો કેમ જ શકે? તે પોતે સંન્યાસી થયા, પણ તેમાં માતૃપ્રેમ તથા લોકસેવા જેવા કરુણા-જન્ય ભાવોને સંઘર્યા. સંન્યાસસંસ્થાને વ્યવસ્થા આપી, અને ગૃહસ્થજીવનની યોગ્યતા બતાવી. એક પ્રકારનું જાણે નવદર્શન મળ્યું એવી તે યુગ પર અસર પડી. ગીતાજીવન પાછું હિંદના સમાજમાં સ્થાપિત થયું. આ નવયુગનો પણ ઊતરતો કાળ આવ્યો, જેમાં શુષ્ક-વેદાંતનો પ્રજ્ઞાવાદ અને દર્શનશાસ્ત્રોની વિતંડા જોવા મળે છે. આથી આગળનો આપણો ઇતિહાસ જોવા જઈએ તો તે રસિક છે; પણ તે અહીં અસ્થાને ગણાય. આટલું તેનું વિવેચન કર્યું તે એટલા જ માટે કે, આજે વિનોબા બુદ્ધ અને શંકરનો સમન્વય કરીને નવો જીવન-આશ્રમ સ્થાપવો જોઈએ, એમ કહે છે. અસ્તુ.

આ દૃષ્ટિએ જોઈએ તો શ્રી કિશોરલાલભાઈ સ્માર્ત કે શૈવ કરતાં વૈષ્ણવ વૃત્તિના વધારે હતા. તેમણે સ્વામીનારાયણ સંપ્રદાયની સંતસંસ્કૃતિનું અધ્યાત્મ-દૂધ પીધું હતું. આ પંથની અસર સ્માર્ત કરતાં વૈષ્ણવી વધારે રહેલી છે. વિનોબા પણ સંતસંસ્કૃતિના દૂધથી ઊછરેલા છે. તેમણે સંસ્કૃત દ્વારા શાસ્ત્રપાન પણ કર્યું છે; પરંતુ તેમના સંસ્કાર-દેહને વધુ પથ્ય તો સંત-સાહિત્ય જ રહ્યું છે. અને તે મહારાષ્ટ્રનું. આ સંતોના જીવનમાં વૈષ્ણવી વૃત્તિ તો ભરપૂર છે; પરંતુ સંન્યાસ અને વૈરાગ્યની છટા કાંઈક જુદી જાતની જોવા મળે છે. મહારાષ્ટ્રની ભૂમિમાં જોવા મળતી તપોનિષ્ઠ ઉગ્રતા અને એકાંગી લાગે એટલે સુધીની સંન્યાસોચિત એકાગ્રતા ત્યાંના સંતોનું વિલક્ષણ વિભૂતિઅંગ વિનોબામાં હમેશનું રહેલું છે. એની અસર એમના જીવન, પ્રવચન તથા લેખનમાં આપણે જોઈ શકીએ છીએ. આ વસ્તુ આશ્રમની શાળાના યુગથી એમનામાં રહેલી જોવા મળે છે. એક બે દાખલા ટાંકું તો લંબાણ તો થાય છે, છતાં સૂચક હોઈ નોંધું છું.

આશ્રમની શાળામાં એક નિયમ કરેલો કે, સવારમાં ૪ વાગ્યે નદીમાં પ્રાતઃસ્નાન કરવું. શિયાળાની કડકડતી ટાઢમાં પણ એમાં ફેર પડી શકતો નહીં. એક વાર એવી ટાઢ હતી કે, વિનોબાએ નદીમાં ઝંપલાવ્યું ને એવા ઠરી ગયા કે કોકડું વળી જઈ કાષ્ઠવત્ પ્રવાહમાં તણાવા લાગ્યા! વિદ્યાર્થીઓએ તેમને વેળાસર બહાર કાઢી આણેલા.

બીજો એક દાખલો બીજી રીતનો છે. તે વર્ધા આશ્રમનો છે. પરંતુ તેનું રહસ્યબિંદુ ઉપરનું લક્ષણ બતાવવા પૂરતું એક છે. એક વિદ્યાર્થિનીને તેના પિતાએ વિનોબા પાસે શિક્ષણને માટે સોંપી. મુગ્ધ વિદ્યાર્થિનીનો હોઈ શકે, તેવો તેટલો તેમાં સાથ હતો. વિનોબાએ કેશવપન દ્વારા દીક્ષા આપી એમ જ કહો; અને શાંકર ભાષ્યથી એનું શિક્ષણ શરૂ કર્યું.

આ કિસ્સાઓનું વિવરણ કરવાની જરૂર નથી. વાત એમ છે કે, વિનોબામાં આ ઢબની ઉગ્ર તપસ્વિતા અને તેને યોગ્ય સંન્યાસ કે ત્યાગનો આદર પહેલેથી રહેલાં છે. એટલે સુધી કે, વ્યક્તિથી નિરાળું અને પોતાની સ્વતંત્ર હસ્તી અને પ્રતિભાવાળું, સમાજરૂપી એક દૈવત છે, એમ એ ભાગ્યે ગણકારતા હતા. વ્યક્તિથી નિરાળી પડતી એવી તેની બીજી વિભૂતિ સમાજ છે, એ વસ્તુ જોવા વિચારવામાં એ પડ્યા જ નહોતા; એમને એની જરૂર જ નહોતી પડી, એમ કહો. ગાંધીજીના વિશાળ વ્યાપક કાર્યમાં એ પોતાની પ્રતિભાને પથ્ય પડે એવું એટલું તે, અઠંગ કર્મયોગીની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અદાથી, કર્યે જતા. તેથી હિંદનો બહોળો સમાજ એમને એટલા બધા જાણતો નહોતો.

વિનોબાની આ વૃત્તિમાં આપોઆપ ફેર થયો તે ગાંધીજીના ગયા પછી. ત્યારે એમને હિંદના સમાજનું નિકટ દર્શન કરવાનું આવ્યું. સમાજનાં કાર્યો કરવાને માટે ગાંધી સેવા સંઘ સંસ્થાની ૧૯૩૪-૩૫માં સ્થાપના થઈ હતી. કિશોરલાલભાઈ તે સંભાળે એમ ગાંધીજીએ નક્કી કર્યું. અને તે સંઘના એ ઠેઠ સુધી પ્રમુખ રહ્યા. વિનોબા એના સભ્ય સરખા થયા નહોતા, જોકે તેમને એ કામ નામંજૂર હતું એમ નહીં. શ્રી કિશોરલાલભાઈ એમની રમૂજી ટકોરવાળી ભાષામાં એવા જે સભ્યો હતા તેમને ‘અસભ્ય સભ્ય’ કે ‘સભ્યાસભ્ય’ કહેતા. ગાંધીજીના ગયા બાદ વિનોબાને દેશકાર્યનું દર્શન થયું અને તેમાંથી જવાબદારીનું ભાન પ્રગટ્યું, એ એક નોંધપાત્ર બીના છે. સર્વ સેવા સંઘ અને સર્વોદય સંમેલન સંસ્થાઓના તે માર્ગદર્શક બન્યા, કહો કે, વિનોબાએ હવે પોતાને માટે જ નહીં, દેશને માટે પણ નવા પાઠ લેવા તથા આપવાનું શરૂ કર્યું.

ભૂદાનયજ્ઞનું દર્શન વિનોબાને આ કાળમાં લાધ્યું. તે અર્થે દેશાટન કરતાં તેમને સમાજનું વિભૂતિદર્શન થયું. અને તે પણ એક વ્રત હોઈ ને, એ રીતે તેની આરાધના કરવી, એ તેમને લાધ્યું. આ બધું એ બતાવે છે કે, વિનોબા એક વર્ધમાન પુરુષ છે; એમની સાધના મૂળે સેવા-દ્વારા-મુક્તિ મંત્રની વસ્તુ હતી, નહીં કે કર્મસંન્યાસ યા ત્યાગની. હિંદનું પુનરુત્થાન ગાંધીજીનું કાર્ય છે, એનો અર્થ આ છે. તે મૂળે સમાજનો એક પ્રકારનો અધ્યાત્મ-યોગ હતો. તે કાર્યનાં મૂળ વ્યક્તિ અને સમાજના ઊંડાણમાં વહેતાં અધ્યાત્મ-જળને સ્પર્શીને ત્યાંથી જીવનરસ ખેંચનારાં હતાં. એથી કરીને એમને અધ્યાત્મરંગે રંગાયેલા વિરલ સાથીઓ મળ્યા હતા. કિશોરલાલભાઈ તથા વિનોબા એમાં અગ્રગણ્ય અને નિરાળી ભાત પાડે એવા હતા.

અધ્યાત્મ-જીવનમાં પોતપોતાનાં જુદાં સ્થાનોએથી નીકળી સમાંતર આગળ વધનારા આ બે સાધકોની બેલડી છેવટનાં વરસોમાં બહુ જ નિકટ બની હતી. તેમાં કારણ ભૂદાનયજ્ઞદર્શન બન્યું હતું. એમાંથી એક ગયા તેથી શું? એવાને મૃત્યુ નથી હોતું; તે એમના અનુજીવી સાથીઓ તથા કદરદાન સજ્જનોમાં અમર રહે છે. વિનોબા આજે એમનાય જીવંત પ્રતિનિધિરૂપ છે. ધર્મ અને અધ્યાત્મના પાયા ઉપર સમાજનું પુનર્ગઠન કર્યા વગર હિંદ સ્વરાજ સોળે કળાએ ન ખીલી શકે, એ એમની શ્રદ્ધા છે. એ વસ્તુના પાયા પર હિંદનો સ્વાતંત્ર્ય-પુરુષાર્થ ઊભો કરવા દ્વારા ગાંધીજીએ સ્વતંત્ર હિંદની એક ભાવના જીવતી જાગતી કરી, અને તેને જોરે સ્વાતંત્ર્ય પેદા કર્યું. તેની જ આગળની પાયરી એ છે કે, એ જે સમાજની આધ્યત્મ-મૂડી ગાંધીયુગમાં આપણે સાક્ષાત્ સંચરતી જોઈ, તેના અનુભવને સંઘરીને હવે આગળ ચાલવું જોઈએ. તે કાર્ય ગાંધીજીના ગયા પછી રહેનારાઓનું છે. વિનોબાએ તે માથે લીધેલું છે. ગાંધીજીને હાથે કૉંગ્રેસ એક સાંસ્કૃતિક બળ બન્યું હતું. તે કેવળ રાજદ્વારી સત્તાબળ ન બને તેમ કરવામાં વિનોબાના આ કાર્યે ભારે પ્રેરણા પેદા કરી છે. સ્વતંત્રતા એ સર્વોદયની સિદ્ધિ માટે છે. સર્વોદય પરસ્પર સહાય અને સહકાર વગર સંભવે નહીં. એવો સહકાર દરેક નાગરિક પોતાના ધંધારોજગાર પરત્વે શુદ્ધ સેવા કે યજ્ઞની ભાવના ધારીને ચાલે તો જ બને. અને એવી ભાવના જો રાખવી હોય તો તેનો માર્ગ સ્વદેશીધર્મ કે આપણા પડોશધર્મની વફાદારી વગર નહીં જ બને. આ વફાદારીમાંથી ભૂદાન, સંપત્તિદાન, શ્રમ-બુદ્ધિ-દાન ઇત્યાદિ વિચારો જન્મે છે. સમગ્ર માનવતાના અદ્રોહપૂર્વક નિકટના પડોશી પ્રત્યે પ્રેમ અને સેવાની ભાવના એ યજ્ઞ છે, એ જગતજીવનનો અને ઋતનો પાયો છે. એ જ ગાંધીજીએ વર્ણવેલા સ્વદેશી ધર્મનો અર્થ છે. ગાંધીજીના સમાજદર્શનના પાયારૂપ (સ્વાતંત્ર્ય-સર્વોદય-સહકાર-સેવા-સ્વદેશી એવા) આ પંચવિધ ધર્મ પર વિનોબાનું જીવનકાર્ય ઊભું છે. તેમની ષષ્ટિપૂર્તિને ધન્ય પ્રસંગે સૌ ઈશ્વર પાસે માગીએ કે, એમનું આ કાર્ય પૂરું કરવા તે એમને આયુષ્ય અને આરોગ્યબળ આપે અને આપણને સૌને તેમાં હાથ દેવાને માટે બળબુદ્ધિ બક્ષે. વિનોબા શતાયુષી થાઓ.

૩-૯-'૫૪

મગનભાઈ દેસાઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધર્મ અને ઈતિહાસ

ધર્મ, માનવજાતને યુદ્ધ અને કુસંપ, ઝઘડા અને અને વૈમનસ્યમાં ઘસડનારા ગણ્યાગાંઠ્યા પ્રધાન આવેગો પૈકીનો ખસૂસ એક આવેગ છે. મધ્ય યુગમાં એમ હતું અને ધીમે ધીમે એ વસ્તુ નષ્ટ થઈ છે, વખત જતાં અને વિજ્ઞાન તથા બુદ્ધિવાદનો વિકાસ થતાં તેની એ તાકાત ઓછી થઈ છે. એમ ન કહેવાઓ, કેમ કે, એમ કહેવું ઐતિહાસિક રીતે સાચું નથી. ધાર્મિક લાગણીનું સ્વરૂપ તથા તેની અસર સદીઓ પછી બદલાવા પામ્યાં છે એ ખરું, પરંતુ લાગણી પરિવર્તન પામીને અથવા તેનો ઉત્કર્ષ થઈને તે જગદ્‌સ્પર્શી લાગણીના વધારે વિશાળ, વધારે વ્યાપક ખ્યાલમાં, આપણી સર્વસાધારણ માનવતાને પ્રેરણા આપનાર એક પ્રકારના વિશ્વધર્મમાં પરિણમી છે એમ ભાગ્યે જ કહી શકાશે. મધ્યયુગ લગભગ મહાભૂતોનું સામર્થ્ય ધરાવનાર એક સુષુપ્ત બળ તરીકે હજી સુધી આપણા અંતરમાં વાસ કરી રહ્યો છે. માનવજાતના તથા આ અવની પરની આપણી હસ્તીના હેતુ વિષેના વધારે વ્યાપક દર્શનમાં તેને વાળવાનું હજી બાકી છે. આનો એક દાખલો આપીશ.

વાચકે ૨૮–૮–'૫૪ના 'હરિજનબંધુ'માં પ્રગટ થયેલો 'અન્ય ધર્મો તરફ ખ્રિસ્તીઓનું વલણ' એ મથાળાવાળો લેખ વાંચ્યો હશે. ધર્મોના અભ્યાસી તરફથી કરવામાં આવેલું એ મહત્ત્વપૂર્ણ નિવેદન છે. લેખક એમાં દર્શાવી આપે છે કે, માણસને એકત્ર કરનાર ધર્મ તડ અથવા ભાગલા પાડનારો શાથી નીવડે છે. એનું કારણ એ છે કે, તે આપણને 'ચાલતા આવેલા ચીલામાં' પ્રેરે છે, અને પ્રજાના આખા સમૂહને 'ધર્માંધતાના ઘેનમાં' નાખનારા કોઈક ધાર્મિક કીમિયાના 'ઉપદેશક કે સમર્થક' બનાવે છે. તે પ્રજાની સંસ્કૃતિ સાથે વણાઈ જાય છે અને લગભગ પ્રજાની ભાવનારૂપ તથા તેની પ્રગતિ અને સંસ્કૃતિના હાર્દ સમો બની જાય છે. આમ હોવાથી તે આપણને ઉચિત અને ઉમદા 'પ્રામાણિક જિજ્ઞાસુનું વલણ,' આપણી હસ્તીના સત્યના શોધકનું વલણ, ધારણ કરવા દેતો નથી. આપણે ચાહે તે ધર્મના હોઈએ અથવા ચાહે તે ધર્મ આપણે અંગીકાર કર્યો હોય. તોયે, આ ધરતી પરના પ્રત્યેક માનવીનું એ જ એક યથોચિત અને સાચું કર્તવ્ય છે.

સમૂહબળ તરીકે, જૂથોમાં કે જમાતોમાં માનવીઓને વિભક્ત કરનાર પ્રબળ ખમીર તરીકે એને જોઈએ તો, એ માનવજાતને ધાર્મિક વાડાઓમાં વહેંચી નાખે છે અને રોસ કહે છે તેમ 'કબીલાપરસ્તી અથવા રાષ્ટ્રવાદનો ઉદ્‌ભવ બીજું કશું નહીં પણ એ ગંભીર વ્યાધિનું જ એક વધુ લક્ષણ છે.' વ્યાપક અજંપો અને મૂળભૂત બિનસલામતીના કાળમાં — હાલ આપણે એ સ્થિતિમાં છીએ — સ્વાભાવિક રીતે જ માણસ પોતાના ભૂતકાળ તરફ — જાતિ કે જમાતના સુષુપ્ત માનસ તરફ નજર કરે છે. ઇતિહાસ એ રીતે આપણા હૃદયમાં વાસ કરતો હોય છે. અને એ કંઈ ખોટું નથી, એમ હોય એ જ બરાબર છે. રોસ કહે છે તેમ, 'એમ કરનારા લોકો એ રીતે મેળવેલી સમજ જીવતા-જાગતા વર્તમાન કાળમાં દાખલ કરવાની જરૂરિયાત સમજે તો એ સારી વસ્તુ છે. ભૂતકાળ આપણને તેની ગોદમાં રાખતો હોવાથી આપણે તેને સમજવો જોઈએ' પણ મુશ્કેલી એ છે કે ઘણુંખરું, એક જૂથ તરીકે તો લગભગ હમેશાં 'આપણે તેને (ભૂતકાળને) વળગી રહીએ છીએ અથવા તેને વિષે ગૌરવ અનુભવીએ છીએ' અને એ રીતે જાતિ જાતિ વચ્ચેની કે પ્રજા પ્રજા વચ્ચેની પુરાણી દુશ્મનાવટ સજીવન કરીએ છીએ.

અને આપણે ઇતિહાસ તરફ નજર કરીશું તો જણાશે કે, બીજાઓને હરાવવામાં અને તેમના પર પોતાનો અમલ ઠોકી બેસાડવામાં ફતેહમંદ નીવડનાર ધાર્મિક જૂથો પોતાને વિષે એક પ્રકારની નૈસર્ગિક શ્રેષ્ઠતાનો અનુભવ કરતાં થઈ જાય છે. દાખલા તરીકે, 'ઈશ્વરની પ્રીતિપાત્ર પ્રજા,' 'અલ્લાના કૃપાપાત્ર' વગેરે. પછીથી, દુન્યવી સફળતા પોતાના ધર્મ કે સંપ્રદાયની શ્રેષ્ઠતાને આભારી છે એમ અજાણપણે મનાવા લાગે છે અને પરિણામે પ્રામાણિક જિજ્ઞાસા અથવા સત્યશોધનનો અંત આવે છે. આપણા ઘમંડી અજ્ઞાનને વશ થઈને આપણે ભૂલી જઈએ છીએ કે, 'એવું કોઈ સત્ય નથી જેમાં સઘળાં સત્યોનો સમાવેશ થતો ન હોય' અને 'ભૂતકાળનાં, માર્ગની બાજુ પર આવેલાં દેવસ્થાનોની છાયા નીચે આપણે લાંબા વખત સુધી રહેવું જોઈએ નહિ.' માનવીના મનની શિક્ષણક્ષમતાનો અંત આવે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે અને આપણું મન ગ્રહણશીલ રહેતું નથી, ઘમંડ આપણો કબજો કરી બેસે છે અને એ રીતે પ્રગતિશીલ વિકાસનો અંત આવે છે. વાયવ્ય સરહદ તરફથી આર્યો અથવા હિંદુઓ પર ઇસ્લામના હુમલા થવા લાગ્યા ત્યારે તેમનામાં એવું ઘમંડ હતું; મુસલમાનોમાં તેમની ચડતી કળાના દિવસોમાં એ હતું અને આધુનિક સમયની ખ્રિસ્તી પ્રજાઓમાં તે આજે છે. અને તેમને ઉદ્દેશીને રૅાસ લખે છે: 'હું પોતે બીજા ધર્મોના સંખ્યાબંધ અનુયાયીઓનો ધર્મપલટો કરાવીને તેમને કોઈને કોઈ ખ્રિસ્તી સંપ્રદાયમાં લાવવા નથી ઇચ્છતો.' અને આપણે જોઈ શકીએ છીએ કે, આ ચડિયાતાપણાના ઘમંડે રાજકીય ક્ષેત્રમાં વસાહતવાદનું તથા મલાનના જાતિવાદનું સ્વરૂપ ધારણ કર્યું છે. જગતની રાજકીય જ પણ નહીં ધાર્મિક જમાતોમાં પણ સહઅસ્તિત્વની ભાવના પ્રગટાવવી જોઈએ અને આધુનિક દુનિયાએ એ ભાવનાને અનુરૂપ જીવનવ્યવસ્થા યોજવી અને ખીલવવી જોઈએ. આપણે શીખવું જોઈએ કે કેવળ શબ્દાર્થ અને વિધિઓ જડતાનો ચીલો અથવા અપમાનકારક ઘમંડ પેદા કરીને ભાવનાને હણે છે, જ્યારે તેમનો મર્મ તથા તેમનું રહસ્ય આપણામાં નમ્રતાભરી જિજ્ઞાસાવૃત્તિ, અહોભાવ તથા ભક્તિભાવ પેદા કરીને પરિપૂર્ણ કરે છે. તેમ જ આપણા અંતરાત્માને અમૃતપાન કરાવીને આપણને પૂર્ણ બનાવે છે. એ અમૃત જ આપણા જીવનનો આધાર છે.

૩૧–૮–'૫૪ મગનભાઈ દેસાઈ

(અંગ્રેજી પરથી)

જ્ઞાન વિજ્ઞાનની પરિભાષા

વર્તમાનપત્રમાં પ્રગટ થયેલા, અમદાવાદના કેટલાક વિજ્ઞાનના અધ્યાપકોના લેખ તરફ એક મિત્રે મારું ધ્યાન ખેંચ્યું અને વિજ્ઞાનની એક વિદ્યાર્થિનીએ તેની વાત કરી તે મને આપ્યો અને કહ્યું કે, આ મારે જોવો જોઈએ. એ લેખને માટે તેના લેખકોને મુબારકબાદી ઘટે છે. તેઓ એ લેખમાં ગુજરાત યુનિવર્સિટીના માધ્યમના નિર્ણયને આવકાર આપે છે. પણ ખાસ તો એ કે, તે ઠરાવથી પ્રેરાઈને જે કામ હવે ઉપાડવું જોઈએ, તેની જરૂર બતાવે છે. માનું છું કે, અમદાવાદના બધા વિજ્ઞાનના અધ્યાપકો તથા ગુજરાત યુનિવર્સિટીના બહારના તેમના સાથીઓ આ વિચારમાં સંમત હશે. આ કામ ગુજરાતનું — તેની ભાષાનું, તેના સંસ્કાર અને શિક્ષણનું છે.

માધ્યમ-ફેરના કામમાં મોટી ખાઈ પરિભાષાની છે, એ તો ઉઘાડી વાત છે. એ ખાઈ ઓળંગી જઈએ તો આ મહા પ્રશ્નની ગંગા નાહ્યા એમ જ લગભગ કહેવાય. કેમ કે, પરિભાષાનો પ્રશ્ન એ, છેવટે જઈને જોતાં, કેવળ શાબ્દિક ભાષાફેર જ નથી, પરંતુ ખરું જોતાં તે મૂળે તો ગુજરાતી ભાષાની ખિલવણી અને વિકાસનો સવાલ છે. આ કામ અત્યાર સુધી જોઈએ તેવું થતું રહ્યું કે થયું નહીં, તેથી અત્યારે હવે તે કરવા જઈએ છીએ ત્યારે, તેને માટેનાં આપણા મગજનાં અંગોને કસરત નહીં મળેલી હોવાથી, તે કસાયા વગરનાં — લગભગ અપંગ જેવાં જકડાઈ ગયાં છે. કહો કે એક રીતનો લકવો લાગ્યો છે. હવે તે આપણે દૂર કરવો છે, કેમ કે આ લકવો મૂળ-રોગ નથી; તે કેવળ ઉપરથી વળગી પડેલો છે. ગુજરાતી ભાષાનો એ દોષ નથી. આપણી ભાષા માટે તો, તેના પ્રથમ વ્યાકરણકારે કહેલું, જે આપણને ગાંધીજીએ સાહિત્ય સંમેલનના પ્રમુખપદેથી યાદ કરાવેલું તેમ,

"ગુજરાતી પૂરી કે અધૂરી, એ વિષે વિવાદ કોઈ વેળા સાંભળવામાં આવે છે. કહેવત છે કે, यथा राजा तथा प्रजा; यथा गुरुः तथा शिष्यः। એમ જ કહેવાય કે, यथा भाषकः तथा भाषा — જેવો બોલનાર તેવી બોલી. . . . કવિઓ પોતાના મનના વિવિધ વિચાર બોલતાં, ગુજરાતી અધૂરી છે એવું જાણીને અટક્યા એવું જણાતું નથી; પણ નવા જૂના શબ્દની ગોઠવણીમાં પોતાનો વિવેક એવો પ્રગટાવ્યો કે તેમનું કહેલું ભાષામાં ચાલ્યું. . . . ભાષાનો સાધારણ નિયમ એ છે કે લોકોના મનમાં જેવા વિચાર ભરેલા છે, તેવા જ તેમની ભાષામાં બોલાય છે. જો લોક વિવેકી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો તેમની વાચા વિવેકે ભરેલી; જો લોક મૂઢ, તો વાચા તેમના જેવી જ. ઇંગ્રેજીમાં કહેવત છે કે, મૂઢ સુથાર વાંસલા વીંધણાનો વાંક કાઢે; ભાષાનો દોષ ઠરાવનાર કોઈ વેળા એવા હોય છે. જે વિદ્યાર્થીઓના હાથમાં ઇંગ્રેજી ભાષાનું અને તેની સાથે ઇંગ્રેજી વિદ્યાનું કંઈ આવ્યું છે, તેમને ગુજરાતી ભાષા અધૂરી જેવી લાગતી હોય કેમ કે ઇંગ્રેજીમાંથી ભાષાંતર કરવું કઠણ છે. . . . પણ પરભાષાના સંપાદનના શ્રમ કરતાં સ્વભાષામાં પ્રવીણતા મેળવવાનો આયાસ અધિક છે. . . . મનોયત્ન કર્યા પૂર્વે ગુજરાતી કાચી દેખાય, પણ પછી પાકી જણાશે. યત્નકારી અધૂરો, તો તેની ભાષા પણ અધૂરી; પણ જો વાપરનારના યત્ન સંપૂર્ણ, તો ગુજરાતી પણ સંપૂર્ણ — હા શણગારેલી પણ દેખાય. ગુજરાતી, — આર્યકુલની — સંસ્કૃતની પુત્રી, — ઘણી ઉત્કૃષ્ટ ભાષાઓની સગી! તેને કોણ કદી અધમ કહે ?"

લેખક અધ્યાપકો જણાવે છે કે, અંગ્રેજીમાં એક એક વિજ્ઞાનશાખાના લાખો પારિભાષિક શબ્દો આજ સુધીમાં બન્યા છે અને નવા નવા ઉમેરાયે જાય છે. આ જ વસ્તુ ઇતિહાસ, ભૂગોળ, ફિલસૂફી, સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, રાજકારણ આદિ જ્ઞાનશાખાઓ માટે પણ એટલી જ સાચી છે. પરિભાષાનો સવાલ કેવળ વિજ્ઞાનને માટે જ નહીં, પણ જ્ઞાન માટેય એવો જ ઉગ્ર છે. ફેર હોય તો તે એટલો જ છે કે, જ્ઞાનનું અનુશીલન કાંઈક આપણે આપણી ભાષાઓમાં કરતા રહ્યા તેવું વિજ્ઞાનમાં ન થયું અને કેવળ અંગ્રેજીના પરાવલંબી રહ્યા, તેથી એક વિષે એમ લાગે છે, ને બીજામાં કાંઈક હિંમત અને સરળતા અનુભવીએ છીએ. અસ્તુ.

અંગ્રેજી ભાષાની આ ખૂબી તે ભાષા પરત્વે નહીં, પણ તેની ભાષક પ્રજા પરત્વે રહેલી છે, એ યાદ રાખવું જોઈએ. પેલું સૂત્ર સાવ સાચું છે કે, યથા भाषकः तथा भाषा । આપણી ભાષાનાં ગઈ પેઢીમાં થયેલાં ખેડાણ અને પ્રગતિ જો જુઓ તો આ સત્યની પૂરી પૂરી સાબિતી મળી રહે છે. તેમ જ હવે આપણે સમગ્ર શિક્ષણ દ્વારા તેને ખેડવા તત્પર થઈએ, એ યુનિવર્સિટીના ઠરાવનાં આદેશનો ટૂંકો અને સાદો અર્થ છે.

સદરહુ લેખકો એક ભીતિ વ્યક્ત કરે છે કે, જો એક નિર્ણયથી કામ ન થાય તો, દરેકની પરિભાષા જુદી એ ન્યાયે, અરાજક ન થાય ? ભીતિ સાચી ગણાય, પણ તે સેવવા માટે કે તેનાથી ભડકાઈ કે ડઘાઈ જવા માટે જરૂર નથી, – કારણ પણ નથી. બધા અરસપરસ પ્રયત્નો જોતા જાણતા રહે, ઉદાર દિલે એકવાક્યતા પર પહોંચવા તત્પર બને, અને એમાં ખોટી અહમ-હમિકા ન નીપજી બેસે, તો કશી ભીતિનું કારણ નથી. છતાં કાંઈક વૈવિધ્ય રહે તો તે જીવંતતાનું રસમય ચિહ્ન માનવું જોઈએ, અને એ વિવિધતા આપોઆપ શમી જઈ એકવાક્યતા તરફ વળશે. આવું દરેક જગાએ બન્યું છે અને તે અમુક અંશે અનિવાર્ય લાગે છે. ગીતાકાર કહે છે એમ, બધા નવા આરંભો સાવ અદોષ તો નથી જ હોતા; શુદ્ધ બુદ્ધિ અને અડગ વૃત્તિથી કામ થાય તો તેના દોષ ઓછવાય છે અને ગુણ વધે છે.

એક બીજું પણ કારણ અહીંયાં નોંધવા જેવું છેઃ આપણે પરિભાષાને માટે સાવ એકડે એકથી માંડવાનું નથી. આપણી માધ્યમિક શાળાઓએ કામ ક્યારનું આદરેલું છે; તેમના કામની પરિભાષા સ્થિર થતી ગઈ છે; તેનો કેટલોક ભાગ ગુજરાત વિદ્યાપીઠે તથા બીજા કેટલાકે ગ્રંથસ્થ પણ કર્યો છે. એ પરિભાષા આજે વપરાય છે. તે દ્વારા ભણીને કૉલેજોમાં વિદ્યાર્થીઓ આવશે. એટલે તે ધોરણે આગળ જવું જોઈએ. અને તે પરિભાષા વાપરનાર શિક્ષકો એને આગળની કૉલેજ-કક્ષા સારુ ખીલવવામાં કીમતી ફાળો આપી શકે. કૉલેજના અધ્યાપકોએ એમની મદદ લેવા ચૂકવું ન જોઈએ.

વિજ્ઞાનની પરિભાષા રચવા માટે કેટલાક મુખ્ય માર્ગદર્શક મુદ્દા પણ સદરહુ લેખકોએ ચર્ચ્યા છે. આ અંગે કેટલાક મુદ્દાઓ બહુધા માન્ય થયેલા ગણાય એવા છે તે અલગ હવે પછી વિચારીશું.

મુખ્ય વસ્તુ એ છે કે, આ મુદ્દાઓને ધ્યાનમાં રાખીને અધ્યાપકો પ્રત્યક્ષ શિક્ષણકામ કરે તો, કામ કામને શીખવે એ ન્યાયે, આગળ વધી શકાશે. છેવટે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો વિદ્યાર્થીઓ અને જનતા વિજ્ઞાન પોતાની ભાષામાં સમજે અને વિચારે એ તેની કસોટી હશે. એ કસોટી પર કસતા કસતા આગળ વધી શકાશે.

રહે છે સવાલ પુસ્તકોનો. આ સવાલ પ્રત્યક્ષ શિક્ષણ પછીનો અને તેથી પ્રમાણમાં ગૌણ ગણાય. પરભાષાના માધ્યમને કારણે પુસ્તકાવલંબી પદ્ધતિથી — જેનું બીજું પગલું ગોખણપદ્ધતિ આવ્યું — કૉલેજોમાં શિક્ષણ ચાલ્યું. તે ઘણે ભાગે શાબ્દિક અને પરિભાષાબદ્ધ જ બનતું ગયું; વિષયના જ્ઞાનને નામે ટકા ઓછા જ થતા ગયા. જે ભીતિ પરિભાષાની લાગે છે તે, કાંઈક દરજ્જે, આ મૂળ કારણને આભારી છે. તે સમજપૂર્વક દૂર કરી જો પ્રત્યક્ષ શિક્ષણ સાચું અને સચોટ કરીશું, તો તેને નોંધો દ્વારા શબ્દબદ્ધ પણ કરી શકીશું અને એમાંથી અનુભવસિદ્ધ સફળ ચોપડીઓ મળવા લાગશે. અને એને ઝાઝી વાર પણ નહીં લાગે; કેટલાક માને છે તેથી ઘણા ઓછા વખતમાં એ બનશે. જુઓ માધ્યમિક શિક્ષણનો આ પરત્વેનો અનુભવ.

દરમિયાન શું ?— એમ પૂછી શકાય. ખરું જોતાં, વગર ચોપડીનો વચગાળો ભાગ્યે જ વેઠવો પડે, કારણ કે, ધારીએ તો આપણે થોડીક ચોપડીઓ વરસ દહાડામાં જરૂર બહાર પાડી શકીએ. અને મદદરૂપ અંગ્રેજી ગ્રંથો નકામા તો નથી જ. વિદ્યાર્થીઓને તેમની મદદ લેવા પ્રેરી શકાય. એ ભાષા માધ્યમ તરીકે જાય, માટે કાંઈ તે દ્વારા મળતા જ્ઞાનને ખોવાનું નથી જ. માટે તો યુનિવર્સિટી આજે એ ભાષાનું જ્ઞાન પ્રવેશ-પરીક્ષાને માટે આવશ્યક ગણીને ચાલે છે.

છેવટે એક સૂચના :—આ કામમાં સંગઠિત અને પરસ્પર સહાયથી પ્રયત્ન કરવાને માટે એક કામ કરવા જેવું છે તે એ કે, દરેક જ્ઞાન તથા વિજ્ઞાન શાખાએ પોતાને માટે જરૂરી પરિભાષાના અંગ્રેજી પર્યાયોની તરત યાદીઓ બહાર પાડવી જોઈએ, જેથી તેમાં રસ લેનારા પોતાથી બનતી મદદ કરી શકે. આ કામ થાય તો એકવાક્યતા પર પહોંચવામાંય સરળતા થશે અને સંગઠિત પ્રગતિને અવકાશ મળશે. જેઓ આ બાબતમાં કામ કરવા ચાહે તે યાદીઓ આ પત્ર પર મોકલશે તો તેનો સદુપયોગ કરવામાં આવશે, એટલું અંતે નોંધું છું.

૩૦-૮-'૫૪ **મગનભાઈ દેસાઈ**

આપણે એની ફરજ પાડવી જોઈએ?

એમ કહેવાય છે કે, અર્ધસત્યો અસત્ય કરતાં પણ વધારે જોખમકારક હોય છે. આવાં અર્ધસત્યો પૈકીનું એક આપણા જીવન અને કેળવણીમાં હવે પછી અંગ્રેજીના સ્થાન બાબત ઉચ્ચ સ્થાનોએ બિરાજતી વ્યક્તિઓનાં વક્તવ્યોમાં ઘણી વાર જોવા મળે છે.

દાખલા તરીકે, પી. ટી. આઈ.નો સંદેશો જણાવે છે કે,

'સંઘ સરકારના આરોગ્યપ્રધાને આજે (૫મી ઑગસ્ટ, મદ્રાસ) બાળકોને ત્રીજી ભાષા તરીકે અંગ્રેજીનું ફરજિયાત શિક્ષણ આપવાની હિમાયત કરી. બીજી બે ભાષાઓ તે માતૃભાષા અને હિંદી.'

'તેમણે કહ્યું કે રશિયામાં તથા સ્વિટ્ઝર્લૅન્ડમાં બાળકો શાળામાં ચાર ભાષાઓ ભણે છે અને ૭૫ ટકા રશિયન બાળકો ચોથી ભાષા તરીકે અંગ્રેજી શીખે છે.'

'અંગ્રેજીનું જ્ઞાન ઘણું જ ઉપયોગી છે એમ કહીને શ્રીમતી અમૃતકૌરે કહ્યું કે, આંતરરાષ્ટ્રીય પરિષદોમાં હિંદના પ્રતિનિધિમંડળના નેતા તરીકે મેં અનેક વાર કામગીરી બજાવી છે અને મને માલૂમ પડ્યું છે કે આંતરરાષ્ટ્રીય મામલામાં હિંદને મળેલી સફળતા તેના અંગ્રેજીના જ્ઞાનને આભારી હતી.'

એ તો સૌ કોઈ કબૂલ કરશે કે, આપણા પૈકીના કેટલાકને માટે કેટલીક રીતે અંગ્રેજી જરૂરી અને ઉપયોગી છે અને શાળાઓએ તેનું શિક્ષણ આપવાની જોગવાઈ કરવી જોઈએ. સવાલ એ છે કે, બધાએ તે શીખવું જોઈએ ખરું ? આંતરરાષ્ટ્રીય પરિષદો માટે સૌ કોઈ પરદેશોમાં જવાના છે શું ? અને એ પરિષદોમાં આપણે હમેશાં અંગ્રેજી જ બોલતા રહીશું અને હિંદી ભાષા માટે તેમાં બોલવાનો દરજ્જો નહીં મેળવીએ ? કોઈ પોતાની ભાષા સિવાયની બીજી કોઈ હિંદની ભાષા ત્રીજી ભાષા તરીકે શીખવા માગે તો આપણે તેને તેમ ન કરવા દઈશું ? આપણા પૈકીના ઘણાને તે અંગ્રેજી કરતાં વધારે ઉપયોગી નહીં થઈ પડે કે ? અંગ્રેજી તો ક્યારેયે આપણામાંના માત્ર મૂઠીભર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લોકોને જ જરૂરી થઈ પડશે. રશિયાનો દાખલો ટાંકતાં આપણે એ હકીકતની નોંધ ન લેવી જોઈએ કે એ બાબતમાં બાળકોને પસંદગી કરવાની છૂટ હોય છે? તો પછી હિંદમાં આપણે એની ફરજ શાને પાડીએ? આ સવાલો તથા એવા બીજા અનેક સવાલો ઘણા જ પ્રસ્તુત છે અને એ તો અંગ્રેજી સામેના કેવળ પૂર્વગ્રહમાંથી પેદા થયેલા છે એમ કહીને આપણે તેમને બાજુએ ન મૂકી શકીએ. હા, આમજનતાનાં સાંસ્કૃતિક હિતોને વિષે આપણે આંખે પાટા બાંધવા હોય તો જુદી વાત. આપણા સઘળા આયોજન તથા આપણી સઘળી નીતિઓમાં તેમનું હિત એ જ મુખ્ય કસોટી છે.

જેઓ અંગ્રેજી જાણે છે તેમને માથે આજે કેવળ અંગ્રેજી શીખવવાના મનસૂબા સેવ્યા કરવા કરતાં વધારે મોટી જવાબદારી રહેલી છે. એ મહાન ભાષામાં રહેલા અમૂલ્ય ખજાનાને અનુકૂળ સ્વરૂપમાં આપણી ભાષાઓમાં પૂરો પાડવાની તેમણે ગોઠવણ કરવી જોઈએ. ઘણા લાંબા સમય પહેલાં એ ફરજ આપણે અદા કરવી જોઈતી હતી. હવે આપણે સ્વતંત્ર થયા છીએ અને આપણી પ્રજા લોકશાહી પદ્ધતિથી કાર્ય કરે એમ જોવા ઇચ્છીએ છીએ તેથી કરીને, એ વસ્તુ ઘણી જ તાકીદની અને તાત્કાલિક બની ગઈ છે. આપણા નેતાઓએ આપણને એ તાકીદનું ભાન કરાવવું જોઈએ, જેથી કરીને, આપણે સઘળા જ્ઞાનની આપણી પોતાની ભાષાઓમાં જોગવાઈ કરીને બનતી ત્વરાએ આપણી પ્રજાને કેળવી શકીએ.

૧૫–૮–'૫૪

(અંગ્રેજી પરથી) **મગનભાઈ દેસાઈ**

સિગારેટની કહાણી

ડૉ. એવર્ટ્સ એ. ગ્રેહામે તા. ૩૧મી જુલાઈ ૧૯૫૨ને રોજ વૉશિંગ્ટન યુનિવર્સિટીની પ્રયોગશાળામાં અખતરો કરવા રાખેલા ઉંદરડાઓ તરફ નજર ફેંકી અને પોતાની લગભગ ૫૦ વર્ષની સિગારેટ ફૂંકવાની ટેવને તિલાંજલિ આપી દીધી! રોજ તે ૭ થી આઠ સિગારેટ પીતા, પરંતુ હવે તેમણે તે પીવાનું સદંતર બંધ કરી દીધું. શરૂઆતમાં તો સિગારેટ સળગાવી એક-બે ફૂંકો મારી લેવાનું તેમને મન થઈ આવતું; પણ તરત જ તે પેલા ઉંદરડાઓને યાદ કરતા અને ત્યારથી માંડીને તેમણે એક પણ સિગારેટ પીધી નથી.

અમેરિકાના સાડા ૭ થી સાત કરોડ જેટલા સિગારેટ ફૂંકનારાઓમાંથી કોઈએ પેલા ઉંદરડાઓ જોયા નથી, પરંતુ તે ઉંદરડાઓની કહાણી તો ઘણાએ સાંભળી છે: કે સિગારેટની ધૂણીને અને ફેફસાંના કૅન્સરને સીધો સંબંધ છે.

એ સમાચારોથી સિગારેટ પીનારાઓમાંના ઘણા ભારે ચિંતામાં પડી ગયા. કારણ કે અમેરિકામાં ચારસો અબજ (૪૦૦ બિલિયન) સિગારેટો દર વર્ષે પિવાય છે. અર્થાત્ પીનાર દીઠ લગભગ એક પેક! હવે તેમાંના ઘણા લોકો સિગારેટની સંખ્યા ઓછી કરી નાખવા લાગ્યા છે, ઘણાએ તો સિગારેટ પીવાનું બંધ જ કરી દીધું છે, અને ઘણી મોટી સંખ્યાના લોકો બંધ કરવાનો પ્રયત્ન કરવા લાગ્યા છે. કેટલાક લાંબી નળી વાળી પાઈપો વાપરવા લાગ્યા છે, જેથી ધુમાડાનું ઝેર પાઈપમાં થોડું વળગી જાય; અને સિગારેટ પીવાનું બંધ કરવાની રીત સૂચવનારી ચોપડીઓ તો ઢગલાબંધ વેચાવા લાગી છે!

સિગારેટનું વેચાણ બેસી જવા લાગ્યું છે; અને જે કેટલાક હજુ સિગારેટ પીવાનું ચાલુ રાખી રહ્યા છે, તેમની વાતચીતમાં પણ 'સિગારેટનું ઝેર,' 'ફેફસાંનું કૅન્સર,' એ શબ્દો તો ચિંતા સાથે અવારનવાર આવવા જ લાગ્યા છે. ખરે જ આજે અમેરિકામાં ઘણાઓ માટે "સિગારેટ વિષે જે કહેવાય છે તે ખરું છે?"—એ એક મહાપ્રશ્ન બની ગયો છે અને તેનો જે જવાબ મળે તે ઉપર અમેરિકાનું ઘણું ઘણું અવલંબી રહ્યું છે. કારણ કે, દર વર્ષે અમેરિકનો એ ધંધામાં પાંચ અબજ વીસ કરોડ ડૉલર અથવા ૨૫ અબજ રૂપિયા નાખે છે! અને સિગારેટ પીવી એ તો નાનાં-મોટાં, સ્ત્રી-પુરુષ સૌને માટે ખાવું અને ઊંઘવું જેવી સામાન્ય ક્રિયા બની ગઈ છે. અરે, બધા સિગારેટ પીનારા જો રોજની એક સિગારેટ ઓછી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરે, તોપણ કેટલાય કરોડ ડૉલરોનો દર વર્ષે ધુમાડો થવામાં ફેર પડી જાય!

જોકે, હજુ પેલા ઉંદરડાઓના પ્રયોગને બધા જ આખરી ફેંસલા તરીકે નથી સ્વીકારતા. તથા ઘણા હજુ તે પ્રશ્નની બંને બાજુઓ અંગે વધુ પુરાવાની અપેક્ષા રાખે છે.

૪૦૦ વર્ષ પહેલાં અમેરિકાના મૂળ વતનીઓએ સ્પેનના પ્રારંભિક મુસાફરોને તમાકુના નમૂના આપ્યા ત્યારથી જ તમાકુ વિષે આ ચર્ચા ચાલતી આવી છે. શરૂઆતમાં એવી ચેતવણી અપાતી કે એ ધૂણી લેવાથી ગાંડપણ તથા વિસ્ફોટક જેવા ઇંદ્રિય-રોગો થાય છે. ઇંગ્લંડના બે રાજાઓએ તો તેનો ઉપયોગ બંધ કરવાના હુકમો પણ બહાર પાડ્યા હતા. રશિયામાં તો તમાકુ પીનારનું નાક કાપી નાખવાની સજા શરૂઆતમાં થતી.

આ સૈકામાં પણ સિગારેટોથી ક્ષયરોગ થાય છે એવો વહેમ તો ચાલુ હતો જ. કેટલાક તમાકુ-વિરોધીઓ કહેતા જ કે તમાકુ પીવાથી શરીરની વૃદ્ધિ ઠીંગળાઈ જાય છે અને અનીતિ વધે છે.

ત્યાર પછી વધુ ગંભીર આક્ષેપો આવવા શરૂ થયા. શારીરિક આરોગ્ય અંગે પ્રમાણભૂત કહેવાય તેવા લોકો કહેવા લાગ્યા કે તમાકુ પીનારને હૃદય અને શ્વાસનળીના રોગ થાય છે અને ચાંદીનો હુમલો વધી જાય છે. ભૂખ ઓછી થવી, અપચો, શ્વાસ ટૂંકો થવો અને (૬૮૧૩ અમેરિકન પુરુષોના કરવામાં આવેલ અભ્યાસ ઉપરથી જણાયું તેમ) આવરદા પણ ટૂંકો થવો — એ તેનાં સામાન્ય નુકસાન જણાય છે. એ બધા પ્રયોગો અને ગણતરીઓને કદી જૂઠાં તો પાડવામાં નથી જ આવ્યાં; પરંતુ આ ઉંદરડાઓથી શરૂ થયેલી સિગારેટ સામેની લડાઈએ તો આડો આંક વાળી દીધો છે.

જોકે એ લડાઈ વૉશિંગ્ટન યુનિવર્સિટીના ઉંદરડાઓથી પૂરી થવાની નથી, જેમ કે તે ત્યાંથી શરૂ પણ નથી થઈ. ૧૯૩૦-૩૯ દરમ્યાન ફેફસાંના કૅન્સરમાં થતો જતો એકદમ વધારો ડૉક્ટરો અને સર્જનોના લક્ષ ઉપર તો આવ્યો જ હતો. આ કૅન્સર શરૂઆતની કક્ષામાં પકડાતું પણ નથી, અને તેથી તે મટાડવું ઘણું જ મુશ્કેલ પણ છે. ૧૯૨૦-૯ના અરસામાં આ જાતનાં કૅન્સર જવલ્લે જ જોવા મળતાં. પણ ૧૯૩૩માં તેનાથી ૩૪૦૦ મરણ થયાં; ૧૯૪૨માં ૮૮૦૦ મરણ થયાં અને ગયે વરસે તો ૨૦,૦૦૦ મરણ થયાં! અમેરિકામાં વધુમાં વધુ ઝડપી ગતિએ વધતું મરણનું કારણ આજે એ કૅન્સર છે.

આ જાતના કૅન્સરમાં એકદમ વધારો થવાનું કારણ શું? આ રોગના દરદીઓનો ઇતિહાસ તપાસતાં જણાયું કે તેમાંના મોટાભાગના લોકો ૪૦ વર્ષ ઉપરના તથા લાંબો વખત તથા ઘણા પ્રમાણમાં સિગારેટ પીનારા હતા. ઘણા શોધખોળ કરનારાઓને લાગતું ગયું કે આ કૅન્સરને અને સિગારેટને સીધો સંબંધ છે. પછીનાં વર્ષમાં સિગારેટ પીવાનું વધતું જતું હતું; તે જ પ્રમાણે ફેફસાંનું કૅન્સર પણ! શોધખોળ કરનારાઓને એક વિચિત્ર બીના જોવા મળી — ફેફસાંના કૅન્સરનો રોગ જે વર્ષોમાં ચાર ગણો થયો, તે જ વર્ષોમાં સિગારેટ પીવાનું પણ ચારગણું વધ્યું હતું!

પાંચ વર્ષ પહેલાં ડૉ. ગ્રેહામના શિષ્ય ડૉ. વાઇન્ડરે આ બીનાનો કાળજીપૂર્વક અભ્યાસ કરવા માંડ્યો. ફેફસાંના કૅન્સરવાળા ૭૦૦ દરદીઓની સિગારેટ પીવાની ટેવોનો અભ્યાસ કરવામાં આવ્યો. તે જ પ્રમાણે અમેરિકા, ઇંગ્લંડ અને ડેન્માર્કમાં પણ બીજા સંશોધકો સ્વતંત્રપણે એ દરદીઓનો અભ્યાસ કરવા લાગ્યા. ડૉ. ગ્રેહામ સર્જનોની આંતરરાષ્ટ્રીય કૉંગ્રેસના પ્રેસિડંટ છે, અને ફેફસાંના કૅન્સરનો ઉપચાર કરવા આખું માનવ ફેફસું બહાર કાઢનારા પ્રથમ ડૉક્ટર છે. તે હવે એ શોધખોળનાં પરિણામ ટૂંકમાં આમ વર્ણવે છે: "૩૫૦૦ દાખલાઓના અભ્યાસને આધારે ફેફસાંના કૅન્સર અને સિગારેટ પીવાની ટેવ વચ્ચે ગણતરીથી બહુ સીધો સંબંધ પુરવાર થાય છે. આમાંનો મોટા ભાગનો અભ્યાસ તો આંતરરાષ્ટ્રીય ખ્યાતિવાળા સંશોધકોએ કર્યો છે. આવા લગભગ દશ અભ્યાસોથી એ જ વસ્તુ તરી આવી છે કે, ફેફસાંના કૅન્સરવાળો કોઈ દરદી ખૂબ સિગારેટ પીનારો પણ ન હોય એવું ભાગ્યે જ જોવા મળે છે."

'ખૂબ પીનારો' એટલે શું? સંશોધકો એમ કહે છે કે, રોજના એક પેકથી વધુ અને ૨૦ વર્ષ કરતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વધુ સમય પીવે તે. અને 'ભાગ્યે જ જોવા મળે' એટલે શું? કેટલા ટકા દરદીઓ સિગારેટ પીનારા નથી હોતા? ડૉ. ગ્રેહામ કહે છે માત્ર ત્રણ ટકા! અને તે ત્રણ ટકા દર્દીઓનું કૅન્સર પણ સિગારેટ પીનારાઓના કૅન્સર કરતાં તદ્દન જુદા જ પ્રકારનું હોય છે.

જોકે આવી ગણતરીઓ આખી વસ્તીના બધા જ વર્ગો આવરાય એ રીતે થઈ હોય તો જ ખાતરીદાયક કહેવાય. તેથી અમેરિકાનું કૅન્સર-મંડળ ૫૦ થી ૬૯ વર્ષ દરમિયાનની ઉંમરવાળા (કે જે ઉંમરે આ રોગ વધુમાં વધુ થાય છે) ૨ લાખ પુરુષ – સિગારેટિયાઓના કેસો તપાસી રહ્યું છે. પણ તેનાં પરિણામ ૧૯૫૫ પહેલાં તૈયાર થઈ શકે તેમ નથી.

એટલે, દરમ્યાનમાં ડૉ. ગ્રેહામ અને વાઈન્ડર પ્રાયોગિક પુરાવાઓ મેળવવા તરફ વળ્યા. તેમણે સિગારેટ પીનાર યંત્ર ગોઠવ્યું અને સિગારેટના ધુમાડામાંથી નીકળતા ડામરને ઉંદરડાઓ ઉપર ચોપડવા માંડ્યો. ૧૯૫૨માં પહેલવહેલું જણાયું કે એક વર્ષ બાદ પહેલા ઉંદરડાને ચામડી ઉપર કૅન્સર થવા લાગ્યું છે. છેલ્લા મહિના સુધીમાં તો ડૉ. ગ્રેહામ અને બીજાઓ કહે છે તેમ ખાતરીદાયક પુરાવા માટે જોઈતી સંખ્યામાં ઉંદરડાઓને કૅન્સર થવા લાગ્યું હતું. એટલે ડૉ. ગ્રેહામે જણાવ્યું: "અમારા પ્રયોગોએ બતાવી આપ્યું છે તેમ સિગારેટના ધુમાડાનો ડામર કૅન્સર ઉત્પન્ન કરી શકે તેવો છે."

અત્યાર સુધી તો તમાકુ-ઉદ્યોગવાળાઓ આ બધા પ્રયોગોને ખાસ વજૂદ આપતા નહોતા. પરંતુ પછી એ ઉદ્યોગની મોટી તોપો આ પ્રયોગો કરનારાઓ તરફ ફેરવવામાં આવી અને મોટા ધડાકાઓ સાથે યુદ્ધ ફાટી નીકળ્યું!

અમેરિકન ટૉબેકો કંપનીના પ્રમુખ મિ. હેહને પાંચ પાનાં ભરીને બહાર પાડેલા નિવેદનમાં જણાવ્યું કે, "સિગારેટનો વપરાશ અને ફેફસાંનું કૅન્સર મોટા પ્રમાણમાં વધ્યાં છે એ વાત ખરી છે; પરંતુ તેથી કોઈએ હજુ એવું પુરવાર કરી બતાવ્યું નથી કે માણસને થયેલું ફેફસાંનું કૅન્સર સીધું જ તમાકુનું પરિણામ છે. કારણ કે બીજા કેટલાક સંશોધકો શહેરો ઉપરના ધુમાડીભર્યાં દૂષિત વાતાવરણને પણ કારણભૂત માને છે. વળી સિગારેટના જે ધુમાડામાંથી પ્રયોગ માટે ડામર કાઢવામાં આવ્યો છે તે ધુમાડો સામાન્ય સિગારેટ પીનાર કરતાં પ્રમાણમાં જુદો જ ગણાય. વળી ઉંદરડાની ચામડી ઉપર જે ડામરથી કૅન્સર થાય તે ડામરથી માણસના ફેફસાંને પણ થાય એવું ક્યાં પુરવાર થયું છે?" ઇત્યાદિ, ઇત્યાદિ.

તેના જવાબમાં દાક્તરી સંશોધકો કહે છે કે, "વધારે પડતી સિગારેટ પીવી એ જ એકમાત્ર કારણ છે એવું કોણ કહે છે? પરંતુ ત્યારે બધા જ દરદીઓ વધારે પડતી સિગારેટ પીનારા જ હોય છે એનું પણ બીજું યોગ્ય કારણ ક્યાં કોઈ બતાવે છે? વળી સિગારેટ ફૂંકનાર મશીનથી જે ધુમાડો લેવામાં આવ્યો હતો તે પણ માણસ પીએ ત્યારે જે ટૅમ્પરેચરમાં ધુમાડો લેવાય છે તે જ પ્રમાણે લેવાયો હતો; તથા ઉંદરડાની ચામડી જ માણસનાં ફેફસાંને વધારેમાં વધારે મળતી આવે છે; અને માણસનાં ફેફસાં ઉપર એ ડામરનો સીધો પ્રયોગ તો અમેરિકન કાયદા હેઠળ થઈ શકે તેમ નથી. ઇત્યાદિ, ઇત્યાદિ.

સિગારેટના ધુમાડામાંથી મળતા ડામરનું પૃથક્કરણ કરીને તેમાંથી ૪૫ જુદાં જુદાં તત્ત્વો શોધી કાઢવામાં આવ્યાં છે. તે ૪૫માંથી કયું તત્ત્વ કૅન્સર કરે છે તે જો પકડી શકાય, તો વળી સિગારેટની તમાકુમાંથી એ તત્ત્વ દૂર કરીને સિગારેટ બનાવાય એવા પ્રયોગ પણ શરૂ થયા છે, પરંતુ ત્યારે એ તત્ત્વ વિનાની સિગારેટો પીવાથી પીનારાઓને કશો 'ટૅસ' આવશે કે કેમ તથા જે હેતુથી તે પીવામાં આવે છે તે સરશે કે કેમ એ તેટલી જ મોટી શંકાની વાત છે.

દરમ્યાન બ્રિટિશ મેડિકલ જર્નલના તા. ૧૯, ડિસેમ્બર ૧૯૫૩ના અગ્રલેખમાં જાહેર કરવામાં આવે છે કે, "આજે આ કૅન્સરને અટકાવવા માટે જે એકમાત્ર સૌથી અસરકારક અને હિતકારક પગલું જાણમાં છે તે એ છે કે, સિગારેટની બંધી કરવી અથવા તેનો ઉપયોગ સદંતર બંધ કરવો. એ બાબતમાં ભાગ્યે હવે કોઈને શંકા રહી છે."

('સાયન્સ ડાયજેસ્ટ' માર્ચ ૧૯૫૪ના અંકમાંથી) ગો૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સિંગાપોરમાં વિશ્વયુવક મહાસભા

[મહાદેવ દેસાઈ સમાજસેવા મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓને સિંગાપોરથી લખેલા પત્રો]

૧

૨૩–૮–'૫૪

. . . પરિષદ માટે મુંબઈથી ઊપડતા પહેલાં આપણા કુલનાયક શ્રી મોરારજીભાઈને મળેલો. તેમની શુભેચ્છાઓ પ્રાપ્ત થઈ. તા. ૨૦ મીએ સાંજે ૬–૩૦ વાગ્યે શાંતાક્રૂઝના વિમાનઘર પરથી એર ઇંડિયા ઇંટરનેશનલનું ચાર એન્જિનવાળું વિમાન ' મરાઠા પ્રિન્સેસ ' અમને લઈને મદ્રાસ તરફ જવા ઊપડયું. થોડી જ વારમાં ૧૬૦૦૦ ફૂટની ઊંચાઈએ ઊડવા માંડયું. પૂના ઉપરથી પસાર થયા તે પૃચ્છવાથી ખબર પડેલી. બાકી તો વાદળોની ઉપર ઊડે એટલે કશું દેખાય નહીં. ૮ાા વાગ્યે વિમાનમાં જ ભોજન લીધું.

આ વિમાન ૧ કલાકના ૩૦૦ માઈલની ઝડપે ઊડે છે. ઊંચે ચઢવાની ઝડપ ૧ મિનિટના ૫૦૦ ફૂટની છે. લગભગ ૧ લાખ રતલ વજન ઊંચકી શકે. ૫૦ લાખ રૂા.ની કિંમતનું થાય. એક પરિચારિકા બહેન ખડે પગે અમારી આગતાસ્વાગતા કરે. અખબારો, માસિકો, વ. વાંચનસામગ્રી મળી રહેતી.

૯ાા વાગ્યે મદ્રાસ ૧ાા કલાક માટે વિમાન થોભ્યું. ૧૦ાા વાગ્યે ફરી ઊડયું. હવે તો વિશાળ મહાસાગર ઉપર ૨૦,૦૦૦ ફૂટની ઊંચાઈએ તે ઊડતું હતું.

બરાબર સવારે ૫ાા વાગ્યે સિંગાપોરના ઉપસાગરમાં પ્રવેશ કર્યો. સૂર્યના પ્રકાશથી ઝળહળતું સાગરનું સ્વચ્છ સલિલ અમે આહ્લાદ સાથે નીરખી શકયા. વિમાન હવે નીચે આવતું હતું અને સિંગાપોરની શેરીઓ અને મકાનો હવે સ્પષ્ટ જોઈ શકાતાં હતાં. મુંબઈથી આ સ્થળ ૨૩૦૦ માઈલ દૂર છે. ' ટૂરિસ્ટ ' વર્ગનું એક વખતનું ૬૮૦ રૂ. ભાડું છે. દરિયામાર્ગે અહીં પહોંચતાં ૭ દિવસ લાગે. ઊતરતાં જ ખબર પડી કે, અહીંનો સમય આપણા કરતા બે કલાક આગળ છે. પહેલી જ વાર જિંદગીમાં બે કલાક અધ્ધર મુલતવી રાખવાનો અનુભવ મળ્યો. પાસપોર્ટ, જકાત, આરોગ્ય, અને ઈમિગ્રેશન ખાતાંઓની તપાસમાંથી પસાર થવું પડયું. સ્વાગત સમિતિના પ્રતિનિધિ અમને લેવા આવેલા. આદરભર્યો આવકાર આપીને મલાયા યુનિવર્સિટીનાં છાત્રાલયોમા અમારો ઉતારો હતો તે સ્થળે લઈ ગયા.

સિંગાપોરનો વિસ્તાર ૨૧૭ ચોરસ માઈલ છે. ૧૧,૨૩,૧૭૨ લોકોની વસ્તી છે. ૭૭ ટકા ચીનાઓ વસે છે. ૧૨ ટકા મલાયાના મૂળ વતનીઓ જ્યારે ૮ ટકા ભારત અને પાકિસ્તાનના છે. તેમાં મુખ્યત્વે તામિલ લોકો વધારે છે. ૩ ટકા અંગ્રેજો અને બીજી યુરોપિયન પ્રજાઓ છે. ૪૦૦ ઉપર ગુજરાતીઓ વસે છે. ભૈયાઓ પણ ઠીક સંખ્યામાં છે. શહેર ઘણું સ્વચ્છ અને સુઘડ છે. મ્યુનિસિપાલિટીનું તંત્ર ભારે કાર્યક્ષમ મનાય છે. રસ્તા ઉપર થૂંકવા માટે ૨૫ ડોલર એટલે લગભગ ૩૭ાા રૂા. દંડ થાય. બ્રિટિશ તાજની સીધી હકૂમત હેઠળનું આ સંસ્થાન નગરરાજ્ય છે. બે ટકા અંગ્રેજો અહીં ભારે કુશળતાથી રાજ કરે છે. તેમણે લોકોનું સાંસ્કૃતિક જીવન ફેરવી નાંખ્યું છે. પાશ્ચાત્ય રહેણીકરણીની અહીં ભારે અસર છે. છતાં ચીનાઓ પોતાની સાંસ્કૃતિક વિશેષતા ભૂલ્યા નથી. મલાયા સાથે ભૌગોલિક રીતે જોડાયેલો હોવાં છતાં આ પ્રદેશ મલાયાથી સ્વતંત્ર છે. રબર અને કલાઈના વેપારનું આ મુખ્ય મથક છે. હવાઈ અને દરિયાઈ મથક તરીકે આંતરરાષ્ટ્રીય મથક છે. જીવનધોરણ સારી પેઠે ઊંચું છે. અહીંના એક ડોલર બરાબર આપણા એક રૂપિયો ને નવ આના થાય. એક રૂપિયાના ૬૪ સેન્ટ થાય અને ૧૦૦ સેન્ટનો એક ડોલર થાય. અહીં અમદાવાદના એક ગુજરાતી વેપારી શ્રી કાંતિલાલ શાહને ત્યાં ઊતર્યો છું. તેઓ અમારી સરભરા ખૂબ પ્રેમપૂર્વક કરે છે.

વર્લ્ડ ઍસેમ્બલી ઑફ યૂથ (વિશ્વ યુવક મહાસભા)ની આ બીજી બેઠક છે. દર ચાર વર્ષે મળે છે. પહેલી બેઠક ન્યૂ યૉર્કમાં મળેલી. ૫૪ દેશોના લગભગ ૪૦૦ પ્રતિનિધિઓ ભેગા થયા છે. રશિયા, ચીન વ. સામ્યવાદી દેશોએ ભાગ લીધો નથી. ફોર્મોસાના પ્રતિનિધિઓ વિના આમંત્રણે આવ્યા છે. તેમણે ચીનના પ્રતિનિધિ તરીકે ખપવાનો પ્રયાસ કર્યો, પણ તે વાતનો વિરોધ થયો. ભારતે ખાસ વિરોધ કરેલો. છેવટે વાત પડતી મુકાઈ. ઇન્ડોનેશિયા, બર્મા, યુગોસ્લાવિયા વ. દેશોમાંથી નિરીક્ષકો આવ્યા છે. અમે અહીં પાંચેક દિવસ મોડા પડયા છીએ. વર્લ્ડ ઍસેમ્બલી ઑફ યૂથનું ટૂંકું નામ ' વે ' (WAY) છે. તેની સ્થાપના ૧૯૪૮ માં થયેલી. માનવહકના જાહેરનામાને મૂળભૂત ગણીને તે પોતાનું કામકાજ ચલાવે છે. વિશ્વભરના યુવકો ભેગા થઈને આંતરરાષ્ટ્રીય ધોરણે વિચારવિનિમય કરે એવો હેતુ છે. પ્રમુખ શ્રી ગથરે મોયર બ્રિટનના એક પ્રૌઢ યુવાન છે.

૨૧ મીએ જોહરના સાંગરકાંઠે પર્યટન હતું. સાગરસ્નાનમાં બધા હિલોળે ચઢેલા. મલાયાની યુવતીઓનાં ભારતીય સંસ્કૃતિની અસરવાળાં નૃત્યો જોવા મળ્યાં. ભારતનો એક મુસલમાન મદારી અહીં આવી ચઢેલો તેના જાદુના ખેલોએ ભારે રસ પેદા કરેલો. ફ્રેંચ અને મલાયી ભાષાનાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમૂહગીતો પાનો ચઢાવે તે ઢબે ગવાયાં. ૨૨મીએ રાત્રે નાન્યાંગ યુનિવર્સિટીના–મલાયા અને સિંગાપોરના ચીનાઓ પોતાના પૈસાથી આ યુનિવર્સિટી સ્થાપે છે અને તેમાં ચીની ભાષામાં ઉચ્ચ શિક્ષણ આપવાની ગોઠવણ પણ રાખી છે. ડૉ. લિન યુટાંગે તેના કુલનાયક બનવાનું સ્વીકાર્યું છે–ચૅરમૅન એક ચાઈનીઝ ધનિક વેપારીએ પરિષદના પ્રતિનિધિઓના માનમાં એક મોટી મિજબાની આપી. આ ભોજનસમારંભમાં ૩૦૦૦ માણસો હાજર હતા. અઢી કલાક આ સમારંભ ચાલ્યો. ભોજન બાદ ચીની બુરખા નૃત્યોનો સરસ કાર્યક્રમ હતો. અજગર અને સિંહનાં નૃત્યો સરસ હતાં. ભોજનનું ખર્ચ ૩૦,૦૦૦ ડૉલરનું થયું. ઉપરાંત ૨૦,૦૦૦ ડૉલરનો શરાબ વપરાયો એવી ખબર મળી. અમારી જોડે જ દેડકા અને કરચલાને લહેજતથી ખવાતા જોઈ શરૂઆતમાં ભારે અકળાયેલા. અમારે માટે શાકાહારી ખોરાક હતો. આખા સમારંભમાં લગભગ ૩૦ જણ શાકાહારી હશે.

અહીંના એક ચીની મોટર ડ્રાઇવર સાથે સામ્યવાદી ચીન વિષે થોડી વાત થઈ. તેણે અમેરિકાને ચીનનું પહેલા નંબરનું દુશ્મન ગણાવ્યું. અને સામ્યવાદી ચીનને કારણે જ ચીનાઓ હવે માથું ઊંચું રાખીને ફરી શકે એવી તક ઊભી થઈ છે, એમ તેણે જણાવ્યું. તે જ દિવસે એક શિક્ષિત વેપારી યુવાન મળેલો તેણે તો ચાંગકાઈ શેક પાછો આવે તો જ ચીન સુખી થાય એવી વાત કહેલી. આવા છૂટાછવાયા અભિપ્રાયો પરથી આપણે અંતિમ અભિપ્રાય બાંધી શકીએ નહીં. ૧૫–૨૦ દિવસમાં જ એક દેશના પ્રજાજનો વિષે ચોક્કસ અભિપ્રાય બાંધવો કઠણ છે. એક અંગ્રેજી શાળાની બહેનો અને શિક્ષકોનું પાશ્ચાત્ય કોરસ સંગીત સાંભળ્યું. તેમાં સંવાદિતા બહુ જ સપ્રમાણ હતી . . .

૨

૨૬–૮–'૫૪

. . . સિંગાપોર આબોહવાની દૃષ્ટિએ મજાનું શહેર છે. ઓછામાં ઓછું ૭૦ અંશ અને વધારેમાં વધારે ૯૦ અંશ ગરમીનું પ્રમાણ છે. ઝરમર વરસાદ તો બારે માસ ચાલુ જ. અહીંની ઍંગ્લોચાઈનીઝ શાળાના ભવ્ય, આયોજિત અને વ્યવસ્થિત મકાનમાં અમારી બેઠક મળે છે. એક વિશાળ હૉલમાં ૫૦૦ બેઠકો ગોઠવવામાં આવી છે. મંચ ઉપર ૧૨ ફૂટના પરિઘવાળો પૃથ્વીનો વીજળીથી ફર્યા કરતો ગોળો છે. એક બાજુ સંયુક્ત રાષ્ટ્રસંસ્થાનો ધ્વજ અને બીજી બાજુ બ્રિટિશ સરકારનો ધ્વજ છે. મંચ ઉપર લગભગ ૧૫ ફૂટ ઊંચો સિંગાપોરનો નકશો છે. દરેક પ્રતિનિધિએ લખવાના કાગળ, પેન્સિલ, ફાઈલ વ. સાધનો તથા રોજના કામકાજના કાગળો ટેબલ ઉપર મૂકયા હોય છે. દેશવાર સાથે બેસવાનું હોય છે. અંગ્રેજી અને ફ્રેંચ ભાષામાં એકીસાથે કામ કાજ ચાલે છે. દરેકને એક 'હેડફોન' આપ્યો છે. તેમાં સ્પષ્ટ સાંભળી શકાય છે. એકીસાથે ભાષાંતર કરવાની ગોઠવણ છે. યુરોપના બ્રિટન સિવાયના ઘણાખરા દેશો ફ્રેંચ ભાષામાં જ બોલી કે સમજી શકે છે.

ગઈકાલથી ઍસેમ્બલી (મહાસભા)ની ખુલ્લી બેઠક શરૂ થઈ છે. લગભગ ૬૦ જેટલા ઠરાવો છે. જુદા જુદા ૧૩ વિષયો અંગે ૧૩ કમિશનો (વર્કશૉપ) અને પાંચ ચર્ચાસભાઓ (ફૉરમ)માં આ ઠરાવો એક સપ્તાહને અંતે તૈયાર થયા છે. સિંગાપોર રેડિયો તરફથી આખા કામકાજની સળંગ રેકર્ડ લેવાય છે; ફિલ્મ પણ લેવાય છે. શિક્ષણ, રહેઠાણ, ઉદ્યોગીકરણ, નાગરિકતાની જવાબદારી, આંતરરાષ્ટ્રીય શિક્ષણ, યુવક પ્રવૃત્તિમાં બહેનોનો ફાળો, યુવક પ્રવૃત્તિનું સ્વતંત્ર અને પરતંત્ર દેશોમાં કાર્ય, વિવિધ જાતિઓ વચ્ચે સમન્વય, માનવ અને યંત્ર વ. સવાલો વિસ્તારથી ચર્ચાય છે. ગ્રામપ્રદેશના યુવકોની ઉન્નતિ વિષે એક મહત્ત્વનો ઠરાવ થયો. વિશ્વની ૩/૪ વસ્તી ગામડાંની છે અને તેમના પ્રત્યે વિશેષ ધ્યાન આપવું જોઈએ, એ વાતનો આમાં સ્વીકાર થયો છે, તે આપણા માટે હર્ષની વાત છે. રાજકીય પક્ષોને આ મહાસભામાં દાખલ કરવા કે નહીં તે વિષે ઉગ્ર ચર્ચા થયેલી. ૩૬ વિ. ૧૦ મતે, દેશવાર એક મત પ્રમાણે, છેવટે રાજકીય પક્ષોને દાખલ કરવાનો ઠરાવ પસાર થયો. મહાસભાના કામકાજમાં સભાસંચાલનના ઝીણામાં ઝીણા નિયમો વિષે ખૂબ આગ્રહ સેવવામાં આવે છે. પ્રમુખ ગયરે મોયર સભાસંચાલનમાં ખુબ કુશળ છે અને ભારે ધીરજ અને સહિષ્ણુતાથી કામ ચલાવે છે.

શનિ–રવિ કામકાજ બંધ હોય છે. તે દિવસોએ પર્યટન અને રંજન કાર્યક્રમમાં જ સમય વિતાવવાનો. એક ચીની નાટક જોવાનો પ્રસંગ મળ્યો. ચીનના છેલ્લા સમ્રાટના અંતિમ દિવસો વિષે તે નાટક હતું. આપણાં સંસ્કૃત નાટકોના વિદૂષકના પાત્ર જેવું જ એક પાત્ર હતું. બાકી રાજમહેલની ખટપટ હતી. તા. ૨ જી સપ્ટેમ્બરથી ત્રણ દિવસ મલાયાનો પ્રવાસ યોજવામાં આવ્યો છે. ગઈ કાલે મધરાતે મહાસભાની બેઠક ભારે ઉત્સાહના વાતાવરણમાં પૂરી થઈ. મલાયાનું એક આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પામેલું સમૂહગીત ૧૦૦૦ યુવકોએ સાથે ગાયું ત્યારે આખા વાતાવરણને જુવનીનો સ્પર્શ થયો હોય એવું લાગ્યું. ગીતનો ભાવાર્થ 'સ્નેહપૂર્વક વર્તો' એવો હતો.

મલાયામાં સમવાયતંત્ર છે. અહીં સામ્યવાદીઓ અને બ્રિટિશ સરકાર વચ્ચે ૬–૭ વર્ષથી ગેરીલા યુદ્ધ ચાલે છે. સરકારે સિંગાપોર સહિત આખા મલાયામાં કટોકટી જાહેર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરેલી છે. પરદેશીઓના આગમન ઉપર ભારે તકેદારી રખાય છે. અહીં આવીને તરત જ ઓળખપત્ર કઢાવવું પડે છે. તે વિના ફરનારને પકડવામાં આવે છે. મલાયા યુનિવર્સિટીના ૮ વિદ્યાર્થીઓએ તેમના કૉલેજ મેગેઝિનમાં થોડાક લેખો લખેલા તેમાં તેમના ઉપર દેશદ્રોહનો આરોપ મૂકીને કામ ચલાવવામાં આવ્યું. બ્રિટનથી બૅરિસ્ટર પ્રિટ તેમને બચાવવા આવેલા. સરકાર આક્ષેપો પુરવાર કરી શકી નહીં. અને અદાલતે તેમને પ્રથમ દર્શનીય પુરાવાના અભાવે છોડી મૂકયા. અહીંના શસ્ત્રાગારમાંથી ૫૦૦ રતલનો એક એવા ૫૯ બૉમ્બ હમણાં સામ્યવાદી ગેરીલાઓ ઉઠાવી ગયા તેની ભારે તપાસ ચાલે છે.

મોટરના કંડક્ટરો ઘણુંખરું ઉત્તરપ્રદેશના ભૈયાઓ હોય છે. અમે તેમને તરત ઓળખીને હિંદીમાં વાત શરૂ કરીએ છીએ એટલે સંપર્ક શરૂ થાય છે. લગભગ અંગત ગણીને રસ્તો શોધવામાં મદદ કરે છે. અહીંના હિંદીઓની સ્થિતિ અત્યારે નાજુક છે. બ્રિટિશ સરકાર તેમને કાઢવાની પેરવીમાં છે. તેથી મોટા ભાગના હિંદીઓને અહીં ફરજિયાત નાગરિક બનવું પડે છે. ભારત સરકારે પણ તેમને તેવું કરવાની સલાહ આપી છે. હિંદીઓને હવે સહેજ ગેર-સલામતી જેવું લાગે છે એવું સામાન્ય વાતચીતમાંથી લાગ્યું.

આજે મહાસભાના પ્રમુખ ગથરે મોયર સાથે મારે એક કલાક લાંબી વાતો થઈ. ભારતની યુવક પ્રવૃત્તિ વિષે છેક ૧૯૩૫થી આજ સુધીનો વિસ્તૃત ખ્યાલ મેં રજૂ કર્યો. પાછળથી ભૂદાન વિષે વાતો થઈ. મેં તેમને તે બાબત કેટલુંક સાહિત્ય પણ આપ્યું. તેઓ ખૂબ ખુશ થયા. . . .

૩

૩૦–૮–'૫૪

. . . ૨૮ મીએ અમારે છુટ્ટી હતી. અહીંના ટૅક્સી ડ્રાઇવર ઍસોસિયેશને લગભગ આજે બધી ટૅક્સીઓમાં પ્રતિનિધિઓને વિનામૂલ્ય ફરવાની ગોઠવણ કરેલી. એટલે બધા જ સારી પેઠે ઘૂમવા મંડી પડેલા. અમે મ્યુનિસિપાલિટીનું તંત્ર જોવા ગયા. તેમના પ્રમુખ સાથેની મુલાકાતમાં ઘણી ઝીણવટભરી વિગતો જાણવા મળી. તંત્રમાં ચપળતા વધારે છે એવી વાત મળી.

માટીના શિલ્પનું એક અંગત માલિકીનું જાહેર સંગ્રહ-સ્થાન છે. ચીની ધર્મકથાઓ પ્રમાણે પરલોકના જીવનમાં થતી શિક્ષાઓનાં ભયાનક દૃશ્યો અહીં ખડાં કર્યાં છે. લગભગ બધા ધર્મોમાં પરલોકની શિક્ષાની આવી વાતો મળે છે તે માનવસંસ્કૃતિની એકતાનું સૂચક છે. શિક્ષાનાં દૃશ્યોમાં ક્રૂરતા તેની છેવટની માત્રામાં દર્શન દેતી હતી. આવી ક્રૂરતાનાં દૃશ્યો વચ્ચે પણ બુદ્ધની સૌમ્ય મૂર્તિ માનવમાં રહેલી શાંતિ અને સ્વસ્થતાની ઝંખના વ્યક્ત કરતી હતી.

અહીંની યુવક સંસ્થા તરફથી એક રાત્રિમેળો યોજવામાં આવેલો. પાશ્ચાત્ય અને મલાયાની સંસ્કૃતિનાં કેટલાક આગવાં દૃશ્યોનું તેમાં મિશ્રણ હતું. પણ મુખ્યત્વે બધું પાશ્ચાત્ય ઢબે ગોઠવાયેલું. અહીંના જલસાઓમાં ભારે ખર્ચ અને વિલાસનું પ્રાધાન્ય દેખાય છે. પણ આ બધાં દૂષણો વચ્ચે પણ જે ઉલ્લાસપ્રિયતા નીતરે છે તે નોંધપાત્ર છે. મહાસભાની બેઠક એશિયામાં હોવા છતાં બધું પાશ્ચાત્ય ઢબે જ ગોઠવાય છે એ બરાબર નથી, એ બાબત મેં તેના કેટલાક જવાબદાર કાર્યકરો સાથે ચર્ચા કરેલી. મલાયાના સંગીત પર અંગ્રેજી સંગીતના સૂરોનું એવું ભારે આક્રમણ છે કે અંગ્રેજી સંગીતથી તેની ભિન્નતા પારખવી મુશ્કેલ છે.

ગઈ કાલે મલાયાનું જોહર નામનું એક રાજ્ય જોવા ગયા. મલાયાનાં નવ રાજ્યોમાં હજી રાજાશાહીનો લિસોટો સાચવી રહેલા મોજીલા સુલતાનો રાજ્યના વડા તરીકે શોભે છે. અમારા સ્વાગત માટે સુલતાનનું આખું તંત્ર ખડે પગે દોડાદોડ કરતું. મલાયાનાં ગાઢાં જંગલોને મોટરમાંથી જોવાનો અવકાશ મળ્યો. ૩૦૦ જેટલા સામ્યવાદી ગેરીલાઓને પકડીને જે કૅમ્પમાં રાખવામાં આવેલા તે દૂરથી જોયો. સરકારે નવું વસાવેલું એક ગામ 'ઉલુતિરામ' ઉતાવળમાં જોયું. બધા ચીનાઓ હતા. અમને ભાષાની મુશ્કેલી પડી એટલે ખરી હકીકત મળવી મુશ્કેલ હતી. એક રબરનું કારખાનું જોવા ગયા. મજૂરને લગભગ રોજના ૩ા રૂ. મળે છે એવી માહિતી મળી. અહીંના છૂપી પોલીસના એક અધિકારીએ ગેરીલાયુદ્ધ વિષે ઘણી મહત્ત્વની વાતો કરી.

અહીં પણ હિંદીઓ મળે જ. એક શીખ પોલીસ તો અમને જોઈને ગળગળો થઈ ગયેલો. ૧૫ મી ઑગસ્ટ ભારે ઉત્સાહથી ઊજવેલી તેની વાત કરી. શ્રી. વિજયાલક્ષ્મીનું સ્વાગત પણ મલાયાના પાટનગર ક્વાલાલંપૂરમાં બધાયે ભારે ઉમળકાથી કરેલું. પોલીસને વ્યવસ્થા જાળવવી ભારે થઈ પડેલી વ. માહિતી મળી.

મલાયાના પ્રકાશન અધિકારી સાથે અહીંના રાજબંધારણ અંગે કેટલીક મહત્ત્વની ચર્ચા થઈ. વાઈસરૉયની સત્તાવાળો હાઈકમિશનર છે. ધારાસભા નિમણૂકવાળી છે. હવે પછી અમારી કાઉન્સિલની બેઠક શરૂ થાય છે તે બીજી સપ્ટેમ્બરે પૂરી થશે. પછી ક્વાલાલંપૂરમાં એક યુવક-રૅલી છે તેમાં જવાનો છું . . .

રામલાલ પરીખ

મારી જીવનકથા — રાજેન્દ્રપ્રસાદ

અનુવાદક

પ્રભુદાસ છગનલાલ ગાંધી

કિં. રૂ. ૮-૦-૦ ટપાલરવાનગી ૧-૬-૦

નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ-૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ડાંગની ભાષા

[ડાંગ પ્રદેશમાં જે ભાષા બોલાય છે તેનાં કેટલાંક વાક્યો નીચે અનુવાદ સાથે આપ્યાં છે, તેથી ભાષાના અભ્યાસીઓને આનંદ આવશે માનું છું. તે મહાદેવ દેસાઈ સમાજસેવા મહાવિદ્યાલયના એક વિદ્યાર્થી જે ત્યાં સેવાકાર્ય કરે છે, તેમની પાસેથી મેળવ્યાં છે. —સં૦]

૧. માના પાસી એક ઈસ અન ચાર રૂપિયા આહા.

(મારી પાસે ચોવીસ રૂપિયા છે.)

૨. માના તુની ગોઠ પસંદ આહા.

(મને તારી વાત પસંદ છે)

૩. આમના ઘર એસ આહા.

(અમારું ઘર સારું છે.)

૪. તે અકસાં શાળામાં જાઈ રહના હાં.

(તે બધાં શાળામાં જઈ રહ્યાં છે.)

૫. તે ઘર પાટીલના આહા.

(તે ઘર પટેલનું છે)

૬. તુમના ગામમાં કુન કુન લીખી શક?

(તમારા ગામમાં કોણ કોણ લખી શકે છે?)

૭. તુમાલા કાય કાય લીખતાં ગેહ?

(તમને શું શું લખતાં આવડે છે?)

૮. ડાંગમાં સરકારના કાયદા પરમાણી અકસા લોકની દારૂ એક દા જ ટાકી દીધા.

(ડાંગમાં સરકારના કાયદા પ્રમાણે બધાં લોકોએ દારૂ એકદમ છોડી દીધો.)

૯. પિહલાં તો અકસા લોક ખુબ દારૂ પે હતાં.

(પહેલાં તો બધા લોક ખૂબ દારૂ પીતા હતા.)

૧૦. તુ કિસાક આઉત હાકલ તે હેરુલા મા આના હાં.

(તું કેવી રીતે હળ હાંકે છે તે જોવા હું આવ્યો છું.)

૧૧. તુમી કોળાક બીવડા પીરજહ તે હેરુલા મા આના.

(તમે કેટલાં બી રોપો છો તે જોવા હું આવ્યો.)

૧૨. તુના ઘરથી આશ્રમ કોળાક દૂર આહા.

(તારા ઘરથી આશ્રમ કેટલો દૂર છે?)

૧૩. દોન ચાસની મધે તું ખુબ જગા છોડહ, આમના લોકના ચાસ ખુબ નજીક રહ. ચાસની વચ્ચે વાંય જગા રાખ જહન. તે એસ કે ઈ એસ?

(બે ચાસ વચ્ચે તું ખૂબ જગા છોડે છે, અમારા લોકના ચાસ ખૂબ નજીક હોય છે. અમે ચાસની વચ્ચે થોડી જગા રાખીએ છીએ તે સારું કે આ સારુ?)

૧૪. બીવડાં જેવ તેવ નીહીં પીરુલા (રોપુલા) પહાય જ.

(બી ગમે તેમ નહિ રોપવાં જોઈએ.)

૧૫. ડાંગમાં બાંકડીના કરતાં ગાય ખુબ વધારે આહા.

(ડાંગમાં બકરી કરતાં ગાય ઘણી વધારે છે.)

૧૬. માં તુના ઘર ઘર તુલા પહોંચુલા યેહ.

(હું તને તારા ઘર સુધી પહોંચાડવા આવું છું.)

૧૭. ચીમટી ધનુથી આમી પાખરું હણજહન.

(તીરકામઠાથી અમે પંખી મારીએ છીએ.)

૧૮. આમની ડાંગી નદીમાં હોડી નાંહીં ફિરી શક, કારણુ કિ તીમાં મોટા મોટા દગડ ખુબ આહા.

(અમારી ડાંગી નદીમાં હોડી ફરી શકતી નથી, કારણ કે તેમાં મોટા મોટા પથ્થરો ખૂબ છે.)

૧૯. આમની ડાંગી ગાય વાઈસેક જ દૂધ દે. આમી દિસમાં એકુ જ વખત દૂધ કાઢજહન.

(અમારી ડાંગી ગાય થોડુંક જ દૂધ આપે છે. અમે દિવસમાં એક જ વખત દૂધ કાઢીએ છીએ.)

૨૦. આમી કધીં કધીં કૂતરાં અને માંજરી રાખજહન, પણુ ખડીઆ તેલા એકદમ જ લી પોળહ ઘરી પોડહ.

(અમે કોઈ કોઈ વાર કૂતરાં અને બિલાડી રાખીએ છીએ, પણ વાઘ તેમને એકદમ જ લઈને નાસી જાય છે—પકડીને નાસી જાય છે.)

૨૧. પીપરીના રાજા પાસી પિહલાના વખતમાં એક હાથી હતા.

(પીપરીના રાજા પાસે પહેલાંના વખતમાં એક હાથી હતો.)

૨૨. આમના આઠ ખેતીમાં ભુંયસીંગ ખુબ એસ હુયહ. પણુ ભૂંડના તરાસ ખુબ આહા.

(અમારે ત્યાં ખેતીમાં ભોંયસીંગ ખૂબ સારી થાય છે. પણ ભૂંડનો ત્રાસ ખૂબ છે.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૩. ડાંગમાં કાળાં અને લાલ દોન જાતના વાનોર આહા. પણ તે ખેતીના નુસગાન બિલકુલ નીંહીં કરે.

(ડાંગમાં કાળાં અને લાલ બે જાતનાં વાંદરાં છે. પણ તેઓ ખેતીને બિલકુલ નુકસાન કરતાં નથી.)

૨૪. આમના લોક વાઘ નીંહીં મારજત. કોઈ માર તો તેના કાતડા કાઠી દીજહત.

(અમારા લોકો વાઘને નથી મારતા. કોઈ મારે તો ચામડું કાઢી આપીએ.)

૨૫. મા આહવા ગ્યા. તહાં આશ્રમમાં પણ ગ્યા. તઠ વાંઈ સેક ગોઠ આઈકી લીધી. રેંટી લય લીધી. પેશગીની ગાંઠ કરી, પાડાની તગાવીની અરજી કરાવી દીધી. આમનાં પોસાં આશ્રમમાં શીક, તેને હેરી લીધાં, પરાર્થનામાં બિસના અન રાત તઠ જ કીધી. અને સકાળ કદવકના જ ઊઠી ચાલના. સાંજ ઘરમાં ધરી પહોંચી ગ્યા. ઘરી અકસાં આમની વાટ હેર હતાં. પોતાં રેંટી હેરી ખુશ હુઈ ગ્યાં. ખૂબ પૂણીના બિગાડ કીધા.

(હું આહવા ગયો. ત્યારે આશ્રમમાં પણ ગયો. ત્યાં થોડીક વાતો સાંભળી. રેંટિયો લીધો. પેશગીની વાત કરી, તગાવીની અરજી કરાવી લીધી. અમારાં છોકરાં આશ્રમમાં શીખે છે તેમને જોયાં. પ્રાર્થનામાં બેઠો. રાત ત્યાં જ કરી. (વાળુ ત્યાં જ કર્યું) અને સવારે વહેલા જ ઊઠીને ચાલ્યા. સાંજ સુધીમાં ઘરે પહોંચી ગયા. ઘરે સૌ અમારી રાહ જોતાં હતાં. છોકરાંઓ રેંટિયો જોઈને ખુશ થઈ ગયાં. પૂણીનો બગાડ ખૂબ કીધો.)

–ચાલુ]

ઘેલુભાઈ નાયક

મધમાખ

૧

એક પ્રાચીન ધર્મપુસ્તકમાં કહ્યું છે: "હે આળસુ માણસ, તું કીડી પાસે જા, તેની રીતભાત જો, અને ડાહ્યો થા!" અને ખરેખર, આળસુ માણસને ધડો લેવા જેવું કીડીના જીવનમાં ઘણું છે. તેમ જ મધમાખના જીવનમાં પણ માણસે સમજવા જેવું ઘણું છે. મધમાખમાં પણ આળસનું નામનિશાન નથી. જાણવા પ્રમાણે તો તે કદી ઊંઘતી નથી કે આરામ કરતી નથી. પરંતુ ખાસ કરીને સમૂહમાં જીવવાની બાબતમાં તો માણસને તે ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે.

એક સારા મોટા મધપૂડામાં સામાન્ય રીતે નેવુ હજાર મધમાખો એકસાથે વસતી હોય છે. વળી તેમાં સવા લાખ જેટલા કોઠારો અને ઓરડાઓ હોય છે. મધમાખો પોતે ઓરડાઓમાં રહેતી નથી, તે મધપૂડાની ઉપર જ રહે છે. ઓરડાઓમાં તો ઈંડાં અને બચ્ચાં હોય છે. કોઠારોમાં આખી વસ્તીને કેટલાંય અઠવાડિયાં ચાલે તેટલો ખોરાકનો ભંડાર ભરેલો હોય છે. કેટલાક કોઠારો ફૂલોના પરાગથી ભરેલા હોય છે અને કેટલાકમાં મધ સંઘરેલું હોય છે. કોઠારોની નીચે એટલે કે મધપૂડાના લગભગ મધ્ય ભાગમાં નવી પ્રજા માટેના વસવાટ આવેલા હોય છે. દશ હજાર જેટલા ઓરડાઓમાં ઈંડાં હોય છે. પંદરથી સોળ હજાર ઓરડાઓમાં એ ઈંડાંમાંથી મોટી થયેલી ઇયળો હોય છે; અને બીજા ૪૦ હજાર ઓરડાઓમાં એ ઇયળો મોટી થઈને બનેલાં બચ્ચાં હોય છે. આટલું મોટું નગર અને આટલી બધી નાની મોટી વસ્તી હોવા છતાં, બધા ઉપર દેખરેખ રાખવા પોલીસ કે મુકાદમ જેવું કાંઈ જ ત્યાં હોતું નથી. દરેક જણ પોતાનું કામ પોતાની મેળે જ નિયમિતપણે કર્યા કરે છે, અને છેવટ સુધી તેમાં જરા પણ ચૂક થવા દેતું નથી.

આ નગરનું બાંધકામ પણ કેવું અદ્ભુત છે! આપણાં મકાનનો પાયો નીચે હોય છે અને તેની ઉપર આખું બાંધકામ થાય છે; ત્યારે આ આખા નગરનો પાયો ઉપર હોય છે અને તેને આધારે આખું નગર નીચે લટકતું હોય છે. આટલો બધો ભાર સ્થિર અધ્ધર લટકી રહે એ રીતે બાંધકામ કરવા માટે ઇજનેરી વિદ્યાની કેવી આવડત હોવી જોઈએ!

મધમાખનું આખું નગર મીણનું બનાવેલું હોય છે. એ મીણ મધમાખો જ ઉત્પન્ન કરે છે. એક શેર મીણ બનાવવા માટે માખીઓને ૧૦ શેર મધ ખાવું પડે છે. ત્યાર પછી તેઓ ઝૂમખું વળીને વીસેક કલાક લટકી રહે છે. એની ગરમીથી પછી, મધમાખના પેટ ઉપરના ચાર કાપાઓમાંથી બે બાજુ થઈને મીણના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આઠ શણગા ફૂટે છે. એ મીણ વડે માખીઓ પોતાનું બાંધકામ શરૂ કરે છે. એક વચલી પડદીની બંને બાજુએ એ તરફ મોંવાળાં છખૂણિયાં ખાનાં રચવામાં આવે છે. આ છખૂણિયો આકાર પસંદ કરવાથી દરેક ખાનાની મજબૂતી વધે છે તથા જગાનો પણ બગાડ થતો નથી; તેમ જ માલસામાન પણ ઓછામાં ઓછો વપરાય છે. ગણિતશાસ્ત્રીઓએ ગણતરી કરીને એ બાબતની ખાતરી કરી જોઈ છે.

આટલી બધી માખો એકસાથે રહેવા છતાં આખા નગરની સફાઈની બાબતમાં તેમની કાળજી ખાસ લક્ષમાં લેવા જેવી છે. કેટલીય કામદાર માખો તેને સતત સાફ રાખ્યા કરે છે. મધમાખોમાં જે નર હોય છે તેઓ જ મધપૂડામાં રહ્યા રહ્યા અઘાર કર્યા કરે છે. કામદાર માખો તે તરત જ સાફ કરી નાખે છે. કામદાર માખ પોતે મધપૂડામાં કદી અઘાર કરતી નથી. ઠંડા પ્રદેશોમાં કોઈ કોઈ વાર ભર શિયાળામાં લક્કડિયા ધૂમસના દિવસોમાં તેમનાથી કેટલાય દિવસો બહાર નીકળાતું નથી. ત્યારે તેઓ મધપૂડામાં અઘાર કરી ગંદકી કરવાને બદલે પોતાનો ઝાડો બંધ કરી દે છે; અને પરિણામે આંતરડાંના રોગથી હજારોની સંખ્યામાં મરી જાય છે.

૨

મધપૂડાની લગભગ બધી જ વસ્તી કામદાર માખોની જ હોય છે. મધપૂડામાં નરની સંખ્યા બહુ ઓછી હોય છે. તે પણ કાયમ હોતી નથી. મધપૂડાની રાણી જ્યારે ઘરડી થઈ જાય છે, ત્યારે નવી રાણી ઉછેરવાની થાય છે; તે વખતે થોડા નર ઉછેરવામાં આવે છે. નવી રાણી સગર્ભા થઈને ઈંડાં મૂકવાનું શરૂ કરે છે, ત્યાર બાદ મધપૂડામાં નરનું નામનિશાન રહેવા દેવામાં આવતું નથી.

મધપૂડામાં રાણી એક જ હોય છે. તેનું આયુષ્ય ૪થી ૫ વર્ષનું ગણાય છે. જ્યારે રાણી ઘરડી થઈ જાય છે, ત્યારે મધપૂડાને છેડે નીચેની બાજુએ લટકતા ઊંધા શંકુ જેવાં બે કે ચાર ખાસ મોટાં ખાનાં તૈયાર કરવામાં આવે છે. તેમાં રાણી ઈંડું મૂકે છે. ત્રણ દિવસે ઇયળ જન્મે છે. તેને ધાઈ-માખો પોતાના માથા પાસેની નળીઓમાંથી ખાસ કાઢેલું ક્ષીર ખવડાવે છે. રાણીને છેવટ સુધી આ ક્ષીર જ ખવરાવવામાં આવે છે તેથી એ ક્ષીર રાજક્ષીર પણ કહેવાય છે. સાડા પાંચ દિવસમાં તે ઇયળ પૂરેપૂરી વધી જાય ત્યાર બાદ તેના ખાનાનું મોં બંધ કરી દેવામાં આવે છે. સાત દિવસ બાદ અંદરનું બચ્ચું મોટું થઈ ખાનાનું મોં ખોતરીને બહાર આવે છે.

રાણી પાંચ દિવસની થયા બાદ બપોરના વખતે ખુલ્લી હવામાં ઊંચે ઊડવા જાય છે. તેને ઊંચે ઊડતી જોતાં જ બીજા મધપૂડાના બહાર ઊડતા કેટલાય નરો તેની પાછળ ઊડવા લાગે છે. જે નર છેક ઊંચે સુધી ઊડી તેને પહોંચી શકે, તે એક નરની સાથે જ આકાશમાં તેનું લગ્ન થાય છે. લગ્ન પછી પેલો નર તરત જ મરી જાય છે. પછી સગર્ભા થયેલી રાણી મધપૂડામાં પાછી આવે છે અને મધપૂડામાંની બીજી નાની રાણીઓનો નાશ કરી નાખે છે. આ સગર્ભા થયેલી રાણી ઘરડી થાય ત્યાં સુધી ઈંડાં મૂક્યા કરે છે. સામાન્ય રીતે તે રોજનાં બેથી ત્રણ હજાર જેટલાં ઈંડાં મૂકે છે.

રાણી સગર્ભા ન થઈ હોય તોપણ ઈંડાં મૂકી શકે છે; પરંતુ તે ઈંડાંમાંથી બધા નર જ પેદા થાય છે. સગર્ભા થયેલી રાણી જ માદાનાં ઈંડાં મૂકી શકે છે. પરંતુ સગર્ભા થયા બાદ પણ તે જરૂર હોય તો નર માટેનાં ઈંડાં મૂકી શકે છે. તે માટે તેના શરીરમાં અલગ રચના જ હોય છે. નરનાં ઈંડાં મૂકવા માટેનાં ખાનાં થોડાં વધુ મોટાં હોય છે.

મધપૂડાની મુખ્ય વસ્તીરૂપ કામદાર માખો ખરી રીતે માદાઓ જ છે. પરંતુ તેમને માટેનાં ઈંડાં ખાસ નાનાં ખાનાંમાં મૂકવામાં આવે છે. ત્રણ દિવસ બાદ તે ઈંડાંમાંથી જે ઇયળો પેદા થાય છે તેમને શરૂઆતમાં તો રાણીને અપાતું રાજ-ક્ષીર જ ખવરાવવામાં આવે છે. પણ પછીના ત્રણ દિવસ મધ અને પરાગનો બનાવેલો રોટલો આપવામાં આવે છે. ખોરાકના આ ફેરફારના કારણે તથા નાનાં ખાનાંને કારણે આ માદાઓનું શરીર રાણીની પેઠે નારી રૂપે પૂર્ણપણે વિકસતું નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩

આમ, આખા મધપૂડામાં રાણી એકલી જ લગ્ન કરે છે. બાકીની બધી કામદાર માદાઓ રાણીએ મૂકેલાં ઈંડાં ઉછેરવાનું, ખોરાક એકઠો કરવાનું તથા બાંધકામ, સફાઈ અને સંરક્ષણનું બીજું બધું કામ કરે છે. આ બધા કામકાજના મોટા ઘસારાને કારણે કામદાર માખનું આયુષ્ય સામાન્ય રીતે છથી સાત અઠવાડિયાંનું જ ગણાય છે. મધમાખ સમાજસેવાને જ પૂર્ણપણે વરેલી છે. અને તેથી પોતાના સમાજ માટે કામકાજ કરવાનું હોય ત્યાં સુધી જ તે જીવી શકે છે. મધમાખને એકલી છૂટી પાડી દો, અને ભલે પછી તેને અનુકૂળ ખોરાક, રહેઠાણ એ બધાની તમામ સગવડ કરી આપો, પરંતુ તે થોડા દિવસમાં જ મરી જશે!

પોતાના સમાજનું સેવાકાર્ય કરવા માટેના કેટલાય ખાસ અવયવો પણ કામદાર માખને જ હોય છે. ફૂલોમાં ઊંડેથી મધ ચૂસી શકાય તેવી લાંબી જીભ તેને જ હોય છે, નરને કે રાણીને નથી હોતી. ફૂલમાંથી પરાગ ઉપાડી લાવવા માટે પાછલા પગ ઉપર કરંડિયો પણ તેને જ હોય છે, નરને કે રાણીને નહીં. મધપૂડો બનાવવા મીણના શણગા શરીરમાંથી કાઢવાના કાપા પણ તેને જ હોય છે, નરને કે રાણીને નહીં. શત્રુ સામે લડતી વેળા જલદ્દ તેજાબની પિચકારી મારનારો ડંખ પણ તેને જ હોય છે, નરને નહીં. રાણીને જે ડંખ હોય છે તે બીજી હરીફ રાણી સામે જ વાપરવા માટે હોય છે, બીજા કોઈ સામે નહીં. કામદાર માખને પેટ પણ બે હોય છે! ફૂલમાંથી જે મધ તે જીભ વડે ચૂસે છે, તે પ્રથમ તો તેના પહેલા પેટમાં એકઠું થાય છે. તે પેટ તેનું સામાજિક પેટ છે; એટલે કે, તે પેટમાં ભરેલું કશું તેને પોતાને માટે હોતું નથી. મધપૂડામાં આવીને બધું મધ તે તેમાંથી કોઠારોમાં ઠાલવી દે છે. તેને પોતાને જ્યારે કાંઈ ખાવું હોય છે ત્યારે પહેલા પેટમાંથી એક બારણું મરજી મુજબ ઉઘાડીને મધ કે પરાગને તે બીજા પેટમાં ધકેલી આપે છે. એ તેનું ખાસ પેટ છે. તેમાં ગયેલા ખોરાકની પાચનક્રિયા શરૂ થાય છે. પરંતુ ના! પોતે પોતાના જઠરમાં પચાવેલો બધો ખોરાક તે પોતે જ હજમ કરી જતી નથી. ઈંડાંમાંથી જન્મેલી ઇયળોને ખવડાવવા એક ખાસ નળી વાટે તેમાંનો મુખ્ય ભાગ તે બહાર ધકેલી લાવે છે. તે જ રાજ-ક્ષીર કહેવાય છે.

બીજા સુખસગવડના કે શોભાના અવયવો છે તે એને ઓછામાં ઓછા હોય છે. જેમ કે, નરને માથાની દરેક બાજુએ ૧૩ હજાર આંખની બનેલી એક એવી બે આંખ હોય છે, ત્યારે કામદારને માત્ર ૬ હજાર આંખની બનેલી એક એવી બે આંખ હોય છે. બીજી બાજુ, નરના માથા આગળ જે બે આંકડિયા હોય છે, તેમાં સૂંઘવા માટે ૭૫૦૦૦ નાક હોય છે; ત્યારે કામદારને માત્ર ૫૦૦૦ જ હોય છે. એ જ આંકડિયા ઉપર વસ્તુને સ્પર્શ કરીને જાણવા માટે મધમાખને સ્પર્શેન્દ્રિયના બાર હજાર વાળ હોય છે તે જુદા.

આટલી બધી આંખો, આટલી બધી સ્પર્શેન્દ્રિયો અને આટલાં બધાં નાકવાળી મધમાખ આ જગતને કેટલું અને કેવું જાણતી હશે! મધમાખને પેટીમાં બંધ કરીને મધપૂડાથી બે કે ત્રણ માઈલ દૂર લઈ જઈને છોડી મૂકીએ, તોપણ તે અચૂક પોતાને મૂળ સ્થાને પાછી આવી શકે છે. જાણે આકાશમાં પડેલી માર્ગની રેખાઓ તે પારખી શકે છે!

પરંતુ મધમાખે ભારે પરિશ્રમથી વસાવેલું અને સમૃદ્ધ બનાવેલું આ આખું નગર જ્યારે પૂરેપૂરું તૈયાર થયું હોય છે, ત્યારે જ નવી જન્મનારી પ્રજાને સગવડ કરી આપવા મધમાખો તેને અચાનક છોડી દે છે. ઈંડાં તથા બચ્ચાંની સંભાળ રાખવા જરૂરી કામદારોને મધપૂડામાં પાછળ રાખી, રાણી સાથે બીજા બધા કામદારો માત્ર પોતાના પેટમાં ભરાય તેટલું મધ ભરી લઈ ચાલી નીકળે છે. પછી તેઓ બીજી કોઈ નવી જગાએ નવો મધપૂડો ફરી બાંધવાનું શરૂ કરે છે. એક વાર છોડેલા મધપૂડામાં તે ફરી કદી જતાં નથી.

જૂના મધપૂડામાં બે કે ત્રણ ખાસ ખાનાંમાં નવી રાણીઓનાં ઈંડાં ઊછરતાં હોય છે. તેમાંથી જે રાણી પહેલી જન્મે છે, તે પછી લગ્ન માટે આકાશમાં ઊડી જાય છે અને સગર્ભા થઈ પાછી આવે છે. ત્યાર બાદ તે પૂડામાં ઈંડાં મૂકવાનું શરૂ કરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪

મધમાખ પોતે માંસાહાર કદી કરતી નથી. મધમાખને મળતી બીજી કેટલીય જાતો માંસાહાર કરે છે. પરંતુ મધમાખે માંસાહાર છોડીને પુષ્પોનાં મધ અને પરાગ વડે જીવવાનું શરૂ કર્યું છે. તે પણ સૌ કોઈને લાભ થાય તે રીતે કર્યું છે. તે વાત જરા સમજવા જેવી છે.

ફૂલની અંદર સ્ત્રીકેસર અને પુંકેસર બંને હોય છે. પરંતુ એક જ ફૂલનાં સ્ત્રીકેસર અને પુંકેસર કાં તો ભેગાં થઈ શકતાં નથી અથવા ભેગાં થવાથી જે ફળ નીપજે છે તે સારું હોતું નથી. વળી કેટલાંક ફૂલોમાં માત્ર પુંકેસર કે સ્ત્રીકેસર જ હોય છે. અને કેટલીક વાર તો એક જાતના છોડ ઉપર માત્ર સ્ત્રીકેસરવાળાં જ ફૂલ બેસે છે તો બીજા છોડ ઉપર પુંકેસરવાળાં જ. આ બધા દાખલાઓમાં એક ફૂલમાંનું પરાગ અથવા પુંકેસર બીજા ફૂલમાંના સ્ત્રીકેસર ઉપર પહોંચવું જ જોઈએ. તો જ ફળ અથવા બી નીપજી શકે.

હવે એક ફૂલનો પરાગ બીજા ફૂલને પવન, પાણી કે જીવડાં અથવા પ્રાણીઓ દ્વારા પહોંચી શકે. જીવડાં વડે જેમને પરાગ પહોંચે છે, તે ફૂલો સામાન્ય રીતે મધમાખ વગેરેને આકર્ષવા સારા રંગ અને ગંધની પાંખડીઓ ધારણ કરે છે; તથા વધુ આકર્ષણ માટે અમુક જાતનું મધ પણ ઉત્પન્ન કરે છે. તે મધ માટે મધમાખ જેવાં જીવડાં ત્યાં આવે છે. પરંતુ એ મધ ફૂલમાં એવી જગ્યાએ રહ્યું હોય છે કે તે લેવા જતાં પરાગ મધમાખના પગમાં ભરાઈ જાય છે. અને પછી તે પાછી બીજા ફૂલ ઉપર જાય ત્યારે તે પરાગમાંનો થોડો ભાગ ત્યાંના સ્ત્રીકેસર ઉપર ખરી પડે છે. મધમાખનો મુખ્ય ખોરાક ફૂલોનું મધ તથા પરાગ છે. તથા સામાન્ય રીતે એકીસાથે તે એક જાતનાં ફૂલો ઉપર જ જાય છે. એટલે ફૂલોનાં સ્ત્રીકેસરને પુંકેસર પહોંચાડવાની આ અગત્યની કામગીરી તે સારી રીતે બજાવી આપે છે. અને એ રીતે માણસને પણ ફળ અને બી મળવામાં મદદ કરે છે. એ અંગે નીચેની રસિક માહિતી જાણવા જેવી છે.

ન્યૂઝીલૅન્ડમાં અંગ્રેજોએ જઈને વસાહત કરી, ત્યારે ત્યાં ઘોડા, ઢોર અને ઘેટાં મોટા પ્રમાણમાં ઉછેરવાનો તેમનો વિચાર હતો. પરંતુ ત્યાં તે બધાંને ખાવા માટે જોઈતો ઘાસચારો થતો ન હતો. ઘાસચારો બહારથી લાવીને ત્યાં ઢોર ઉછેરવાં એ તો બને તેમ ન હતું, પછી ઇંગ્લંડથી એક ખાસ ઘાસ વાવવા માટે ત્યાં મોકલવામાં આવ્યું. તે ત્યાં પહેલે વર્ષે ખૂબ ફાલ્યું, પણ તેને બી બેઠાં જ નહીં અને તે નાશ પામ્યું. તે દેશમાં મધમાખ હતી નહીં, એટલે તે ઘાસનાં ફૂલોને અરસપરસ પરાગ કોણ પહોંચાડે? પછી ઇંગ્લૅંડથી ત્યાં મધમાખો મોકલવામાં આવી, ત્યારે ત્યાં તે ઘાસની તાણ ન રહી! ઑસ્ટ્રેલિયા ખંડમાંથી જે ઊન તથા ફળ અત્યારે ઢગલાબંધ મળે છે, તે બધો મધમાખનો પ્રતાપ છે.

આમ મધમાખ ખેતીપ્રધાન દેશોને માટે અતિ ઉપયોગી અને આવશ્યક જંતુ છે. જે દેશમાં ઉદ્યમી મધમાખો ન હોય, તે દેશમાં ખેતીની પેદાશો સારા પ્રમાણમાં થઈ શકે નહીં. એટલે મધમાખોને પાળવી અને ઉછેરવી એ ખેતીપ્રધાન દેશનો મુખ્ય ઉદ્યોગ હોવો જોઈએ. આપણા દેશમાં મધમાખોની આ ઉપયોગિતા પૂરેપૂરી સમજવામાં આવતી નથી, અને તેથી જે મધમાખો છે તેમના પૂડા પણ જંગલીપણે તોડી પાડી, તથા ઘણી મધમાખોને નકામી મારી નાખી, મધ નિચોવી લેવામાં આવે છે. નવી સુધરેલી પદ્ધતિ પ્રમાણે તો ખાસ લાકડાંનાં ખોખાંમાં મધપૂડા એવી રીતે ગોઠવવામાં આવે છે કે, જેથી એ મધપૂડાનું મધ એક યંત્રમાં ઘુમાવીને કાઢી લેવાય અને મધપૂડાને કશી ઇજા થાય નહીં. એ નવી રીતે મધમાખ ઉછેરવાથી મધપૂડા દીઠ મધની પેદાશ પણ વધે છે.

એટલે આપણા દેશમાં ખેતીની અને વાડીની પેદાશ વધારવા માટે પણ મધમાખના ઉછેર માટે પ્રયત્ન થવો જોઈએ, અને એ રીતે મધની વધેલી પેદાશથી લોકોને અને ખાસ કરીને બાળકોને એક ઉત્તમ અમૃત જેવા આહાર પણ મળશે.

ગો૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માસિક વિવેચન

સાક્ષરશ્રી રમણલાલ દેસાઈ

સાક્ષરશ્રી રમણલાલ વસંતલાલ દેસાઈનું હૃદય બંધ પડી એચિંતું અવસાન થયું, એ નોંધતાં દુઃખ થાય છે. તે આપણા જાણીતા નવલકથાકાર હતા. રાષ્ટ્રની આઝાદીની લડતના ભાવો અને ભાવનાઓ વણીને તે કથાઓ રચતા હતા; તેને અનુરૂપ પાત્રોને જન્મ આપતા હતા. આથી એમની કથાઓ ખૂબ લોકપ્રિય થઈ. તેમની કલમ પણ ભારે લીસી હતી. વડોદરા રાજ્યની વહીવટી નોકરીમાં છતાં તે ડઝનબંધ પુસ્તકો આપતા રહ્યા હતા; અને તેમાંથી નિવૃત્ત થયા પછી ગુજરાતના જાહેર જીવનમાં પણ રસ લેતા હતા. ૬૨ વર્ષની ઉંમરે તે ગયા, એ વહેલું કહેવાય. પ્રજાના સંસ્કારજીવનનું ચિંતન મનન કરી તેનો નિચોડ આપતા રહેનારા લોકોની જરૂર સ્વરાજમાં વધારે છે. તેવી આશા આપણે આપણા લોકહિતૈષી સેવકો, વિચારકો, લેખકો તથા સમર્થ કથાકારો અને કળાકારો પાસેથી રાખી શકીએ. સ્વ. રમણલાલ એવા કથાકાર થવા મથનારા એક હતા. ગુજરાતનો અક્ષરદેહ ઘડવામાં એમણે કરેલું કામ ગુજરાતી સાહિત્યના ઇતિહાસમાં હમેશ માટે નોંધપાત્ર રહેશે.

૨૬–૯–'૫૪ મ૦

શ્રી રામસ્વામી આયરનું વ્યાખ્યાન

ગુજરાત યુનિવર્સિટીનુ આ વર્ષનું પદવીદાન–ભાષણ ડૉ. રામસ્વામી આયરે આપ્યું. તેમાં એ વિદ્વાન રાજપુરુષે અનેક બાબતો સ્પર્શી. હવે તે રાજકારણમાં નથી રહ્યા; વિદ્યાકારણમાં મુખ્ય રસ લે છે. અને અન્નમલાઈ તથા બનારસ યુનિવર્સિટીઓના કુલનાયક કે વાઇસ ચાન્સેલર છે.

પદવીદાનનું ભાષણ હોય અને તેમાં માધ્યમનો ઉલ્લેખ ન થાય, એ તો આજે બને જ નહીં. શ્રી આયરે એનો ઉલ્લેખ શરૂમાં જ કર્યો હતો.

શ્રી રામસ્વામીના નિવેદનમાં એક વસ્તુ જોવા મળી, તેથી નવાઈ લાગી. તેમણે એમના ભાષણમાં ગુજરાત યુનિવર્સિટી વિષે જે વાતો કરી, તે ૧૯૫૨ના મે જેટલી જૂની ખબરો પરથી હતી. એમ લાગે છે કે, તેમને એથી આગળની હકીકતો પહોંચી ન હોય. તો એ વિચિત્ર ગણાય.

તેમણે માધ્યમનો ઉલ્લેખ કર્યો તેમાં કહ્યું કે, "નવી યુનિવર્સિટીની સેનેટનાં પ્રથમ કામોમાં માધ્યમ 'ગુજરાતી અને/અથવા હિંદી' રહેશે એમ તમે ઠરાવ્યું છે."

એક રીતે જોતાં તે સાચું છે. કેમ કે છેવટે થોડા માસ ઉપર જે કાનૂનધારો કર્યો તેમાં માત્ર આ અતિગ્રાહી સૂત્રની સ્પષ્ટ ચોકસાઈ જ કરવામાં આવી છે.

યુનિવર્સિટીના ઠરાવનો ઉલ્લેખ કરી શ્રી આયરે માધ્યમ વિષે પોતાનો વિચાર, સાચવીને, નીચે પ્રમાણે મૂક્યો :

> "પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ સ્વભાષામાં જ ઉત્તમ રીતે આપી શકાય તેની કોઈ ના ન પાડી શકે. પણ જગતના બનાવોની જોડે રહેવા માટે, તથા વિજ્ઞાન અને હુન્નરકળાના અભ્યાસમાં પ્રગતિ મેળવવા સારુ, તથા આપણી જ્ઞાનવિદ્યાઓ તથા સાહિત્યની અભિવૃદ્ધિ કરવા પ્રેરણા તરીકે પણ, જે ભાષા આજે લગભગ વિશ્વભાષા જેવી ખીલી છે તેનું કામચલાઉ જ્ઞાન યુનિવર્સિટીના વિદ્યાર્થીને તો હોવું જોઈએ."

આમ તેમણે અંગ્રેજી ભાષા આવડવા પર ભાર મૂક્યો; પ્રાથમિક માધ્યમિક શિક્ષણના માધ્યમનો સાફ ઉલ્લેખ કર્યો; પણ ઉચ્ચ શિક્ષણનું માધ્યમ શું, તે વાત જ પડતી મૂકી. છતાં સાવ એમ તો કેમ જ કરી શકે? એટલે ખમચાતાં છતાં આગળ તેમણે આમ પાછી વાત ચલાવી :

> "હિંદની ભાષાઓ યુનિવર્સિટીઓમાં પરદેશી ભાષાના માધ્યમની જગા મોડે મોડે નહીં પણ વહેલી લઈ શકશે અને લેવી જોઈએ, એ ચોકસ છે."

યુનિવર્સિટીમાં હિંદી માધ્યમ હોય એવા એક વાદનું નામ દીધા વગર, આમ તેમણે તેનો છેદ ઉડાડ્યો અને હિંદી માટે કહ્યું કે, હિંદીનું સ્થાન અખિલ ભારતીય અને સરકારી કામો માટે ગણવું ઘટે.

પરંતુ તેમણે યુનિવર્સિટીઓ અંગે એવો ભાવ બતાવ્યો કે, કળા તથા જ્ઞાન વિજ્ઞાનનું સાહિત્ય પૂરું ખીલે નહીં ત્યાં સુધી અંગ્રેજી ભાષા વિષે બેદરકાર બનવું ન જોઈએ. ગુજરાત યુનિવર્સિટીએ એવી બેદરકારી રાખી નથી એમ એમને ખબર મળી લાગતી નથી.

૨૦–૯–'૫૪ મ૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરીક્ષામાં ચોપડીઓ વાપરી શકાય ?

શ્રી રામસ્વામી આયરે આ વર્ષની પદવીદાન-ઋતુમાં અનેક જગાએ વ્યાખ્યાન આપ્યાં. એક જગાએ તેમણે કહ્યું, પરીક્ષા એવી ઢબે લેવાય કે છોકરાઓ ચોપડીઓ પાસે રાખે તોય વાંધો નહીં. આ સૂચના હસી કાઢવા જેવી નથી. પણ પરીક્ષકોએ તથા અધ્યાપકોએ પણ તેને યોગ્ય થવું પડે. આવી પરીક્ષા-પદ્ધતિમાં ગોખણ કે ચોરી પર નહીં, પણ વિષયની સમજણ અને નિરૂપણશક્તિ પર ભાર આવે. સવાલો તેને કસે એવા પુછાય. ચોપડી યાદદાસ્તને મદદ કરવા માટે વપરાય. સંદર્ભગ્રંથો વાપરવાની છૂટ હોય તેમ વિષયોના ગ્રંથો વપરાય, તો તે ગ્રંથો પણ આજની સવાલવારીઓ અને નોંધો જેવા નહીં હોવા ઘટે. સ્વ-ભાષાનું માધ્યમ આ પદ્ધતિને ફાવે એવું લાગે છે.

પણ બીક છે કે, આ સૂચના ભાગ્યે કોઈ ગંભીરતાથી વિચારે. તેમાં રહેલી ટીકા કે ટકોર સમજીને પરીક્ષાપદ્ધતિમાં બનતો સુધારો કરીએ તોય સારું. સવાલવારીઓ અને ગાઈડોમાંથી જ્ઞાનવિજ્ઞાન તથા અભ્યાસને બચાવ્યા વગર હવે યુનિવર્સિટીઓ જ્ઞાનોપાસનામાં ભાગ્યે જ આગળ વધી શકે.

૨૧–૯–'૫૪ મ૦

એસ. એસ. સી.માં અંગ્રેજી ફરજિયાત થશે?

યુનિવર્સિટીમાં પ્રવેશને માટે અંગ્રેજીનું કામચલાઉ જ્ઞાન જરૂરી ગણાય છે. તે શું કામ, એની ચર્ચા ગયે મહિને એક નોંધમાં કરી હતી. (જુઓ પા. ૨૮૫, સપ્ટેંબર અંક.) તે નોંધ વિષે એક ભાઈએ નીચે મુજબનો એક વિચાર લખી મોકલ્યો છે :

> "હાલના તબક્કે ઉચ્ચ શિક્ષણ મેળવવા ઇચ્છનારાઓ માટે યા તો કૉલેજપ્રવેશ ઇચ્છનારાઓ માટે એસ.એસ.સી. માં અંગ્રેજી વિષય હોવો એવો નિયમ રાખ્યો હોય તો એ સમજી શકાય, મતલબ કે, યોગ્ય ગણાય. પરંતુ જેઓ ઉચ્ચ શિક્ષણ માટે કૉલેજપ્રવેશ ઇચ્છતા નથી અથવા તો જેઓ ઉચ્ચ શિક્ષણ લેવા માગતા નથી, એ બધા માટે અંગ્રેજી વિષય ફરજિયાત રાખવો ઉચિત ગણાય? જાણવા મુજબ ૧૯૫૫ની એસ.એસ.સી. પરીક્ષામાં અંગ્રેજી વિષય બધા માટે ફરજિયાત કર્યો છે."

જેઓ યુનિ૦માં જવા ન ઇચ્છે તેઓ પણ સ્વ-ભાષા તથા આંતરભાષા હિંદી ઉપરાંત ત્રીજી એક ભાષા તરીકે માધ્યમિક કક્ષાએ અંગ્રેજી ભણે તો તેમાં ખોટું નહીં. આ કક્ષાએ ત્રીજી એક અર્વાચીન ભાષા વિદ્યાર્થીએ શીખવી જોઈએ. તે કઈ એ સવાલ હોઈ શકે. તેવી ભાષાઓની યાદીમાં અંગ્રેજી જરૂર હોય. અને તેમાં હિંદની બીજી ભાષાઓ પણ હોવી જોઈએ. વિદ્યાર્થી તેમાંથી કોઈ એક પસંદ કરી શકે. એટલે એસ.એસ.સી.માં અંગ્રેજી જ લો એમ થયું હોય તો પુનર્ઘટનાની દૃષ્ટિએ એ દોષિત ઠરે. ગુજરાતી વિદ્યાર્થીઓ અંગ્રેજીને બદલે મરાઠી, બંગાળી, કે તામિલ, કાનડી ઇ૦ શીખે કે શીખવા ચાહે, તો તે ઇષ્ટાપત્તિ છે અને આવકારપાત્ર દિશામાં આપણા રાષ્ટ્રીય શિક્ષણની એ ગતિ ગણાય.

૨૦–૯–'૫૪ મ૦

શિક્ષણમાં પાયાગત સુધારો કરો

વાચક જોઈ શકશે કે, આ અંકમાં ઉદ્યોગ દ્વારા શિક્ષણ આપતી શાળા ઉદ્યોગકામમાંથી શી કમાણી કરી શકે, તેના પ્રયોગશુદ્ધ આંકડા આપ્યા છે. તે ત્રણ શાળાના છે. ત્રણે શાળા અમુક રીતે નમૂનેદાર ગણાય. ઓચાસણ વલ્લભ વિદ્યાલય ગૂજરાત વિદ્યાપીઠની ગ્રામશાળા છે. ત્યાં ધો. ૫થી ૭ના મોટા વિદ્યાર્થી ભણે છે. આ વિદ્યાર્થીઓ હાથેપગે સાબૂત એવી કોમોના મોટે ભાગે છે; તેથી ઉદ્યોગમાં સહેજે જામી શકે છે અને ફાવે પણ છે.

બીજી શાળા વિદ્યાપીઠની શહેર-શાળા છે. અમદાવાદનાં શહેરી માબાપોનાં બાળકો તેમાં ભણે છે. ધો. ૧ થી ૭નાં બાળકોના કામનો ભેગો હિસાબ એ છે.

ત્રીજી શાળા ખેડા સ્કૂલ બોર્ડની પૂર્ણ પ્રાથમિક શાળા છે. સામાન્ય સરકારી શાળાનો એ નમૂનો ગણાય.

વાચક જોશે કે, ત્રણે નમૂનાઓ સારાંશે ચોખ્ખી કમાણી બતાવે છે. મતલબ કે, ગાંધીજીનો તે વિષેનો ખ્યાલ પાયા વગરનો નહોતો.

દર કલાકે, દર વિદ્યાર્થી દીઠ વધારેમાં વધારે ૪ા પાઈ (ઓચાસણમાં) અને ઓછામાં ઓછી ·૮૭ પાઈ (મોરજમાં) ચોખ્ખી પડે છે. આ થોડાં વરસના કામનું અને લગભગ ગૂંગળાવે એવા વિરુદ્ધ વાતાવરણ છતાં આવેલું પરિણામ છે. શ્રદ્ધાથી જો કામ ચાલે ને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સરકારી તંત્ર તેની દૃષ્ટિ ફેરવે, તો આમાં એકદમ નોંધપાત્ર વધારો થાય. આની શક્યતા કેટલી બધી મોટી છે, તે એ પરથી પણ કલ્પી શકાય. પણ આજે તો સરકારનું આ ધ્યાન જ નથી લાગતું, જોકે ઉદ્યોગ દ્વારા શિક્ષણની સ્તુતિ તો કરાયે જ જાય છે. ચાલુ શિક્ષણપ્રથાથી હિંદની યુવકશક્તિનું ચાલુ ધોવાણ થઈ રહ્યું છે, તે તરફ જાગ્રત નહીં થઈએ તો હાથ આવેલી સ્વરાજની બાજી ખોઈ બેસીશું, એવી ચાનક જોઈએ તેટલી હજી નથી આવી, એ ચિંતાજનક ગણાય.

૨૦–૯–'૫૪ મ૦

ભાષાકીય સહિષ્ણુતા અને હિંદી

પાર્લમેન્ટના હિંદી એસોસિયેશનની બીજી વાર્ષિક સભાને પ્રસંગે પ્રમુખ તરીકેનું ભાષણ કરતાં શ્રી. જવાહરલાલ નેહરુએ, જેઓ હિંદીનો ફેલાવો થાય — ખાસ કરીને અહિંદી ભાષી પ્રદેશોમાં — એમ ચાહતા હોય તેમણે ટાળવાના એક મુખ્ય જોખમનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે જણાવ્યું કે, હિંદીના ઉત્સાહીઓએ ભાષાકીય સહિષ્ણુતા દાખવવી જોઈએ. તેમણે ધીમેથી ઉતાવળા થવું જોઈએ, જોકે અતિશય ધીમેથી ખસૂસ નહીં, અથવા આપણી રાષ્ટ્રભાષાના વિકાસ તથા તેની ખિલવણીને અંગે ઠંડું વલણ હોવાને કારણે કેટલાક અજાણપણે કશું જ કરતા નથી એમ પણ ન હોવું જોઈએ.

બીજું પણ એક જોખમ છે જેને વિષે પણ આપણે હમેશાં સાવચેત રહેવું જોઈએ. એ છે રાષ્ટ્રભાષાના સ્થાન તથા તેના સર્વગ્રાહી અને વ્યાપક સ્વરૂપ બાબત. હિંદી આપણી પ્રદેશ પ્રદેશ વચ્ચેના વહેવારની તથા અખિલ હિંદના રાજવહીવટ તથા સંપર્કની ભાષા બનવાની છે. એટલા માટે, એ રીતે એનો વિકાસ થવો જોઈએ અને પ્રાદેશિક હિંદીની જકડમાંથી તે મુક્ત રહેવી જોઈએ. હિંદની બીજી ભાષાઓના અખૂટ ભંડારમાંથી જે કંઈ સારું કે મદદરૂપ હોય તે અપનાવવાની તેને છૂટ હોવી જોઈએ. હિંદીના પુરસ્કર્તાઓ તેમના વધારેપડતા ઉત્સાહને વશ થઈ ને કહે કે, અહિંદીભાષી પ્રદેશોમાં પ્રાદેશિક રાજવહીવટ તથા શિક્ષણનું માધ્યમ પણ તે બનવી જોઈએ, તો તેઓ અહિંદીભાષી લોકોને ભડકાવી મૂકશે અને સર્વસામાન્ય ભાષા તરીકે તેનો સ્વીકાર કરતાં તેમને અટકાવશે. તથા એ રીતે તેઓ તેના પ્રચાર માટેનો સઘળો ઉત્સાહ પણ ખોઈ બેસશે. એ જ રીતે હિંદીને સંસ્કૃતપ્રધાન બનાવવાના હિમાયતીઓ કહે કે, હિંદીને સંસ્કૃતમય બનાવવી જોઈએ અને તેના વિકાસ માટે શબ્દો સંસ્કૃત ભાષામાંથી જ લેવા જોઈએ અને કહેવાતી પરાઈ ભાષાઓમાંથી નહીં, તો તેઓ પણ અખિલ હિંદની સર્વસામાન્ય ભાષા તરીકે હિંદીના ફેલાવાના ધ્યેયને નુકસાન પહોંચાડશે. હિંદી હિંદના સઘળા લોકોના સહિયારા પ્રયાસ દ્વારા તથા આપણી સઘળી પ્રદેશભાષાઓ સાથે વિકસવી જોઈએ; હરીફાઈની કે ચડિયાતાપણાની ભાવનાથી નહીં.

જાણવા પ્રમાણે ઓરિસાની ધારાસભાએ પ્રાદેશિક રાજવહીવટની ભાષા તરીકે ઉડિયા રાખવાનો નિર્ણય કર્યો, એ ઠીક થયું. ઓરિસાની યુનિવર્સિટીએ એનું અનુકરણ કરીને શિક્ષણના તથા પરીક્ષણના માધ્યમ તરીકે તેને માન્ય કરવાનો નિર્ણય કરવો જોઈએ તથા વિદ્યાર્થીના શાળાના અભ્યાસના પાંચમા ધોરણથી પહેલી ડિગ્રીના અભ્યાસક્રમ સુધી હિંદીનો ફરજિયાત અભ્યાસ દાખલ કરવો જોઈએ.

૧૪–૯–'૫૪ મ૦

(અંગ્રેજી પરથી)

એટલું બધું મુશ્કેલ નથી

ડૉ. હરદેવ બહરી શિક્ષણના માધ્યમ તરીકે અંગ્રેજીને બદલવાના સવાલની ચર્ચા કરતાં પાઠ્યપુસ્તકોની ઊણપનો તથા પારિભાષિક શબ્દોના અભાવનો ઉલ્લેખ કરે છે. આમ છતાં તેઓ જણાવે છે કે, એ મુશ્કેલી આપણને આપણા કર્તવ્યપથ પરથી ચલિત કરે એવી ગંભીર નથી અને એના સમર્થનમાં તેઓ નીચે મુજબનું દૃષ્ટાંત આપે છે :

"૧૯૨૫ની સાલમાં સ્થાપવામાં આવેલી હિબ્રૂ યુનિવર્સિટીનો દાખલો પ્રેરણાદાયી છે. છેલ્લાં ૨૯ વરસમાં યુનિવર્સિટીએ લગભગ ૧૮૦૦ જેટલા સ્નાતકોને બહાર મોકલ્યા. એ બધા વિદ્યાર્થીઓને વિજ્ઞાન તેમ જ માનવવિદ્યાના બધા વિષયોનું શિક્ષણ હિબ્રૂમાં જ આપવામાં આવ્યું હતું. આ રીતે હિબ્રૂ ભાષા પણ વખત જતાં વધુ ને વધુ પૂર્ણ અને સમૃદ્ધ થતી ગઈ. ત્યાંના અધ્યાપકો તથા વિદ્યાર્થીઓએ તેમણે પોતે જ ખીલવેલી વિકાસશીલ, ગૌરવભરી આધુનિક હિબ્રૂમાં સેંકડો પુસ્તકો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રગટ કર્યાં છે અને હજારો લેખો લખ્યા છે. સદીઓ સુધી અણબોલાયેલી અને અણવપરાયેલી રહેલી ભાષાનો એ દાખલો છે."

('ધી લીડર,' ૩૧-૮-'૫૪)

આ પરથી જોતાં આપણે આપણી જીવતી, બોલાતી અને લખાતી ભાષાઓને વિષે નિરાશ થવાને કશું જ કારણ નથી. જરૂર આપણી ભાવના તથા આપણી બુદ્ધિને એ કાર્યમાં યોજવાની છે. સંકલ્પ હોય તો તે સિદ્ધ કરવા માટેનો માર્ગ અવશ્ય મળે જ છે.

૯-૯-'૫૪ મ૦

(અંગ્રેજી પરથી)

નવી તાલીમ પ્રદર્શનની યોજના

અખિલ ભારત નવી તાલીમ સંમેલન તા. ૧૧ થી ૧૬ નવેમ્બર ૧૯૫૪ સં. ૨૦૧૧ના કારતક વદ ૧ થી કા. વ. ૭ના દિવસોમાં સૌરાષ્ટ્રમાં ભરવાનું નક્કી કરવામાં આવ્યું છે. તે પ્રસંગે નીચે મુજબ કેળવણી વિષયક પ્રદર્શન ભરવાનું વિચારાયું છે. તે અંગે જરૂરી માહિતી પૂરી પાડવા માટે તેના મંત્રીઓ તરફથી નીચેની વિનંતી કરવામાં આવી છે:

"(૧) પ્રદર્શન માત્ર નઈ તાલીમનું ન રાખતાં સર્વોદયનું બનાવવું. એટલે કે, તેમાં નઈ તાલીમ ઉપરાંત ખાદી, ગ્રામોદ્યોગ, કુદરતી ઉપચાર, ખેતી, પશુપાલન, ભૂદાનયજ્ઞ, સ્વચ્છતા, અસ્પૃશ્યતાનિવારણ ઇત્યાદિ ગ્રામસંસ્કૃતિનાં સર્વ અંગો પણ રાખવાં. તેમ જ બહેનોના પ્રશ્નો અંગેનો વિભાગ તથા મજૂરોના પ્રશ્ન અંગેનો વિભાગ પણ રાખવો.

નઈ તાલીમમાં હાલ મૂલઉદ્યોગ તરીકે સ્વીકારાયેલા ઉદ્યોગો તેમ જ ભવિષ્યમાં સ્વીકારવાને યોગ્ય એવા ઉદ્યોગોની શૈક્ષણિક શક્યતાઓ પ્રદર્શિત થાય તેવી યોજના ખાસ કરવી.

(૨) નઈ તાલીમના વિભાગ પરત્વે નીચેની સૂચનાઓ કરવામાં આવે છે:

(અ) નઈ તાલીમની જુદી જુદી કક્ષાઓની પ્રવૃત્તિઓનું પ્રત્યક્ષ કામ, જેવું કે, પૂર્વ બુનિયાદી, બુનિયાદી, ઉત્તર બુનિયાદી, ઉત્તમ બુનિયાદી, પ્રૌઢ શિક્ષણ, અધ્યાપન મંદિર વગેરે પ્રદર્શિત કરવું.

(આ) ગુજરાત સૌરાષ્ટ્રમાં ચાલતા નઈ તાલીમના કામનો સંપૂર્ણ ખ્યાલ આવે તેવાં ચિત્રો, આલેખો, નકશાઓ વગેરે રજૂ કરવાં.

(ઇ) નઈ તાલીમમાં આવશ્યક તત્ત્વો, જેવાં કે સ્વાવલંબન, આશ્રમી જીવન વગેરે દર્શાવતાં ચિત્રો નમૂનાઓ મૂકવાં.

(ઈ) નઈ તાલીમ જીવનના સર્વાંગી પરિવર્તનની અપેક્ષા રાખે છે, તેથી જીવનનાં જુદાં જુદાં અંગોમાં નઈ તાલીમ કેવું પરિવર્તન કરવા માગે છે, તેનું દર્શન કરાવતાં ચિત્રો.

(ઉ) નઈ તાલીમનું સાહિત્ય. શિક્ષકોને અનુબંધ શિક્ષણ માટે જરૂરી જ્ઞાન માહિતી આપનારાં શિક્ષકોપયોગી પુસ્તકોની અનુક્રમણિકા, જેવાં કે,

૧. વસ્ત્રનો સર્વાંગી ઇતિહાસ
૨. કૃષિનો સર્વાંગી ઇતિહાસ
૩. ગોપાલનનો સર્વાંગી ઇતિહાસ

(૩) સંમેલનનો આખો કાર્યક્રમ ઘડતી વેળાએ પ્રદર્શનનો સારી રીતે લાભ લેવા માટે તેના અભ્યાસીઓને ખાસ સમય મળે તે લક્ષ રાખવું, તેમ જ તે વખતે પ્રદર્શનયોજકો અભ્યાસીઓ સાથે હાજર રહી માર્ગદર્શન કરાવે એવી વ્યવસ્થા કરવી."

૧૮-૯-'૫૪ વિ૦

નવી તાલીમનું એક ભયસ્થાન

શિક્ષકોને ઉદ્યોગની તાલીમ આપવા માટે કેટલેક ઠેકાણે તાલીમ વર્ગો ચલાવવામાં આવે છે. તેવા એક વર્ગનું વર્ણન કરતાં એક ભાઈ લખે છે:

"શરૂઆતમાં કામ ઘણું જ મુશ્કેલીભર્યું હતું. જેમ જેમ વખત જતો ગયો તેમ તેમ સરસ કામ થવા લાગ્યું. . . . વર્ગમાં આવેલા કેટલાક ભાઈઓ રેંટિયાને દુશ્મન ગણતા અને તકલીને તેનાથી વધુ ખરાબ ગણતા અને કહેતા કે, 'આ તકલું ક્યારે બંધ થશે?'"

શિક્ષકો આવી વિરોધની ભાવનાથી તાલીમ વર્ગમાં કામ કરે તેથી પરિણામે શું નીપજે એ મોટો સવાલ છે. વર્ધા યોજના કે નયી તાલીમ એ કેવળ જેમ તેમ ઉદ્યોગ ચલાવવાની વાત નથી, પણ તેની પાછળ જીવન-ઘડતરનો ખ્યાલ રહેલો છે. તે કામ વિરોધી ભાવવાળા શિક્ષકો દ્વારા કદી ન થઈ શકે. તેથી જેમને આ પ્રકારના પ્રયોગમાં શ્રદ્ધા અને રસ હોય તેમને જ તેમાં લેવા જોઈએ. એવા થોડા પણ રસવાળા શિક્ષકો દ્વારા નવી કેળવણીના પ્રયોગ થશે તો તેમાંથી નવો રસ્તો જડશે. બાકી અશ્રદ્ધાળુ શિક્ષકો દ્વારા કેવળ વિસ્તાર કરવાથી તેમાંથી નિષ્ફળતા જ પરિણમશે.

આને અંગે જરૂરી એ પણ છે કે, નવા પ્રયોગની દેખરેખ રાખનાર શાળાના આચાર્ય અને ખાતાના અધિકારીઓ પણ તેમાં રસ ધરાવનાર હોવા જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમને નવી કેળવણીમાં રસ નહીં હોય તો નકામી ખોડો કાઢ્યા કરશે અને પ્રયોગની નિષ્ફળતા બતાવ્યા કરશે.

નવા પ્રયોગનું આ ભયસ્થાન ખ્યાલમાં રાખીને નવી શાળાઓ ભલે થોડી ચાલે પણ તે યોગ્ય શિક્ષકો દ્વારા ચાલવી જોઈએ અને તેમના કામની ચકાસણી કરનાર અધિકારી ઇન્સ્પેકટર પણ તેને યોગ્ય હોવા જોઈએ, તથા એને માટેના તાલીમ વર્ગમાં આવતા શિક્ષકો પણ એને અનુકૂળ હોવા જોઈએ.

૧૮-૯-'૫૪ વિ૦

નવું વાચન

નિર્માણ : લે૦ શ્રી નવલભાઈ શાહ; પ્ર૦ શ્રી મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર, અમદાવાદ; પૃ. ૨૧૨; કિં.રૂા. ૧-૧૨-૦.

જાણીતા સર્વોદય કાર્યકર્તા શ્રી નવલભાઈની આ નવલકથા બે ત્રણ રીતે નવી ભાત પાડનારી છે. પ્રથમ તો એ પઢાર નામના આદિવાસી જેવા લોકોની કરુણ જીવનકથા છે. પ્રામાણિક જીવન જીવવા છતાં અને કાળીમજૂરી કરવા છતાં તેઓ રોટલા ભેગા થતા નથી એટલું જ નહીં, તેઓ દેવાના દારુણ કળણમાં વધુ ને વધુ કળયે જ જાય છે, જ્યારે ભદ્ર ગણાતો ધૂર્ત બુદ્ધિજીવી વર્ગ એમની ભીડનો લાભ લઈ, એમનું લોહી ચૂસી ચૂસીને મગતામાં મહાલે છે. આની સામે એક બાજુ જ્યારે જગતભરમાં સામ્યવાદ ગર્જના કરે છે, ત્યારે મહાત્મા ગાંધીજીનો એક પટ્ટશિષ્ય — શ્રી વિનોબા ભાવે – આત્માની જ્યોતથી, ધૂર્તતા કોઠે પડી જવાથી ગુલ થઈ ગયેલા ઘરઘરના આતમના દીવડા પુનઃ પ્રગટાવીને અને ભદ્રલોકોને પોતાના સાચા ધર્મનું ભાન કરાવીને વર્ગવિગ્રહને બદલે વર્ગમેળથી સર્વોદય સિદ્ધ કરવા મથે છે. આ સર્વોદયની પ્રેરણાથી એક કૉલેજનો વિદ્યાર્થી, જે સેવા ખાતર અભ્યાસ અધૂરો છોડી દઈને ગ્રામોદ્યોગમાં પડેલો છે, તે આ આદિવાસીના ઉદ્ધારનું કામ હાથમાં લે છે અને સ્વરાજ્યની સરકારની સહાનુભૂતિનો લાભ લઈને કામ કરતાં કરતાં કેવા કેવા કપરા અનુભવોમાંથી પસાર થાય છે, એનું આમાં રસિક અને પ્રેરક પણ અત્યંત સરળ વર્ણન છે. આ રીતે આ કથા પ્રથમતઃ સર્વોદયની એક પ્રચારકથા છે. અને એની કલા સ્વકાર્યોત્સાહની સહજ કલા જેવી છે.

સર્વોદય અને ભૂદાનનું નામ સાંભળીને કોઈ રખે માને કે આવી વાર્તામાં તે શી મજા હોઈ શકે? શૃંગારનો લગભગ સદંતર અભાવ હોવા છતાં કુતૂહલનો અને નૂતનતાનો જે સ્વાભાવિક કથારસ છે એ ભાઈ નવલભાઈએ આદિથી અંત સુધી બહુ સારી રીતે પોષેલો અને જાળવેલો છે. એટલે કેવળ વખત ગાળવા માટે પણ નવલકથા લઈને બેસનાર વાચકોને પણ આમાં ઠીક ઠીક મજા જ પડશે એમાં શંકા નથી.

કિંમત પણ પ્રચારકથાને ઘટે એવી અલ્પ જ છે.

ચૂ૦

નારી, તું નારાયણી : લે૦ ડૉ. નરેશચંદ્ર સેનગુપ્ત; અનુ૦ શ્રી રમણલાલ સોની; પ્ર૦ વોરા ઍન્ડ કંપની, મુંબઈ-૨; પૃ. ૧૫૪; કિં. રૂા. ૨-૮-૦.

'નિષ્કંટક' નામની એક ઉચ્ચ પંક્તિની બંગાળી નવલકથાનો આ અનુવાદ, બંગાળાના એક જમીનદાર કુટુંબની કરુણ કથા છે. જોકે પર્યવસન આર્ય શિષ્ટાચાર પ્રમાણે આનંદમય જ છે. આ શિષ્ટાચારને કારણે કરવી પડતી યુક્તિઓને લીધે કલાની દૃષ્ટિએ મરાતા ટેભા દેખાઈ જાય એવા અસ્વાભાવિક રહે છે, એમ આ નવલકથામાં પણ પાછળનાં પ્રકરણોમાં યોજનાની નબળાઈ અને સાંધાની કૃત્રિમતા ઉઘાડી છે. એ દોષ બાદ કરો તો રસ તેમ જ કલા બંને દૃષ્ટિએ, કથા ઊંચા પ્રકારની છે. એક કરતાં વધારે વાર વચાય તોપણ રસની ક્ષતિ ન થાય એવું આલેખન એ એની વિશેષતા છે.

ચૂ.

સાભાર સ્વીકાર

महादेव रामचंद्र जागुष्टे, अमदावाद तरफथी :

બાણાવળી અર્જુન, વીર ભીમસેન, મહારથી કર્ણ, ભગવાન શ્રી કૃષ્ણ, છત્રપતિ દુર્યોધન: લે૦ કૃષ્ણપ્રસાદ ભટ્ટ, કિં૦ દરેકની રૂ. ૦-૮-૦

अन्य प्रकाशको तरफथी :

ગુજરાતી લઘુલિપિ : સંયોજક હરિકૃષ્ણ વ્યાસ, પ્રકા૦ કુમાર કાર્યાલય લિ૦, અમદાવાદ, કિં. કાચું પૂઠું રૂ. ૩-૦-૦, પાકું પૂઠું રૂ. ૩-૮-૦; **યુદ્ધ અને શાંતિ:** લે૦ લિયો ટૉલ્સ્ટૉય, અનુ૦ જયન્તી દલાલ, પ્રકા૦ રવાણી પ્રકાશન ગૃહ, અમદાવાદ, કિં. રૂ. ૮-૮-૦; મુનિયે કાકા સાહબ! લે૦ રૈહાના તૈયબજી, પ્રકા૦ હિન્દુસ્તાની પ્રચાર સભા, વર્ધા, કિં. રૂ. ૨-૪-૦; **Studies in Gujarati Literature :** લે૦ જે૦ ઈ૦ સંજાણા, પ્રકા૦ મુંબઈ યુનિવર્સિટી, સોલ એજન્ટ એન૦ એમ૦ ત્રિપાઠી લિ૦, મુંબઈ, કિં. રૂ. ૫-૮-૦; **અમરવેલ :** લે૦ નાનાલાલ દલપતરામ કવિ, પ્રકા૦ ડૉ૦ મનોહર નાનાલાલ કવિ, સોલ એજન્ટ એન૦ એમ૦ ત્રિપાઠી લિ૦, મુંબઈ, કિં. રૂ. ૨-૮-૦.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમારાં કેટલાંક શાળોપયોગી પુસ્તકો

અચલાયતન	૧-૦-૦	બાપુની પ્રસાદી	૨-૦-૦
અપંગની પ્રતિભા	૧-૮-૦	બાપુ — મારી મા	૦-૮-૦
અમારાં બા	૧-૮-૦	બુદ્ધલીલા	૦-૧૨-૦
અર્થશાસ્ત્રની પરિભાષા	૦-૧૪-૦	બે ખુદાઈ ખિદમતગાર	૦-૧૨-૦
અહિંસાનો પહેલો પ્રયોગ	૧-૦-૦	બોધક ટીકડીઓ	૧-૪-૦
આત્મકથા	૨-૦-૦	બ્રહ્મદેશનો પ્રવાસ	૦-૧૦-૦
સંક્ષિપ્ત આત્મકથા	૧-૦-૦	ભાઈ અને વેરી	૦-૮-૦
આત્મરચના અથવા આશ્રમી કેળવણી	૪-૮-૦	મધપૂડો	૧-૪-૦
આરોગ્યની ચાવી	૦-૧૦-૦	મલેરિયા	૦-૭-૦
આહાર અને પોષણ – ભા. ૧, ૨	૧-૬-૦	મહાદેવભાઈની ડાયરી – ૧	૪-૮-૦
આંધળાનું ગાડું	૦-૪-૦	મહાદેવભાઈની ડાયરી – ૨	૫-૮-૦
ઇંદુને પત્રો	૧-૦-૦	મહાદેવભાઈની ડાયરી – ૩	૫-૦-૦
ઉર્દૂ લિપિ શિક્ષિકા	૦-૧૦-૦	મહાદેવભાઈની ડાયરી – ૪	૩-૦-૦
ઊધઈનું જીવન	૧-૦-૦	મહાદેવભાઈની ડાયરી – ૫	૭-૦-૦
ઓતરાતી દીવાલો	૦-૧૨-૦	માનવી ખંડિયેરો	૨-૮-૦
કન્યાને પત્રો	૧-૦-૦	મારી જીવનકથા — જવાહરલાલ નેહરુ	૬-૦-૦
કરંડિયો	૧-૪-૦	સંક્ષિપ્ત જીવનકથા — જવાહરલાલ નેહરુ	૧-૮-૦
કાવ્યપરિચય – ભા. ૧, ૨ દરેકની	૧-૮-૦	મારી જીવનકથા — રાજેન્દ્રપ્રસાદ	૮-૦-૦
કુંવરબાઈનું મામેરું	૧-૦-૦	મારું ગામડું	૧-૪-૦
કેળવણીવિકાસ	૧-૪-૦	મીઠું	૦-૧૨-૦
કેળવણીવિવેક	૧-૪-૦	યંત્રની મર્યાદા	૧-૦-૦
કૌશિકાખ્યાન	૦-૩-૦	રચનાત્મક કાર્યક્રમ — કેટલીક સૂચનાઓ	૦-૩-૦
ખાદીવિદ્યાપ્રવેશિકા	૧-૪-૦	રચનાત્મક કાર્યક્રમ — તેનું રહસ્ય અને સ્થાન	૦-૫-૦
ખિસ્સાકોશ	૧-૦-૦	રાષ્ટ્રભાષાનો સવાલ	૦-૭-૦
ખેડૂતનો શિકારી	૦-૬-૦	રાષ્ટ્રીય મહાસભા અને વિદ્યાર્થી પ્રવૃત્તિ	૦-૬-૦
ગાંધીજી	૦-૧૦-૦	વિદાય વેળાએ	૧-૦-૦
ગાંધીજીની સાધના	૨-૪-૦	વિદ્યાર્થી ગ્રીષ્મપ્રવૃત્તિ	૦-૬-૦
ગીતાધ્વનિ	૦-૬-૦	વિરાજવહુ	૧-૪-૦
ગ્રામસેવાના દસ કાર્યક્રમો	૧-૦-૦	વિશ્વશાંતિ	૦-૪-૦
ઘરમાખી	૦-૭-૦	वैज्ञानिक शब्दसंग्रह	૬-૦-૦
જમનાલાલજી	૦-૬-૦	શિક્ષણ અને સંસ્કૃતિ	૧-૪-૦
જીવતા તહેવારો	૨-૦-૦	શ્રાદ્ધના તેર દિવસ	૦-૭-૦
જીવન દ્વારા શિક્ષણ	૧-૮-૦	શ્રી નેત્રમણિભાઈને	૦-૧૪-૦
જીવનનું પરોઢ	૮-૦-૦	संकलिता भगवद्गीता	૧-૪-૦
જોડણીકોશ	૧૨-૦-૦	સંક્ષિપ્ત કરણઘેલો	૧-૦-૦
વિનીત જોડણીકોશ	૭-૮-૦	સંત ફ્રાન્સિસ	૦-૬-૦
ટાઈફૉઈડ	૦-૯-૦	સુદામાચરિત	૦-૧૪-૦
ત્રણ વાર્તાઓ	૧-૪-૦	સુદામાજીના કેદારા	૦-૧-૬
દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ	૩-૦-૦	સીતાહરણ	૧-૦-૦
પ્રહ્લાદ નાટક તથા સહનવીરનાં ગીતો	૦-૧૦-૦	સ્ત્રી-પુરુષ-મર્યાદા	૧-૮-૦
પ્રાકૃતિક ભૂગોળ	૦-૧૨-૦	સ્મરણયાત્રા	૨-૦-૦
પ્રાચીન સાહિત્ય	૧-૦-૦	હિમાલયનો પ્રવાસ	૧-૮-૦
પ્રેમપંથ – ૧, ૨, ૩, ૪, ૬ દરેકની	૦-૪-૦	હિન્દની અંગ્રેજ વેપારશાહી	૪-૦-૦
બહેનોને	૦-૬-૦		
બાપુની સેવામાં	૨-૦-૦		

[દરેકની ટપાલરવાનગી અલગ]

નવજીવન કાર્યાલય, પોસ્ટ બૉક્સ ૧૦૫, અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ર. નં. બા. ૪૩૪૩

રેંટિયાબારશનો સંદેશ

રાષ્ટ્ર તરીકે હિન્દુસ્તાન જીવી કે મરી શકે તે તો એક રેંટિયા પાછળ જ. આ દેશની હરકોઈ વયોવૃદ્ધ સ્ત્રીને જઈ ને પૂછો. તે તમને તરત જ કહેશે, કે જે દિવસે હિન્દુસ્તાનમાં રેંટિયો ઊંચો મુકાયો તે દિવસથી જ અહીં દુઃખદારિદ્રયે ઘર કર્યું અને આપણી બધી બરકત અને સુખ-સંપત્તિ નષ્ટ થઈ. આખા હિન્દુસ્તાનની સ્ત્રીજાતિ અને આમપ્રજા તો રેંટિયાના આજના જીર્ણોદ્ધારનું મહત્ત્વ સાનમાં સમજી ગઈ છે. પ્રજાને તો આ આપત્કાળમાં એ અમૃતસંજીવની થઈ પડયો છે. અનેક ગરીબ સ્ત્રીઓનો તે શિયળરક્ષક છે. મને જેટલી જેટલી વિધવા બહેનો મળી છે તેમણે આ પુરાણા સાથીના પુનરુદ્ધારને માટે મારી આગળ આશીર્વચનોના વરસાદ વરસાવ્યા છે.

રેંટિયાનો પુનરુદ્ધાર એ એક જ આજે કરોડો ભૂખે મરતા હિન્દીઓને ઉગારી લે એમ છે. આ ૧૫૦૦ માઈલ પહોળા વિશાળ હિન્દુસ્તાનમાં ઉદ્યોગો ખીલવવાની બીજી એકે યાંત્રિક યોજના આમપ્રજાને દિનપ્રતિદિન વધતી જતી કંગાલિયતમાંથી આજે બચાવી શકે એમ નથી. હિંદુસ્તાન કંઈ એક સામાન્ય કદનો દેશ નથી. એ તો એક વિશાળ ખંડ છે. અને ઇંગ્લંડની પેઠે કોઈ કાળે એને કારખાનાંઓનું જાળું કરી મૂકી શકાય એમ નથી, એ વાત આપણે કદાપિ ભૂલવી ન જોઈએ. અને આપણી પોતાની હાજતો કરતાં હજારો ગણું વધારે પેદા કરી લઈને તેના જોર ઉપર દુનિયાના દેશોને નિચોવવાની તો કોઈ પણ યોજનાને આપણે દૃઢતાપૂર્વક અભદ્ર અને અસ્પૃશ્ય જ માનવી જોઈએ. પ્રજાના વ્યર્થ વીતતા કલાકોનો આપણાં ગામડાંઓ અને ઝૂંપડાંઓમાં ઘેરઘેર કપાસમાંથી કાપડ પેદા કરવા પાછળ ઉપયોગ કરી દેશને સમૃદ્ધ કરવામાં જ આજે આપણી એકમાત્ર આશા રહી છે. આમ હિંદી પ્રજાના જીવનમાં રેંટિયાને હું હવા તેમ જ ખોરાકના જેટલી જ આવશ્યક વસ્તુ ગણું છું.

(નવજીવન, ૧૭-૪-’૨૧)

મોહનદાસ કરમચંદ ગાંધી

મુદ્રક અને પ્રકાશક: જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ, નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિક્ષણ અને સાહિત્ય

सा विद्या या विमुक्तये

गुरुकुल कांगड़ी

સંપાદકમંડળ

જુગતરામ દવે — મણિભાઈ દેસાઈ
ગોપાલદાસ પટેલ — મગનભાઈ દેસાઈ (તંત્રી)
ઠાકોરભાઈ દેસાઈ — જીવણજી દેસાઈ (વ્યવસ્થાપક)

વર્ષ ૧૩ — અંક ૧૧

નવેમ્બર — નવજીવન, અમદાવાદ — ૧૯૫૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિક્ષણ અને સાહિત્ય

નવેમ્બર, ૧૯૫૪

વર્ષ ૧૩ અંક ૧૧

અનુક્રમણિકા

વિષય	લેખક	પૃષ્ઠ
શબ્દવ્યૂહની મહામારી	મગનભાઈ દેસાઈ	૩૨૧
પાયાની કેળવણી – ગાંધીજીની મહાન ભેટ	રવિશંકર મહારાજ	૩૨૩
ફરી વિચારવું જોઈએ	બબલભાઈ મહેતા	૩૨૪
સમાજસેવકનું જીવન–પાથેય	મુકુલભાઈ કલાર્થી	૩૨૫
શિક્ષણમાં સુધાર	ડૉ. કાટ્જૂ	૩૨૬
હાઈસ્કૂલમાં ઇતિહાસનો અભ્યાસ		૩૨૭
રાષ્ટ્રભાષા હિંદીનું સાચું સ્વરૂપ	પં. સુંદરલાલ	૩૨૮
ગ્રામધીરધારનો એક પ્રયોગ	જયંતીલાલ મલકાન	૩૩૨
મધ	ગો૦	૩૩૫
વ્યાયામ વિદ્યાનો અભ્યાસ		૩૩૬
સંત તુકારામ	મુ૦ ક૦	૩૩૭
ઊડિયા સાહિત્ય પર આદિવાસીઓનો પ્રભાવ	લક્ષ્મીનારાયણ સાહૂ	૩૪૦
ડાંગની ભાષા	ઘેલુભાઈ નાયક	૩૪૨
કૃષ્ણકુમારી	ગો૦	૩૪૪
સત્યવીર સૉક્રેટીસ	મુ૦ ક૦	૩૪૬
માસિક વિવેચન		
નવા વરસનાં અભિનંદન	મ૦	૩૪૮
કૂતરાંની હાય!	મ૦	૩૪૮
કૉલેજોનું ધોરણ	મ૦	૩૪૮
અધ્યાપકોને	મ૦	૩૪૯
જાત–દયા–ખાઉપણું સારું નહીં	મ૦	૩૫૦
નરી નાદાનિયત	મ૦	૩૫૦
વગર સમજની વાત	મ૦	૩૫૧
હાઈકોર્ટની ભાષા	મ૦	૩૫૧
શિક્ષણનું માધ્યમ અને બંધારણ	મ૦	૩૫૨
ફટાકડા અને રેલસંકટ	મ૦	૩૫૨અ
નવું વાચન		
હરિજન સંતો	મુ૦ ક૦	૩૫૨અ
પલટાતા રંગ	મુ૦ ક૦	૩૫૨અ

સૂચના

આ માસિક દર મહિનાની પહેલી તારીખે બહાર પડશે.

એક અઠવાડિયામાં અંક ન મળે તો ગ્રાહકે પોતાનો ગ્રાહકનંબર લખી ખબર આપવાથી તે અંક મોકલી આપવામાં આવશે. એ પહેલાં ટપાલ ખાતામાં પૂરી તપાસ કરી લેવા વિનંતી છે.

સરનામાનો ફેરફાર અમને તુરત જણાવશો કે જેથી નવો અંક નવા સરનામે મોકલી શકાય.

ગ્રાહકોને પત્રવહેવાર કરતી વખતે પોતાનો ગ્રાહકનંબર અવશ્ય જણાવવા વિનંતી છે.

ગ્રાહકો પોતાનું લવાજમ નવજીવન કાર્યાલયની શાખાઓમાં મુંબઈ (૧૩૦, પ્રિન્સેસ સ્ટ્રીટ); સુરત (કણપીઠ બજાર); રાજકોટ (લાખાજીરાજ રોડ); દિલ્હી (ઍર ઇંડિયા ઑફિસ સામે, કૉનોટ સરકસ, નવી દિલ્હી); ઇંદોર (ગાંધી-ભવન, યશવંત રોડ) અને વડોદરા (કોઠી સામે, રાવપુરા) ભરી શકશે.

લવાજમના દર

દેશમાં રૂ. ૪); પરદેશમાં રૂ. ૬) અથવા શિ. દસ; છૂટક નકલ આઠ આના

વ્યવસ્થાપક,
શિક્ષણ અને સાહિત્ય
નવજીવન કાર્યાલય,
પો. નવજીવન, **અમદાવાદ–૧૪**

અમારાં નવાં પ્રકાશનો

શિક્ષણનું માધ્યમ : લે૦ ગાંધીજી, સંપા૦ ભારતન કુમારપ્પા; કિ. રૂ. ૦–૩–૦; ટપાલરવાનગી ૦–૨–૦.

ભાષાવાર રાજ્યરચના : લે૦ ગાંધીજી, સંપા૦ ભારતન કુમારપ્પા; કિં. ૦–૩–૦; ટપાલરવાનગી ૦–૨–૦.

વિનીત જોડણીકોશ : બૃહદ સાર્થ જોડણીકોશની શાળોપયોગી આવૃત્તિ. કિં. રૂ. ૭–૮–૦; ટપાલરવાનગી ૧–૧૨–૦.

બાપુના પત્રો—૩ : કુસુમબહેન દેસાઈને : સંપા૦ કાકા કાલેલકર; કિં. રૂ. ૦–૧૨–૦; ટપાલરવાનગી ૦–૪–૦.

સાપ : લે૦ શિવશંકર પ્રાણશંકર શુક્લ; કિં. રૂ. ૨–૮–૦; ટપાલરવાનગી ૦–૧૦–૦.

Medium of Instruction : By Gandhiji; Ed. Bharatan Kumarappa; Price Re. 0–4–0; Postage etc. 0–2–0.

Preparation for Science : By R. B. Gregg; Price Re. 1–8–0; Postage etc. 0–6–0.

This was Bapu : Com. By R. K. Prabhu; Price Rs. 2-0–0; Postage etc. 0–12–0.

નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ–૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિક્ષણ અને સાહિત્ય

सा विद्या या विमुक्तये

વર્ષ ૧૩-અંક ૧૧.] અમદાવાદ [નવેમ્બર, ૧૯૫૪

શબ્દવ્યૂહની મહામારી

શબ્દવ્યૂહ હરીફાઈ, આંકફરક, ઘોડદોડ વ૦ ઉપદ્રવો સમાજમાં આજે ખૂબ દેખા દઈ રહ્યા છે. કાળચક્રની ગતિમાં તેમના જેવી બદીઓને ઉપર આવવા વારો આવ્યો લાગે છે. તેમાંય છાપખાનાના યંત્રની અને રેલગાડીના વેગની આધુનિક જમાનાની મદદથી છાપાં, શબ્દવ્યૂહમાં જીતની લાલચના જોરે, જુલમ કરી રહ્યાં છે. તે ગામેગામ અને નહી ધારેલાં સ્થળે પહોંચ્યાં છે. છાપાવાળાને નકલો ખપે છે; એને બીજી શી પરવા? "વર મરો, કન્યા મરો, પણ ગોરનું તરભાણું ભરો"-વાળા ઘાટ છે.

છાપાવાળા પણ માંહોમાંહે હરીફાઈમાં જ છે ને? તેઓ છાપા તરીકેના કોઈ પ્રજાસેવી ગુણને વધારીને ઓછાં જ હરીફાઈ કરે છે! એ દૃષ્ટિએ જોવું હોય તો, છાપાંના કમિશનનો રિપોર્ટ હમણાં જ બહાર પડ્યો છે, તે કાંઈ એમને બહુ જશ દેનારો ન કહેવાય.

લોકો પણ બેકારી અને નાણાંભીડમાં છે; પણ નવાઈ તો એ છે કે, તેઓના ભોગવિલાસના ચસકા તે પ્રમાણમાં કશી જ ભીડ સહેવા તૈયાર નથી! બલ્કે તેઓ ઊલટા વધારે બહેકતા જાય છે. છાપાં પેઠે ધંધો કરી ખાવાનાં વલખાં મારતો સિનેમા પણ તેમાં રંગ ને રસ પૂરે છે.

જીવનધોરણ યેનકેન પ્રકારેણ વધારો, એ જાતની થોભ વગરની દૃષ્ટિવાળા યુગમાં બીજું થાય પણ શું? એમાંથી પછી સહેલા માર્ગોએ ધનવાન થવાની વૃત્તિ ઉશ્કેરાય છે. અને એમ વકરેલી લોભવૃત્તિનો લાભ લેવા ધુતારા શું કામ ન જાગે? તેઓ પણ એ જ લોભે મરી રહ્યા છે ને! તેઓ ધૂતવાનો ધંધો લે છે. આજના નાણાપ્રધાન અર્થતંત્રમાં વ્યસ્થિત ધુતારાવેડા તેનો એક અંશ જ છે, એમ વિચારકો કહે છે જ ને? આમ લોભિયા હોય ત્યાં ધુતારા ભૂખે શાને મરે?

આથી દુઃખી થઈ એક ભાઈ પત્ર લખે છે:—

"આપણે ઇચ્છીએ છીએ કે, સાચા રામરાજ્યના આપણે દ્રષ્ટા બનીએ. તો આજે ચાલી રહેતી શાપરૂપ આર્થિક અસમાનતા તો જરૂર ટાળવી પડે. પ્રજાતંત્રને શાપરૂપ હરીફાઈઓ-લૉટરીઓ બંધ કરવા આપણે પ્રયત્નો નહીં કરીએ, તો શ્રમના ઉત્પાદનને સાચી ભાવનાના નક્કર સ્વરૂપે જોઈ શકીશું નહીં. સખેદ નોંધ કરું છું કે, આજે આ બદી તો છેક નાનાં બાળકોથી માંડીને-હાઈસ્કૂલના ઉપલાં ધોરણો સુધી અને સ્ત્રી યા પુરુષ સુધી પહોંચી છે. આની નાગચૂડમાંથી ને મોહક જાળમાંથી ગરીબ યા તવંગર છૂટી શકતા નથી. આ રીતે લાખો લોકોના પૈસા વેડફાય છે.

"આર્થિક અસમાનતાને દૂર કરવા માટે આ હરીફાઈઓમાં વિકેન્દ્રીકરણ જેવું છે જ ક્યાં? વિપુલ ધનરાશિ એક બેને ત્યાં સંગ્રહ કરાય છે. લાખોની કમાણી વેડફાય છે ને લાખને ભોગે એક બે લક્ષ્મીના પૂજક તરીકે બહાર પડે છે.

"સૌથી વધુ દૂષિત કારણો તો એ છે કે, પૂ. મહાત્માજીના સિદ્ધાંતથી આ ઊલટ પાયા પર ચાલે છે.

૧. નાનાં નાનાં બાળકોનાં કુમળાં મગજ પર વિના શ્રમે શ્રીમંત બનવાની ઇચ્છા તૈયાર થાય છે. ફલસ્વરૂપે શ્રમની મહત્તા તેમના દિલમાં રહેતી નથી.

૨. બેકાર લોકો માને છે કે, આજે યા કાલે નસીબનું પાંદડું ખસી જશે, તો પૈસાદાર બનીશું. પણ સેંકડો આ રીતે બેકારીના ખપ્પરમાં વધુ હોમાય છે.

૩. રાંડીરાંડ બૈરાં દળણાં દળીને-પાણી ભરીને પેટ ભરતાં હતાં, તે પણ થોડાઘણા પૈસા હરીફાઈમાં ભરી, પાછલી ઉંમરે શ્રમમાંથી મુક્ત બની સુખ ભોગવવાની વ્યર્થ ઇચ્છા કરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"(દેશની) લોકશાહીને તેના સિદ્ધાંતમાંથી ચલિત કરતી હરીફાઈઓ વિરુદ્ધ જરૂર કંઈ કરવું ઘટે."

જે રાંડીરાંડ અને અનાથ સ્ત્રીના દુ:ખે ગાંધીજીએ રેંટિયો શોધ્યો, ધંટીના ગુણ ગાયા, પરસેવાના રોટલાની નૈતિક કિંમત બતાવી, અને તેમાં ચારિત્ર્યને વધારનારી તાકાત રહેલી છે કહ્યું, તે પ્રત્યે આજે જે બેધ્યાનપણું ચાલી રહ્યું છે, તે પણ આજના વાયરાને વાયા કરવામાં આડકતરું જોર પૂરે છે. જંગી ઉદ્યોગો અને ગંજાવર નફા ખાવાના લાગની અર્થપદ્ધતિઓને તેની પોતાની એક સંસ્કૃતિ રહેલી છે. તેની અસર તળે આવીને શિક્ષણની સંસ્થાઓ પણ પોતાનો ધર્મ ચૂકે છે, અને તે પણ અમુક જાતનો શબ્દવ્યૂહ જ બની ગઈ છે. ચોપડાં, ગોખણ અને પરીક્ષા એ આ વ્યૂહનાં ખાનાં છે, અને તેની ખાનાપૂરી એટલે શિક્ષણ, એમ જે આજે જોઈએ છીએ, તે એની મેળે થઈ બેઠેલી બીના નથી. જમાનાની તાસીર એ બતાવે છે.

છોકરાઓ પણ શબ્દવ્યૂહમાં પડે, ત્યાં રેંટિયો અને સાળ અથવા વાંસલો અને ખરપડી ઇત્યાદિ દ્વારા શિક્ષણની વાત કેટલી નભે? સરકાર, નોકરી, ધંધો, વેપાર ઇ૦નો ચાલુ સમાજનો જે ચરખો છે, તે જ આજે ફર્યા કરે છે; તેનો જ એક આરો શિક્ષણ બન્યું છે. તે બદલ્યા વગર આરો નથી, એ જોતાં સમજતાં છતાં, સરકારો કાંઈ કરી શકતી નથી; અને શ્રી મિરઝા ઇસ્માઈલ જેવા, પેલા પ્રખ્યાત યુગ-નિદ્રાગ્રસ્ત રિપ વાન વિંકલ પેઠે, પોતાની આરામ-ગુફામાંથી જાગીને જુએ છે ત્યારે બૂમો પાડે છે, તે પણ આપણે જોઈએ છીએ. અંગ્રેજી રાજ્યમાં જે બધું ચાલતું તેને તાંડવનૃત્ય કહેનારા આપણે પ્રામાણિકપણે સમજવું અને કબૂલ કરવું જોઈએ કે, એ નૃત્યના જ ઠેકામાં હજી આપણી ગતિ જકડાયેલી છે.

'राजा कालस्य कारणम्' — એ સનાતન સૂત્રથી પ્રજાજીવન ચાલે છે. હિંદમાં તો એમ જ છે. જ્યાં ધન અને રાજ્યનાં સત્તાસ્થાનોને પ્રથમ અર્ઘ્યપૂજા અપાય છે, ત્યાં તો બીજું કેમ જ માની શકાય? ત્યાં આજે શી દશા છે? રાષ્ટ્રપતિ કહે છે કે, ઝૂંપડીમાં રહેનારા મહાત્મા જેવા સુખી હતા, તેવો હું રાજ-મહેલમાં રહેનારો નથી; અને બંને હાથ ઊંચા કરીને પોકારે છે કે, 'સાદું જીવન અને ઉચ્ચ વિચાર' એ ભૂલશો નહીં. રાજ્યનો વડો પ્રધાન દુ:ખી અવાજે એકરાર કરે છે કે, જ્યાં ત્યાં જુનવાણીપણાની બૂથી હું થાકી ગયો છું અને અકળાયો છું. રાજ્યના અધિ-કારીઓ તેમના તુમારો અને મળતરોમાં મરી રહ્યા છે અને તેમને માટે નિયમો થાય છે કે, બીજી વાર ન પરણતા અને મિલકત ઇ૦ નોંધાવો. દેશના ધનપતિઓ બૂમો પાડી રહ્યા છે કે, અમારા નફા અને અમારા ધંધા બંધ કરશો, તો તમારી વાત તમે જાણી; અને ડાવકા થઈને નાને મોઢે મોટી વાત કરે છે કે, તેમ થશે તો દેશમાં ભૂખ, બેકારીનો આરો નહીં રહે. સમજણો અને શાણો ગણાતો મધ્યમ વર્ગ છાપાં અને શિક્ષણની શબ્દવ્યૂહની સાઠમારીમાં ગુલતાન છે. આ બધી વસ્તુઓ આજનો આગળપડતો પ્રધાન સૂર કાઢે છે, અને 'महाजनो येन गतः स पन्थाः' એ શિષ્ટાચારે તેની કેડે સમાજ-ચરખો ચાલે છે. આ પલટાય તો જ સાચું સ્વરાજ છે.

તેને પલટવાને માટે શું કરવું? ઉઘાડું છે કે, જુદા ઠેકાનું જીવનસંગીત પેદા થવું જોઈએ,—ભલે તેના સૂર ગમે તેવા ધીમા હોય. એ સૂર આજે રાજ્ય પેદા કરે છે? જો તેમાં હિંદના કલ્યાણના સાચા સૂર હશે, તો બીજા બસૂરા કોલાહલોએ શમવાપણું જ છે. આ શ્રદ્ધાથી અને આવી ટેકથી જીવનમાં ચાલ્યા જનારા વિરલ પથિકો, ગયા યુગ પેઠે જ આજે પણ જરૂરના છે. સત્તાના મદમાં હિંદના ઉપલા વર્ગો છકી ન જાય અને ધનની ધાલાવેલીમાં મધ્યમ વર્ગ તેની સાચી મૂડીરૂપ વિવેકવિચાર અને નીતિધર્મની માઝા ન મૂકે, એ ખબરદારી રાખવાની જરૂર છે. મધ્યમ વર્ગની આર્થિક ભીંસનાં રોદણાં રડવાં, એ એક વસ્તુ થઈ પડી છે. તેમાં તથ્યાંશ જરૂર છે; પણ તે કરતાંય વધારે રડવા જેવી વાત હોય તો એ વર્ગમાં જે નૈતિક સડો પેઠો છે તે છે. એ તો આર્થિક રીતે પણ ખરાબી પેદા કરે છે. એ સડાને જો રોકીશું તો આર્થિક બરકત પણ આવશે. હિંદના નવનિર્માણની આ સાચી 'અને જો ન સંભાળી તો અતિ જોખમભરેલી બાજુ તરફ પ્રજા હવે પહેલું ધ્યાન દેશે?

૧૬-૧૦-'૫૪ મગનભાઈ દેસાઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાયાની કેળવણી – ગાંધીજીની મહાન ભેટ

[ખેડા જિલ્લાની પ્રાથમિક શાળાઓના ઉદ્યોગકામનું પ્રદર્શન ઉત્તરસંડા મુકામે દશેરાને દિવસે (તા. ૭-૧૦-'૫૪) શ્રી રવિશંકર મહારાજે ખુલ્લું મૂક્યું. તે પ્રસંગે તેમણે જે વ્યાખ્યાન આપ્યું; તેનો સાર નીચે આપ્યો છે.]

આજે અહીં નાનાં બાળકોના ઉદ્યોગકાર્યનું પ્રદર્શન ખુલ્લું મૂકતાં મને ખૂબ આનંદ થાય છે.

દર્શન અને જોવું એમાં ફરક છે. સામાન્ય જોવું તે જોવું અને એની અંદર તથા પાછળ પડેલી ભૂમિકા અને ભાવોને જોવા તે દર્શન. તેમાંય આ તો પ્રદર્શન છે, એટલે વિશેષ દર્શન છે.

અહીંનું પ્રદર્શન જોઈને ખુશ થયો છું. આ તો બાળવર્ગ જેવું છે. પણ આપણે કાયમ ઓછા બાળવર્ગમાં રહેવાના છીએ? હવે સ્વરાજ્ય મળ્યું છે. એકેએક માણસે પોતાની જાતને પૂછવું જોઈએ કે, હું આ દેશને કેટલો ખપમાં આવ્યો અને આવીશ. એ ખ્યાલ આપણામાં જાગવો જોઈએ. એ માટે જીવન ઘડતર કરવું જોઈએ. એનું નામ છે કેળવણી.

હવે ચોપડીની માહિતીને કેળવણી માનવાનો જમાનો ગયો છે. પણ આ તો ક્રિયાનો જમાનો આવ્યો છે.

મહાત્માજીએ દેશને અને દુનિયાને ઘણી ચીજો આપી છે. પણ તેમાં છેલ્લી અને સર્વોત્કૃષ્ટ ચીજ નવી તાલીમ આપી છે. એની મારફત આપણે આખા દેશને ઘડવો છે. ભણતર અને કેળવણીનો ભેદ સમજી લેવાની જરૂર છે. ભણતર કેળવણીનું એક નાનકડું અંગ છે. કેળવણી જીવન ઘડે છે.

આજે ગાડીમાં એક બાઈ એના બાળકને ભજિયાં ખરીદીને આપતી હતી. મેં તે બહેનને પૂછ્યું કે, તને રસોઈ આવડે છે? તેણે કહ્યું, હા. મેં કહ્યું કે, નથી આવડતી; નહીં તો તું તારા બાળકને આવું અસ્વચ્છ અને અનારોગ્યવાળું ખવડાવે નહીં. એ માતાને એના બાળકનું ઘડતર કરતાં નહોતું આવડતું. એની પાસે દૃષ્ટિ નથી. એવી દૃષ્ટિ આપવી એ પણ કેળવણીનું કામ છે.

આપણે જીવવું છે. પણ લૂંટીને નથી જીવવું. ઉત્પન્ન કરીને જીવવું છે. એ માટેનાં સાધન આપણી ઇંદ્રિયો છે. એને કેળવવી પડશે. આપણે સ્વયંપાકી થવું જોઈએ. સમાજના હિતને નુકસાન કર્યા સિવાય પોતાનું પેદા કરેલું ખાવું, એનું નામ સાચો સ્વયંપાક છે.

વળી ઉત્પન્ન કર્યા પછી રક્ષણ કરતાં આવડવું જોઈએ. શ્રી કિશોરલાલભાઈના કહેવા પ્રમાણે ધારણ, પોષણ અને સત્ત્વસંશુદ્ધિ જોઈએ. પેદા તો ઘણા કરે છે. પણ તેમાંથી શક્તિ નથી મળતી, કેમ કે પેદા કરવામાં દોષ રહેલો હોય છે. અન્ન તેવા ઓડકાર એ ખોટું નથી. સ્વતંત્ર ભારતને શોભે એવા સત્ત્વસંશુદ્ધિવાળાં બાળકો આપણે જોઈએ છે. એ આજની કેળવણીનું કામ છે. આ થશે ત્યારે ભારતનું મોં ઊજળું થશે.

આપણે સામાજિક પ્રાણી છીએ. કોઈ એકલો નથી જીવી શકતો. સમાજનું આપણે અંગ છીએ, એટલે સમાજમય થવું જોઈએ, અને એવા થઈએ ત્યારે શાન્તિ પેદા થાય. મૃત્યુમાંથી અમૃતમાં લઈ જા, એટલે વ્યક્તિભાવમાંથી સમાજભાવમાં લઈ જા. એ શાન્તિમંત્રને આચારમાં ઉતારવો જોઈએ.

શિક્ષકોને હું આ તકે જણાવીશ કે, આપણા દેશમાં અનેક કુટેવો છે. સાચો કેળવણીકાર આવા દોષો સહન ન કરી શકે. એ વ્યસનોનો ભોગ બનેલો ન હોય. પણ આપણે જુદી રીતે ટેવાયેલા છીએ, એથી એ સહન કરી શકીએ છીએ. એટલું જ નહીં પણ એમાં રાચીએ છીએ. પરંતુ આ પ્રદર્શન જોતાં મને લાગે છે કે, આપણા શિક્ષકોનાં મોં ફર્યાં છે. પણ હજી આપણી ગતિ ગોકળગાયની છે, એ વધારવી પડશે. આપણી દૃષ્ટિ અને ટેવો બદલાશે, તેમાં ક્રાન્તિ આવશે ત્યારે આપણે પૂરા બદલાઈશું અને સમાજ પણ બદલી શકીશું. એ માટે સમાજમાં રહેલા દોષોથી જ્ઞાનપૂર્વક બચવું જોઈએ. દુનિયા વિનાશ તરફ દોટ કાઢી રહી છે. એને બચાવવી છે. એ કામ શિક્ષકનું છે, સરકારનું નથી. તમે એ કામ કરો તો સરકાર પ્રોત્સાહન આપશે અને આશીર્વાદ આપશે.

તેથી તમને હું એટલું જ કહીશ કે, તમે પોતે ફરો અને દેશને ફેરવો. આજે તો બધા પૈસાના જ વિચાર કરે છે. પણ પૈસા તો જેટલા વધશે એટલી તેની તાણ વધશે. હમણાં મેં એક ખેડૂત મિત્રને પૂછ્યું કે, પાકના ભાવ સારા આવ્યા એટલે ખેડૂતો બધા સુખી થયા હશે. તો તે કહે, ના મહારાજ, આજે તો કેટલાય ખેડૂતોને ત્યાં દાણાય નથી. એમ કેમ? સારા ભાવ આવ્યા ત્યારે તે ખેડૂતોએ થોડા રાખ્યા. મેં પૂછ્યું, કેમ થોડા રાખ્યા છે? એમણે કહ્યું કે, મહારાજ, ચાંદી પાકી છે. (ખેતરમાં કપાસ પાકયો હતો અને તેના ભાવ ખૂબ ઊપજતા હતા તેથી) તમને એમાં સમજણ નહીં પડે. પછી એ ચાંદી પાકી પણ વખત બદલાતાં તેની રૂઝ આવી નહીં. એવું આપણું થયું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હમણાં ભજન ગાયું તે મુજબ શિક્ષકે હોડી આરે આરે ચલાવવી જોઈએ. આપણે ગમે તેવી ભમરીઓમાં નાખીને ડૂબવા લાગ્યા છીએ. શિક્ષકે એ ધૂમરી કે ભમરીમાંથી પોતે બહાર નીકળવાનું છે અને બીજા અનેકને બહાર કાઢવાના છે.

આ પ્રદર્શન રસોઈની રમત જેવું છે એમ કહું તો તમે માઠું ન લગાડશો. નાનાં બાળકો રસોઈની રમત કરે છે, પણ તે રસોઈથી પેટ ભરાતું નથી. વિદ્યાર્થીઓ કાંતે છે, પણ ખાદી પહેરે છે કેટલા? શાળાઓમાં કાંતાયેલા સૂતરની ખાદી અહીં વેચાવા આવી છે, એ આપણી ત્રુટિ છે. આપણે ઘેર નાની દીકરી વાંકીચૂંકી રોટલી બનાવે છે, પણ ઘરમાં તે ભાવથી ખવાય છે. ત્યારે એનો વિકાસ થાય છે. ભક્તિ પ્રગટે તો જ કાર્ય શોભે. કાંતેલું બીજાને આપી દેવાનું સૂઝે છે એનું કારણ કાંતણકાર્યમાં ભક્તિ નથી અને એનું રહસ્ય સમજાયું નથી એ છે. ગાય પાહો મૂકે ત્યારે દૂધ નીકળે છે. આ ખાદી તો પાહો મૂકયા વિનાના દૂધ જેવી છે.

બધા શિક્ષકોને આ દૃષ્ટિ સમજવા અને પલટાતા યુગને પારખવાની હું ભલામણ કરું છું. અંગ્રેજોએ ઘણું લૂંટયું છે, એ પાછું આવશે. પણ એણે આપણા શિક્ષકોને વેચાતા લઈ લીધા, એ મોટામાં મોટી લૂંટ છે. શિક્ષક અને ન્યાયાધીશ પગારદાર કે નોકર ન હોય. એ સ્વતંત્ર હોય. આજે આપણા શિક્ષકોએ સ્વતંત્રતા ખોઈ છે. કોથળો પહેરીને દોટ મૂકવા જેવી આપણી હાલની સ્થિતિ છે.

કેળવણીનો દોષ બધાય કાઢે છે, પણ એમાં ફેરફાર નથી થતો. કારણ કે, એ ફેરફાર કરવા માટે સ્વતંત્ર દૃષ્ટિથી કામ કરવા માટે આપણે મંડી પડ્યા નથી.

આપણે બાળકને ઘડવો છે. આચાર શીખવે તે આચાર્ય. આપણામાં આચાર હશે તો આચાર્ય બની શકીશું. દુર્ગુણનો પણ સદ્‌ગુણની માફક ઉપયોગ કરતાં શીખીશું એટલે દુર્ગુણ દુર્ગુણ મટી જશે. ગુણનાં દર્શન કરો અને બાળકની શક્તિ પારખીને માબાપનો સહકાર મેળવો, તો આજે શિક્ષકની કદર નથી એ કદર થશે જ.

આપણું મોં ભારત દેશને બેઠો કરવા માટે ફેરવવાનું છે, એમાં તમે બધા શિક્ષકો મદદ કરો એવી આશા રાખું છું. પ્રભુ તમને બળ આપો.

ફરી વિચારવું જોઈએ

મુંબઈ સરકારે, તા. ૧૫-૬-'૫૩ સુધીમાં જે પ્રાથમિક શિક્ષકની નોકરી પાંચ વર્ષ સુધીની ન થઈ હોય, એવા બધા શિક્ષકોને અધ્યાપન મંદિરમાં મોકલતી વખતે એમનો પગાર ન આપતાં ફક્ત માસિક પચીસ રૂપિયાનું સ્ટાઇપેન્ડ આપવું, એવું ઠરાવ્યું છે.

હમણાં મારે કડિયાદરા જવાનું થયું હતું. ત્યાં આ સ્ટાઇપેન્ડ લઈને ફરજિયાત તાલીમ લેવા આવવું પડયું હોય એવા કેટલાક શિક્ષકોની હાલત જોવા મળી. એથી મનમાં અત્યંત દુઃખ થયું અને આપણા શિક્ષકોની આવી કરુણ હાલત જોઈને મનમાં એક પ્રકારની શરમ પણ આવી.

એક ભાઈને પાંચ વર્ષની મુદતમાં એક દિવસ ખૂટતો હતો. એટલે તે આ સ્ટાઇપેન્ડ પદ્ધતિનો ભોગ બન્યો. પાંચ વર્ષ સુધી આજના મોંઘવારીના જમાનામાં ટૂંકા પગારથી એ એના કુટુંબનો નિભાવ કરતો હતો.

હવે એણે હુકમ પ્રમાણે ફરજિયાત અધ્યાપન મંદિરમાં તાલીમ લેવા આવવાનું થયું. અધ્યાપન મંદિરમાં ત્યાંના રસોડાખર્ચના જ રૂપિયા ૨૨ ભરી દેવા પડે છે. બીજી ફી, પુસ્તકો, પાઠ અંગેની તૈયારીનું ખર્ચ એ બધું તો બાકી જ રહ્યું. પણ ઘેર પત્ની અને બાળકો બેઠાં છે એનું શું? સાંભળીને અત્યંત દુઃખ થયું કે, માતા એના ધાવણા બાળકને પોષણ થાય એટલું ધાવણ પણ નથી આપી શકતી. આ હાલતમાં આપણો શિક્ષક રહેશે તો આપણી કેળવણી ઊંચી આવી શકશે? કરકસર કરવાનાં આવાં જ સ્થળો બાકી રહ્યાં છે? સરકારે ખર્ચમાં કરકસર કરવી જ હોય તો એનાં ખાતાંઓમાં બીજાં અનેક કરકસર કરવા જેવાં સ્થાનો પડ્યાં છે એ ઢૂંઢી કાઢવાં જોઈએ.

ભાવી નાગરિકને ઘડનાર ઉપર જ આવી કરકસરની કાતર ચાલે છે, એ અત્યંત શોચનીય છે. સરકારી કોઈ પણ નાના નોકરને જીવન નભાવવા માટે પૂરતો પગાર આપવાની એની નેમ પાર પાડવાની મુદત ઠરાવી સરકારે વહેલી તકે તે જાહેર કરવી જોઈએ.

આ બાબતમાં સમાજના જાગ્રત વર્ગોએ પણ પોતાના મતનો ટેકો આપવો જોઈએ અને તેને વ્યાપક બનાવવો જોઈએ.

મુંબઈ રાજ્યના પ્રાથમિક શિક્ષકોના સ્ટાઇપેન્ડનો પ્રશ્ન ફરી વિચારણા માગે છે, એ વિષે હું એ બાબતમાં સંબંધ ધરાવનાર સૌ કોઈનું ધ્યાન ખેંચું છું.

૧-૧૦-'૫૪ **બબલભાઇ મહેતા**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમાજસેવકનું જીવન-પાથેય

એક બૌદ્ધ ગ્રંથમાં કહ્યું છે:—

'બધા પંથોમાં પોતાનો પંથ ઉત્તમ છે, એમ સમજીને ચાલનાર પ્રાણી આ જગતમાં પોતાના પંથને મહત્ત્વનો માને છે, અને બીજા પંથો તેનાથી હીન છે એમ કહે છે; અને તેથી તે વિવાદથી પર થતો નથી. તે પોતાના પંથમાંનાં દૃષ્ટ, શ્રુત, શીલવ્રત અથવા અનુમિતમાં જ ફાયદો જુએ છે, અને પોતાની આ સમજણ સારી છે એમ માની લઈને બીજા બધા પંથોને હીન ગણે છે. જે દૃષ્ટિની આસક્તિને લીધે તે બીજાને હીન ગણે છે, તે એક ગ્રંથિ છે, એમ સુજ્ઞો કહે છે. માટે ભિક્ષુએ દૃષ્ટ, શ્રુત, અનુમિત કે શીલવ્રતમાં આસક્ત થવું નહીં. આ જગતમાં તેણે જ્ઞાનમાં કે શીલમાં જુદી દૃષ્ટિની કલ્પના કરવી નહીં; હું બીજાની સમાન છું, બીજાથી હીન છું, કે શ્રેષ્ઠ છું, એવી તુલના પણ કરવી નહીં.'

આ આદેશ સમાજસેવકે પણ આચારમાં મૂકવો જોઈએ. પોતાનાં હૃદય અને બુદ્ધિ વિશાળ બને એવો સદા પ્રયત્ન કરવો જોઈએ. ઉત્તમ રીતે સેવા કરવા માટે ચિત્તશુદ્ધિની અત્યંત આવશ્યકતા છે. સેવા પણ એક સાધના જ છે. એમાં મન જો નિર્મળ ન હોય, તો સેવાનું સુફળ મળવું દુર્લભ છે.

વળી સમાજસેવકે આધ્યાત્મિકતામાં આગળ વધવું જ જોઈએ. ઈશ્વરનું સદા સ્મરણ કરી, આપણા એકેએક કાર્યમાં ઈશ્વરને સાક્ષી રાખી આપણો ધર્મ બજાવતા રહેવું. જો આપણે ઈશ્વરને આપણા જીવનમાંથી બાદ કરીશું, તો આપણી દુર્ગતિ નિશ્ચિત થશે. માટે સર્વશક્તિમાન પરમાત્માને સર્વદા નજર સામે રાખવો જોઈએ.

બુદ્ધ ભગવાનનું નીચેનું દૃષ્ટાંત હંમેશાં દૃષ્ટિ સમીપ રાખવું જોઈએ. અંગ્રેજીની પેલી ઉક્તિ પણ એની સાથે સાથે યાદ રાખવા જેવી છે: ('When Wealth is lost, nothing is lost; When Health is lost, something is lost; but when Character is lost, everything is lost.') 'જો ધન જાય, તો કશું જ જતું નથી; જો સ્વાસ્થ્ય ગુમાવી દઈએ, તો કાંઈક ગુમાવેલું કહેવાય; પરંતુ જો ચારિત્ર્ય ગુમાવી બેસીએ, તો બધું જ ગયું સમજવું.'

હવે દૃષ્ટાંત જોઈએ. એમાં થોડો શાબ્દિક ફેરફાર કરીને સમાજસેવક બોધપાઠ ગ્રહણ કરી શકે.

ભગવાન બુદ્ધે સોણદંડ બ્રાહ્મણને પૂછ્યું: "બ્રાહ્મણત્વનાં મુખ્ખ અંગો કયાં?"

સોણદંડ બોલ્યો: "ભો ગોતમ! બ્રાહ્મણત્વનાં પાંચ મુખ્ય અંગો છે: (૧) તેની જાતિ શુદ્ધ હોવી જોઈએ; (૨) તે ત્રણે વેદ અને વેદાંગમાં પારંગત હોવો જોઈએ; (૩) તે ભવ્ય હોવો જોઈએ; (૪) સુશીલ હોવો જોઈએ; અને (૫) પ્રજ્ઞાવંત હોવો જોઈએ."

બુદ્ધ ભગવાને પૂછ્યું, "આ પાંચમાંનું એકે અંગ ગૌણ છે ખરું?"

સોણદંડ — "આમાંથી ભવ્યરૂપતા બાદ કરી શકાય એમ છે. બાકીનાં ચાર અંગ પૂરતાં છે."

ભગવાન બુદ્ધ — "આ ચારમાંથી એકાદું અંગ ઓછું કરી શકાય એમ છે કે?"

સોણદંડ — "વેદપારંગતતા છોડી દઈ શકાય."

ભગવાન બુદ્ધ — "આ ત્રણમાંથી પણ એકાદ અંગ બાદ કરી શકાય કે?"

સોણદંડ — "હા જી, જાતિ બાદ કરી શકાય."

સોણદંડ બ્રાહ્મણનો આ જવાબ સાંભળીને ત્યાં હાજર રહેલા ઘણા બ્રાહ્મણોએ તેનો સખત વિરોધ કર્યો.

એટલે સોણદંડ બ્રાહ્મણોને ઉદ્દેશીને બોલ્યો, "હે બ્રાહ્મણો! હું ભવ્યરૂપતા, વેદપારંગતતા અને જાતિનો નિષેધ કરું છું એમ ન સમજતા, પરંતુ મારો ભત્રીજો આપણી વચ્ચે બેઠો છે, તેના તરફ જુઓ. એ ભવ્ય છે, વેદપારંગત છે, અને ઊંચા કુળનો છે. પણ એ હિંસા કરવામાં પાછું વાળી જોતો નથી; પરદારાગમન કરવામાં, ખોટું બોલવામાં કે મદ્યપાન કરવામાં પણ કંઈ બાકી રાખતો નથી. અહીં તેની ભવ્યરૂપતા,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વેદપારંગતતા કે જાતિ શું કરી શકે? માટે શીલ અને પ્રજ્ઞા એ જ મુખ્ય અંગો ગણી શકાય."

બુદ્ધ ભગવાને સોણદંડને પૂછ્યું, "આ બેમાંથી એકાદું અંગ હજી ઓછું કરી શકાય ખરું?"

સોણદંડે દૃઢતાપૂર્વક ઉત્તર આપ્યો: "ના જી, પ્રજ્ઞા શીલ વડે પરિશુદ્ધ થાય છે, અને શીલ પ્રજ્ઞા વડે પરિશુદ્ધ થાય છે. પ્રજ્ઞા અને શીલનો સમાન વિકાસ થવો જોઈએ. આ બે ગુણ આ લોકમાં શ્રેષ્ઠ છે."*

૨૦-૭-'૫૪ **મુકુલભાઈ કલાથી**

* શ્રી મહાદેવ દેસાઈ સમાજસેવા મહાવિદ્યાલયના જૂના વિદ્યાર્થીઓએ પોતાનું મંડળ સ્થાપ્યું છે અને અરસપરસ પરિચય તથા જાણકારી મળતી રહે તે અર્થે, 'મ૦ દે૦ સમાજસેવા મહાવિદ્યાલય પરિવાર' નામે એક પત્રિકા કાઢે છે. તેના અંક ૨ માંથી ઉપરનો લેખ છે.

શિક્ષણમાં સુધાર

[ડૉ. કાટ્જૂ તા. ૮-૧૦-'૫૪ના રોજ વિદ્યાપીઠમાં પધાર્યા તે પ્રસંગે વિદ્યાર્થી તથા શિક્ષક ભાઈબહેનો તેમને મળવા ભેગાં થયાં હતાં, તેમને ઉદ્દેશીને આપેલું વ્યાખ્યાન મૂળ હિંદીમાં જ અહીં આપ્યું છે.]

બહુત અરસેસે મેરી ઇચ્છા થી કિ મૈં અહમદાબાદ આઊં. એક દફે મૈં અહમદાબાદસે હવાઈ જહાજસે ગુજરા થા. મગર આધ ઘંટે હવાઈ અડ્ડે પર હી ઠહરા થા.

અહમદાબાદ મેરે લિયે એક યાત્રાધામકી તરહસે હૈ. મૈં ઉન જગહ ઔર સંસ્થાઓંકો દેખને આયા હૂં, કિ જહાં ગાંધીજી રહે ઔર જિનકો ગાંધીજીને સ્થાપિત કિયા.

આપ લોગોંસે મૈં કુછ જ્યાદા તો નહીં કહના ચાહતા, મગર એક બાત આપસે કહૂંગા, વહ યહ કિ, આપ લોગ બડે ભાગ્યશાલી હૈં કિ જો ગાંધીજીકી બનાઈ હુઈ સંસ્થામેં પઢ રહે હૈં. ઇસસે આપકી જિમ્મેવારી ભી અધિક હો જાતી હૈ. કિસી સંસ્થાકા વિદ્યાર્થી અચ્છા કામ કરતા હૈ તો ઉસસે ઉસ સંસ્થાકી ઇજ્જત બઢતી હૈ. ઔર અગર ખરાબ કામ કરતા હૈ તો સંસ્થા ઔર શિક્ષક બદનામ હોતે હૈં. આપ તો ગાંધીજીકી બનાઈ હુઈ સંસ્થામેં પઢ રહે હૈં ઔર આપકો ગાંધીજીકા માર્ગદર્શન ભી મિલા હૈ. ગાંધીજીકી આત્મા આપકી દેખભાલ કરતી હૈ.

ગાંધીજી હમેં જીવનકે હર એક પહલૂકી બાબત બતા ગયે હૈં — બહનોંકા ક્યા કર્તવ્ય, વિદ્યાર્થિયોંકો ક્યા કરના ચાહિયે, હરિજનોંકો ક્યા કરના ચાહિયે, હમ સવર્ણોંકો ઉનકી તરફ કિસ તરહ વર્તાવ રખેં, વગૈરહ.

શિક્ષાકે સુધારકા સવાલ હમારે સામને હૈ. આજકલ જબ ઇમ્તહાનોંકા નતીજા નિકલતા હૈ તો જો વિદ્યાર્થી ફેલ હો જાતે હૈં, વે બડા અપમાન સમઝતે હૈં ઔર કોઈ કોઈ તો ખુદકશી ભી કર લેતા હૈ. દિલ્લીમેં જબ ઇમ્તહાનોંકા નતીજા નિકલતા હૈ, તો લડકોંકા કુતુબસાહબકી લાટ પર ચઢના બંદ કર દેતે હૈં. ક્યોંકિ કઈ લડકોંને ફેલ હોને પર કુતુબસાહબકી લાટ પરસે ગિરકર અપને પ્રાણ દે દિયે. જો વિદ્યાર્થી ચાર સાલ કૉલેજમેં પઢા હૈ, બાકાયદા હાજિર રહા હૈ, ચાલચલન બર્તાવ ઠીક રહા હૈ, તો ઉસે ક્યોં ફેલ કિયા જાય? હર એકકો ડિગ્રી દે દી જાય, કિ જિસકા મતલબ યહ હૈ કિ, વિદ્યાર્થીને ચાર સાલ અભ્યાસ કિયા હૈ. સરકારી નૌકરિયોંકે લિયે ઉનકી જરૂરતોંકે અનુસાર ઇમ્તહાન લિયે જાયેં, ઔર જો ઉનમેં પાસ હો જાયેં ઉનકો નૌકરિયાં દી જાયેં. ગાંધીજી હમેં શિક્ષાકે બારેમેં ભી બતા ગયે હૈં. આજકલ જો શિક્ષાપદ્ધતિ હૈ વહ અંગ્રેજોંકી જારી કી હુઈ હૈ, ઉસે હમે બદલના હૈ ઔર હમ ઉસકો ગાંધીજીકે બતાયે હુએ ઢંગસે હી બદલેંગે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાઈસ્કૂલમાં ઈતિહાસનો અભ્યાસ

[માધ્યમિક શાળાઓમાં કામ કરતા કેટલાક શિક્ષકો તરફથી મળેલું નીચે પ્રસિદ્ધ કર્યું છે.]

રાષ્ટ્રજીવનના ઘડતરમાં ઇતિહાસના શિક્ષણને જે મહત્ત્વનું સ્થાન છે તે દૃષ્ટિએ, આઝાદી આવતાં ઇતિહાસના અભ્યાસક્રમમાં સંજોગો અનુસાર આવશ્યક ફેરફારો કરી લેવામાં આવે તે ઇચ્છનીય ગણાય. પરંતુ આ ફેરફારો કરતી વખતે તે અંગેના આદર્શોની સાથે સાથે તે અંગેની તમામ વાસ્તવિકતાઓ પણ સંપૂર્ણપણે લક્ષમાં લેવાવી જોઈએ. આ રીતે જોતાં મુંબઈ રાજ્યની માધ્યમિક શાળાઓ માટેના ધો. ૮થી ૧૧ માટેના ઇતિહાસના નવા અભ્યાસક્રમની કેટલીક બાબતો તરફ લાગતાવળગતાઓનું ધ્યાન ખેંચવું જરૂરી જણાય છે.

ધો. ૮ થી ૧૧ સુધીના નવા અભ્યાસક્રમોની સરકારી પુસ્તિકામાં ઇતિહાસના અભ્યાસક્રમને ધોરણવાર વહેંચીને પ્રત્યેક ધોરણના અભ્યાસક્રમને ૧૦ થી ૧૩ જેટલા મુદ્દાઓ કે પેટા વિભાગો રૂપે રજૂ કરવામાં આવેલો છે. આમાંના દરેક મુદ્દાને કેટલું મહત્ત્વ આપવાનું છે તે વિશે કશી સ્પષ્ટતા કરવામાં આવેલી જણાતી નથી. જો અનુક્રમાંક સાથે રજૂ કરેલ મુદ્દાને સરખું જ મહત્ત્વ આપવાનું છે એમ સમજીએ, તો હિંદના ઇતિહાસની ખૂબ જ મહત્ત્વની ગણાય એવી કેટલીયે બાબતોને ગંભીર અન્યાય થયો છે, એમ કહી શકાય. અભ્યાસક્રમ પર ઊડતી નજર નાખતાંય જોઈ શકાય છે કે, મુદ્દાઓની સંખ્યાની દૃષ્ટિએ દુનિયાના ઇતિહાસની બાબતો એટલી બધી જગા રોકે છે કે, હિંદનો ઇતિહાસ જાણે કે પશ્ચાદ્ ભૂમિકામાં ચાલી જતો હોય, એવું જણાયા વિના રહેતું નથી. બીજી તરફ હિંદનો રાજકીય, સામાજિક અને સાંસ્કારિક વિકાસક્રમ સમજવામાં જેનો અભ્યાસ અનિવાર્ય ગણાય એવી મહાન વ્યક્તિઓ અને ઘટનાઓનો ઉલ્લેખ સરખોયે જોવામાં આવતો નથી. દાખલા તરીકે પ્રાચીન સમયના અભ્યાસક્રમમાં કૌટિલ્ય, ચંદ્રગુપ્ત મૌર્ય, સમુદ્રગુપ્ત, ચંદ્રગુપ્ત બીજો, હર્ષવર્ધન, શંકરાચાર્ય, પ્રાચીન વિદ્યાપીઠો વગેરેનો નામનિર્દેશ નથી. મધ્યયુગના અભ્યાસક્રમમાં મધ્યયુગીન સંતો, શેરશાહ, રાણો પ્રતાપ, શિવાજી, પેશ્વા માધવરાવ વગેરેનો ઉલ્લેખ નથી. આધુનિક સમયની બાબતોમાં રાજા રામમોહન રાય, દયાનંદ સરસ્વતી, સ્વામી વિવેકાનંદ, ગોખલેજી, ટિળક મહારાજ, ગાંધીજી, જવાહરલાલજી વગેરે વ્યક્તિઓનો તથા બ્રાહ્મસમાજ, પ્રાર્થનાસમાજ, આર્યસમાજ, ગ્રામોદ્યોગ પ્રવૃત્તિઓ, અસ્પૃશ્યતાનિવારણ વગેરે સુધારાની ચળવળોનો ઉલ્લેખ નથી.

અભ્યાસક્રમની પુનર્રચનાના કાળમાં જૂની વિગતો વિના ઉલ્લેખે સમજી લેવામાં આવશે એવું ગૃહીત લીધું હોય તો તે બરાબર નથી. સામાન્ય શિક્ષકનો ખ્યાલ રાખીને લંબાણ કે પુનરુક્તિનો દોષ વહોરીને પણ આવશ્યક વિગતો અને તે અંગેની જરૂરી સૂચનાઓ ચીવટપૂર્વક રજૂ કરવાનો આગ્રહ રાખવો ખાસ જરૂરી છે. એસ. એસ. સી. પરીક્ષાના અભ્યાસક્રમમાં ઘણી વિગતો છે; જ્યારે રાજ્યના કેળવણી ખાતાના અભ્યાસક્રમમાં આ બાબતમાં દુઃખદ દુર્લક્ષ થયું છે.

આ અભ્યાસક્રમમાંના આંતરરાષ્ટ્રીય બાબતોને લગતા અમુક મુદ્દાઓનું જ્ઞાન સામાન્ય જ્ઞાન (General Knowledge) કે ચાલુ બનાવો (Current Topics) અંગેની વાતચીત દ્વારા સારી રીતે આપી શકાય. આ મુદ્દાઓને ઇતિહાસના અભ્યાસક્રમમાં સામેલ કરવાને બદલે બીજી રીતે શીખવવા અંગે સામાન્ય સૂચનો આપી શકાય.

ગ્રીસ, રોમ વગેરેના વારસાની હકીકત ધો. ૮માના અભ્યાસક્રમમાં દાખલ કરવામાં આવી છે. એ કક્ષાનાં બાળકોની ઉંમર અને સમજની દૃષ્ટિએ એ વધારેપડતું ન ગણાય ?

માધ્યમિક શિક્ષણમાં હિંદના તથા જગતના ઇતિહાસને કેટલું અને કેવું સ્થાન હોવું ઘટે, એ અંગે વિચારોની સ્પષ્ટતા થવી જરૂરી છે. અમે માનીએ છીએ કે, આ કાળના વિદ્યાર્થીને માટે તો સમાજના અને દેશના સળગતા પ્રશ્નોને તે યોગ્ય ભૂમિકા (Perspective)માં સમજી શકે તેવી રીતે દેશના ઇતિહાસનો વિગતવાર અભ્યાસ જ પૂરતો ગણાય. તેનામાં સંકુચિત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેશાભિમાનની ગ્રંથિ ન રચાઈ જાય તે દૃષ્ટિએ, માનવ વિકાસક્રમમાં અન્ય દેશોએ આપેલા ફાળાની પ્રાસંગિક વાતચીત અસ્થાને ન ગણાય. પરંતુ બીજી ત્રીજી બાબતોની લાંબી વાતચીતોમાં દેશના ઇતિહાસની મહત્ત્વની બાબતો અસ્પૃશ્ય ન રહી જાય તેની જરૂરી સાવધાની રાખવી જ જોઈએ.

રાષ્ટ્રભાષા હિંદીનું સાચું સ્વરૂપ

થોડા વખત પર પાર્લમેન્ટમાં થયેલી ચર્ચાઓને પરિણામે, હિંદીનો પ્રશ્ન વળી પાછો આગળ આવ્યો છે.

આ પ્રશ્ન અંગે અનેક અભિપ્રાયો વ્યક્ત થયા છે. એમાંથી કોઈ એક અભિપ્રાયમાં નહીં, પરંતુ જુદા જુદા અભિપ્રાયોના સમન્વયમાં કદાચ સત્ય રહેલું છે. હિંદીને સંગીન વ્યાવહારિક ધોરણે વિકસતી જોવા જેઓ ઇચ્છે છે, તેમણે આ પ્રશ્ન અંગે ખૂબ સહિષ્ણુતા દાખવવી જોઈએ અને શાસ્ત્રીય તથા પૂર્વગ્રહરહિત બુદ્ધિથી એનો વિચાર કરવો જોઈએ. અસહિષ્ણુતા અને મતાભિનિવેશે હિંદીના હિતને ભારે નુકસાન પહોંચાડ્યું જ છે અને થોડાં વર્ષ ઉપર જેનો વિચાર સરખો ન આવી શકે એવો વિરોધ એની સામે જગાડ્યો છે.

ઉત્તર ભારતના વિશાળ ભાગમાં જે ભાષા સામાન્યપણે બોલાય છે અને સમજાય છે, એ હિંદી છે કે હિંદુસ્તાની, એ વિશે દલીલ કરવી એ મિથ્યા પ્રયાસ છે. આ ભાષાને પરદેશીઓએ આ બન્ને નામ આપેલાં. આરબો એને હિંદી કહેતા, જ્યારે ઈરાનીઓ અને યુરોપિયનો એને હિંદુસ્તાની કહેતા. ગાંધીજી એને હિંદુસ્તાની કહેવાનું પસંદ કરતા.

હિંદી એ ભાષાનું લિખિત અને હિંદુસ્તાની બોલાતું સ્વરૂપ છે એમ કહેવું યોગ્ય નથી. ભાષાના લિખિત સ્વરૂપને એના બોલાતા સ્વરૂપથી ભિન્ન લેખવું એ એને મારી નાખવાનો સૌથી અચૂક માર્ગ છે. જન-સાધારણની નિકટતમ હોય એ જ ભાષા જીવી શકે. જો જનતા સાથેનો સંપર્ક હિંદી ગુમાવશે તો એ રાષ્ટ્રભાષા હોવાનો દાવો નહીં કરી શકે, તેમ એ લાંબું ટકશે પણ નહીં.

આ અંગે ચીન એક સારું દૃષ્ટાંત પૂરું પાડે છે. ચીનના દરેક પ્રાંતમાં ભિન્ન ભાષા છે. વર્ષો પહેલાં ડૉ. સુન યાત સેને રાષ્ટ્રના વિદ્વાનોને ભેગા કરેલા અને શિષ્ટ ચીની મનાતી પિકીની બોલી ઉપર રચાયેલી રાષ્ટ્રભાષા ઘડી કાઢવાનું એમને જણાવેલું. વિદ્વાનોએ ખૂબ સમય લઈને મોટા શબ્દકોશો અને વ્યાકરણો તૈયાર કર્યાં. પરંતુ જનતાએ આ નવી ભાષા સ્વીકારી નહીં. શબ્દકોશો પુસ્તકાલયોમાં અવાવરુ પડી રહ્યાં અને વ્યાકરણો વેચાયાં નહીં!

એક પેઢી વીતી ગઈ. ચીનની નવી હકૂમતે જૂની પદ્ધતિનો અસ્વીકાર કર્યો અને ભિન્ન ભિન્ન પ્રાંતિક ભાષાઓની વિશાળ પીઠિકા ઉપર રચાયેલી એક રાષ્ટ્રભાષા ઘડી. એનું પરિણામ એ આવ્યું કે, આજે ચીનની રાષ્ટ્રભાષા એ દેશના બધા ભાગોમાં સમજાય છે, હજારો પુસ્તકો એમાં છપાય છે અને સર્વત્ર વંચાય છે.

પરભાષાના શબ્દોનો ત્યાગ

હિંદીના ભાતીગળ ઇતિહાસ દ્વારા વિદેશી શબ્દો તથા શબ્દપ્રયોગો એમાં ભળીને એકરૂપ બની ગયા છે. એવી કોઈ ભાષા નથી જે અન્ય ભાષાઓના શબ્દો, શબ્દપ્રયોગો ગ્રહણ કરીને સમૃદ્ધ ન બની હોય. જગતની એક સૌથી સમૃદ્ધ અને સૌથી વધુ વિકસેલી ભાષા અંગ્રેજી એનું સારું ઉદાહરણ છે. વિદેશી ભાષાઓમાંથી લીધેલા અને હવે અંગ્રેજીના અવિભાજ્ય અંગરૂપ લેખાતા શબ્દોની સંખ્યા હજારોની થવા જાય છે.

જગતની ભાગ્યે કોઈ એવી ભાષા હશે જેના સંપર્કમાં અંગ્રેજી આવી હોય અને તેમ છતાં જેની પાસેથી એણે છૂટથી ગ્રહણ ન કર્યું હોય. એકલા ભારતીય મૂળના જ હજારો શબ્દો ગણાવી શકાય. જેમણે ભારતની ભૂમિ ઉપર કદી પગ મૂક્યો નહોતો, જેઓ કોઈ ભારતીય ભાષા જાણતા નહોતા, એવા શિષ્ટ અંગ્રેજ લેખકો પણ આવા શબ્દોનો છૂટથી ઉપયોગ કરતા. 'મૅન્ગો' અને 'જૅક ફ્રૂટ' જેવા વિશિષ્ટપણે અંગ્રેજી શબ્દો પણ મૂળ ભારતીય છે. એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે મલયાલમના શબ્દો "manga" — માંગા અને "Chakka Paxham" — "ચાક્કા પાઝમ્". ભારતમાં જે અંગ્રેજોએ પ્રથમ આ ફળ ખાધાં, એમણે એને માટે નવા શબ્દો ઘડ્યા નહીં, પરંતુ ભારતીય નામ અપનાવ્યાં.

રેલ, ટિકિટ, એન્જિન, સાઇકલ, મોટર, અનાર, સેવ, હલ્વા, સરદા, ગુલાબ અને બીજા સંખ્યાબંધ શબ્દો જેમને હિંદીએ અંગ્રેજી, ફ્રેન્ચ, પોર્ટુગીઝ, અરબી, ફારસી, તુર્કી, ચીની અને બીજી ભાષાઓમાંથી અપનાવ્યા છે, એ શબ્દો માટે નવા શબ્દો ઘડવાનો જો આપણે પ્રયાસ કરીએ, તો એ મિથ્યા ગણાશે. આવા શબ્દો હિંદીના સમૃદ્ધ વારસાના અંગભૂત બની ગયા છે અને હિંદીમાંથી એમને દૂર કરવાનો કોઈ પ્રયાસ એ ભાષાની સૌથી મોટી કુસેવા કરવા બરાબર છે અને એના મૂળમાં જ ઘા કરવા સમાન છે.

સંસ્કૃત શબ્દો

કેટલાક બીજી એક એવી ભ્રામક માન્યતા ધરાવે છે કે, અઘરા સંસ્કૃત શબ્દો હિંદીને ગૌરવ અને અભિવ્યંજકતા અર્પે છે. આ મિત્રો એવો મત ધરાવે છે કે, આવા શબ્દોની મદદ વગર હિંદી આધુનિક વિચારો દર્શાવી શકે એમ નથી. આધુનિક ખ્યાલોની અભિવ્યક્તિ અર્થે એક પ્રાચીન ભાષાનો વિનિયોગ માન્ય રાખતું આવું વલણ તર્કવિરુદ્ધ છે એ વાત બાજુએ રાખીએ, તોપણ આ લોકોની નજર બહાર એ વાત રહી જાય છે કે, અંગ્રેજીનું આગમન થયું ત્યાં સુધી, હિંદી માનવબુદ્ધિના ઉચ્ચતમ ને ઉદાત્તતમ વિચારો વ્યક્ત કરી શકે એવી ક્ષમતાવાળી ભાષા મનાતી. હિંદી પાછળ પડી ગઈ છે એનું કારણ એ છે કે, છેલ્લાં દોઢસો વર્ષથી ભારતમાં આ પ્રયોજનાર્થે અંગ્રેજીનો ઉપયોગ થયો છે.

સંસ્કૃત એક સુવિકસિત અને સમૃદ્ધ ભાષા છે, એમાં કશી શંકા નથી. આ ભાષામાં નીતિ, તત્ત્વજ્ઞાન અને અધ્યાત્મના ભંડારો છે, જેની માનવજાત માટે કાયમી કિંમત છે. વિશ્વભરના વિદ્વાનો ને શોધકોનું એની તરફ સદૈવ આકર્ષણ રહેશે. પરંતુ હિંદીને સંસ્કૃતને પાલવે બાંધવાથી તો એનો નૈસર્ગિક વિકાસ રૂંધાશે, એની અંતર્ગત અભિવ્યંજકતા મર્યાદિત બની જશે અને સામાન્યતયા એની પ્રગતિ રૂંધાશે.

આનો અર્થ એ નથી કે, હિંદીને સંસ્કૃત સાથે કશો સંબંધ જ ન હોવો જોઈએ. પાપ, આકાશ, સુંદર, મંદિર, જલ અને નીર જેવા સંખ્યાબંધ સંસ્કૃત શબ્દો હિંદીમાં ખૂબ પ્રચલિત થયા છે અને બીજા કોઈ મૂળના શબ્દો જેટલા જ એના શબ્દભંડોળના અવિભાજ્ય અંગરૂપ બન્યા છે.

અભિનવ વિચારો વ્યક્ત કરવા માટે હિંદી, જરૂર લાગશે ત્યાં, સંસ્કૃતમાંથી તેમ જ અન્ય ભાષાઓમાંથી શબ્દો લેવાનું ચાલુ રાખશે. પરંતુ આવી રીતે લીધેલા શબ્દો એણે એના સત્ત્વને અનુકૂળ થાય એ રીતે ઢાળવા જોઈએ અને સંસ્કૃતના કરતાં એના પોતાના વ્યાકરણ અનુસાર એનાં રૂપો નક્કી કરવાં જોઈએ. અહીં પણ, અંગ્રેજીનું દૃષ્ટાંત બોધદાયક છે. અંગ્રેજીએ લૅટિન તથા ગ્રીક શબ્દભંડારમાંથી છૂટથી શબ્દો લીધા છે, પરંતુ ઉછીના લીધેલા આ શબ્દોનાં મોટા ભાગનાં રૂપ એણે પોતાને અનુકૂળ થાય એ રીતે ઢાળ્યાં છે.

શુદ્ધ તત્સમ રૂપોનો ઉપયોગ

વળી બીજા એક ભય સામે તકેદારી રાખવાની છે. દૂધ (milk) અને ઈતવાર (Sunday) જેવા હિંદીના અનેક તદ્ભવ શબ્દોની જગ્યાએ (આવા શબ્દોમાં મૂળરૂપ ભાષાવિકાસની પ્રક્રિયા દ્વારા બદલાઈ ગયું છે) 'દુગ્ધ' અને 'આદિત્યવાર' તત્સમ શબ્દો વાપરવાનું, એટલે કે, એમના મૂળ સ્વરૂપમાં વાપરવાનું પસંદ કરનારા કેટલાક ચોખલિયા માણસો આપણે ત્યાં છે. આ અત્યુત્સાહી જનોને ખબર નથી કે, મૂળ શબ્દોની આ મિથ્યા શોધનો વધારેપડતો આગ્રહ રાખવામાં આવશે તો કદાચ આખરે ફક્ત બે જ ધ્વનિ રહેશે— કૂતરાના ભસવાનો અને વાંદરાનાં દાંતિયાંનો!

પણ આ તાર્કિક બેહૂદાપણાની વાત તદ્દન બાજુએ રાખીએ તોપણ આધુનિક ભાષાઓમાં તત્સમ રૂપોનો ઉપયોગ સર્વત્ર એ ભાષાઓના વિકાસને ખૂબ હાનિકારક નીવડેલો માલૂમ પડ્યો છે. યુરોપના ઉત્થાન કાળ અને એશિયાની પ્રજાઓની હમણાં હમણાંની જાગૃતિ પછી, પ્રાચીન ભાષાઓનાં શિષ્ટ રૂપોના મિથ્યા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભારથી ભાષાઓને મુક્ત કરવાનું સ્પષ્ટ વલણ જણાયું છે અને વ્યવસ્થિત પ્રયાસો પણ થયા છે. સોળમા સૈકાના ઉત્તરાર્ધમાં આ તબક્કામાંથી અંગ્રેજી પસાર થઈ. બંગાળી અને તામિલ અત્યારે એમાંથી પસાર થઈ રહી છે. આ વસ્તુ સિદ્ધ કરવા તુર્કી ને ઈરાનમાં વિચારપૂર્વક ચળવળો થઈ હતી અને સરકારોનો એને ટેકો હતો.

જો હિંદી સંસ્કૃત રૂપો રાખવાનો આગ્રહ દાખવશે અથવા તો તદ્ભવ શબ્દોને સ્થાને તત્સમ શબ્દો મૂકવાનો પ્રયાસ કરશે, તો એણે ઘડિયાળ પાછું મૂક્યું ગણાશે.

સંસ્કૃત રૂપોના સમર્થનમાં કેટલીક વાર બીજી એક એવી દલીલનો ઉપયોગ કરવામાં આવે છે કે, એમાંથી હિંદી, અન્ય ભારતીય ભાષાભાષીઓને, દક્ષિણની ભાષાઓ બોલનારાઓને સવિશેષ, સ્વીકાર્ય બનશે. આનો ઉદારતમ અર્થ ઘટાવીએ તોયે આ દલીલમાં અર્ધસત્ય રહેલું છે. દા. ત. તામિલ ને તેલુગુમાં સંસ્કૃત કરતાં પ્રાકૃતમાંથી લેવામાં આવેલા શબ્દો ઘણી મોટી સંખ્યામાં છે અને સંસ્કૃતમાંથી લેવામાં આવેલા શબ્દોમાંથી પણ ઘણા શબ્દો તદ્ભવ રૂપમાં છે. આચાર્યનું આચારી કે ચારી બન્યું છે. સ્વામીનું સામી અને એ રીતે શ્રી રાજગોપાલાચારીને રાજગોપાલાચાર્ય તરીકે ઓળખાવવાનું ભાગ્યે જ ગમશે.

સમાન શબ્દો

ઉપરાંત આ ભાષાઓએ અન્ય ભાષાઓમાંથી પણ એટલા જ કે એથીય વધારે પ્રમાણમાં શબ્દો લીધા છે. સંખ્યાબંધ શબ્દો હિંદી અને દક્ષિણની ભાષાઓમાં એકસરખા છે. થોડા દાખલા આપીએ તો નીચેના શબ્દો દક્ષિણની ચારેય ભાષાઓમાં ઉચ્ચારના ગૌણ ભેદસહિત સામાન્યતઃ વપરાય છે. દા. ત. અરજી, અસલ, આબકારી, અલમારી, આસામી, ઇનામ, ઇત્ર, ઇસ્ત્રી, ઇકરાર, કચહરી, બન્દોબસ્ત, તકરાર વગેરે. આ યાદીમાં બીજા અનેક શબ્દો ઉમેરી શકાય.

હિંદી અને આ ચારેય ભાષાઓમાં સમાન ન હોય, પણ હિંદી ને આ બધી ભાષાઓમાંથી એક યા વધુ ભાષાઓમાં સમાન હોય, એવા શબ્દોની સંખ્યા હજારોની થવા જાય છે. તેથી હિંદીને રાષ્ટ્રીય સ્વરૂપ આપવા હિંદી તદ્ભવોને સ્થાને સંસ્કૃત તત્સમો મૂકવાનું આવશ્યક છે, એમ કહેવું ખોટું છે. હું દક્ષિણમાં ચારે કોર ફર્યો છું અને જાતમાહિતી પરથી કહી શકું એમ છું કે, ત્યાંના લોકો સરળ હિંદી અથવા તો કહેવાતા 'પરદેશી' શબ્દોવાળી 'હિંદુસ્તાની' વધારે બહોળા પ્રમાણમાં સમજે છે અને ચોખલિયાઓ (purists) જે નવી, અપરિચિત ભાષા ઘડવાનો પ્રયાસ કરી રહ્યા છે, એનાથી આ ભાષા એમને અધિક સ્વીકાર્ય છે.

કુદરતી હિંદી શબ્દભંડોળને સ્થાને નવાં ને અપરિચિત શબ્દરૂપો મૂકવાના આ ખોટા પ્રયાસોનું એક બીજું પણ ખતરનાક પરિણામ આવી રહ્યું છે. એનાથી ભાષા સંપૂર્ણપણે અરૂઢ અને અગ્રાહ્ય બની રહી છે. વિદ્વાનો પણ જ્યારે આ ભૂલભર્યો માર્ગ અનુસરે છે, ત્યારે તેઓ નથી હિંદી કે નથી સંસ્કૃત એવા શબ્દપ્રયોગો વાપરે છે, જે સંસ્કૃતના જાણકારોને પણ ગ્રાહ્ય નથી. આવા દાખલા જોઈએ એટલા આપી શકાય.

ઉર્દૂનું સ્થાન

છેવટે, ઉર્દૂ વિશે એક શબ્દ. ઉર્દૂનું કયું સ્થાન હશે એ વિશે ઊહાપોહ ચાલ્યો છે. તાજેતરમાં આ પ્રશ્ન વિશે પાર્લમેન્ટમાં ઉગ્ર વિવાદ થયો હતો.

ગાંધીજી હિંદી ઉર્દૂને અલગ ભાષાઓ ગણતા નહીં અને એમની વાત સાચી હતી. ભાષા અને ઇતિહાસ બન્ને દૃષ્ટિએ, હિંદી ને ઉર્દૂ એક જ ભાષાની બે શૈલીઓ જ છે. લાંબા સમય સુધી ઉર્દૂ નામ અસ્તિત્વમાં નહોતું. એ હયાતીમાં આવ્યું ત્યાર પછી પણ, અને છેક ૧૯મી સદીમાં પણ, ગાલિબે એની ભાષાને હિંદી તરીકે ઓળખાવી. તો પછી, ગંગા અને જમનાના સંગમ માફક હિંદી ને ઉર્દૂનો સંગમ કરીને એક રાષ્ટ્રભાષા કેમ ન બનાવવી?

ગાંધીજીની ઇચ્છા આ હતી.

ઉર્દૂએ હિંદી શબ્દભંડોળની સમૃદ્ધિને જ નહીં પણ એની શૈલી તથા રૂઢિપ્રયોગોના ઘડતરને ચોક્કસ પ્રદાન કર્યું છે. એના સમયમાં એણે ખડી બોલીને સાહિત્યનું વાહન બનવામાં ફાળો આપેલો. તો અવશ્યપણે ભારતીય એવો આ સમૃદ્ધ વારસો રાષ્ટ્રે જતો કરવો, એ શું ડહાપણભર્યું છે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિંદી ને ઉર્દૂના વિલીનીકરણનો એક સારો માર્ગ એ છે કે, હિંદીના વિશાળ ભંડળમાં લગભગ સમગ્ર ઉર્દૂ સાહિત્યનો સ્વીકાર કરવો, એ બધું સાહિત્ય દેવનાગરી લિપિમાં ઉતારવું, શાળાઓ તથા યુનિવર્સિટીઓમાં હિંદીના અભ્યાસક્રમમાં એનો સમાવેશ કરવો અને કહેવાતી ઉર્દૂ લેખનશૈલીને કહેવાતી હિંદી શૈલી સમાન જ લેખવી. 'કહેવાતી' એમ હું કહું છું, કારણ કે એવાં હજારો વાક્ય ટાંકી શકાય, જે હિંદી તેમ જ ઉર્દૂ બન્ને તરીકે દેખીતી રીતે શિષ્ટ હોય.

હિંદી–ઉર્દૂના ઉગ્ર વિવાદમાં એક અતિસૂચક નક્કર હકીકત નજર બહાર રહી ગઈ છે. તે એ છે કે, હિંદી ને ઉર્દૂ શબ્દભંડોળ તત્ત્વતઃ અધિકાંશે એકરૂપ બની ગયો છે. કાશી નાગરી પ્રચારિણી સભાએ તૈયાર કરેલો 'હિંદી શબ્દસાગર' જે અદ્યાપિ સૌથી વધુ પ્રમાણભૂત હિંદી શબ્દકોશ ગણાય છે, એમાં સૌથી વધુ પ્રમાણભૂત ઉર્દૂ શબ્દકોશ 'ફરહંગે આસફિયા'ના લગભગ બધા જ ઉર્દૂ શબ્દો છે.

'ફરહંગ'માં આશરે ૫૬૦૦૦ શબ્દો છે. એમાંથી વધારેમાં વધારે તેર હજાર શબ્દો અરબી અથવા તો ફારસી મૂળના છે, આશરે એક હજાર તુર્કી ને યુરોપીય મૂળના છે, અને બાકીના ચાળીસ હજારથી વધુ શબ્દો શુદ્ધ હિંદી શબ્દો છે. આ વસ્તુ સૂચક છે. ઉર્દૂ સાહિત્યમાં ઠેઠ ઓગણીસમી સદીની અધવચ સુધી હિંદી શબ્દો તથા પ્રયોગોનું બાહુલ્ય હતું. મોટા ભાગના ઉર્દૂ કવિઓને હિંદીનો સારો પરિચય હતો અને ઘણી વાર તેઓ હિંદીમાં પણ લખતા. એ પછીના સમયમાં પણ સંખ્યાબંધ અગ્રગણ્ય ઉર્દૂ કવિઓ હિંદી જાણતા હતા.

વળી એ સૂચક છે કે, ઉર્દૂ કવિઓની સૌથી વધુ જાણીતી કૃતિઓ સરળ છે અને અરબી તથા ફારસી વાક્યરચનાઓથી મુક્ત છે. મીર, સૌદા, ગાલિબ અને હાલીની કાવ્યરચનાઓનો કોઈ પણ અભ્યાસી આ કથનનું સમર્થન કરશે. દેવનાગરીમાં પ્રસિદ્ધ થયેલી ઉર્દૂ કવિતાનો હિંદી ભાષા બોલનારાઓમાં બહોળો સ્વીકાર થયો છે અને એ કવિતાની સારી કદર પણ થઈ છે.

અજ્ઞાનપ્રેરિત વિતંડા

આ બધા ઉપરથી જણાય છે કે, હિંદી–ઉર્દૂ વિવાદ બહુ જ અવાસ્તવિક છે અને અજ્ઞાન તથા પૂર્વગ્રહપ્રેરિત છે. હિંદી ભાષાભાષીઓ આજે લગભગ સમગ્ર ઉર્દૂ શબ્દભંડોળ સામાન્ય વાતચીતમાં અને સાહિત્યનિર્માણમાં વાપરે છે. જેમ ઉર્દૂમાં તેમ હિંદીમાં પણ, બન્ને શૈલીઓ જાણતા ને ઘણી વાર એનો સમન્વય કરનારા જ ઉત્તમ કવિઓ ને લેખકો છે. ભારતેન્દુ હરિશ્ચન્દ્ર, બાલમુકુન્દ ગુપ્તા, મહાવીરપ્રસાદ દ્વિવેદી, પ્રેમચંદ અને પદ્મસિંધ શર્મા — આ થોડાં નામ આ સંબંધમાં ગણાવાય.

ઐતિહાસિક દૃષ્ટિએ જોતાં આ વલણ જરાય આશ્ચર્યકારક નથી. આપણી સંસ્કૃતિ સદાય સમન્વયકારી રહી છે. માનવપ્રવૃત્તિના દરેક ક્ષેત્રમાં આપણે બીજાઓ પાસેથી પુષ્કળ લીધું છે. અતિ પ્રાચીનકાળથી સંખ્યાબંધ ને વિવિધ રાજકીય સાંસ્કારિક તથા ભાષાવિષયક પ્રવાહો ભારતમાં ઊતરી આવ્યા છે. આપણે એ બધાનો સમન્વય કર્યો છે અને તેમને આપણા પોતાના બનાવ્યા છે.

તો પછી, ઉર્દૂના થોડા હજાર વિશિષ્ટ ફારસી ને અરબી શબ્દો શા માટે ગ્રહણ ન કરી લેવા? હિંદી એનો સરળતાથી સમન્વય કરી શકશે. આપણે જાણીબૂઝીને આ ઐતિહાસિક પ્રક્રિયાને ખલેલ ન પહોંચાડીએ તો, ખરું જોતાં, હિંદીએ અધિકાંશે આ શબ્દો પોતાનામાં સમાવી લીધેલા જ છે.

ભારતીય ભાષાઓનો કોઈ પણ અભ્યાસી તમને કહેશે કે, થોડા હજાર કહેવાતા ઉર્દૂ શબ્દો જ નહીં પરંતુ અન્ય ભારતીય ભાષાઓના શબ્દો પણ હિંદીને વધુ સમૃદ્ધ, વધુ સુંદર બનાવશે અને એની અભિવ્યંજકતા ખૂબ વધારશે. હિંદીની આ સમન્વયશક્તિ એને ભારતની રાષ્ટ્રભાષા બનવાને યોગ્ય બનાવે છે એટલું જ નહીં, એને કોઈક દિવસ અંગ્રેજી જેવી એક વિશ્વભાષા બનવાને યોગ્ય બનાવે છે.

આપણી અત્યારની મુશ્કેલીઓમાંથી મોટા ભાગની મુશ્કેલીઓનો ઉકેલ વિશાળ હૃદય ને ઉદાર બુદ્ધિમાં રહેલો છે. એનાથી ઊલટો માર્ગ લેવાથી મુશ્કેલીઓ વધશે. મને વિશ્વાસ છે કે, એકંદરે જોતાં દેશ સાચી દિશામાં વિચાર કરે છે અને ભાવિ આશાસ્પદ છે.*

પં૦ સુંદરલાલ

---

* મૂળ હિંદી પરથી અનુ૦ રમણલાલ મા૦ ભટ્ટ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગ્રામધીરધારનો એક પ્રયોગ

[આપણાં ગામડાંની અનેકવિધ સુધારણા માટે વિવિધ કાર્યકારી સહકારી મંડળીઓનો પ્રચાર કરવાનો પ્રયત્ન ચાલે છે. પણ ચાલુ સહકારી મંડળીઓના કામકાજની પદ્ધતિ એવી છે કે, ગામલોકોની અગવડો તેથી દૂર થઈ શકતી નથી અને તેમનું શોષણ બંધ થતું નથી. તેથી ગામડાંને પગભર કરવા બીજી રીતે પ્રયત્નો કરવાની જરૂર છે. આવો એક પ્રયત્ન ભીલ સેવા મંડળ તરફથી દાહોદ વિભાગના આદિવાસીઓમાં વિદ્યાપીઠના એક સ્નાતક કાર્ય કરે શરૂ કર્યો છે. તેની કેટલીક વિગતો તેમણે મોકલી છે તે ગ્રામ પ્રશ્નોના ઉકેલની દૃષ્ટિએ રસપ્રદ છે. — સં૦]

છેલ્લા ૭ એક માસથી હું દાહોદ પાસે જેસાવાડા ગાળામાં કામ કરું છું. અહીં લગભગ ૪૫ ગામોમાં આર્થિક સામાજિક સુધારણાની પ્રવૃત્તિ ઉપાડવાની છે. તે માટે વિવિધ પ્રવૃત્તિઓની શરૂઆત કરી છે.

આ ગાળાનાં ગામોમાં કેવળ આદિવાસીઓની વસ્તી છે. તેઓ ઘણા પછાત, અજ્ઞાન અને ગરીબ છે. તેઓ દારૂના શિકાર બનેલા છે. તેમ જ શાહુકારોના શોષણમાં ફસાયેલા છે. પરિણામે અજ્ઞાનતા, ગરીબી, અર્ધ ભૂખમરો અને દેવાદાર સ્થિતિમાં જીવન વિતાવે છે. તેઓ જ્યાં સુધી શિક્ષિત ન થાય, દારૂ ન છોડે અને શાહુકારના શોષણમાંથી ન છૂટે ત્યાં સુધી કદી સુખી થઈ શકે તેમ નથી. આમાંથી ત્રીજા મુદ્દા અંગે મેં શરૂ કરેલા કામની થોડીક વિગતો જણાવું છું. તેનો બીજાં ગામડાંમાં પ્રયોગ કરવા જેવો લાગશે એમ માનીને આ હકીકત મોકલું છું.

અહીંના ખેડૂતોને મુખ્યત્વે ત્રણ બાબત માટે દર વર્ષે દેવું કરવું પડે છે: (૧) બી અને અનાજ માટે, (૨) કપડાં માટે, અને (૩) કેટલીક બીજી જરૂરિયાતો માટે. તે બદલ તેમને દોઢું વ્યાજ આપવું પડે છે.

આ જરૂરિયાતોને પહોંચી વળવા માટે આ વિભાગમાં સહકારી મંડળીઓ શરૂ કરવામાં આવી છે અને તે બીજી એવી મંડળીઓની સરખામણીમાં સારી ચાલે છે. પણ તેનાથી ખેડૂતોની મુશ્કેલીઓનો ઉકેલ આવતો નથી. તેનાં મુખ્ય કારણો નીચે પ્રમાણે છે:

(૧) સહકારી મંડળીઓ તો ઉત્પાદન કાર્ય માટે એટલે કે ખેતી માટે, બી, બળદ વગેરે માટે મોટે ભાગે નાણાં ધીરે છે. અને તેને માટે જ તેની સ્થાપના થઈ છે. જ્યારે ભીલ ખેડૂતને તો જીવનની પ્રાથમિક જરૂરિયાતોને પહોંચી વળવા એટલે કે જીવન ટકાવવા નાણાંની જરૂર પડે છે અને તે માટે નાણાં આપવાની જોગવાઈ સહકારી મંડળીઓમાં નથી થતી. એટલે ઉપરોક્ત હેતુ માટે તો શાહુકાર પાસે જ તેમને જવાનું રહે છે.

(૨) બીજું શાખવાળો એટલે કે જમીનવાળો ખેડૂત જ મંડળીનો સભાસદ થઈ શકે છે. અને તેને જ મંડળી નાણાં ધીરે છે. એટલે જેની શાખ ઓછી છે અથવા નથી તે મંડળીનો સભાસદ થઈ શકતો નથી. અને તેને નાણાં ધીરવામાં આવતાં નથી. એટલે કે જે શાખ વગરના છે, ગરીબ છે, જેને ખરેખર મદદ કરવાની જરૂર છે તેને મદદ આપવાની આવી મંડળીઓમાં જોગવાઈ નથી.

મંડળીઓની દલીલ એવી છે કે; શાખ વગરના ખેડૂતને ધીરે તો તે નાણાં પાછાં ભરી ન શકે. પરંતુ જે ઓછી શાખના છે અથવા શાખ વગરના છે તેમને નાણાંની જરૂર પડે જ છે અને શાહુકાર પાસે તે જાય છે અને શાહુકાર તેમને ધીરે છે. અને તેની પાસેથી શાહુકાર દોઢું વ્યાજ લીધા વગર રહેતો નથી. શાખ વગરનો ખેડૂત શાહુકારને દોઢું વ્યાજ ક્યાંથી આપવાને સમર્થ થાય છે તે અંગે સોસાયટીઓએ વિચાર કર્યો લાગતો નથી. જો શાખ વગરના ખેડૂતો શાહુકારને દોઢું વ્યાજ આપી શકે છે તો સોસાયટીને કેમ ન આપી શકે?

(૩) વળી જે શાખવાળા છે તેને પણ તેની શાખના પ્રમાણે જ નાણાં ધીરવામાં આવે છે. તેની શાખ કરતાં વધારે ધીરવામાં આવતાં નથી. એટલે સહકારી મંડળીના સભાસદને જેટલાં નાણાં જોઈએ તેટલાં નાણાં તેને મળી શકતાં નથી. એટલે વધારાનાં જોઈતાં નાણાં માટે તેને શાહુકાર પાસે જવાનું રહે છે. અને ત્યાં દોઢું વ્યાજ આપવાનું જ રહે છે. એટલે શાખવાળા સભાસદને પણ છેવટે શાહુકારની દાઢીમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાથ નાખવાનો જ રહે છે. એટલે કે સહકારી મંડળીના સભાસદની પણ પૂરી ભીડ દૂર થતી નથી.

(૪) જો કદાચ નાણાં ઉપાડનાર સભ્ય સંજોગવશાત્ નાણાં નક્કી કરેલી મુદ્દતમાં ભરી ન શકે તો તેની જમીનને ટાંચ આવે, કબજે થાય અને હરાજ પણ થાય. અથવા તેમ થતું બચાવવું હોય તો શાહુકાર પાસેથી નાણાં વ્યાજે લાવી સહકારી મંડળીને ભરવાં પડે.

આ પ્રકારની મુશ્કેલીઓનો ઉકેલ પ્રચલિત સહકારી મંડળીઓ કરી શકતી નથી. તે દ્વારા તે કરવું મુશ્કેલ છે. આથી શાહુકારી ધીરધાર અને શોષણ ચાલુ રહે છે. તેનો ઉકેલ કરવા માટે મેં નીચેની વ્યવસ્થા શરૂ કરી છે.

અહીંના લોકો છૂટાંછવાયાં દસ પંદરના જૂથમાં થોડાં થોડાં ઘરો બાંધીને રહે છે. તેને ફળિયાં કહે છે. અહીં નજીકના બાવકા ગામના પાંડેર ફળિયાને આ કામ માટે મેં પસંદ કર્યું છે. તેમાં નાનાં મોટાં કુલ ૨૬ કુટુંબ વસે છે. તે બધા જાતે આદિવાસી (ભીલ) છે. તેમનો ધંધો ખેતીનો છે. તેમાં થોડા ઘણા પાસે પૂરતી જમીન છે અને તેઓ સુખી છે. બાકીના પાસે ઓછી જમીન છે. અને જેમ તેમ કરી પોતાનું ભરણ-પોષણ કરે છે.

આ ગામમાં કુલ ૧૦ માણસની એક કમિટી નીમી છે અને તેમને મુખ્યત્વે ગામના અનાજનું, કપડાંનું અને રોકડ નાણાં પૂરાં પાડી આપવાનું કામ સોંપવામાં આવ્યું છે.

સામાન્ય રીતે લોકોને જ્યારે પોતાના ઘરમાં પોતાના જીવનનિર્વાહ માટે અનાજ ખૂટે છે ત્યારે તેમને શાહુકાર પાસેથી પોતાના જીવનનિર્વાહ માટેના દાણા વ્યાજે લાવવા પડે છે અને તે બદલ દોઢું વ્યાજ દાણાના રૂપમાં આપવું પડે છે.

તપાસ કરતાં જણાયું છે કે, ઉપરોક્ત ૨૬ કુટુંબોમાંથી લગભગ ૧૬ કુટુંબને બધું મળીને દર વર્ષે શાહુકારો પાસેથી પોતાના જીવનનિર્વાહ માટે તેમ જ બી માટે સરેરાશ ૮ માણી અનાજ, અનાજના રૂપમાં લાવવું પડે છે. અને તે બદલ બધું મળીને કુલ ૧૪ માણી અનાજ શાહુકારોને પાછું આપવું પડે છે. એટલે કે દર વર્ષે સરેરાશ ૬ માણી અનાજ આ ફળિયામાંથી શાહુકાર લઈ જાય છે. આ અટકાવવા માટે આ ફળિયામાં એક નાનો અનાજનો કોઠો ખોલ્યો છે. તેમાં કુલ ૧૨ માણી અનાજ બધાએ ભેગા મળી પોતાની શક્તિ અનુસાર આપી એકઠું કરવાનું નક્કી કર્યું છે. આ કોઠાનો બધો હિસાબ દસ માણસની નીમેલી કમિટી રાખશે. કેવળ જીવનનિર્વાહ માટે જેની પાસે દાણા ખૂટે તેને આ કોઠામાંથી દાણા આપવાનું ઠરાવવામાં આવ્યું છે. એટલે કે જ્યારે કોઈ વ્યક્તિ પાસે પોતાના જીવનનિર્વાહ માટે પોતાના દાણા ખૂટે ત્યારે હંમેશ મુજબ શાહુકાર પાસે ન જતાં ઉપરોક્ત કમિટી પાસે જઈ પોતાની હકીકત રજૂ કરે. તેની સત્યાસત્યતા અંગે કમિટી વિચાર કરે અને તેને તેના જીવનનિર્વાહની જરૂરિયાત પૂરતા દાણાનો હિસાબ ગણી તેને દર માસે કોઠામાંથી દાણા આપે. દા. ત. એક કુટુંબ પાસે હોળી ઉપર દાણા ખૂટ્યા અને તેને ઘેર પાંચ માણસ ખાનારાં હોય તો તેમને ત્યાં બીજું નવું ધાન ન પાકે તે સમય સુધી તેમના જીવનનિર્વાહ માટે કેટલું અનાજ જોઈએ તેનો હિસાબ ગણી કમિટી તેમને કોઠામાંથી દાણા પૂરા પાડે.

આ વ્યવસ્થાને લીધે જીવનનિર્વાહ માટે પ્રાથમિક જરૂરિયાત પૂરતા દાણા માટે ખેડૂતને શાહુકાર પાસે નહીં જવું પડે. તેમને ગામના કોઠામાંથી અનાજ મળી રહેશે. આ અનાજ ઉપાડવા બદલ અનાજ ઉપાડનારે હાલ પૂરતું દોઢું અનાજ પાછું આપવાનું રહેશે. જો કોઈ વ્યક્તિની શક્તિ નહીં હોય તો કમિટી તે અંગે વિચાર કરશે. હાલ દોઢું અનાજ પાછું આપવાનું છે તે કોઠાને મજબૂત કરવા પોતાના ફાળા તરીકે આપવાનું છે. છતાં તે અંગે ગામલોકો નિર્ણય ફેરવી શકે છે.

ઉપર જોઈ ગયા તે મુજબ કુલ ૮ માણી અનાજ, જે અત્યાર સુધી શાહુકાર પાસેથી લાવવામાં આવતું, તે ગામના કોઠામાંથી પૂરું પાડવામાં આવશે અને જે ૭ માણી અનાજ અત્યાર સુધી શાહુકારના ઘરમાં વ્યાજ રૂપે જતું તે આ પછી ગામના કોઠામાં જ બચશે. ગામનું ધન અને ધાન ગામમાં જ જળવાશે.

કપડાં માટે ચરખા દ્વારા સ્વાવલંબનનો પ્રયોગ કરવો જોઈએ. પણ હાલ તુરત તે માટે નીચેની વ્યવસ્થા કરી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપરોક્ત ૨૬ કુટુંબમાંથી ૧૮ કુટુંબોને કપડાં માટે દર વર્ષે કુલ મળીને સરેરાશ ૯૦૦) રૂા. કપડાંવાળા શાહુકારનું કપડાં પેટે દેવું કરવું પડે છે અને તે બદલ શાહુકારને કુલ ૧૪૦૦) રૂા. ભરવા પડે છે. એટલે કપડાં માટે કુલ ૫૦૦) રૂા. વધારાના વ્યાજના શાહુકારને ચૂકવવા પડે છે. (જોકે સારાં કુટુંબોને કપડાં માટે દેવું કરવું પડતું નથી).

હાલ એવું નક્કી કરવામાં આવ્યું છે કે, કોઈએ કપડાંવાળા શાહુકાર પાસેથી કપડું ન ખરીદવું. કપડાં માટે બને તો જેસાવાડા યુનિયનમાં બંદોબસ્ત કરાવવો. અથવા તો કોઈક કપડાંના વેપારી સાથે તે અંગે નક્કી કરવું. આ અંગે યોગ્ય બંદોબસ્ત કરવા માટે પ્રયત્ન ચાલુ છે. કપડું ખરીદવા માટે સૌ કોઈ સાથે જ જાય એવી કલ્પના કરી છે. (એટલે કે જેને કપડાં માટે દેવું કરવું પડે છે તે ૧૮ કુટુંબો જ) તેઓ મંડળીના નામે એટલે કે ફળિયાની સંયુક્ત જવાબદારીએ તેની શાખ ઉપર લગભગ ૯૦૦) રૂ. નું કપડું ઉધાર આણે અને તે બદલ વેપારી અથવા સંસ્થાને વાજબી વ્યાજ આપવાની શરત કરવામાં આવે. આ પ્રમાણે જોગવાઈ ઊભી કરવામાં આવશે. એ પ્રમાણે થઈ શકશે તો દર વર્ષે કપડાં માટે આપવા પડતા વધારાના વ્યાજના રૂા. ૫૦૦) કપડાંવાળા શાહુકારને ત્યાં જતા બચશે. જોકે આ મંડળીઓ ઉધાર માલ લાવી આપવા બદલ જે સભ્યોએ એ માલ ઉધાર લીધો હશે તેમની પાસેથી હાલ પૂરતું તો દોઢું વ્યાજ લેવાનો આગ્રહ રાખશે અને તે પૈસા મંડળી પાસે જ જમા થશે. એટલે આ પ્રમાણે આ વર્ષે લગભગ રૂા. ૫૦૦) કપડાંના વ્યાજના તણાઈને શાહુકારના ઘરમાં જવાને બદલે ગ્રામ મંડળીની પાસે બચશે એવું ધારવામાં આવ્યું છે. જોકે ઓછામાં ઓછા રૂા. ૫૦) તો ઉધાર માલ લાવવા બદલ કદાચ જશે તોપણ રૂા. ૪૫૦) તો ઓછામાં ઓછા બચશે જ.

અહીંના લોકોને કેટલીક વાર રોકડ નાણાંની જરૂર પડે છે અને તે માટે તેમને શાહુકાર પાસે જવું પડે છે. તેમાંથી પણ બચવા માટે પગલું ભરવામાં આવ્યું છે. તે માટે ઉપરનાં ૨૬ કુટુંબે એટલે કે દરેક સભાસદે રૂા. ૧૦) કાઢવાનું નક્કી કર્યું છે. કુલ રૂા. ૨૬૦) થશે. આ પૈસામાંથી રૂા. ૨૦૦) કમિટીનો મુખ્ય માણસ બેંકમાં મૂકી રાખશે અને ઉપરના રૂા. ૬૦) પોતા પાસે સાચવીને રાખશે. જ્યારે કોઈને રોકડ નાણાંની જરૂર પડશે ત્યારે કમિટી પાસે જશે. પોતાની હકીકત સંભળાવશે. તે ઉપર કમિટી વિચાર કરશે અને યોગ્ય લાગશે તો તેને જોઈતા રૂપિયા પેલા હાથ સિલક તરીકે રાખેલા રૂા. ૬૦)માંથી આપશે. આ રીતે લેવડદેવડમાં જ્યારે હાથ સિલકના રૂા. ૬૦) ખૂટશે ત્યારે ફરી રૂા. ૫૦) બેંકમાંથી ઉપાડી પોતા પાસે રાખશે. આ રીતે આ વર્ષ દરમ્યાન કુલ રૂા. ૨૬૦)નું ધિરાણ થશે. આ પ્રમાણે જે સભ્ય નાણાં ઉઠાવશે તેને તે બદલ હાલ પૂરતું દોઢું વ્યાજ આપવાનું રહેશે. એટલે કે વ્યાજ રૂપે નહીં પણ પોતે લાભ ઉઠાવ્યો તે બદલ વધારે ફાળો ભર્યા રૂપે. આ વસ્તુ કમિટીએ જ ઠરાવી છે અને તેને યોગ્ય લાગે તો તે વ્યાજ લેવાનું સદંતર ઉડાવી શકે છે અથવા તો અમુક માટે માફ પણ કરી શકે છે.

આ પ્રમાણે આ વર્ષે રૂા. ૨૬૦)નું ધિરાણ થશે તેનું લગભગ રૂા. ૧૦૦) જેટલું વ્યાજ આવશે એવું ધારવામાં આવ્યું છે.

આ પ્રમાણે દર વર્ષે શાહુકારને ત્યાં આ ફળિયામાંથી અંદાજે ૬ માણી અનાજ એટલે કે ઓછામાં ઓછું રૂા. ૨૦૦) અનાજ રૂપે, રૂા. ૪૫૦) કપડાં પેટે અને રૂા. ૧૦૦) રોકડ નાણાં ઉધાર આપવા બદલ, એટલે કે કુલ રૂા. ૭૫૦) આ ફળિયામાંથી જે દર વર્ષે શાહુકારના ઘરમાં કેવળ વ્યાજ પેટે જ જતા હતા તે હવે ગામલોકો પાસે જ રહેશે. તે મંડળીની મૂડી બનશે.

ઉપર મુજબના કોઠાઓ અને મંડળો ફળિયાવાર-ગામવાર વિકેન્દ્રિત ઢબે કરવાથી ગામ લોકો સરળતાથી તે સાચવી શકે અને ચલાવી શકે. તે નાના પાયા પર હોવાથી ગોટાળા કે ગોલમાલ ઊભી ન થાય અને પરસ્પર સહાય કરવાની વૃત્તિ કેળવાય તથા સંપ વધે એવી સંભાવના આ યોજનામાં રહેલી છે. સવાલ છે તેના ચલાવનારનો. શરૂઆતમાં તેને યોગ્ય માર્ગદર્શન મળી રહેવું જોઈએ અને તેનો પાયો જામવો જોઈએ. પછી ગામલોકો પોતાની મેળે તે ઉપાડી લેશે એવી અપેક્ષા છે.

જયંતીલાલ મલકાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મધ

કોઈ પણ મીઠી કે ગળી વસ્તુને વખાણવી હોય, તો લોકો કહે છે કે, 'મીઠું મધ જેવું', 'ગળ્યું મધ'. સામાને શાંતિ અને સુખ આપે એવા બોલને પણ 'મીઠા મધ જેવા બોલ' કહે છે. ખાંડ તથા સાકરની બનાવટ પ્રચારમાં આવી, તે પહેલાં પ્રાચીન કાળથી લોકો ગળપણ તરીકે મધનો ઉપયોગ કરતા. એટલું જ નહીં પણ, દેવોના પૂજનવિધિમાં ઉપયોગમાં લેવાતાં 'પંચામૃત'માં એક અમૃત તરીકે મધની ગણના થતી.

અને ખરેખર, મધ એક અમૃત જ છે. સ્વાદે ગળ્યા લાગતા પદાર્થોની અંદરના ગળપણને વિજ્ઞાનમાં 'સાકર' કહે છે. તેના મુખ્ય ત્રણ વર્ગ પાડવામાં આવે છે: ૧. ફલસાકર, ૨. દ્રાક્ષ-સાકર, ૩. શેરડી-સાકર. તે ત્રણમાંથી ફલસાકર ગળ્યામાં ગળી તથા પચવામાં હલકામાં હલકી છે. સારી જાતના મધમાં ફલસાકર ૪૦ થી ૫૦ ટકા જેટલી હોય છે. તે જ સાકર આપણે બીજી રીતે બનાવવા કે મેળવવા જઈએ, તો એક રતલની કિંમત સેંકડો રૂપિયા થાય. મધમાં આપણને તે સાકર સારા પ્રમાણમાં તથા શુદ્ધ રૂપમાં મળે છે. મધમાં દ્રાક્ષ-સાકર પણ ૪૦ ટકા જેટલી હોય છે. તાકાત આપનાર ખોરાક તરીકે તે બહુ અગત્યની છે.

મધમાં રહેલી આ બંને સાકરો શરીરને સારા પ્રમાણમાં શક્તિ પૂરી પાડે છે; તે છતાં તેમને પચાવવામાં શરીરને સહેજે શ્રમ પડતો નથી, તે અર્થે જઠરના રસો વપરાતા નથી, કેમ કે તે સીધી જ લોહીમાં ચુસાઈ જાય છે અને તરત જ સ્નાયુઓમાં શક્તિના સંગ્રહરૂપે ફેરવાઈ જાય છે. આથી કરીને જે લોકોને અતિ ભારે શરીરશ્રમ એકસાથે કરવો પડતો હોય છે, તે લોકોને મધ ઘણું ઉપયોગી થઈ પડે છે. આ ગુણ શેરડી-સાકરમાં નથી.

બે હજાર વર્ષ પૂર્વે ગ્રીસ દેશમાં રમતગમતની હરીફાઈઓમાં ભાગ લેવા ઇચ્છનારાઓને તાલીમ આપતી વખતે વધુ પ્રમાણમાં મધ ખાવાની તાલીમ પણ અપાતી. આજે પણ પર્વતનાં ઊંચાં શિખરો ઉપર ચડવા ઇચ્છનારાઓને, લાંબું અંતર તરવાની હરીફાઈમાં ઊતરનારાઓને, કે દરિયામાં ઊંડે ડૂબકું લગાવી શોધખોળ કરનારાઓને વધુ પ્રમાણમાં મધ ખાવાની બહુ પહેલેથી ખાસ ટેવ પાડવામાં આવે છે. ઈ. સ. ૧૯૩૭માં આટલાંટિક સમુદ્રમાં ડૂબી ગયેલી લુસિટાનિયા આગબોટનો ભંગાર શોધવા ઊંડે ડૂબકાં મારનારાઓને તાલીમ આપતી વખતે રોજ દોઢ રતલ મધ ખાવાની ટેવ પાડવામાં આવી હતી; અને એમ ત્રણ અઠવાડિયાં સુધી રોજનું દોઢ રતલ મધ તેઓ ખાતા થયા ત્યાર બાદ જ તેમને ડૂબકું મારવા લઈ જવામાં આવ્યા હતા.

પ્રાચીન ગ્રીસના ફિલસૂફો મધને આયુષ્યવર્ધક માનતા; અને તેને પોતાના આહારમાં મુખ્ય સ્થાન આપતા. એમાંનો એક ફિલસૂફ ૧૧૫ વર્ષ જીવ્યો હતો, અને પોતાના લાંબા આયુષ્યનું કારણ મધને જ માનતો. બીજો એક ફિલસૂફ પણ બરાબર મધ ખાતો; પછી તે ૧૦૯ વર્ષનો થયો, ત્યારે તેને લાગ્યું કે હવે વધુ લાંબો વખત જીવવું નથી; એટલે તેણે ખાવાપીવાનું બંધ કરી દીધું. રોમન ઇતિહાસકાર પ્લુટાર્ક પ્રાચીન બ્રિટન વિષે લખતાં જણાવે છે કે, બ્રિટિશ લોકો ૧૨૦ વર્ષની ઉંમરે ઘરડા થવા લાગે છે. તે દિવસોમાં બ્રિટિશ ટાપુઓ ફૂલોથી છવાયેલા રહેતા અને મધમાખનો ઉછેર એ જ લોકોનો મુખ્ય ઉદ્યોગ હતો. એટલે એ વાતમાં અસંભવિત જેવું કશું નથી. ત્યાંનાં જૂનાં ચારણ-કાવ્યોમાં તે દેશને 'મધુદ્વીપ' જ કહ્યો છે.

મધમાં બહારનાં જંતુઓ વધી શકતાં નથી; બલ્કે, હોય તે નાશ પામી જાય છે. એટલે આહાર તરીકે તે અત્યંત સહીસલામત પણ છે. અખતરાઓમાં તો એમ પણ જણાયું છે કે, ટાઇફૉઇડ તાવનાં જંતુ તેમાં ૪૮ કલાકમાં અને હળવા ટાઇફૉઇડનાં જંતુ તો ૨૪ કલાકમાં નાશ પામી જાય છે. મરડાનાં જંતુ તેમાં ૧૦ કલાકથી વધુ જીવી શકતાં નથી.

ઘા અને ચાંદાંની રૂઝ લાવવા માટે મધનો ઉપયોગ પ્રાચીન કાળથી જાણીતો છે. અત્યારે પણ જર્મની જેવા દેશોમાં ઘા ઉપર પાટો બાંધતી વેળા મધનો ઉપયોગ પ્રચારમાં છે. દાઝ્યા ઉપર તાત્કાલિક ઉપચાર તરીકે મધનો ઉપયોગ યુરોપના ઘણા દેશોમાં કરાય છે. તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સિવાય જુલાબ, ખાંસી, ફેફસાં, અને શ્વાસનળીનાં દરદોમાં મધનો ઉપયોગ પ્રચલિત છે. આપણા દેશમાં આયુર્વેદમાં ખાંસી અને શક્તિની દવાઓ સાથે મોટા પ્રમાણમાં મધનો ઉપયોગ પહેલેથી કરાતો આવ્યો છે.

આજકાલ સફેદ ખાંડના વધતા જતા ઉપયોગથી પેદા થતા પાચનક્રિયાના અને જ્ઞાનતંતુઓના રોગો તરફ હવે લોકોનું ધ્યાન ખેંચાતું જાય છે. સફેદ ખાંડ હવે 'જોખમકારક પદાર્થ' મનાતી જાય છે. તેની બનાવટ જ એવી છે કે જે દરમ્યાન તેનાં પૌષ્ટિક તત્ત્વોનો સમૂળગો નાશ કરી નખાય છે. અને તેથી જ તે વધુ સફેદ તથા લાંબો વખત સારી રહે તેવી બને છે. મધને પણ વધારેપડતું ધોળું કે સ્વચ્છ કરવા માટે ગાળવા જતાં તેમાંથી વિટામિન વગેરે તત્ત્વો ગળાઈ જાય છે. મધમાં જે ડૂવા જેવો ભાગ હોય છે તેમાં જ પરાગ વગેરેનાં વિટામિન તત્ત્વો હોય છે.

શેરડી-સાકર લોહીમાં ભળે તે પહેલાં પાચક રસો વડે જઠરને તેનું રૂપાંતર કરવું પડે છે. અને એમ કરવામાં પાચક અવયવો અને રસગ્રંથિઓને સારી પેઠે શ્રમ પડે છે. ઉપરાંત જઠરમાં તેની તેજાબ જેવી અસર પાછળથી રહે છે; અને તેથી પાચક અવયવોની કોમળ ત્વચા ચચરી ઊઠે છે. મધમાં એવી સાકરનું પ્રમાણ નહીં જેવું, એટલે કે પાંચેક ટકા જેટલું જ છે.

મધમાં લોહ, તાંબું વગેરે ખનિજ દ્રવ્યો પણ છે; અને તે એવી સારી રીતે મિશ્રિત થયેલાં છે કે, આપણા શરીરમાં લોહીમાંના રક્તકણમાં સારો વધારો કરે છે. એ માટે કેટલાય અખતરાઓ સાજાં તેમ જ નબળાં બાળકો ઉપર કરવામાં આવ્યા છે. અને તે દ્વારા પુરવાર થયું છે કે, જે બાળકોને ખોરાક સાથે મધ આપવામાં આવતું, તેમના લોહીના રક્તકણના પ્રમાણમાં સારો સરખો વધારો થયો હતો. તે ઉપરાંત તેમનાં વજન તાકાત, સ્ફુર્તિ, અને સામાન્ય દેખાવમાં પણ સારો ફેર પડી ગયો હતો.

આમ, મધ એ બધી રીતે, નાનાં-મોટાં સૌ માટે ઉત્તમ તથા નિર્દોષ ખોરાક છે. એક રીતે તે અમૃત જ છે. અનેક ફૂલોનો મકરંદ રસ ચૂસીને મધમાખ તેને તૈયાર કરે છે. તેથી મધમાખને મધુકર કે મધુકરી કહે છે. તે મધમાખ પણ એક અદ્ભુત જંતુ છે. તેના શરીરની રચનાની વાતો તો અદ્ભુત છે જ; પરંતુ હજારોની સંખ્યામાં તે બધી એકસાથે કેવી રીતે રહે છે, તે અંગેની તેની વાતો તો માણસોએ પણ જાણવા તથા સમજવા જેવી છે. એ જાણ્યા પછી આપણને લાગ્યા વિના નહીં રહે કે, મધ જેવું અમૃત, ખરેખર, મધમાખ જેવા કોઈ અદ્ભુત જીવે જ બનાવ્યું હોઈ શકે.

ગો૦

વ્યાયામ વિદ્યાનો અભ્યાસ

[શ્રી છોટુભાઈ પુરાણી વ્યાયામ મહાવિદ્યાલય, રાજ-પીપળા,ના ચોથા વાર્ષિક મહોત્સવ પ્રસંગે, તા. ૧૫-૯-૧૯૫૪ રોજ, પ્રમુખસ્થાનેથી આપેલા વ્યાખ્યાનનો સાર આ છે.]

આપણા દેશમાં અંગ્રેજી શિક્ષણકાળ દરમિયાન વ્યાયામને કેળવણીનું અંગભૂત સ્થાન અપાયું નથી. તે એક 'અદકેરું અંગ' રહ્યું છે; અને આજે જ્યારે તેની તરફ કાંઈક ધ્યાન જવા લાગ્યું છે, ત્યારે તેને 'પી. ટી.' તરીકે વળગાડી દેવાય છે; જેનો સાર ખરેખર તે ભાષાના 'પી આઈ ટી વ્હાય'–પિટી શબ્દથી જ બરોબર સૂચવાય છે. 'પી. ટી.'ની દશા શિક્ષણમાં ખરેખર દયાજનક છે. તેમાંય આપણા પ્રાંતમાં તો તેમ સવિશેષે કરીને છે.

પ્રાચીન કાળમાં જોઈએ તો વ્યાયામ એ આપણા જીવનવિકાસનું 'અદકેરું અંગ' નહોતો મનાતો. મનુષ્યની સમગ્ર કેળવણીનો મહત્ત્વનો અને અંગભૂત ભાગ ગણાતો હતો. જેમ કે, ગ્રીસ દેશમાં વ્યાયામ, કલા, અને નીતિ ત્રણ મળીને મનુષ્યની સર્વાંગીણ કેળવણી બનતી. વ્યાયામ તેમાં અગત્યનું સ્થાન ભોગવતો.

આપણા દેશમાં જોઈએ તો, શરીર અને તેના વ્યાયામ પ્રત્યે મહા ગૌરવની દૃષ્ટિ રખાતી. शरीरमाद्यं खलु धर्मसाधनम् એમ મનાયું હતું. શરીર તો જીવાત્માને રહેવાનું ઘર અને તે દ્વારા પરમાત્માને જોવાનું સાધન છે, એમ જાણી તેને વિષે સજાગ રહેતા. યોગવિદ્યાએ ખૂબ ઊંડે જઈને તેના વ્યાયામને તપાસ્યો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આમ દેશે દેશે ત્યાંની પ્રજાઓએ વ્યાયામને જુદી જુદી નજરે જરૂરનો માનીને કેળવણીમાં અગત્યનો ગણી સંઘર્યો છે. આપણે તે વિષયને જો મહાવિદ્યાલય અને યુનિવર્સિટીના અભ્યાસની કક્ષાએ લઈ જવો હોય, તો તેનો આવો ઊંડો અભ્યાસ કરવો જોઈએ; વિવિધ પ્રજાઓમાં તથા યુગોમાં મનુષ્યોએ તેનો કેવી રીતે વિચાર અને વિકાસ કર્યો છે, તેનું પ્રયોગશુદ્ધ સંશોધન કરવું જોઈએ. આજની જેમ 'પી. ટી.' જ તે ન રહી શકે.

આજકાલ વ્યાયામ વિષે કેવળ લશ્કરી જરૂર સમજીને ધ્યાન જવા લાગ્યું છે. જેમ કે, જાત જાતની 'કેડેટ્ કોર' કરી તેમાં વિદ્યાર્થીઓને આકર્ષવા માટે સરકારો અને શાળાઓ પ્રયાસો કરવા મંડી છે. આ એકાંગી દૃષ્ટિ છે. જીવનવિકાસ અને ઉન્નતિની દૃષ્ટિએ તેથી નુકસાન થાય. બહુ બહુ તો આ એક વિશેષ જરૂર ભલે હોય; પરંતુ તે સાર્વત્રિક અને સર્વસાધારણ હેતુ નથી જ. અને એમ શાથી, એ ઉઘાડું છે: બધા જ કાંઈ લશ્કરમાં જવાના નથી. છતાં દરેકને શરીર છે તો તેનો વ્યાયામ તેણે જાણવો અને બરોબર આચરવો જોઈએ. આ સર્વસાધારણ વ્યાયામ કયો, તે શોધવો, યોજવો, અને ઊછરતી પ્રજામાં કેળવણી રૂપે ફેલાવવો, એ શિક્ષણનું કામ છે. તેના પાયા ઉપર, દરેક જણ, પોતપોતાની જરૂર જોઈ ને, ખાસ જરૂરિયાતનો વ્યાયામ પછી યોજી શકે છે.

વ્યાયામ કેવળ સ્નાયુનો સ્થૂલ વિષય નથી. જોકે, મોટે ભાગે લોકોમાં એમ જ સમજાય છે. આ ભાવ પ્રેરવામાં આપણાં વ્યાયામ વિદ્યાલયો ને અખાડાઓએ કારણ આપ્યું હોય, તો તે દૂર થવું જોઈએ. શરીરમાં મન અથવા ચિત્ત પણ રહેલું છે. વ્યાયામે તે તરફ પણ જોવાનું રહે છે. આપણે જાણીએ છીએ કે, આપણા દેશમાં યોગીઓએ અનેકવિધ પ્રયોગો કરી કરીને, આ દિશામાં અજોડ પ્રગતિ અને સિદ્ધિ મેળવી છે. એ મહામૂલો વારસો ખોવો આપણને હવે પાલવે તેમ નથી. કેમ કે, હવે ગુલામી છોડીને આપણે પાછા આપણા પ્રાચીન ગૌરવને નવી ઢબે, નવે રૂપે, છતાં આજની દુનિયામાં હાંસલ કરવાનું છે.

આ વ્યાયામ મહાવિદ્યાલયની સાથે સ્વ. શ્રી પુરાણીનું નામ જોડવામાં આવ્યું છે, તે બહુ ઉચિત છે. ભાઈશ્રી છોટુભાઈ દેશભક્ત હતા; સ્વાતંત્ર્યપ્રેમી હતા. આપણા લોકોમાં વ્યાયામ અને અંગકસરત પ્રત્યેની અરુચિ અને ઉપેક્ષા તેમને બહુ કઠતી હતી. તે દૂર કરવા માટે, કોઈ એક ઉમદા ચીજના આદિ-પ્રવર્તકની અદાથી, તે મંડ્યા હતા; અને તેનો નાદ આપણા કેટલાય જુવાનિયાઓને લગાડ્યો હતો, જેમાંથી ગુજરાત વ્યાયામ પ્રચાર મંડળનો જન્મ થયો.

એટલું જ નહીં, શ્રી પુરાણી અને તેમના મિત્રોમાં એક પ્રકારની આધ્યાત્મિક ભૂખ અને પ્રેરણા પણ રહી હતી. આપણા પ્રાંતની વ્યાયામ–પ્રવૃત્તિમાં તેની છાપ છે. તેઓ શ્રી અરવિંદના ભક્તો હતા. તેમની રાજકીય ફિલસૂફીમાં તે માનતા; અધ્યાત્મ દૃષ્ટિ પણ તેમને ગમતી. તેમાં લશ્કર અને હિંસક ક્રાંતિને સ્થાન હતું એ ભલે; પણ હું અત્યારે જે તરફ તમારું ધ્યાન ખેંચવા માગું છું તે એ છે કે, શ્રી અરવિંદે રાષ્ટ્રીય કેળવણીમાં યૌગિક વ્યાયામનું ભારે મહત્ત્વ બતાવ્યું છે. જુઓ તેમની તે વિષય પરની ચોપડી. હિંદે એ વિશાળ અને વ્યાપક વ્યાખ્યાના વ્યાયામની આરાધના અને અભિવૃદ્ધિ કરવાની છે.

સ્વતંત્ર રાષ્ટ્રો લશ્કર પર નથી નભતાં. તે તો કદાચ, બહુ બહુ તો, તેમનું આજની દુનિયામાં હજી અનિવાર્ય લાગતું અંગ જ હોય છે. કેમ કે, તેને આજે તો 'અનિવાર્ય કે જરૂરી અનિષ્ટ' મનાય છે; અર્વાચીન જગત તેમાંથી બચવા તાકે છે. સ્વતંત્ર રાષ્ટ્રો પોતાનો સર્વાંગીણ વિકાસ સાધતાં અને વિવિધ શક્તિઓ ખીલવતાં અને ધરાવતાં તેમનાં સંતાન પર નભે છે. તે સૌને માટે જે વ્યાયામ ભૂમિકારૂપે રહેલો છે, તે આપણી શાળા મહાશાળા-ઓમાં સાધારણ થઈ જવો જોઈએ.

જેમ ખોરાક તેમ જ વ્યાયામ રોજની જરૂરી વાત છે. ગાંધીજીનું જીવન નિહાળશો તો જણાશે કે, છેક નાનપણથી માંડીને જીવનના અંત સુધી, રોજ નિયમિત તે ફરવાનો તથા ઉંમર મુજબ બીજો વ્યાયામ કરતા; તેમાં તે કદીય ચૂક્યા નથી.

શરીર ભોગ માણવા માટે નથી; તે તો જીવન સફળ કરવા માટેનું સાધન છે. સુથારના વાંસલા પેઠે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે સાધન તૈયાર રાખવું જોઈએ. તે સારુ, શરીરવિદ્યા, આહારવિહાર, ચિત્તવિદ્યા, વગેરેમાં જઈને તેમનો ઊંડો અભ્યાસ થવો જોઈએ. આ કામ હવે આપણી યુનિવર્સિટીઓનું છે.

અત્યાર સુધી તે કેવળ પશ્ચિમની નકલો જ બની રહી છે. વિદ્યા તરીકે કોઈ નવીનતા તેમણે ભાગ્યે જ બતાવી છે. હવે આ ન ચાલી શકે. રાષ્ટ્રના ચેતન માનવધનને ખીલવવાનું કામ તેમણે કરવું હોય, તો વિદ્યાઓના અનુશીલનમાં નવપ્રયાણ કરવું જોઈએ. હું માનું છું કે, તેથી કરીને વ્યાયામવિદ્યાને તેમાં સ્થાન મળવું જોઈએ. આપણી યુનિવર્સિટીએ તેને માટે પોતાના ક્ષેત્રમાં યોગ્ય જોગવાઈ વિચારવી ઘટે છે.

આ સંસ્થા આ ઢબે પોતાનો ફાળો આપવા તત્પર થાય, એવી આશા છે. તેમાં ભણીને બહાર પડતા જુવાનોનો ધર્મ છે કે, ઉપરની વ્યાયામ દૃષ્ટિ તેઓ ગુજરાતમાં ગામેગામ અને ઘરેઘર ફેલાવે. આપણા સમાજ–જીવનમાં સ્વાસ્થ્ય, સુંદરતા, અને સુઘડતા તથા શિસ્તબદ્ધ વ્યવસ્થિતિ આણવાની ખૂબ જરૂર છે. તે કામ વ્યાયામવિદ્યાનું છે.

વ્યાયામવિદ્યા ગુજરાતમાં ખૂબ ફેલાય અને ફૂલેફાલે, એ આ સંસ્થાનું કામ સમજું છું. તેમાં પ્રભુ તેને બરકત બક્ષો.

મગનભાઈ દેસાઈ

સંત તુકારામ

મહારાષ્ટ્રના જાણીતા સંત તુકારામનો જન્મ પૂના શહેરથી થોડે દૂર આવેલા દેહૂ નામના ગામમાં આશરે ઈ. સ. ૧૫૯૮ના અરસામાં થયો હતો. તેમનાં માતાપિતા શ્રી વિઠ્ઠલનાં ભક્ત હતાં. શ્રી પાંડુરંગની પ્રેમથી અને ભાવપૂર્વક પૂજા કરવી અને દાનધરમ કરવાં, એ તેઓને ખૂબ જ ગમતું. આની અસર તુકારામના જીવન ઉપર પણ પડી. ઘેર આવેલા સાધુ-સંતોની સેવા કરવી, બારણે આવેલા ભિખારીને ભિક્ષા આપવી, ખાવામાં મળેલા ભાગને પોતાના ગોઠિયાઓમાં વહેંચી દેવો, વગેરેમાં તુકારામને ઘણી મજા પડતી.

બાળક તુકારામને હુતુતુ વગેરે રમતો રમવી ગમતી. પણ તેમની સૌથી પ્રિય રમત માટીનાં વિઠ્ઠલ રખુમાઈ બનાવી તેમની પૂજા કરવી, પોતાના બાલમિત્રોને ભેગા કરી ભજનો ગાવાં અને ભજનનો કાર્યક્રમ પૂરો થાય એટલે સૌને પ્રસાદ વહેંચવો, એ હતી. નાનપણથી તુકારામની શ્રી વિઠ્ઠલ માટેની આવી ભક્તિ જોઈને એમનાં માતાપિતાને આનંદ થતો.

તુકારામ વિદ્યાર્થી તરીકે પણ હોશિયાર નીવડ્યા હતા. એમની તેજસ્વી બુદ્ધિ જોઈને એમના શિક્ષક વારંવાર કહેતા : "મોટપણમાં આ તુકો મોટો પંડિત થવાનો છે."

બાર વર્ષની વયે તુકારામનાં લગ્ન થયાં હતાં. તેમની પત્નીનું નામ રખુમાઈ હતું. રખુમાઈ બહુ શાંત અને સરળ હતાં. પરંતુ એક બે વર્ષમાં તેમને દમનો રોગ લાગુ પડ્યો અને તે સાજાં થાય કે કેમ એની બધાને શંકા ગઈ. એટલે તુકારામનાં માતપિતાએ તુકારામનું બીજું લગ્ન કર્યું. તેમની બીજી પત્નીનું નામ જિજાઈ હતું. તે પતિવ્રતા હતાં, પરંતુ બહુ જ તીખા સ્વભાવનાં હતાં. એમના એવા સ્વભાવને લીધે તુકારામને ઘણી વાર સહન કરવું પડતું.

તુકારામને બે ભાઈઓ અને એક બહેન હતાં. એમના મોટાભાઈ સાવજીને નાનપણથી જ સંસાર પ્રત્યે વૈરાગ્ય ઉત્પન્ન થયો હતો. તેથી ઘરડાં માબાપ તેમ જ આખા કુટુંબનો ભાર સાવજીથી નાના તુકારામ પર આવી પડ્યો. તેર વર્ષની વયે તુકારામને પોતાના પિતાના વેપારમાં જોડાવું પડ્યું. પોતાના પિતાની આજ્ઞાનું સદા પાલન કરવું, એને તુકારામ પોતાનો ધર્મ સમજતા હતા. એટલે, વેપાર વગેરેમાં તેમનું મન નહોતું તોયે વેપાર કરવા લાગ્યા. તેમાં તેમની પ્રામાણિકતા અને મહેનતુપણાને લીધે થોડા વખતમાં જ તે સૌને પ્રિય થઈ પડ્યા.

આ પછી ચારેક વર્ષ બાદ તુકારામના પિતાનું અવસાન થયું. મોટા ભાઈ સાવજીનાં પત્ની પણ ગુજરી ગયાં, એટલે તે સંન્યાસી બનીને ઘરત્યાગ કરીને ચાલ્યો ગયો. આથી કુટુંબની આખી જવાબદારી તુકારામ પર આવી પડી. તુકારામ બહુ ઉદાર દિલના હોવાથી ઘરાક તથા વેપારી લોકો તેમની ઉદારતાનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખોટો લાભ લેતા. એટલે વેપારમાં ખોટ આવવા લાગી. એમ, પિતાજીની બધી મિલકત ખલાસ થઈ ગઈ. પછી તુકારામે એક નાની દુકાન કાઢી અને 'વિઠ્ઠલ, વિઠ્ઠલ'નું સ્મરણ કરતા તે ત્યાં બેસવા લાગ્યા. પણ એમના બહુ સરળ, ઉદાર અને ભોળા સ્વભાવને લીધે એમાં પણ પહેલાંની માફક જ થયું.

એવામાં મહારાષ્ટ્રમાં ભારે દુકાળ પડ્યો. એમાં તુકારામનાં પહેલાં પત્ની રખુમાઈ અન્ન વિના ટળવળતાં મરણ પામ્યાં. આ બધી આફતોને લીધે તેમને સંસાર પ્રત્યે વૈરાગ્ય ઊપજ્યો. દુનિયાદારીનું દુઃખ વીસરી જવા તે એકાંતવાસ સેવવા લાગ્યા. તે ભીમનાથ પર્વત પર જઈ ધ્યાન ધરવા લાગ્યા. પણ તેમનાં બીજાં પત્ની જિજાઈ તેમને સમજાવીને પાછાં ઘેર લઈ આવ્યાં. ઘેર આવી, પિતાના સમયથી જે જે લોકોને ત્યાં તેમનું માગતું લેણું હતું, તે બધાંનાં ખાતાં તુકારામે બહાર કઢાવ્યાં અને પોતે ઇન્દ્રાયણી નદીમાં તેમને ડુબાડી દેવા તૈયાર થયા. પણ તુકારામના નાના ભાઈ કાન્હોબાએ તેમને હાથ જોડી કહ્યું: "મોટાભાઈ, તમે તો સાધુ જેવા થઈ ગયા છો, પણ મારે હજુ મારાં બાળબચ્ચાંને મોટાં કરવાનાં છે. જો તમે બધાં ખાતાં આમ પાણીમાં ડુબાડી દેશો તો મારે ભીખ માગવાનો જ વખત આવશે!" તુકારામને નાના ભાઈની વાત સાચી લાગી એટલે તેમણે પોતાના અડધા ભાગનાં ખાતાં પાણીમાં ડુબાડી દીધાં.

આમ દુનિયાદારીની ચિંતામાંથી મુક્ત થઈ તુકારામ શ્રી વિઠ્ઠલને ભરોસે ભજનકીર્તન કરવા લાગ્યા. એમ કહેવાય છે કે, એક વાર તુકારામને સ્વપ્નમાં બાબા ચૈતન્યે ગુરુમંત્ર આપ્યો. ત્યારથી તુકારામ "રામકૃષ્ણ હરિ"નો જપ કરવા લાગ્યા. તેથી તેમને ઘણી શાંતિ મળવા લાગી. વળી એક દિવસ તુકારામને શ્રી વિઠ્ઠલ અને નામદેવ મહારાજ સ્વપ્નમાં દેખાયા. તુકારામને તેઓએ એવી આજ્ઞા કરી કે, "હવે તું અભંગો લખતો જા. તને જે વાણી મળી છે તે ફોગટ ન જવા દઈશ. અમારી તારા ઉપર પૂરેપૂરી કૃપા છે." અને તે વખતથી તુકારામ અભંગો લખવા લાગ્યા. અભંગો રચવા અને કીર્તન દ્વારા લોકોને સદુપદેશ આપવો એ જ તુકારામનું કાર્ય થઈ પડ્યું. પણ સાથોસાથ બીજા સંતોના જીવનમાં બન્યું છે એમ, તુકારામને દ્વેષીલા લોકો તરફથી વારે વારે કનડગત થવા લાગી. એ બધા પ્રસંગોમાં રામેશ્વર ભટ્ટવાળો પ્રસંગ જાણીતો છે.

પૂનાની પાસે વાઘોલી નામે ગામમાં રામેશ્વર ભટ્ટ નામનો મોટો પંડિત રહેતો હતો. તુકારામની કીર્તિ બધે ફેલાયલી જોઈને તે ઈર્ષાથી બળી મરવા લાગ્યો. તેણે તુકારામને તરત જ પોતાની પાસે બોલાવ્યો. તુકારામ મહારાજ તો બહુ સરળ હૃદયના હતા. રામેશ્વર ભટ્ટ જેવા વિદ્વાન માણસ મળવા બોલાવે અને તુકારામ ન જાય, એ બને જ શી રીતે? એટલે તુકારામ ભટ્ટજીને મળવા વાઘોલી ગયા.

રામેશ્વર ભટ્ટે તોછડાઈથી કહ્યું: "અલ્યા તુકા, તું વેદની વાતો કરી લોકોને ઊંધે રસ્તે લઈ જાય છે. તું જન્મે શૂદ્ર છે. વેદ અને ધર્મની વાતો કરવાનો તને શો અધિકાર છે? માટે આજથી તું અભંગો લખવાનું છોડી દે. સમજ્યો કે?"

તુકારામ હાથ જોડીને નમસ્કાર કરીને બોલ્યા: "મહારાજ, હું તો શ્રી પાંડુરંગની આજ્ઞાથી જ અભંગો લખતો હતો. પણ જ્યારે આપ આજ્ઞા કરો છો ત્યારે હવે આજથી હું અભંગો નહીં લખું. પણ આજ લગી જે અભંગો લખ્યા છે તેનું શું કરું?"

રામેશ્વરે જવાબ આપ્યો: "તે બધા તું ઇંદ્રાયણીમાં ડુબાડી દે!"

તુકારામ એ સાંભળી ભારે હૈયે ઘેર આવ્યા. પછી બધા અભંગો ભેગા કરી, એક કપડામાં વીંટાળી, તેના ઉપર મોટો પથરો બાંધી તેમણે તે અભંગોને ઇંદ્રાયણીમાં પધરાવી દીધા. પછી તુકારામને થયું, શ્રી વિઠ્ઠલની ઇચ્છા આ રીતે ભજનકીર્તન કરાવવાની નથી, તો પછી જીવીને કરવુંયે શું? એટલે તુકારામ અન્ન અને પાણીનો ત્યાગ કરી શ્રી વિઠ્ઠલના મંદિર સામે ભગવાનનું નામ જપતા બેઠા.

આમ તેર દિવસ પસાર થઈ ગયા. ચૌદમે દિવસે સવારે એક ભક્તે આવીને તુકારામને કહ્યું: "અરે મહારાજ, ચાલો, ચાલો, આપના અભંગોની પોથી ઇંદ્રાયણીના પાણી ઉપર તરે છે!"

તુકારામ સફાળા બેઠા થઈ ગયા અને ભગવાનનું નામ જપતા આનંદ પામતા દોડ્યા. ઇંદ્રાયણીના પાણી ઉપર પોથીને તરતી જોઈને તે ઘેલા જેવા બની ગયા અને ખૂબ આનંદથી તેમણે પોથી પાણી ઉપાડી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લીધી. આ તરફ રામેશ્વર મહારાજને પણ પસ્તાવો થવા લાગ્યો અને છેવટે તે તુકારામના શિષ્ય બન્યા.

લોકોમાં તુકારામની કીર્તિ દિવસે દિવસે વધતી જતી હતી. તે સાંભળી છત્રપતિ શિવાજી મહારાજે એક વાર ઘોડા, પાલખી, નજરાણાં વગેરે સાથે પોતાના માણસને મોકલી તુકારામને પોતાને ત્યાં પધારવાનું નિમંત્રણ આપ્યું. તુકારામે શિવાજીને નજરાણાં વગેરે પાછાં મોકલતાં સંદેશો મોકલ્યો : "શિવબા, મારે તમારી પાસે આવીને શું માગવું છે! ઈશ્વરભક્તિમાં મારો એટલો વખત નકામો બગડશે. મારે મન સોનું અને માટી બંને સરખાં છે. હું તો રાજા અને એક કીડીમાં ભગવાનનો જ વાસ જોઉં છું. મારે હવે જીવનમાં કંઈ આશા કે મોહ રહ્યાં નથી. શ્રી વિઠ્ઠલની ભક્તિ સિવાય હવે મને બીજું કાંઈ જ સૂઝતું નથી. તમે રાજા છો; સત્યથી અને નીતિથી રાજ્ય કરજો, પ્રજાનું યોગ્ય રીતે પાલન કરજો, ધર્મ ઉપર શ્રદ્ધા રાખજો, અનાથનું રક્ષણ કરજો, અને શ્રી વિઠ્ઠલની ભક્તિ કરજો. આટલું કરશો તો તે મને નજરાણું મળ્યા બરોબર જ છે."

આ સંદેશો સાંભળીને શિવાજી મહારાજનો તુકારામ પ્રત્યે આદર ખૂબ વધી ગયો. અને તેઓ વારે વારે તુકારામનું કીર્તન સાંભળવા જવા લાગ્યા.

ધીમે ધીમે તુકારામ મહારાજને લાગવા માંડ્યું કે, "હવે હું વૃદ્ધ થઈ ગયો. આ જીવનનું મારું કાર્ય હવે પૂરું થવા આવ્યું." વૃદ્ધાવસ્થાને લીધે નિયમ મુજબ તેમનાથી પંઢરપુરની યાત્રા પણ થઈ શકતી ન હતી. એક દિવસ તેમણે ભક્તજનોને ભેગા કર્યા અને છેવટના અભંગો સંભળાવી સૌની વિદાય લીધી અને આશરે ઈ. સ. ૧૬૫૦ના અરસામાં તેમણે શ્રી વિઠ્ઠલનું નામ જપતાં જપતાં સમાધિ લીધી. આમ મહારાષ્ટ્રના એક મોટા સંત પુરુષ તુકારામે પોતાની જીવનલીલા પૂરી કરી. એમના અભંગો જ્યાં સુધી મરાઠી ભાષા જીવતી રહેશે ત્યાં સુધી ગવાતા રહેશે.

સુ૦ કં૦

ઊડિયા સાહિત્ય પર આદિવાસીઓનો પ્રભાવ

આધુનિક ઊડિયા સાહિત્ય ઉપર આદિવાસી જીવનનો પ્રભાવ સહેજે જોઈ શકાય છે. ઓરિસાના કોરાપુટ જિલ્લામાં વસતા આદિવાસીઓના જીવન પ્રત્યે જ્યારથી વધારે ધ્યાન અપાવા લાગ્યું છે, ત્યારથી ઊડિયા સાહિત્યકારોની રચનાઓ ઉપર પણ આદિવાસીઓના જીવનની છાપ દેખાવા લાગી છે.

સર્વ પ્રથમ આપણી સમક્ષ ગોપીનાથ મહન્તીનું નામ આવે છે. તે એક સરકારી કર્મચારી છે. તેમણે ઊડિયા સાહિત્ય તથા આદિવાસીઓની બંનેની ભેગી મહાન સેવા કરી છે. એક હજાર પૃષ્ઠની ઊડિયા નવલકથાના લેખક તરીકે તે સુપ્રસિદ્ધ છે. આ નવલકથામાં આદિવાસીઓની સંસ્કૃતિ તથા તેમના જીવનનું ચિત્ર રજૂ કરવામાં આવ્યું છે. શ્રી મહન્તીએ આદિવાસીઓ અંગે ઘણી નવલકથાઓ લખી છે. 'દાદી બૂઢા' નામની તેમની રચના, નવલકથા નહીં, પરંતુ એક લાંબી વાર્તા છે, જેમાં આદિવાસીઓના જીવન ઉપર આધુનિકતાની પડેલી છાપનું સુંદર દર્શન લેખકે કરાવ્યું છે. કોરાપુટ જિલ્લાની 'પરજા' નામની આદિવાસી જાતિના જીવન અંગે શ્રી મહન્તીએ એક 'પરજા' નામનો વિસ્તૃત ગ્રંથ લખ્યો છે, જેમાં આ પ્રજાના જીવન ઉપર પ્રકાશ પડે છે.

આદિવાસીઓના સંપર્કનો પ્રભાવ ઊડિયા વિચારધારા ઉપર પડ્યો છે. માત્ર વિચારધારા ઉપર જ નહીં, પરંતુ આ પ્રદેશની ભાષા ઉપર પણ તે પડ્યો છે. ક્યારેક ક્યારેક તો એવું લાગે છે કે, આદિવાસીઓની શબ્દાવલીનો પ્રયોગ લેખકની ભાષામાં ઘણી સજીવતા લાવી દે છે. આદિવાસીઓનાં કેટલાંક લોકગીતોના અનુવાદ પણ ઊડિયા ભાષામાં રજૂ કરવામાં આવ્યા છે. આ દિશામાં આ કાર્યના શ્રીગણેશ મેં કોરાપુટ જિલ્લાના આદિવાસીઓનાં લોકગીતોના પ્રકાશન દ્વારા કર્યા છે. કોંઢ (કન્ધ) જાતિનાં ગીત તેમની મૂળ ભાષામાં ઊડિયા અનુવાદ સાથે પ્રકાશિત કરવામાં આવ્યાં છે, જેની સાથે ખાસ કરીને એવાં કોંઢ લોકગીતો પણ આપવામાં આવ્યાં છે, જે ઊડિયામાં છે અને જેને કોંઢ ખૂબ લહેજતથી ગાય છે. આ પુસ્તક મોટું નથી. તેમાં વિવાહ તથા તહેવારોનાં ફક્ત બા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગીતો જ આપવામાં આવ્યાં છે. ઓરિસામાં આ પુસ્તક એટલું લોકપ્રિય થયું છે કે, પ્રાથમિક શાળાના છોકરાઓને આ ગીતો, તે એમને બરાબર સમજી શકે કે નહીં તોય, ગાતાં જોઈ હું પોતે આશ્ચર્યચકિત થાઉં છું.

આદિવાસી બાળકો માટે છાત્રાલયો, આશ્રમો તથા શાળાઓની સ્થાપના થતી જાય છે. આ શાળાઓમાં અન્ય જાતિઓનાં બાળકો પણ ભણે છે. ત્યાં આદિવાસી બાળકોના નિકટ પરિચયમાં આવવાના અવસરો તેમને મળે છે. આ સંસ્થાઓમાં આપણી આવતી કાલના સાહિત્યકારો ભણે છે, કે જેઓ પોતાના સાહિત્યમાં આદિવાસી જીવનની પ્રેરણા અવશ્ય મેળવશે.

કોરાપુટ જિલ્લાની અગિયાર લાખની વસ્તીમાં અડધા આદિવાસીઓ છે. આ પ્રદેશની ઊડિયા ભાષા ઉપર આદિવાસીઓની ઘેરી છાપ સ્પષ્ટ દેખાય છે. ભાષાની શૈલી તો નથી ફરી, પરંતુ તેમાં અનેક નવા શબ્દો દાખલ થઈ ગયા છે.

ઊડિયામાં નવા નવા શબ્દોની રચના થઈ રહી છે. આદિવાસીઓમાં શબ્દોનું પુનરાવર્તન સામાન્ય વસ્તુ છે. નીચે આપેલ લોકોક્તિથી એ વાત સ્પષ્ટ થશે :

'એ વ્યક્તિથી ખરાબ પણ કોઈ નહીં હોય,
જે ભિક્ષા માગે છે,
એવો પુણ્યશાળી પણ કોઈ નહીં હોય
જે બીજાને કાંઈ આપે છે.'

આદિવાસી લોકોક્તિઓની આ શૈલીનો પ્રભાવ ઊડિયા લોકોક્તિઓ પર પણ પડ્યો છે.

બાર મહિનામાં ચૈત્ર એ તહેવારોનો મહિનો હોય છે અને તેમની સ્ત્રીઓ ઘેર ઘેર અને દ્વારે દ્વારે નીચેની મતલબનાં મધુર ગીત ગાતી હોય છે : —

જો તમારામાં શ્રદ્ધા હોય તો અમને કંઈક આપો,
જો તમારા હૃદયમાં અમારું સ્થાન ન હોય, તો
અમે જઈએ છીએ,
અમે જઈએ છીએ, તમે રહો,
ઓ બાબા, તમે રહો, અમે જઈએ છીએ.
ઓ મા, તમે રહો, અમે જઈએ છીએ.

આદિવાસીઓની ભાષામાં આનુનાસિક શબ્દોની અધિકતા છે. અનેક ઊડિયા સાહિત્યકારો અણજાણમાં જ ઊડિયા વર્ણો પર અનુનાસિક ચિહ્નનો ઉપયોગ કરે છે. આદિવાસી સંપર્કનો આ સ્પષ્ટ પ્રભાવ છે.

આદિવાસીઓ પણ સમજી શકે એ માટે આધુનિક ઊડિયા કવિતાશૈલી સરળ બની રહી.

ઓરિસાના કેટલાક ભાગોમાં આદિવાસીઓ મોટા પ્રમાણમાં ઊડિયા ગીતો ગાતા મળશે. જોકે તેઓ તેમાં થોડુંઘણું પરિવર્તન અવશ્ય કરી લેતા હોય છે.

વસંતોત્સવનાં ઊડિયા ગીતો કોમળ ભાવોથી ઓતપ્રોત છે. આદિવાસીઓના સંપર્ક વગર આ શક્ય જ નહોતું.

ઊડિયાભાષી જનતાના સંપર્કમાં આવીને આદિવાસીઓએ અનેક ઊડિયા શબ્દોને અપનાવી લીધા છે. પરંતુ આદિવાસીઓ ઊડિયા શબ્દોનો પ્રયોગ ત્યારે જ કરે છે કે જયારે અમુક ભાવને તેઓ પોતાની ભાષામાં વ્યક્ત કરવામાં પોતાની જાતને અસમર્થ જુએ છે. ભાષાશાસ્ત્રીઓ આદિવાસીઓની ભાષાઓનું ગહન અધ્યયન કરે તે જરૂરી છે. તેમની ભાષામાં કેટલાય વર્ણસંકર શબ્દો પણ ઉપયોગમાં લેવાઈ રહ્યા છે.

ઊડિયા સાહિત્ય પર આદિવાસીઓનો સૌથી મોટો પ્રભાવ જગન્નાથ મત છે. મૂળમાં જગન્નાથ એ આદિવાસીઓના દેવ છે. શરૂઆતમાં માત્ર આદિવાસીઓ જ તેમની પૂજા કરતા હતા. પછી ધીમે ધીમે હિન્દુ ધર્મમાં તેમનો સમાવેશ થયો. જગન્નાથનો આખો ઇતિહાસ આ બાબતની સાક્ષી પૂરે છે. મૂળમાં તો ઓરિસાની બધી જ પહાડીઓ બૌદ્ધ યોગીઓ તથા સાધકોનું અંતિમ વિશ્રામસ્થળ રહી છે.

ઊડિયા સાહિત્ય ઉપર તાંત્રિકોની પણ ઘેરી અસર છે. આની શરૂઆત પણ આદિવાસીઓમાં જ થઈ હતી. આપણામાંથી ઘણા તેમની ભાષા સમજી શકતા નથી, તેનું પણ આ જ કારણ છે. કેટલાક તાંત્રિક સાધુ-સંન્યાસીઓ જ એ શબ્દોના અર્થ જાણતા હોય છે. ઊડિયા સાહિત્ય પર આનો પ્રભાવ સૌથી વધારે છે. સત્તરમી સદી સુધી આ પ્રભાવ ચાલુ રહ્યો, ત્યાર પછી આ પ્રભાવ બદલાઈ ગયો. પણ હવે પાછું આદિવાસીઓ પ્રત્યે આપણું ધ્યાન ખેંચાવા લાગ્યું છે અને આપણે તેમની ભાષા તથા વિચારસરણીને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છીએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊડિયા જીવન અને સાહિત્ય પર આદિવાસીઓનો પ્રભાવ એટલો બધો ઊંડો અને સ્થાયી છે કે, ઊડિયામાં નમસ્કારનો પર્યાયવાચી શબ્દ 'જુહાર'* પણ આદિવાસીઓનો આપેલો છે.

જે નદીતટે કટક શહેર વસેલું છે એ નદીને 'કઠજોરી' કહે છે. આ 'કઠજોરી' શબ્દ પણ આદિવાસીઓએ આપેલો છે. 'ઝોર' શબ્દનો અર્થ સરોવર કે નાનું નાળું થાય છે. આદિવાસીઓ લાકડાના આધારે એને પાર કરતા હતા, અને લાકડા માટે ઊડિયામાં શબ્દ છે કાઠ, એટલે 'કઠજોરી' શબ્દ ઊડિયા તથા આદિવાસીઓની ભાષાના સંપર્કથી બન્યો.

આધુનિક યુગમાં ઊડિયા રંગભૂમિ ઉપર આદિવાસીઓનાં કેટલાંય નૃત્યો પ્રચલિત થઈ રહ્યાં છે. દૈનિક જીવનમાં પણ આપણે જોઈએ છીએ કે, આજની ભણેલી ગણેલી છોકરીઓ પોતાની વેશ-ભૂષા તથા સૌન્દર્ય દર્શનની ભાવનાઓમાં આદિવાસી યુવતીઓ પાસેથી થોડીઘણી પ્રેરણા જરૂર મેળવે છે. પછી ભલે કોઈ એને ફૅશનનું નામ આપે.

વર્તમાન ઊડિયા સાહિત્ય ઉપર આદિવાસીઓની છાપ સ્પષ્ટ છે. આથી આપણે નીચું જોવાપણું નથી, પરંતુ તેથી તો આપણી રાષ્ટ્રીય અસ્મિતામાં વૃદ્ધિ જ થાય છે, કારણ કે આપણી સાંસ્કૃતિક ચેતના બંધિયાર તળાવના જેવી કદી રહી નથી. વહેતા જળને જ સંસ્કૃતિનું પ્રતીક કહી શકાય. આદિવાસીઓની સંસ્કૃતિમાંથી હજુ આપણે ઘણું ઘણું શીખી શકીએ તેમ છીએ. ઊડિયા સાહિત્યકારો, કવિઓ તથા અભિનેતાઓ આ દિશામાં જાગ્રત છે, તે વાત ઊડિયા સાહિત્યના સૌભાગ્યની સૂચક છે.

(હિંદી 'આજકલ'–ફેબ્રુઆરી, '૫૪ના શ્રી લક્ષ્મીનારાયણ સાહૂના લેખ પરથી)

અનુવાદક: **કનુભાઈ ના૦ પટેલ**

*આપણી ભાષામાં પણ આ શબ્દ આ જ અર્થમાં છે, તે નોંધવા જેવું છે. દેશ્ય શબ્દ પૂર્વ અને પશ્ચિમ બંને છેડે ચાલે છે, એ અખંડ સંસ્કારી એકતાની અસર છે. —સં૦

ડાંગની ભાષા

[કેટલાક શબ્દો. ગયા અંકથી ચાલુ.]

અંક

ગુજરાતી	ડાંગી	ગુજરાતી	ડાંગી
એક	एक, यक, योक	સત્તાવન	दोन ईस अने सतरा; तीन ईसमां तीन कमी
બે	दोन	હજાર	(વપરાશમાં નથી)
પાંચ	पांच	પહેલું	पिहलां
પચીસ	एक ईस अन पांच; पचीस	બીજું	दूसरा
ચાળીસ	दोन ईस	ત્રીજું	तीसरा
છેતાળીસ	दोन ईस अन छ	ચોથું	चोथा
		સોળમું	सोलमा, सोलवां

ગુજરાતી	ડાંગી	ગુજરાતી	ડાંગી
આ	यो, हय	કોઈક	कांई, पन
એ	यो	કાંઈક	एकाद, कोनी पण
તે	ते, ई	હરેક	अकसां
પેલું	ओ, ती	દરેક	अकसां
જે	जी	સૌ, સર્વ	अकसां
કોણ	कुन, कोन, कोण	બધું	बधां अकसां
શું	काय	અમુક	अमुक
શી	काय	ફલાણું	फलाना
કોનું	कुणना	સઘળું	अकसां, सघळां
કોઈ	कुनी, कोई	પોતે	पदर, पोते
કાંઈ	कांई, काहीं		

સર્વનામો

હું	मां	તમે	तुमी
તું	तुं	તેઓ	ते (ब. व. नथी)
તે	तो	આપણે	आपणे, आपले
અમે	आमी	તેણે	ते, ती

અવ્યયો

ઉપર	उपर, वर	નીચે	बुटे, खाल
અને	ने, अन	વચ્ચે	वच्चे, मधी
કારણ કે	कारण के	દૂર	दूर
કેમ કરીને	किसांक	અહીં	अठ
		કેવી રીતે	कनी रीते,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુજરાતી	ડાંગી
કેવી રીતે	कनी रीते, किसांक
કેટલું	कोळाक
અંદર	अंदर, मां, बधे
પાસે	नजीक, पासी
ઘણું	खूब
બહુ	खूब
થોડું	वांय, थोडां
ઓછું	वांय, ओछां, कमी
ના, નહીં	नहीं, नींहीं
આજે	आज
આવતી કાલે	उद्यां, सकाळ
ગઈ કાલ	काल दिस, गई काल
પરમ દિવસે	परवां, परवांन दिस;
ચોથે દિવસે	अरवांने दिस अरवां
પાંચમે દિવસે	तेरवां
હવે	आतां
ઊંચે	ऊंचे, वर

ગુજરાતી	ડાંગી
અથવા	नींहीं तो
બહાર	बाहेर
તેથી	तहां
પછી	मग
ત્યાં	तठ
આમ	इसां
આ રીતે	इसां, ए रीते
ક્યારે ?	कद्‌व, कधीं
ક્યાં ?	कठ, कंग, केव
શા માટે ?	कास वर, कहाला
સાથે	हारी
માંહી	मां
હા	हा, होय
જ્યારે	जद्‌व
ત્યારે	तहां
અત્યારે	आतां
કદી	कदी
જ્યાં	जेव, जठ
ત્યાં	तेव, तठ
પહેલાં	पिहलां, पेहलां
આગળ	मोहर (मोह)
પાછળ	मागां, गांडसी

ગુજરાવી	ડાંગી
પૂંઠળ	गांडसी
હેઠળ	खाल
આઘે	दूर
છેટે	दूर
નજીક	नजीक
પાસે	पासी, जवळ
જેમ	जीसां
તેમ	तीसां
કેમ	कीसां
અચાનક	एकदस, एकदा ज
ઓચિંતું	अबदुळा (ओछुं वपराय छे)
એકદમ	एकदम
કદાચ	कदाच
નક્કી	नक्की
જરૂર	जरूर, नक्की
ખચિત	खराज, नक्की
ભલે	भले
વારુ	हां, होय, ठीक
ઠીક	ठीक
જરા	जरा, वांय, वांईसेक

ગુજરાતી	ડાંગી
લગણ	लगन, पर्यंत, धर
લગાર, થોડું	वांय, जर, थोला
લગી	धर
માટે	करतां, साठी
વાસ્તે	करतां, साठी
કાજે	साठीं
મારફત	पासुन, मारफत
પેઠે	जीसां
માફક	माफिक, माफक
તથા, અને	अन
પણ, પરંતુ	पण, पन
તોપણ	तरी पण
અરે !	अय ! अरे !
ઓય રે !	ओय र !
હાય !	हाय !
અધધ !	अब्भभभ !
અહો !	हो, .. होय र !
છટ્ !	हट्
ચૂપ !	चूप !, ऊगा !
હે !	हे !
ઓ !	ओ !

સાભાર સ્વીકાર

सस्तुं साहित्य वर्धक कार्यालय, अमदावाद तरफथी:
લાખેણી વાતો: લે૦ જયભિખ્ખુ, કિં. રૂ. ૨-૦-૦; **વીર દુર્ગાદાસ** લે૦ વિઠ્ઠલભાઈ ધનજીભાઈ પટેલ, કિં. રૂ. ૧-૪-૦; **સુમુમ તથા નૃસિંહકુંવર :** કવિ છોટમકૃત, સંપા૦ હરિપ્રસાદ ગંગાશંકર શાસ્ત્રી, કિં. રૂ. ૦-૬-૦; **શિવાજી છત્રપતિ :** લે૦ ચૂનીલાલ વર્ધમાન શાહ, કિં. રૂ. ૧-૪-૦; **મહાત્મા દાદૂદયાળ :** લે૦ વાસુદેવ મહાશંકર જોષી, કિં. રૂ. ૦-૮-૦; **સુબોધક નીતિકથા:** લે૦ ખરદેશજી બમનજી ફરામરોજ, કિં. રૂ. ૧-૦-૦; **શ્રી વિચારસાગર:** મહાત્મા નિશ્ચલદાસજી કૃત, કિં. રૂ. ૦-૬-૦; **વિજ્ઞાનશતક:** ભર્તૃહરિ કૃત, અનુ૦ ચન્દ્રકાન્ત જયશંકર ભટ્ટ, કિં. રૂ. ૦-૬-૦; **કાશ્મીર :** લે૦ શાન્તાબહેન કવિ, કિં. રૂ. ૦-૧૨-૦; **મહાત્મા સરયુદાસ :** . કિં. રૂ. ૦-૮-૦; **પંચદશી :** શ્રીમદ્ વિદ્યારણ્ય સ્વામી વિરચિત, અનુ૦ સ્વ૦ હાથીભાઈ હરિશંકર શાસ્ત્રી, કિં. રૂ. ૪-૮-૦.

अन्य प्रकाशको तरफथी :

હવા! તુમ ધીરે બહો!: લે૦ મોહનલાલ પટેલ, પ્રકા૦ રવાણી પ્રકાશન ગૃહ, અમદાવાદ, કિં. રૂ. ૩-૦-૦; **અમરવેલ:** લે૦ કવિ નાનાલાલ, પ્રકા૦ ડૉ૦ મનોહર નાનાલાલ કવિ, સોલ એજન્ટ એન૦ એમ૦ ત્રિપાઠી લિ૦, મુંબઈ, કિં. રૂ. ૨-૮-૦; **સ્મૃતિમંગલ:** લે૦ અને પ્રકા૦ ગોવિન્દભાઈ પટેલ, સોલ એજન્ટ ઉપર પ્રમાણે, કિં. રૂ. ૧-૦-૦.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કૃષ્ણકુમારી

મેવાડના રજપૂત રાજ્યની પડતીના દિવસોની આ વાત છે. મેવાડના સૂર્યસમાન પ્રતાપી રાણાઓના પ્રેમ-શૌર્યની કથાઓ ત્યારે માત્ર જૂની દંતકથાઓ બની ગઈ હતી; અને પરાક્રમી શૂરવીર રજપૂતો માત્ર અંદર અંદરના કુસંપ અને પતરાજીનું બીજું નામ બની ગયા હતા. જે રજપૂતોએ મુસલમાનોની સામે થવામાં બહાદુરી અને મરણિયાપણાનો વિક્રમ તોડ્યો હતો, તે રજપૂતો અંદર અંદરના કુસંપમાં તારાજ થઈ, મરાઠાઓની ટોળીઓને મદદે બોલાવી બેઠા હતા. મરાઠાઓ માત્ર લૂંટફાટના જ યાર હતા; અને આજે એક જણના દોસ્ત બની બીજાને લૂંટતા, તો કાલે પાછા એ દોસ્તને જ લૂંટી લેતા! હિંદુ દેવમંદિરો પણ તેમની લૂંટફાટનો ભોગ બનવામાંથી બચ્યાં ન હતાં.

એવા પડતીના સમયે પણ પ્રાચીન રજપૂત ગૌરવને યાદ દેવરાવે એવું કૃત્ય એક રાજકુમારીને હાથે થયું. તે એક ભારે કરુણ કથા છે.

તે વખતે એટલે કે, ઈ. સ. ૧૭૭૮માં રાણો ભીમસિંહ મેવાડની ગાદીએ આવ્યો હતો. આઠ વર્ષની વયે તે ગાદીએ બેઠો અને ૫૦ વર્ષ સુધી તેનું રાજ્ય ચાલ્યું. તેના અમલ દરમ્યાન રજપૂતાના પાયમાલી અને નામોશીની છેવટની કક્ષાએ જઈને બેઠું.

રાણા ભીમસિંહને કૃષ્ણકુમારી નામે કન્યારત્ન હતું. ઇતિહાસમાં ત્રણ કે ચાર એવી મહા સ્વરૂપવતી સ્ત્રીઓ જાણીતી છે, કે જેમનું રૂપ તેમના પોતાના તેમ જ બીજા ઘણાના નાશ અને પાયમાલીનું કારણ થઈ પડ્યું હતું. કૃષ્ણકુમારી પણ એવી સ્ત્રીઓમાંની એક હતી. રાણા ભીમસિંહને પોતાની આ રૂપવતી પુત્રી ઉપર અતિશય વહાલ હતું. પોતાના અભાગી દુઃખી જીવનમાં રાણો પોતાની આ પુત્રીનું મુખ જોઈને પોતાનું દુઃખ ભૂલતો.

રાણા ભીમસિંહની સત્તા નામની જ હતી. તેને આજુબાજુના કેટલાય સામંતોની મહેરબાની અને મદદ ઉપર જીવવું પડતું હતું. દરેક જણ બદલામાં કૃષ્ણકુમારી પોતાને મળે એમ ઇચ્છતું. જયપુરના રાજા જગતસિંહ સાથે કૃષ્ણકુમારીના લગ્નની વાત ચાલતી હતી; અને એ કામ નિર્વિઘ્ને પતી જાય તે માટે જયપુરનું લશ્કર રાણાની રાજધાની ઉદયપુરમાં આવ્યું હતું.

તે જ અરસામાં મારવાડના માનસિંહે કૃષ્ણકુમારી માટે પોતાનો દાવો રજૂ કર્યો અને જગતસિંહ સાથે કૃષ્ણકુમારીનું લગ્ન ન થઈ જાય તે માટે પોતાનું લશ્કર તાબડતોબ ઉદયપુર તરફ રવાના કર્યું.

આ તકનો લાભ લઈ મરાઠાઓએ જયપુરના રાજા જગતસિંહ સામેનું પોતાનું જૂનું વેર પતવવાનો વિચાર કર્યો. તેમણે મારવાડના રાજાનો પક્ષ લીધો, અને જગતસિંહના લશ્કરને મેવાડમાંથી કાઢી મૂકવા રાણા ભીમસિંહને જણાવ્યું.

રાણા ભીમસિંહે મરાઠાઓની આ વાત માની નહીં, એટલે તેઓએ મેવાડ ઉપર ચડાઈ કરી. જગતસિંહે પોતાના લશ્કર સાથે આગળ જઈને તેમનો સામનો કર્યો; પરંતુ તેમાં તે હાર્યો અને ઉદયપુર તરફ પાછો નાઠો. મરાઠાઓએ તેની પૂંઠ પકડી અને ઉદયપુરથી થોડે દૂર જ છાવણી નાખી.

રાણા ભીમસિંહ હવે ગભરાયો. તેણે મરાઠાઓને ખુશ કરવા જગતસિંહ અને તેના લશ્કરને ઉદયપુરમાંથી ચાલ્યા જવાનું કહ્યું. જગતસિંહ આ અપમાન ગળી જઈને તે વખતે તો ચાલ્યો ગયો; પણ થોડા દિવસ પછી મોટા લશ્કર સાથે તેણે મેવાડ ઉપર ચડાઈ કરી.

માનસિંહ હવે મેવાડના રાણા ભીમસિંહની મદદે લશ્કર લઈને આવ્યો. પરંતુ મરાઠાઓએ એ તકનો લાભ લઈ, હવે માનસિંહના મારવાડ ઉપર જ ચડાઈ કરી! માનસિંહની સામે તેના રાજ્યમાં ખૂબ અસંતોષ હતો. એટલે મારવાડમાં માનસિંહને બદલે બીજા એક માણસને સિંહાસનનો હકદાર બનાવવામાં આવ્યો, એટલું જ નહીં પણ મારવાડના ઘણા સરદારો જયપુરના રાજા સાથે ભળી ગયા.

માનસિંહ અને જગતસિંહ વચ્ચે ભારે યુદ્ધ થયું. પરંતુ માનસિંહના ઘણા સરદારો ફૂટી ગયા હોવાથી માનસિંહ હાર્યો અને પોતાની રાજધાની જોધપુર નાઠો. જગતસિંહે જોધપુરને ઘેરો ઘાલ્યો, અને છ મહિના બાદ તે શહેર હાથમાં આવતાં ત્યાં એવી કારમી કતલ અને લૂંટફાટ ચલાવી કે, મારવાડના જે સરદારો તેના પક્ષમાં ભળ્યા હતા, તેઓ તેની સામે થઈ ગયા. અને છેવટે જગતસિંહને રણભૂમિ છોડીને નાસવાવારો આવ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારવાડના માણસોએ છેક જયપુર સુધી તેનો પીછો પકડ્યો અને તેના ઘણા માણસો મારી નાખ્યા.

હવે માનસિંહ જોર ઉપર આવ્યો. તેની સામે રાજગાદી માટે જે બીજો હકદાર ઊભો કરવામાં આવ્યો હતો, તેણે અમીરખાં નામના એક પઠાણની મદદ લીધી. અમીરખાંએ હવે જોયું કે, માનસિંહનો પક્ષ લેવામાં જ લાભ છે; એટલે તેણે નાચનો જલસો ચાલતો હતો તે વખતે પેલા બીજા હકદારનું ખૂન કરી નાખ્યું, અને પોતે માનસિંહને આવી મળ્યો.

અમીરખાંએ પછી માનસિંહ વતી કૃષ્ણકુમારીના હાથ માટે રાણા ઉપર દબાણ કર્યું. તે પોતે પણ ઉદયપુર આવ્યો. આ વખતે રાણા ભીમસિંહના કેટલાક કાયર સરદારોએ રાણાને એવી સલાહ આપી કે, આ કૃષ્ણકુમારી જીવતી છે, ત્યાં સુધી મેવાડ ઉપરથી દુશ્મનોનો ત્રાસ દૂર થવાનો જ નથી; માટે ગમે તે રીતે તેને મારી નાખવામાં આવે, તો જ મોટી લડાઈઓમાંથી સૌને બચવાવારો છે.

મેવાડના રજપૂતો એ વખતે કેટલા કાયર બની ગયા હતા તે આ ઉપરથી જણાઈ આવશે. તેમણે પોતાની સલામતી અને સુખ ખાતર એક નિરપરાધી બાળાને ખતમ કરવાનો વિચાર કર્યો. રાણા ભીમસિંહે પોતાના કુટુંબી દોલતસિંહને એ કામ સોંપ્યું. પણ તેણે તો એ વાત સાંભળતાં જ કાને હાથ દઈ દીધા. જ્યારે દોલતસિંહે કૃષ્ણકુમારીની કતલ કરવાની ના પાડી, ત્યારે ભીમસિંહે પોતાના પિતાની રખાતના પુત્ર જવાનદાસને એ કામ સોંપ્યું. તે તરત કબૂલ થયો. પરંતુ જ્યારે તે છરી લઈને કૃષ્ણકુમારી પાસે જઈ પહોંચ્યો, ત્યારે તેનું મુખ જોઈને તેના હાથમાંથી છરી નીચે પડી ગઈ અને તે નીચું મોં કરી ત્યાંથી ભાગી ગયો.

એ છરી ઉપરથી કૃષ્ણકુમારીની માતાના જાણવામાં આવ્યું કે, કૃષ્ણકુમારીનો જાન લેવાની તજવીજ ખુદ રાણાની સંમતિથી જ ચાલે છે. તે અત્યંત દુઃખી થઈ તથા વિલાપ કરવા લાગી. પરંતુ રક્ષક જ જ્યાં પુત્રીનો ભક્ષક બને ત્યાં બિચારી માતા શું કરી શકે? અને બધા સામંત સરદારો પણ કૃષ્ણકુમારીને જ પોતાનાં બધાં દુઃખનું મૂળ માનતા હતા; એટલે કયાંયથી કશી મદદ મળે તેમ હતું જ નહીં.

પુરુષોના હાથ આવી કુમળી કળી જેવી કન્યાનો વધ કરવા નિષ્ફળ નીવડ્યા ત્યારે સ્ત્રીનો હાથ કામમાં લેવાની તજવીજ ચાલી. એક સ્ત્રીને ઝેરનો પ્યાલો લઈ કૃષ્ણકુમારીને પાઈ દેવા મોકલવામાં આવી.

કૃષ્ણકુમારી સમજી ગઈ કે, મારે કારણે પિતા ઉપર તથા રાજ્ય ઉપર ચાલુ આફતો આવ્યા જ કરે છે, અને મારા મૃત્યુથી જ એ બધા ઝઘડાઓનો અંત આવે તેમ છે. એટલે તેણે પોતે જ તે સ્ત્રીના હાથમાંથી ઝેરનો પ્યાલો લઈ લીધો, અને કલ્પાંત કરતી પોતાની માતાને સમજાવીને પોતાને મોંએ માંડ્યો.

પરંતુ એ પ્યાલો પીવા છતાં કૃષ્ણકુમારીના પ્રાણ ગયા નહીં. ત્યારે બીજો પ્યાલો તૈયાર કરવામાં આવ્યો. તે પ્યાલો પણ કૃષ્ણકુમારી પ્રસન્ન મુખે પી ગઈ. પણ તેનાથીય તેના પ્રાણ ગયા નહીં. ત્યારે ત્રીજી વાર પ્યાલો તૈયાર કરવામાં આવ્યો. તે વખતે પણ અગાઉની જેમ કૃષ્ણકુમારી જરા પણ ગભરાયા વિના શાંતિથી તે પ્યાલો પી ગઈ. છતાં તેના પ્રાણ ગયા નહીં.

સૌ કોઈ આ જાણી ચકિત થવા લાગ્યું. પરંતુ સરદારોએ હવે પોતે પોતાને હાથે એક ભયંકર વિષ તૈયાર કરીને મોકલ્યું. કૃષ્ણકુમારીએ એ ચોથો પ્યાલો પણ હસતે મુખે હાથમાં લીધો અને 'શીઘ્ર મારું મૃત્યુ થજો, તથા મારા પિતા ઉપર તથા રાજ્ય ઉપર આવેલી આફતો ટળજો' એમ કહી મોંએ માંડી દીધો તે પ્યાલો પીને કૃષ્ણકુમારી જે સૂતી તે પછી જાગી નહીં. તેની આંખ સદાને માટે અનંત નિદ્રામાં મીંચાઈ ગઈ.

'રાજસ્થાનની કમલિની'ને નામે જાણીતી થયેલી એ મહા સ્વરૂપવતી રાજકન્યાનો એ રીતે અંત આવ્યો.

કૃષ્ણકુમારીના સ્વર્ગવાસ પછી તેની માએ પણ ત્યાં ને ત્યાં જ અન્નજળનો ત્યાગ કર્યો અને થોડા જ વખતમાં તે પણ પરલોકમાં પોતાની અભાગી પુત્રીને મળવા ચાલી ગઈ

મેવાડના કાયર રાણાએ સુખશાંતિની આશાએ પોતાની પુત્રીનો ભોગ આપ્યો તો ખરો; પરંતુ તેને સુખશાંતિ ન જ મળી. અમીરખાંએ ઈ. સ ૧૮૦૯માં પોતાના પઠાણો સાથે ઉદયપુરમાં પ્રવેશ કરીને આખું ઉદયપુર લૂંટ્યું તથા બરબાદ કર્યું. ત્યાર બાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઈ. સ. ૧૮૧૧માં મરાઠાઓ પણ એ લૂંટ અને બરબાદીમાં જોડાયા. કાયર બનેલા રજપૂતો કોઈનો સામનો કરી શકતા જ નહીં.

છેવટે ઈ. સ. ૧૮૧૭માં રાણા ભીમસિંહે પઠાણો અને મરાઠાઓના ઉપદ્રવમાંથી છૂટવા અંગ્રેજોનું શરણ સ્વીકાર્યું અને પોતાની સ્વતંત્રતા તેમને લખી આપી

એ રીતે મેવાડમાં રજપૂતોના રહ્યાસહ્યા સ્વતંત્ર રાજ્યનો અંત આવ્યો.

ગો૦

સત્યવીર સૉક્રેટીસ

ઈસવી સન પૂર્વે ૪૬૯ના અરસામાં ગ્રીસ દેશમાં આવેલા ઍથેન્સ નામે નગર-રાજ્યમાં સૉક્રેટીસનો જન્મ થયો હતો. ગ્રીસ દેશનો તે મહાન વિચારક અને ફિલસૂફ હતો. તે દિવસોમાં પડોશમાં આવેલા સ્પાર્ટા નામના બીજા નગર-રાજ્ય સાથે ઍથેન્સ યુદ્ધમાં ઊતર્યું હતું. લાંબા કાળ સુધી ચાલેલા આ ખૂનખાર યુદ્ધથી ઍથેન્સમાં આચાર અને વિચારની શિથિલતા આવવા લાગી હતી. તે વખતે ઍથેન્સના લોકોને સદાચાર સમજાવવા સૉક્રેટીસ મથતો હતો. સવારના પહોરમાં એ બહાર નીકળી પડતો અને કોઈ પણ જાહેર સ્થળોએ ભેગા થયેલા ઍથેન્સવાસીઓને તે વાતે ચડાવતો. અને વાતમાં ને વાતમાં લોકોને સાચો ધર્મ શો છે એ સમજાવતો. લોકો પણ તેની આવી બોધભરી વાતો સાંભળવા તેની આસપાસ મધમાખીની જેમ ટોળે મળતા.

સૉક્રેટીસ ખૂબ સાદાઈથી જીવતો હતો. કપડાં થીંગડાં દીધેલાં અને એ જ પહેરતો. જોડા તેણે કદી પહેર્યા ન હતા. એનું શરીર ખૂબ મજબૂત હતું. શરીરને સશક્ત રાખવા તે પોતે જ બહુ કાળજી રાખતો. સારું મજબૂત શરીર હોય તો પોતાની તેમ જ લોકોની સેવા બરોબર થઈ શકે, એમ તે માનતો. આહારની બાબતમાં પણ તે ખૂબ મિતાહારી હતો. કકડીને ભૂખ લાગે ત્યારે રોટી ને શાક મળે તેટલું જ એને પૂરતું હતું. સૉક્રેટીસ કહેતો કે, "તમે બધા રસોઈ ને સ્વાદિષ્ટ કરવા એમાં મસાલા નાખો છો. હું કકડેલી ભૂખને મસાલા તરીકે વાપરું છું. બીજા સૌ ખાવાને માટે જીવે છે, હું જીવવા માટે જ ખાઉં છું."

સૉક્રેટીસ દેખાવમાં ખૂબ કદરૂપો હતો. તેનું બેડોળ મોં, જાડા હોઠ, મોટી આંખો અને બૂચું તથા પહોળું નાક જોઈને અજાણ્યો માણસ તો તેના વિષે ભળતો જ ખ્યાલ બાંધી બેસે.

તે સમયે ઍથેન્સ એની જાહોજલાલીની ટોચે હતું. ઍથેન્સવાસીઓ જાતમહેનતને હલકી ગણતા અને રાજકાજમાં ભાગ લેવો એને જ આબરૂદાર માણસનું કામ ગણતા. તેથી તેઓ સામાન્ય રીતે મોચી, સુથાર, લુહાર વગેરે કારીગરોને હલકી કોટિના માણસો ગણતા. પરંતુ સૉક્રેટીસ તો એ લોકોની દુકાનોમાં અવારનવાર જઈને બેસતો અને વાર્તાલાપ કરતો. બીજા ઍથેન્સવાસીઓ સાથેની વાતચીતમાં સૉક્રેટીસ એ ધંધાઓને લગતાં ઉદાહરણો આપતો, ત્યારે ઍથેન્સવાસીઓ ગુસ્સે થઈને કહેતા : "એની દલીલો મોચી, ચામડિયા કે લુહારની વાતોથી ભરેલી હોય છે અને તેમાં કટાયેલ લોઢા કે સડતા ચામડાની ગંધ જ આવે છે."

ઍથેન્સવાસીઓને જાતમહેનત માટે આમ અનાદર બતાવતા જોઈને સૉક્રેટીસ અકળાતો. એ પોતે એમ માનતો કે, આ બધા કારીગરોમાં રાજનીતિજ્ઞો ને કવિઓ કરતાં મૂર્ખતાનું પ્રમાણ કંઈક ઓછું છે.

એક વાર સૉક્રેટીસને કોઈકે પૂછ્યું : "માણસને માટે સૌથી ઉત્તમ ધ્યેય કયું છે?"

સૉક્રેટીસ કહે : "મારી માન્યતા પ્રમાણે, પોતાની આવડત કેળવી પોતાની ફરજ અદા કરે તે જ ઉત્તમ માણસ છે. ખેડૂત હોય તો સારી ખેતી કરે, વૈદ્ય હોય તો સારી રીતે વૈદું કરે, રાજનીતિજ્ઞ હોય તો રાજવહીવટ સારી રીતે ચલાવે. પણ જે માણસ કશું જ સારી રીતે કરી શકતો નથી, તે નથી માણસને ઉપયોગી કે નથી ઈશ્વરનો સેવક. માણસ જો ઉપયોગી અને જરૂરી કામ કરતો હોય, તો એમાં શરમજનક કશું નથી. એદીપણું જ શરમજનક છે."

એક વાર સૉક્રેટીસનો એક મિત્ર કેટલાક દિવસથી દિલગીર રહેતો હતો તે જોઈ સૉક્રેટીસે તેને પૂછ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"તારા ઉપર એવું તે કયું દુઃખ આવી પડ્યું છે કે તું આટલો ઉદાસીન રહે છે?"

પેલો મિત્ર બોલ્યો : "ચૌદ નિરાધાર સ્ત્રીઓને નભાવવાનું મારે માથે આવ્યું છે. પ્લેગમાં તેઓ નિરાધાર થઈ ગઈ છે. મારી એવી સ્થિતિ નથી કે, એ સૌનું ભરણપોષણ લાંબા વખત સુધી કરી શકું. બોલો, મારે હવે શું કરવું?"

સૉક્રેટીસે તરત જ જવાબ આપ્યો : "અરે, એમાં શું મૂંઝાવાનું છે? એ સૌને સીવવાના, ગૂંથવાના, ભરવાના કામે વળગાડો ને?"

પેલો મિત્ર તો આભો જ બની ગયો. આવા મોટા કુળની સ્ત્રીઓને આવું કામ શી રીતે અપાય?

સૉક્રેટીસ એની મૂંઝવણ સમજી જઈ બોલ્યો : "ગભરાવાનું એમાં કારણ નથી. એ જ સારામાં સારો ઉપાય છે. એ સૌનું ભરણપોષણ થઈ શકે એટલું તેઓ રળશે એટલું જ નહીં, પણ તેઓની શક્તિ અને સમયનો સદુપયોગ થશે. વળી બીજો લાભ એ થશે કે, નવરા બેસવાને લીધે જે કૂથલી, ઈર્ષા અને નિરાશા ફેલાય છે, તેમાંથી તે બચી જશે."

પેલા મિત્રે સૉક્રેટીસના કહેવા પ્રમાણે કર્યું અને એનું સારું પરિણામ આવ્યું.

આમ સૉક્રેટીસ સૌને સારે માર્ગે દોરવાનું સેવાકાર્ય કર્યા કરતો હતો. જુવાનિયાઓ તો એની પાછળ ને પાછળ જ ફર્યા કરતા.

આવી રીતે સૉક્રેટીસની ખ્યાતિ દિનપ્રતિદિન વધતી હતી, તે જોઈ રાજ્યકર્તા અધિકારીઓ અકળાઈ ગયા. તે સમય દરમિયાન ઍથેન્સની રાજસત્તા 'ત્રીસ જાલિમો' તરીકે ઓળખાતા અધિકારીઓ પચાવી પડ્યા હતા. એ લોકો સૉક્રેટીસને કેમ છોડે? તેઓએ તેને હેરાન કરવા પ્રયત્ન કર્યો. પણ સૉક્રેટીસે નીતિ તથા સદાચારનો પોતાનો રાહ ન છોડ્યો.

થોડા વખત પછી ઍથેન્સમાં ફરીથી પ્રજાસત્તાક રાજ્ય સ્થપાયું. સૉક્રેટીસે પ્રજાસત્તામાં દેખાતી કચાશ તરફ પણ પ્રજાનું ધ્યાન ખેંચવા માંડ્યું. તે વખતે ઍનેટસ નામનો માણસ પ્રજાસત્તાવાદીઓમાં એક આગેવાન હતો. તેનો જુવાન છોકરો સૉક્રેટીસની સાથે બેસતો ઊઠતો. ઍનેટસને આ ગમતું ન હતું. આમ કેટલાય લોકના મનમાં સૉક્રેટીસ સામે રોષ પેદા થતો તેવા લોકો તરફથી છેવટે સૉક્રેટીસ ઉપર જુવાનોને બગાડવાનો ને શહેરના દેવોને ન માનવાનો આરોપ મૂકવામાં આવ્યો. તે માટે તેના ઉપર જાહેરમાં કામ ચલાવવામાં આવ્યું. આ દોષ ઍથેન્સમાં મૃત્યુદંડને પાત્ર ગણાતો. તે મુજબ તેને મૃત્યુદંડની સજા થઈ. એ વખતે સૉક્રેટીસે અદાલતમાં જે બયાન આપ્યું હતું તે જગમશહૂર છે.

સૉક્રેટીસને મૃત્યુની સજા થઈ એ જાણી પ્લેટો, ક્રીટો વગેરે તેના મિત્રો તથા શિષ્યો દુઃખી થયા. તેમાંના કેટલાક સૉક્રેટીસને કેદમાંથી છાનામાના ભગાડવાની પણ પેરવી કરવા લાગ્યા. એ માટે તેઓએ ગોઠવણ પણ કરી. પરંતુ સૉક્રેટીસ કબૂલ થાય તો ને? તેને સમજાવવા છેવટે તેઓએ ક્રીટોને એની પાસે મોકલવાનો વિચાર કર્યો.

ક્રીટો વહેલી સવારે જેલમાં દાખલ થયો. જોયું તો સૉક્રેટીસ ખાટલા પર નિરાંતે ઊંઘતો હતો. ૪૮ કલાક પછી મરવાનું છે તે માણસ એકધારાં નસકોરાં બોલાવતો ઊંઘે છે! આ ગાઢ ઊંઘમાં ભંગ પાડવાની ક્રીટોની હિંમત નહોતી, એટલે તે બાજુ પર બેસી ગયો.

થોડી વાર પછી સૉક્રેટીસ જાગ્યો એટલે ક્રીટોએ બધી વાત એને સમજાવી.

પરંતુ સૉક્રેટીસે ડોકું ધુણાવી ના પાડી અને કહ્યું : "ઍથેન્સવાસીઓએ ભલે મને અન્યાય કર્યો હોય અથવા ઍથેન્સનો કાયદો ભલે મને અન્યાય કરતો હોય. પરંતુ, બીજા અન્યાય કરે તેથી આપણે પણ અન્યાય કરવો એ વાજબી નથી. જૂઠાણાનો જવાબ જૂઠાણાથી આપવો, પાપનો સામનો પાપથી કરવો, એ કદી નીતિમય નથી, એમ મેં હંમેશ કહ્યું છે. એટલે ઍથેન્સવાસીઓએ મને અન્યાય કર્યો હોય તોપણ ચોરીછૂપીથી ભાગી જવું એ મને ન છાજે. વળી મેં આજ સુધી ઍથેન્સ રાજ્યના ધારા પાળ્યા છે. હું તે રાજ્યમાં ઊછર્યો છું, તેના નિયમ મુજબ લગ્ન કર્યું છે, તેની રક્ષા અર્થે લશ્કરમાં પણ જોડાયો છું, — આ બધું મેં નાગરિકની ફરજ સમજી સ્વેચ્છાથી કર્યું છે. હું ગમે ત્યારે આ રાજ્ય છોડી બીજા રાજ્યમાં જઈ શક્યો હોત. અહીં જ વસવાનું મને કોઈએ ફરમાન નહોતું કર્યું. અહીં રહીને મેં અહીંના નાગરિક તરીકેના અધિકારો ને જવાબદારીઓ સ્વીકારી લીધાં. આજ દિવસ સુધી એનો લાભ લીધો. હવે આજે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજ્યના લોકોને હું ગુનેગાર લાગું છું અને,—માનો કે અન્યાયી રીતે પણ,—અહીંના કાયદા મુજબ તેઓ મને સજા ફરમાવે છે. હવે જો તારી સલાહ મુજબ હું નાસી જાઉં, તો શહેરના કાયદાઓના પાયાને જ મેં ધક્કો પહોંચાડયો ન કહેવાય? ને એ રીતે રાજ્યને તેમ જ સૌ નાગરિકોને નુકસાન પહોંચાડયું ન કહેવાય? ક્રીટો, આમ કરવું એ તો પાપની સામે પાપથી બદલો વાળવા જેવું થાય."

ક્રીટો સૉક્રેટીસના આ જવાબ આગળ કશું બોલી શકયો નહીં. બીજે દિવસે સૉક્રેટીસને ઝેર પીવાનું ફરમાવવામાં આવ્યું. છેલ્લી ઘડી સુધી સૉક્રેટીસ જરાયે ડગ્યો ન હતો અને તેણે હસમુખે ચહેરે ઝેર પી લીધું. પોતાને જે કંઈ કહેવાનું હતું તેનું છેલ્લું વાકય બોલીને, જેમ આપણે શરબતનો પ્યાલો આનંદથી પી જઈએ છીએ, તેમ તેણે ઝેરનો પ્યાલો આનંદથી મોંએ માંડયો.

એથેન્સવાસીઓએ આમ ગ્રીસ દેશના એક મહાન વીર પુરુષને ઝેર પાઈને આ જગતમાંથી વિદાય કર્યો. પણ આજે દુનિયા સૉક્રેટીસને યાદ કરે છે. યુરોપની ફિલસૂફીનો તે એક આદિપુરુષ ગણાય છે. તેના શિક્ષણથી કેટલાંય માણસોને લાભ થયો છે. તેની ઉપર તહોમત મૂકનારને અને તેને સજા આપનારને દુનિયા વખોડે છે; પણ ઝેરનો પ્યાલો પીનાર સત્યવીર સૉક્રેટીસ તો અમર થઈ ગયો છે.

સુ૦ ક૦

માસિક વિવેચન

નવા વરસનાં અભિનંદન

આ અંક સૌને નવા વરસે મળશે. સૌને નવા વરસનાં અભિનંદન. આપણને, આપણા દેશને, આપણી આગેકૂચને નવું વર્ષ બધી રીતે મુબારક હો. 'सर्वे जनाः सुखिनो भवन्तु.'

૨૦-૧૦-'૫૪ મ૦ પ્ર૦

કૂતરાંની હાય!

થોડા દિવસ ઉપર અંગ્રેજી છાપાંમાં ખાસ જાતનાં કૂતરાંને કેળવીને આંધળાની લાકડી તરીકે યુરોપમાં કામમાં લેવાય છે એ વાંચ્યું. શહેરોની ગાડીઓ અને ભીડમાંય કૂતરો આંધળાને લઈ જાય છે! કયાં કૂતરાંને વિષે આવી જ્ઞાનપૂર્વક જીવદયા અને કયાં અમદાવાદની મૂઢ જીવદયા! થોડા વખત ઉપર વાંચ્યું કે, અહીંનાં કૂતરાં માતર પાસે લઈ જઈ ત્યાં છોડયાં, તેથી ત્યાંના લોકોને ફરિયાદ કરવી પડી! અને અમદાવાદ શહેરમાંથી પકડીને થોડે દૂર બહારની સોસાયટીઓ પાસે છોડવામાં આવે છે, એ કેવું?

જાણવા મળે છે કે, દરરોજ કેટલા બધા લોકને કૂતરાં કરડે છે અને હડકવાની રસી મુકાવનારાનો આંકડો સેંકડો ઉપરનો થાય છે! આ કોઈ સુધરેલા સમાજની કે દયાવાન સમાજની વાત નહીં કહેવાય.

ડી. ડી. ટી. થી તો અબજો સંખ્યામાં જીવાત મરે; તેનો વાંધો 'જીવદયા'વાળાને નથી! કૂતરાંને ન મરાય, ન પળાય; તો કેળવવાની તો વાત જ કયાં રહી! કહે છે કે, મ્યુનિસિપાલિટી કૂતરાંને વગે કરતી હતી તે જૈનોએ લાગવગથી રોકાવ્યું. આ ખરું હોય તો તે અનુચિત જાહેર વ્યવહાર કહેવાય અને તેમાં મોટી હિંસા રહેલી છે. કૂતરાંને ન મારો ને ન પાળો—છતાં તેમને ખાવાનું નાખો, એમાં અવિચાર અને બેજવાબદાર નાગરિકતા રહેલાં છે. શહેર કરીને રહેવું હોય તો ડી. ડી. ટી. અને તેના જેવા જલદ ઉપાયો લીધા વિના છૂટકો નથી. મોટો મિલઉદ્યોગ વગર હિંસાએ ચાલે છે કે? પશ્ચિમના ઉદ્યોગો અને તેના ઢબનાં નગરો અપાર જીવાત અને જીવોના 'ડી. ડી. ટી.-કરણ' વગર અસંભવ છે, એ ઉઘાડું છે. તેવા સુધારામાં જીવદયા રાખવી હોય તો તે દેશોનો રસ્તો લેવો અથવા ગ્રામજીવન વહાલું કરવું, અને ત્યાંય કૂતરાંનો પ્રશ્ન તો એની રીતે પણ ઊભો છે તે ઉકેલવો જ પડવાનો.

૨૦-૧૦-'૫૪ મ૦ પ્ર૦

કૉલેજોનું ધોરણ

મદ્રાસ યુનિવર્સિટીએ એક મોટો ફેરફાર હમણાં કર્યો છે. તેણે એવું ઠરાવ્યું છે કે, કૉલેજનું પ્રથમ વરસ રદ કરી તે શાળાઓમાં લઈ જવું અને કૉલેજની પ્રથમ પદવી માટેનો સમય ત્રણ વરસનો રાખવો. આ જાતનો વિચાર રાધાકૃષ્ણન કમિશને તથા મુદલિયાર કમિશને પણ રજૂ કર્યો છે. મદ્રાસના કુલનાયક તરીકે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી મુદલિયાર તેને આગળ કરે તે ઉચાટું છે. તેની સેનેટની બહુમતીએ તે સ્વીકાર્યો એ નોંધપાત્ર છે.

ફેરફારની પાછળ આશા સેવાતી હોય તો એ છે કે, તે દ્વારા યુનિ૦ના ધોરણમાં કાંઈક સારી અસર પડશે, તથા કૉલેજોનું કામ વધારે સંગીન કરવાનું ફાવશે.

આ આદર્શ ઠીક છે; પણ સામે જે લોકપ્રવાહ છે તેય જોવો જોઈએ. આજે બહારથી પણ છોકરાઓ બેસી શકે, એવી છૂટ અપાવા લાગી છે. તે છૂટ જ્ઞાન-કલાના વિષયો પૂરતી આજે છે, એ ખરું. પરંતુ વેપારવિદ્યામાં પણ તે છૂટ મળે તો નવાઈ નહીં. જે શિક્ષણમાં કેવળ ભાષણો સાંભળવાં એ જ મુખ્યત્વે હોય, ત્યાં બધે જ આ થવાનું. વકીલોની કૉલેજમાં તો, સાંભળવા પ્રમાણે, બહારના બહાર અને અંદરના અંદર, એ રીતે કેટલાય વખતથી ચાલે છે. કૉલેજોનું મોટું દુઃખ ફીનું છે. તે મટે તો શું થાય? ત્રણ વરસનો ઉપરનો ફેરફાર આ ફી-આવક પર મોટો ઘા કરે — પહેલા વર્ષમાં ખરચ ઓછું ને આવક વધારે, તે જાય, — તો કૉલેજો ખર્ચ કેમ કાઢી શકે?

મદ્રાસના કુલનાયક તો પાછા અંગ્રેજી માધ્યમના ખેરખાં છે. તેમણે સેનેટમાં એવું કહ્યું કે, "આ રાજ્યમાં અંગ્રેજી માધ્યમ ન રહે, એ વાતને સ્થાન જ નથી." એ રાજ્ય હિંદમાં જ આવ્યું હોય, તો તેમણે વધારે વિચાર કરીને બોલવું ઘટે. અંગ્રેજી જશે એવી વાતો તો વ્યાખ્યાનમાં કરવી અને અમલ કરવાનો આવે ત્યારે આમ વાત કરવી, એ રીત સારી ન ગણાય.

ત્રણ વરસનો અભ્યાસ કરો કે ચારનો, — ધોરણના સવાલ પર એ કશાથી ભાગ્યે જ ઝાઝી અસર પહોંચે. યુનિવર્સિટીને આપવામાં આવેલો સરકારી નોકરી માટે પદવીદાનનો ઇજારો દૂર કર્યા વગર ઉચ્ચ શિક્ષણ ભાગ્યે સુધરે.

વળી આપણે ગ્રામવિદ્યાપીઠોની વાતો કરીએ છીએ. તે શું નવી સંસ્થાઓ કાઢવાની છે? અને જૂની વિદ્યાપીઠો જેમની તેમ ચાલ્યા કરે એમ? આ જૂની વિદ્યાપીઠોએ મૂળમાંથી સુધરીને રાષ્ટ્રના જ્ઞાનવિજ્ઞાનની ઉપાસનામાં લાગવાનું છે, તેની કોઈ વાત જ નથી કરતું. જે અને તે એની દ્વારા થતાં મળતર અને મરતબાની જ તરફ જોઈ રહ્યા છે. અને એ બધાનું ધોરણ હતું તેમ, પરદેશી, પરાયું, અને દેશની પ્રકૃતિને ન રુચે કે ન પાલવે એવું છે; અને તેમ જ ચલાવ્યે રાખવું છે. આ મૂળ વાતનો દોષ દૂર કરવા માટે શું કરવું? દેશની પ્રજાએ કરવાની કેટલીક ધરમૂળની ક્રાંતિઓ-માંની એક આ છે. તેના રસ્તા સરકારો વિચારી શકશે કે કેમ, એ સવાલ છે. ત્રણ વરસનો કૉલેજ-ક્રમ આ મૂળ મુદ્દાને સ્પર્શતો નથી.

૨૦–૧૦–'૫૪

અધ્યાપકોને

દિલ્હી યુનિવર્સિટીની એક કૉલેજના મકાનની ઉદ્ઘાટન-વિધિ કરતી વખતે આપણા રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદે એક વિધાન કર્યું હતું તે અધ્યાપક વર્ગના ધ્યાનને પાત્ર છે.

આપણા દેશમાં આજે નિઃસ્વાર્થ જ્ઞાનોપાસનાની ભારે જરૂરિયાત પર ભાર મૂકતાં તેમણે જણાવ્યું, 'પ્રાચીન કાળના આપણા સાહિત્યમાં જ્ઞાનને ખાતર જ્ઞાનની ઉપાસના કરનાર, એને માટે પોતાનું જીવન સંપૂર્ણપણે સ્વાર્પણ કરનાર અસંખ્ય જ્ઞાનયોગીઓ આપણને મળી આવે છે.'

વધુમાં તેમણે જણાવ્યું કે, 'કૉલેજના સંચાલકો આગળ એક મોટો સવાલ અધ્યાપકો શિક્ષણકાર્ય છોડીને ચાલ્યા જાય છે તે છે. એ અસ્વાભાવિક નથી એમ મારે કબૂલ કરવું જોઈએ, કેમ કે, માણસ પોતાનું ભાવિ સુધારવાનો પ્રયત્ન કરે અને વધારે સારી તકની શોધમાં રહે એ બનવાજોગ છે. જીવનની ભૌતિક સમૃદ્ધિના મહત્ત્વ તરફ સર્વથા દુર્લક્ષ કરીએ કે તેને વખોડી કાઢીએ એવા ગગનવિહારી આપણે ન થઈએ એ ખરું, પરંતુ હું વિશ્વાસપૂર્વક કહું છું કે, નાણાંકીય લેખાંઓથી પર એવાં કેટલાંક મૂલ્યો અવશ્ય છે. આજકાલ વિદ્યાર્થી વર્ગમાં અધ્યાપકોને માટે સન્માનની લાગણીનો અભાવ જોવામાં આવે છે તેનું એક કારણ, મને લાગે છે કે, અધ્યાપકના મનમાં પોતાના ઉમદા વ્યવસાય પ્રત્યે ઉત્સાહ યા પ્રેમનો અભાવ છે. એને લીધે, શિક્ષક પ્રત્યેના આદરમાંથી વિદ્યાર્થીના મનમાં પેદા થતી શિસ્તની ભાવના ઓછી થવા પામે એ ઉચાટું છે. એ વસ્તુ વિદ્યાર્થીના દિલમાં જ્ઞાનને ખાતર જ્ઞાનનો પ્રેમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પેદા કરતી નથી. એ વસ્તુ આપણા દેશમાં સાચી વિદ્યા અને સાચી કેળવણીનાં ફેલાવાને માટે વિનાશકારક થઈ પડશે એ ચોક્કસ છે.'

૫-૧૦-'૫૪ મ૦ પ્ર૦

જાત-દયા-ખાઉપણું સારું નહીં

સૌરાષ્ટ્રના એક ગામના વિદ્યાર્થીસંઘના પ્રમુખે ત્યાંના કોઈ શિક્ષણ-અધિકારીને લખેલા પત્રની નકલ જોવા ખીડી છે. 'હ. બં.'ના તંત્રી તરીકે તે છે, પણ તેનો આ માસિકમાં ઉલ્લેખ કરવો ઠીક થશે માનું છું.

તે પત્રમાં પ્રમુખ એમ લખે છે કે, વિદ્યાર્થીઓ પોર્ટુગીઝ રાજ્યના દીવની હિલચાલમાં ખેંચાયા; બિહાર આસામ રેલરાહત ફંડમાં કામ કર્યું; અને ગામમાં મલેરિયા ખૂબ ફાટી નીકળવાથી તેઓને પણ વેઠવું પડયું. આથી તેઓ છમાસિક પરીક્ષા માટે તૈયારી ન કરી શકયા, માટે રજાઓ પછી તે લેવાશે કરીને મોકૂફ રાખવી જોઈએ.

અને તે જણાવે છે કે, એ જાતની મૌખિક હા તેમને મળી. પણ પછી તેમ થયું નહીં. એટલે તે કહે છે કે, આ વચનભંગ થયો. માટે, "આપ આ બાબતમાં સત્વરે ગહન વિચાર કરીને, મહાત્માજીના સિદ્ધાંત વિરુદ્ધનું જે આચરણ કર્યું છે, તેના પ્રાયશ્ચિત્ત રૂપે પણ આપનો નિર્ણય ફેરવવા વિનંતી છે. આ બાબતમાં જો આપનો સંતોષકારક નિર્ણય નહીં આવે, તો આપના બદલે અમારે નછૂટકે પ્રાયશ્ચિત્ત કરવાની જરૂર ફરજ પડશે."

પ્રાયશ્ચિત્ત તરીકે તેઓ શું કરશે તે જણાવ્યું નથી. પત્રમાં એમ લખ્યું છે કે, "ઘણા જ ગહન વિચારને અંતે સમસ્ત વિદ્યાર્થી મિત્રોએ નક્કી કર્યું છે કે, મહાત્માજીના સિદ્ધાંતોને હરહમેશ આગળ ધરનાર જો આ રીતે વચનભંગ કરી ફરજ ચૂકે, તો તેઓને ફરજનું ભાન કરાવવા માટે આપણે દરેક ભોગ દેવા તૈયાર થવું."

સામાને ફરજનું ભાન કરાવવા માટે પોતે તો પ્રથમ તેના ભાનવાળા હોવું જોઈએ. વિદ્યાર્થી અભ્યાસ કરે તે એની ફરજ છે. તે દીવના પ્રશ્નથી શું કામ વ્યગ્ર થાય? શું કામ પોતાની અભ્યાસની ફરજ ચૂકે? અને રાહતમાં મદદ કરવાથી તો અભ્યાસ પર સારી માનસિક અસર પડે. અને ગમે તે ભોગે સામાને ફરજ પર લાવવા કરતાં, હજી પોતે ગમે તે ભોગે અભ્યાસમાં મંડી જાય, તો છમાસિક પરીક્ષાનો એવો શો ભાર છે કે, તેમાંથી ન નીકળી શકાય? સતત ચાલુ ૭ મહિના સુધી તાવ, કે દીવ, કે રાહત તો નહોતાં જ ચાલ્યાં. વિદ્યાર્થીઓ પોતાની ફરજ અંગે આમ નાહક તકરારમાં પડ્યા વગર, આવેલી જવાબદારીને, ગમે તે ભોગે, પહોંચી વળે, તેમાં તેમનો તેજોવિકાસ અને મહાત્માજીના સિદ્ધાંતનું અધિક પાલન છે. અધિકારીઓએ શું કહ્યું, શું નહીં, તેની ચોકસાઈ મેં કરી નથી. વિદ્યાર્થી પ્રમુખ કહે છે તેમ, કોઈએ કાંઈક વાત કરી હોય, એમ માનીએ તોપણ, તેમાં વચનભંગ અને પ્રાયશ્ચિત્ત જેવી બાબતો જોવાની જરૂર નથી લાગતી. પોતાના સ્વાર્થમાં અને પોતાની કચાશને ઢાંકવાને માટે આ જાતના પ્રયોગમાંથી નૈતિક નબળાઈ આવે છે અને સત્યાગ્રહ કે પ્રાયશ્ચિત્ત નામમાત્ર બની જીવનવિકાસ કરવાની પોતાની શક્તિ ગુમાવે છે. વિદ્યાર્થીઓ જાત-દયા-ખાઉપણાની વૃત્તિથી સાવધ રહે, એ બહુ જરૂરી છે.

૨૧-૧૦-'૫૪ મ૦

નરી નાદાનિયત

વિદ્યાર્થીઓનાં વર્તન તથા વિચાર આજે કેમનાં વહે છે તે બાબતમાં, એક બીજો અને જુદી જાતનો કિસ્સો થોડા દહાડા ઉપર છાપાંમાં વાંચ્યો, તેય અહીં નોંધવા જેવો છે. પી. ટી. આઈ. તેનો હેવાલ આમ આપે છે:—

ભાગલપુર સપ્ટેમ્બર ૮, '૫૪

"અહીં મળેલા પોલીસ રિપોર્ટ મુજબ, લગભગ પચાસેક વિદ્યાર્થીઓના એક ટોળાએ સાબૌર સ્ટેશનના રેલવે સ્ટાફ પર સોમવારે રાતે હલ્લો કર્યો. તેમાં પાંચને ઈજા થઈ, જેમાં મદદનીશ સ્ટેશન-માસ્તર એક હતા. તેમણે રેલવેની મિલકતનેય નુકસાન પહોંચાડયું, એમ કહેવાય છે.

"કહેવાય છે કે, મૅજિસ્ટ્રેટ ટિકિટ વગરના મુસાફરો પકડવા ઝડતી લેતો હતો, તેમાં એક વિદ્યાર્થી સંડોવાયો હતો. તેની પારખ થઈ, તે પરથી વિદ્યાર્થીઓનું આ ફાળ ઊપડયું હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"મૅજિસ્ટ્રેટ અને રેલવે પોલીસ સાબૌરથી વિદાય થયા પછી, કહેવાય છે કે, વિદ્યાર્થીઓની એક ટુકડી સ્ટેશન પર પહોંચી અને રેલવે સ્ટાફને ભાંડવા લાગી. સ્થાનિક લોકો વચ્ચે પડવાથી, છોકરાઓ વિખેરાઈ ગયા. પણ, એવું કહેવાય છે કે, રાતે નવ વાગ્યાના અરસામાં છોકરાઓ પાછા આવ્યા અને સ્ટાફ પર તૂટી પડયા.

"ભાગલપુર આ ખબર પહોંચતાં પોલીસ વડો અને કેટલાક અમલદારો સાબૌર દોડી આવ્યા, પણ તે વખતે છોકરાઓ સ્ટેશનેથી ચાલ્યા ગયા હતા."

હકીકતો ખરી હોય તો વિદ્યાર્થીઓ દોષને પાત્ર છે, એ ઉઘાડું છે. વગર ટિકિટે મુસાફરી કરવી અને પકડાઈએ ત્યારે ઉપરથી શિરજોરી કરવી, એ કેવું કહેવાય? એ ભણતરને તો ન જ શોભા દે. વેર રાખી રાતે હલ્લો કરવો, એ તો નર્યો ફોજદારી ગુનો જ છે.

૧૨–૧૦–'૫૪ મ૦

વગર સમજની વાત

થોડા દિવસ ઉપર જૉન પેપવર્થ કરીને એક અંગ્રેજ નવજુવાન, સિંગાપુર યુવક કૉંગ્રેસમાંથી પાછા ફરતાં હિંદમાં આંટો મારતાં અમદાવાદ આવેલો. લાસ્કી ઇન્સ્ટિટ્યૂટમાં બોલતાં તેણે દારૂબંધીની સામે વાત કરી. દારૂની આવી વાત મળે તો તેને 'ટાઇમ્સ ઑફ ઇંડિયા' રસભેર જાહેર કરે છે, તે મુજબ તેમાં એ મને વાંચવા મળી.

પેપવર્થે એવું કહ્યું કે, તમારે અમારે ત્યાંથી આ બાબતમાં ધડો લેવા જેવો છે. ૧૮૮૦માં ફેબિયન સોસાયટીએ જિન-દારૂની દુકાનો પર ભારે કર નંખાવ્યો, અને તેમાંથી જે પૈસા મળ્યા તેનાં મકાનો શાળાઓને માટે બંધાવ્યાં. 'એમ બ્રિટનનું બધું શિક્ષણ જિનનું ઋણી છે.'

આ નવજુવાનને ખબર હશે કે, હિંદમાં પણ એ જ નીતિ એના વડવાઓએ રાખેલી: દારૂની આવક આવે તેટલું શિક્ષણ અહીંયાં અપાતું. એ 'દારૂડિયા શિક્ષણનીતિ'માંથી અને એ ચલાવનારા રાજકર્તાઓમાંથી હિંદ ઊગરવા માગતું હતું. માટે જ તેણે સ્વરાજ માગ્યું અને તે મળ્યા પછી દારૂબંધી દાખલ કરી.

હિંદને આ બાબતમાં વિલાયત જોડે સરખાવનારની સમજને શું કહેવું? હિંદમાં ચપટીક લોક જ પીએ અને તેય શરમાય; વિલાયતમાં ચપટીક લોક જ ના પીએ અને બધા તેની મોટાઈ અને મહેફિલ માણે, એટલે ત્યાં કાયદો બિચારો સંભવે જ કેમ? અને એથી ઊલટું, હિંદમાં કાયદો કર્યા વગર ચાલે જ કેમ? પણ આ વાત અંગ્રેજને નહીં સમજાય. છતાં તે સલાહ આપવા નીકળે, એ 'ગોરાના ગુરુભાવ'ની 'પડી ટેવ તે તો ટળે કેમ ટાળી'— એ ન્યાયે હશે?

૧૨–૧૦–'૫૪ મ૦

હાઈકોર્ટની ભાષા

ગયા માસમાં અમદાવાદમાં વડી સરકારના ગૃહમંત્રી ડૉ. કાટ્જુ તથા ઍડવોકેટ જનરલ શ્રી સેતલવાડ આવી ગયા. પ્રસંગ હતો અહીંની લૉ કૉલેજનો વાર્ષિકોત્સવ. ડૉ. કાટ્જુએ તેમના વ્યાખ્યાનમાં હાઈકોર્ટની ભાષાને વિષે ઉલ્લેખ કર્યો. ૧૫ વરસ બાદ અંગ્રેજી જશે, તે વખતે તેની જગાએ આપોઆપ હિંદી ત્યાં આવી જશે, એમ બંધારણ નથી કહેતું. અને એમ થવામાં ડૉ. કાટ્જુ વિચિત્રતા પણ જુએ છે, કે જે ઉઘાડી છે. અસીલો, વકીલો તથા જજોની જે ભાષા, સામાન્યપણે નહીં હોય, તેવા પ્રદેશોમાં હિંદી કેમ ચાલે કે નભે, એ સવાલ છે. બધા કાગળો પ્રદેશ-ભાષામાંથી ત્યાં હિંદીમાં કરવા એ બેહૂદું અને વ્યર્થ છે. તેથી પ્રદેશોની હાઈકોર્ટોમાં પ્રદેશભાષાઓ ચાલે, એ સ્વાભાવિક છે. પરંતુ જો હિંદી ચાલે તો અમુક સરળતા જરૂર થાય, એમ જણાવી તેમણે કહ્યું, પણ એ કેમ કરીને બને, એ સવાલ છે.

હાઈકોર્ટની ભાષાની જોડે જ વકીલીના શિક્ષણની ભાષાનોય સવાલ રહેલો છે.

આજે હાઈકોર્ટથી નીચલી અદાલતોમાંય અંગ્રેજી ચાલે છે, એ કેવળ ખોટી પ્રથા પેસી ગઈ છે. પરંતુ એ પરથી સાફ જણાય છે કે, જો હાઈકોર્ટોમાં હિંદી ચાલે, તો નીચલી કોર્ટોમાં પણ એ પેસી જાય. તો પછી આજની જેમ પાછી અદાલતની ભાષા તે પ્રદેશની ભાષાથી બીજી ચાલે.

જેમને ન્યાય આપવાનો છે, તે ન સમજે એવી ભાષામાં તેનું કામ ચલાવવું, એ પોતે જ કેવી અન્યાયી રીત છે! આથી કરીને અસીલ કેવો પાંગળો બની જાય છે? આ જ એક એવી બીના છે કે જેને કારણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોર્ટનું કામ ગેરઇન્સાફ-ભરેલું ઠરે. હિંદ જેવા કમભાગી દેશમાં જ આ ચાલે. બાકી પ્રજાએ આ સામે પોકાર કરીને કહેવું જોઈએ. એવું જ જો હિંદીને માટે બને તો તેય અઘટિત થશે.

હિંદી દેશની आंतर-भाषा છે; જેમને એ તરીકે જરૂર પડે તેમણે તે વાપરવી ઘટે. બાકી પ્રદેશોમાં પ્રદેશભાષાનું ચલણ સાર્વત્રિક રહેવું જોઈએ અને હિંદી બીજી ભાષા તરીકે તેની જોડે સરખી રીતે રહે.

૧૮-૧૦-'૫૪ મ૦

શિક્ષણનું માધ્યમ અને બંધારણ

મુંબઈ રાજ્યમાં પંચગનીની ઍન્ગ્લો ઇંડિયન શાળા અંગે સર્વોપરી અદાલતે જે ચુકાદો આપ્યો, તે પરથી કેટલાકે એવો મુદ્દો ખડો કર્યો લાગે છે કે, યુનિવર્સિટીઓના માધ્યમ વિષે તે ફેંસલાથી પ્રશ્ન ઊભો નથી થતો?

તે શાળાના જેવો જ સવાલ યુનિ૦ના માધ્યમનો હોય, તો તો કાંઈ કહેવાનું રહેતું નથી, કેમ કે તે ચુકાદો આપોઆપ તેનેય લાગુ પડે. પરંતુ યુનિ૦નો સવાલ સાવ જુદો અને અલગ છે.

છતાં, તે ચુકાદો આપતાં ન્યાયાધીશે જે કાંઈ છૂટક અભિપ્રાયો વ્યક્ત કર્યા હોય, તેમની શી અસર માનવી, એ સવાલ હોઈ શકે.

પંચગનીની શાળાએ એક માબાપને કહ્યું કે, અમે તમારા બાળકને દાખલ નહીં કરીએ, કારણ કે સરકારનો અમુક હુકમ છે. પોતાના બાળકને સરકારી કે સરકારમદદી શાળામાં મોકલવાનો બંધારણીય હક છે (બંધારણ કલમ ૨૯ની રૂએ), માટે તેને રોકી ના શકાય; કે ન તે શાળા ના પાડી શકે, — એવો ચુકાદો અદાલતે આપ્યો.

હવે એમ પૂછવામાં આવે છે કે, ધારો કે અમદાવાદમાં અમુક પરપ્રાંતી રહીશો એક કૉલેજ કાઢે, અને તેનું જોડાણ ગુ૦ યુનિ૦ પાસે માગે. તેઓ દા૦ ત૦ બંગાળી માધ્યમથી કૉલેજ ચલાવે છે. તેમને ગુ૦ યુનિ૦ શું કરશે?

ધારો કે, ગુ૦ યુનિ૦ ગુજરાતી દ્વારા પરીક્ષા લે છે, અને બિન ગુજરાતીઓને વિકલ્પે હિંદી દ્વારા પરીક્ષા આપવા દે છે. આ નિયમ બંગાળી કૉલેજ સ્વીકારે તો તો જોડાણ મેળવવાનો સવાલ રહેતો નથી. તેને બંગાળીમાં કામ કરવા દેવાની પરવાનગી આપી શકાય. પણ તે જો બંગાળીમાં પરીક્ષા લો અને જોડાણ આપો, એમ માગે તો શું?

સ્પષ્ટ છે કે, આ સવાલ પંચગની શાળાથી સાવ જુદો છે. પંચગની શાળા અંગ્રેજી માધ્યમમાં ચાલે છે. ત્યાં બાળકને મોકલવા માગનાર માબાપ તે માધ્યમ ફેરવીને બીજા માધ્યમની માગણી નથી કરતાં. તે બાળકની માતૃભાષા બીજી હોવા છતાં, તેને અંગ્રેજીના મોહે, ત્યાં મોકલવા ચાહે છે. છતાં શાળા તેને ના ન કહી શકે, એવો કાયદો છે.

ઉપરના કલ્પેલા દાખલામાં યુનિ૦ બિનગુજરાતી વિદ્યાર્થીને કે સંસ્થાને ના નહીં પાડે; સૌ તેમાં આવી શકે. પણ જેમ પંચગનીની શાળા પાસે ગુજરાતી કે બિનઅંગ્રેજી માધ્યમ ન માગી શકાય, તેમ યુનિ૦ પાસેથી ન માગી શકાય. નહીં તો હિંદમાં હરેક શિક્ષણ સંસ્થાએ હિંદની બધી ભાષાઓના માધ્યમની તૈયારી રાખવા જેવું બેહૂદું થઈ રહે. આ તો અનવસ્થા જ ગણાય. બંધારણ આમ તો નથી જ કહેતું પ્રદેશભાષાઓની ઉન્નતિ તે ઇચ્છે છે અને પ્રદેશ-યુનિવર્સિટીઓનો તે ધર્મ છે. તેમની તે ધર્મ બજાવવાની બંધારણીય કે કાનૂની ફરજ છે.

તો, બંગાળી કૉલેજ શું કરી શકે? તેને બંગાળની યુનિ૦ જોડે જોડાણ મેળવવાનો હક હોવો જોઈએ. અને તેમ કરવા દેવાની મોકળાશ પ્રદેશ યુનિ૦ઓના કાયદામાં હોવી ઘટે. ગુજરાત યુનિ૦ના કાયદામાં તેમ છે. તેની રૂએ, સદરહુ કૉલેજ પોતાની રુચિની રીતે કામ કરી શકશે.

પ્રદેશ-રાજ્ય પેઠે યુનિવર્સિટીઓને પણ કાનૂનથી પ્રદેશક્ષેત્રો એનાયત કરવામાં આવે છે. એ અંગ્રેજ રાજ્યની પ્રથા સારી નથી, તે હવે સ્પષ્ટ સમજાય છે. સરકારો યુનિ૦ઓ ઉપર કાબૂ રાખે, એ વિચારમાંથી એ પેદા થયું. તે વિચારે ગવર્નરો કુલપતિ નિમાય એમ થયું. યુનિ૦ઓ પણ એવી ઢબે કામ કરતી થઈ કે, તેમની પ્રતિષ્ઠા અને હસ્તી સરકાર પર અવલંબે — વિદ્યાના તેજ પર નહીં. નોકરી માટે પરવાના રૂપી પદવી આપવાનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઇજારો તેને મળ્યો; તેને જોરે તે ફાલી અને નિર્બળ વિદ્યોપાસનાને ઠેબે મારી શકી. ખર્ચ માટે સરકાર મદદ આપે તો નભે એમ થયું. સરકાર પણ ક્યાં જાય? આવો ખેલ પાડવામાં તે પણ ગરજુ બની હતી.

હવે આનો કાળ વીતી ગયો ગણાય. તેથી તે અંગે આમ ના ચાલવું જોઈએ. હમણાં વડી સરકાર વિદ્યાપીઠોના સમન્વિત નિયમન સારુ કાયદો કરે છે, તેમાં પણ જૂની જ કુપ્રથાની રીત રહી છે; કશો પાયાગત નવવિચાર ભાગ્યે જ જોવા મળે છે. પદવીઓ આપવાના પરવાના ઉપર અંકુશની વાતો કરે છે, પણ તેનો પરવાનો અને ઇજારો જ રદ કરી, નોકરીઓ માટે સ્વતંત્ર પરીક્ષાઓ લેવાની વાત વરસોથી ચવાયા કરે છે, તેનો અંગીકાર કરાતો નથી.

આ બધું આપણામાં આવી ગયેલી, ગયા રાજ્યની જડતાને આભારી છે. તે ખંખેર્યા વગર હવે આરો નથી.

૧૯-૧૦-'૫૪ મ૦

ફટાકડા અને રેલસંકટ

'હરિજનબંધુ'ના એક નિયમિત વાચક ભાઈ સાચું લખે છે કે,

"બંગાળ, બિહાર અને ઓરિસ્સાના રેલગ્રસ્ત વિસ્તારોમાં સપડાયેલાં આપણાં ભાઈબહેનોને મદદ મળે એ હેતુ ધ્યાનમાં રાખીને આ વર્ષે પણ ફટાકડા ફોડવા જેવી નિરર્થક પ્રવૃત્તિમાં પૈસા ન વેડફતાં તેનો ઉપયોગ કુદરતના કોપનો ભોગ બનેલાં આપણાં ભાઈબહેનોને મદદ કરવામાં કરવો, એવું સૂચવતી નોંધ 'હરિજનબંધુ'માં આપ લખો તો તે બહુ જ પ્રાસંગિક સૂચના ગણાશે."

શબ્દમાં શક્તિ નથી એમ તો કેમ કહી શકાય? કાર્યની શક્તિ જોતાં તે મર્યાદિત છે. છતાં જે છે તેનોય ઉપયોગ કરવો ઘટે, તે ભાવથી આ લખું છું. ખુદ બિહારમાં જ્યાં ચારે બાજુ સંકટ પથરાયેલું છે, તેવા મુજફ્ફરપુરમાં સિનેમાનો ધંધો ચાલે છે, જેની ટકોર વિનોબાએ કરેલી વાચકે વાંચી હશે. માણસનું મન એવું નઠોર અને રીઢું છે. તેથી જ ભક્તોએ ગાયું છે કે, 'મન તોહે કિસ બિધ કર સમઝાવું?' તેને ટોકણી કર્યા જ કરવી એ એક નબળો નબળોય તોય રસ્તો છે. બાળકો ફટાકડા ફોડે છે. તેઓ તેનાં નાણાં બચાવીને બિહાર, આસામનાં પોતાનાં ભાઈબહેનોને દિવાળીની પોતાની ભેટ તરીકે મોકલે તો કેવું સુંદર! માબાપો આવો અનુપમ પાઠ આપવાનું ના ચૂકે, એવી વિનંતી છે,

૧૮-૧૦-'૫૪ મ૦

નવું વાચન

હરિજન સંતો: સંપાદિકા – પુષ્પા રમણલાલ દલાલ; પ્ર૦ સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, અમદાવાદ; કિં૦ ચાર આના; પૃ૦ ૬૩

આ નાનકડી પુસ્તિકામાં રવિદાસ, ચોખામેળા અને હરિદાસ એ ત્રણ હરિજન સંતોનાં ભક્તિપ્રધાન જીવનને સંક્ષેપમાં આલેખવાનો પ્રયત્ન એક અજ્ઞાત રહેવા ઇચ્છતા સંત પ્રકૃતિના લેખકે કર્યો છે. એ લેખક '૩૨ની લડત વખતે જેલમાં હતા ત્યારે ત્યાંથી તેમણે આશ્રમનાં બાળકો માટે આ સંતોની સ્મરણગાથા ભાવપૂર્ણ હૃદયે લખીને મોકલી હતી.

આ નાનકડી પુસ્તિકાનું ધ્યાન ખેંચે એવું લક્ષણ એ છે કે, લેખકે પોતે રચેલાં ભજનો એમાં વચ્ચે વચ્ચે આપવામાં આવ્યાં છે. એમાં કેટલીક પ્રાર્થનાઓ પણ છે.

બાળકોને સંતસાહિત્ય તરફ વાળવા આ પુસ્તિકા સહાયરૂપ થાય એવી અવશ્ય છે.

સુ૦ કુ૦

પલટાતા રંગ: લે૦ સદ્ગત દી. બ. પ્રો. હીરાલાલ લલ્લુભાઈ કાજી; પ્ર. સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, અમદાવાદ; કિં રૂ. ૧-૮-૦; પાકું પૂઠું રૂ. ૨-૦-૦; પૃ૦ ૨૩૨.

આપણો યુગ નવા રંગે રંગાતો જાય છે અને તે એટલી ઝડપથી આગળ વધતો જાય છે કે એક જ પેઢીમાં આપણે જોઈએ છીએ કે આપણા સામાજિક, રાજકીય જીવનમાં ભારે પલટો આવી ગયેલો છે. તેથી ગત પેઢી વેળાએ સમાજની સ્થિતિ અને હાલની ચાલુ સ્થિતિ એ બેમાં કેવો ફેર પડી ગયો છે અને કઈ રીતે એ બે સ્થિતિ વચ્ચે સુમેળ સાધવો જોઈએ એ તપાસવા - વિચારવાની જરૂર રહે છે. પ્રસ્તુત પુસ્તકમાં લેખકે એ દિશામાં સ્તુત્ય પ્રયત્ન કર્યો છે.

એમાં તેમણે (૧) સમાજમાં વૃદ્ધોનું સ્થાન, (૨) લગ્નસંસ્કાર, (૩) લગ્નમહોત્સવ — વીસપચીસ વર્ષ પૂર્વે અને હાલ, (૪) ભાઈબહેન, (૫) વીસરાતા આનંદપ્રસંગો, (૬) ગુજરાતની આનંદકળા, (૭) ગુજરાતની રંગભૂમિ, (૮) આપણા તહેવારો, (૯) ગુજરાતી ભાષામાં શિક્ષિત વર્ગને લાગતી ખામીઓ — એમ નવ વિભાગ પાડીને એ બધાં અંગોની અભ્યાસપૂર્ણ આલોચના કરી છે.

સમાજની પલટાતી સ્થિતિનો અભ્યાસ કરવા ઇચ્છનાર જિજ્ઞાસુને આ પુસ્તક ઉપયોગી માહિતી પૂરી પાડશે.

સુ૦ કુ૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાદા ગરીબ જીવનનું સામાજિક મૂલ્ય

સમાજક્ષેત્રમાં આપણે હવે 'યુદ્ધનો નૈતિક અવેજ' શોધવાની જરૂર છે. એટલે કે, આપણને એવી વસ્તુની જરૂર છે કે જે વીરતાભરી હોય; જેથી, યુદ્ધની પેઠે, તે માણસને અપીલ કરી શકે, અને છતાં જેનો આપણા અધ્યાત્મ-સ્વભાવની જોડે મેળ આય, — નહીં કે યુદ્ધ પેઠે, તેવા મેળ વિનાની હોય. આનો વિચાર કરતાં મને ઘણી વાર એમ થયું છે કે, ગરીબાઈની પૂજાના સાધુ-સંન્યાસીના પ્રાચીન આદર્શમાં, આપણે ખોળીએ છીએ તેવા યુદ્ધના અવેજ જેવું તત્ત્વ તો નથી સંતાયું? ઇચ્છાપૂર્વક ગરીબાઈને વરવી, એ શું એવો આદર્શ નથી કે જે, નબળા લોકને કચડયા વિના, (યુદ્ધ જેવું ઉત્તેજક) 'સખત જીવન' બની શકે?

ખરેખર, ગરીબાઈ એવું કડક કે સખત જીવન છે જ. હા, તેમાં (યુદ્ધ જેવાં) ઢોલનગારાં ને હોહા-વાહવાહ, તથા ગણવેશ આદિનો દોરદમામ, અને સફાઈભરેલાં વાક્યો ને જૂઠ ઇ૦ નહીં હોય. ધનપ્રાપ્તિ, એક આદર્શ તરીકે, આજની પેઢીના હાડમાં જે રીતે ઓતપ્રોત ઊંડી ઊતરી ગઈ છે તે જોતાં, ગરીબાઈનું સેવન એ પણ એક યોગ્ય ધાર્મિક કામ છે, એ માન્યતા તાજી કરવામાં આવે, તો તે વડે 'લશ્કરી હિંમત'નો ગુણ બદલાઈને ઉમદા વસ્તુ બને, અને આપણા જમાનાને જે આધ્યાત્મિક સુધારાની જરૂર છે તે એમાંથી સધાય.

અંગ્રેજી-ભાષી પ્રજાઓમાં તો આવી ગરીબાઈની પ્રશસ્તિ ફરીને જોરશોરથી ગાવાની જરૂર છે. અક્ષરશઃ આપણે ગરીબાઈથી ડરી જનારા બની ગયા છીએ. પોતાના આંતર જીવનને સરળ કરી સંભાળવા માગનાર માણસને આપણે ધિક્કારીએ છીએ. ધન કમાવાની ધાંધલ અને મહામારીમાં કોઈ આપણી જોડે ન થાય, તેને આપણે દમ વિનાનો અને મહાકાંક્ષામાં ખૂટતો માનીને કાઢી નાખીએ છીએ. પ્રાચીનો ગરીબાઈના આદર્શની જે આરાધના કરતા તેમાં શું ભર્યું હશે, તેની કલ્પના સરખી કરવાનીય શક્તિ આપણે ખોઈ બેઠા છીએ. દુન્યવી વાસનાઓમાંથી મુક્તિ, ધન ઇત્યાદિના લોભથી પર ચિત્ત, બહાદુરીભરી બેપરવાઈ, પોતાની પાસે હોય તેની છતને જોરે નહીં પણ પોતે જેવો છે તે સત્ત્વના જોરે અને પોતાનાં કાર્યબળે મસ્ત રહી જીવનપથ કાપવો તે, — ટૂંકમાં, આ બધામાં રહેલી એક નૈતિક તત્ત્વવાળી લડાયક શૂરતા, — આ આપણે કલ્પી પણ શકતા નથી. ધનલોભી માણસ હજારો રીતે ગુલામ બની જાય એવો હોય છે; ત્યારે નિઃસ્પૃહ માણસને ગરીબાઈનો ડર નથી હોતો — તે મુક્તાત્મા બને છે.

આ વસ્તુનો તમે ગંભીરપણે વિચાર કરો એવી મારી ભલામણ છે; કારણ કે, આપણા સુધારાને પીડતો ખરાબમાં ખરાબ નૈતિક રોગ હોય તો તે ભણેલા વર્ગોમાં ગરીબાઈનો ભય વ્યાપેલો જોવા મળે છે તે છે.

('વેરાયટીઝ ઑફ રિલિજિયસ એક્સ્પિરિયન્સ' ભાષણ, ૧૪-૫માંથી)

વિલિયમ જેમ્સ

મુદ્રક અને પ્રકાશક : જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ, નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિક્ષણ અને સાહિત્ય

सा विद्या या विमुक्तये

સંપાદકમંડળ

જુગતરામ દવે
ગોપાલદાસ પટેલ
ઠાકોરભાઈ દેસાઈ
મણિભાઈ દેસાઈ
મગનભાઈ દેસાઈ (તંત્રી)
જીવણજી દેસાઈ (વ્યવસ્થાપક)



વર્ષ ૧૩ અંક ૧૨

ડિસેમ્બર નવજીવન, અમદાવાદ ૧૯૫૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિક્ષણ અને સાહિત્ય

ડિસેમ્બર, ૧૯૫૪

વર્ષ ૧૩ અંક ૧૨

અનુક્રમણિકા

વિષય	લેખક	પૃષ્ઠ
રાષ્ટ્રની કેળવણીનો સવાલ	ગાંધીજી	૩૫૩
ક્રાંતદર્શી શિક્ષણ-યોજના	મગનભાઈ દેસાઈ	૩૫૫
ગ્રામ વિદ્યાપીઠના હેતુ અને આદર્શ	મોરારજી દેસાઈ મગનભાઈ દેસાઈ	૩૫૭
સાભાર સ્વીકાર		૩૬૬
નયી તાલીમની જરૂર	રાજેન્દ્રપ્રસાદ	૩૬૭
યુનિવર્સિટીઓના સુધારાની દિશા	મગનભાઈ દેસાઈ નાનાભાઈ ભટ્ટ	૩૭૦
નવા પાયાની કેળવણી	કાકાસાહેબ કાલેલકર	૩૭૩
બે વિચારધારાઓ	રાજેન્દ્રપ્રસાદ	૩૭૫
માસિક વિવેચન		
શ્રી રફી અહમદ કિડવાઈ	મ૦	૩૭૮
રાષ્ટ્રીય શિક્ષણ અંક	મ૦	૩૭૮
વિરોધનાં વહેણ	મ૦	૩૭૮
અંગ્રેજી જતું દેખાયું	મ૦	૩૭૯
ચોપડી વિ૦ પ્રવૃત્તિ	મ૦	૩૭૯
બે પાયાગત સુધારા	મ૦	૩૮૦
શ્રી ગ્રાનો વિરોધ	મ૦	૩૮૧
સંપૂર્ણાનંદનો વાંધો	મ૦	૩૮૧
જ્ઞાન અને કર્મ	મ૦	૩૮૧
યુનિવર્સિટી અને સરકાર	મ૦	૩૮૨
હિમાલયની ઊંચાઈ	મ૦	૩૮૨
ઇતિહાસ અને દંતકથા	મ૦	૩૮૩
વડા પ્રધાનની ચીનની મુલાકાત	મ૦	૩૮૩
રાજકારણ અને રાષ્ટ્રકારણ	મ૦	૩૮૪
નિવૃત્તિની જરૂર	મ૦	૩૮૪
સર્વરાષ્ટ્રસમભાવ	મ૦	૩૮૪અ
કોણ જીત્યું ?	મ૦	૩૮૪અ

સૂચના

આ માસિક દર મહિનાની પહેલી તારીખે બહાર પડશે.

એક અઠવાડિયામાં અંક ન મળે તો ગ્રાહકે પોતાનો ગ્રાહકનંબર લખી ખબર આપવાથી તે અંક મોકલી આપવામાં આવશે. એ પહેલાં ટપાલ ખાતામાં પૂરી તપાસ કરી લેવા વિનંતી છે.

સરનામાનો ફેરફાર અમને તુરત જણાવશો કે જેથી નવો અંક નવા સરનામે મોકલી શકાય.

ગ્રાહકોને પત્રવહેવાર કરતી વખતે પોતાનો ગ્રાહકનંબર અવશ્ય જણાવવા વિનંતી છે.

ગ્રાહકો પોતાનું લવાજમ નવજીવન કાર્યાલયની શાખાઓમાં મુંબઈ (૧૩૦, પ્રિન્સેસ સ્ટ્રીટ); સુરત (કણપીઠ બજાર); રાજકોટ (લાખાજીરાજ રોડ); દિલ્હી (ઍર ઇંડિયા ઑફિસ સામે, કૉનોટ સરકસ, નવી દિલ્હી); ઇંદોર (ગાંધી-ભવન, યશવંત રોડ) અને વડોદરા (કોઠી સામે, રાવપુરા) ભરી શકશે.

લવાજમના દર

દેશમાં રૂ. ૪); પરદેશમાં રૂ. ૬) અથવા શિ. દસ; છૂટક નકલ આઠ આના

વ્યવસ્થાપક,
શિક્ષણ અને સાહિત્ય
નવજીવન કાર્યાલય,
પો. નવજીવન, **અમદાવાદ-૧૪**

અમારાં નવાં પ્રકાશનો

શિક્ષણનું માધ્યમ : લે૦ ગાંધીજી, સંપા૦ ભારતન કુમારપ્પા; કિં. રૂ. ૦-૩-૦; ટપાલરવાનગી ૦-૨-૦.

ભાષાવાર રાજ્યરચના : લે૦ ગાંધીજી, સંપા૦ ભારતન કુમારપ્પા; કિં. ૦-૩-૦; ટપાલરવાનગી ૦-૨-૦.

વિનીત જોડણીકોશ : બૃહદ સાર્થ જોડણીકોશની શાળોપયોગી આવૃત્તિ. કિં. રૂ. ૭-૮-૦; ટપાલરવાનગી ૧-૧૨-૦.

બાપુના પત્રો—૩ : કુસુમબહેન દેસાઈને : સંપા૦ કાકા કાલેલકર; કિં. રૂ. ૦-૧૨-૦; ટપાલરવાનગી ૦-૪-૦.

સાપ : લે૦ શિવશંકર પ્રાણશંકર શુક્લ; કિં. રૂ. ૨-૮-૦; ટપાલરવાનગી ૦-૧૦-૦.

Medium of Instruction : By Gandhiji; Ed. Bharatan Kumarappa; Price Re. 0-4-0; Postage etc. 0-2-0.

Preparation for Science : By R. B. Gregg; Price Re. 1-8-0; Postage etc. 0-6-0.

This was Bapu : Com. By R. K. Prabhu; Price Rs. 2-0-0; Postage etc. 0-12-0.

નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ-૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિક્ષણ અને સાહિત્ય

सा विद्या या विमुक्तये

વર્ષ ૧૩-અંક ૧૨] અમદાવાદ [ડિસેમ્બર, ૧૯૫૪

રાષ્ટ્રની કેળવણીનો સવાલ

[રાષ્ટ્રના સાર્વત્રિક શિક્ષણના વિચારો પાછા જોરશોરથી ઊભા થવા લાગ્યા છે. તે વખતે, નીચેનો ગાંધીજીનો લેખ યાદ કરવાની જરૂર છે. ૧૫ વરસ પર આવે જ ટાંકણે તેમણે રાષ્ટ્ર આગળ એ રજૂ કરેલો. હજી તે એટલો જ અગત્યનો છે. તેમાં રહેલી સૂચનાનો અમલ કરવાની જે ત્રણ શરતો હજી સુધી પળાઈ નથી. શરતો આ હતી :—

૧. નિશાળો હાથઉદ્યોગથી તૈયાર કરે તે ચીજો રાજ્યે ખરીદી લેવી જોઈએ. એટલે કે, તેમને પ્રજામાં ખપાવવાની અર્થવ્યવસ્થા પેદા કરવી.

૨. પ્રધાનો આ પદ્ધતિને ચલાવવાની રાજ્યનીતિ નક્કી કરે.

૩. સરકારી નોકરવર્ગ તેનો અમલ વફાદારી અને નિષ્ઠાથી કરે. એટલે કે, એ પદ્ધતિનું શાસ્ત્ર શોધે, યોજે અને તેને આગળ લેવાને સારુ શિક્ષણશાસ્ત્રનો અને વહીવટનો પોતાનો કસબ કામમાં આણે.

આ શરતો કોઈ વધારેપડતી કે અઘટિત અપેક્ષા રાખતી નથી, એ પણ અહીં કહેવું જોઈએ.

૧-૧૧-'૫૪

—મ૦]

કેળવણીના પ્રશ્નનો ઉકેલ કેમ કરવો, એ સવાલ દુર્ભાગ્યે દારૂની આવક બંધ થઈ જવાના સવાલની સાથે સંકળાઈ ગયેલો છે.* નવા કર ઉઘરાવવાના રસ્તા તો અવશ્ય છે જ. અધ્યાપક શાહ અને ખંભાતાએ બતાવ્યું છે કે, આ ગરીબ દેશમાં પણ હજુ નવા કર ભરવાની શક્તિ છે; ધનિકોના ધનની ઉપર હજુ પૂરતા કર નથી નંખાયા. દુનિયામાં સૌથી વધારે આ દેશમાં અમુક વ્યક્તિઓએ પોતાના હાથમાં અઢળક ધન જમા કરી રાખવું, એ હિંદી માનવ સમાજ સામે ગુનો છે. એટલે અમુક હદથી વધારેની દોલત પર ગમે એટલા કર નાખો તોયે કરની સીમા આવી ગઈ ન ગણાય. મેં સાંભળ્યું છે કે, ઇંગ્લંડમાં અમુક હદથી વધારાની આવક પર આવકના સિત્તેર ટકા જેટલો કર નાખવા સુધી પહોંચ્યા છે. હિંદુસ્તાન એથી મોટા આંકડા લગી શા સારુ ન પહોંચે ? એક માણસના મરણ પછી બીજાને વારસો મળે તેના ઉપર કર શા સારુ ન નંખાવો જોઈએ ? લખપતિઓના છોકરા પુખ્ત ઉંમરના થાય છતાં તેમને બાપની દોલતનો વારસો મળે, તો એ વારસાને લીધે જ તેમને નુકસાન થાય છે. રાષ્ટ્રને તો એ રીતે બમણી હાનિ થાય છે. કેમ કે એ વારસા પર યોગ્ય રીતે જોતાં તો પ્રજાની માલિકી ગણાવી જોઈએ. અને તે ઉપરાંત એ દોલતના વારસોની પૂરેપૂરી શક્તિ, દોલતના બોજા તળે કચડાઈ જવાને લીધે, ખીલવા પામતી નથી. એથી પણ રાષ્ટ્રને તો એટલું નુકસાન જ થાય છે. આવો વારસાવેરો નાખવાની પ્રાંતિક સરકારોને સત્તા નથી, એ હકીકતથી મારી દલીલમાં કશો બાધ આવતો નથી.

પણ આપણે પ્રજા તરીકે કેળવણીમાં એટલા પછાત છીએ કે, એ વિષયના કાર્યક્રમનો આધાર જો પૈસા પર રહેવાનો હોય, તો આપણે એ બાબતમાં પ્રજા પ્રત્યેના આપણા કર્તવ્યનું પાલન કરવાની આશા કદી ન રાખી શકીએ. એટલે મેં મારી રચનાકાર્ય કરવાની શક્તિ વિષેની સઘળી પ્રતિષ્ઠા ગુમાવી બેસવાનું જોખમ વહોરીને પણ કહેવાની હામ કરી છે કે, કેળવણી સ્વાવલંબી હોવી જોઈએ.

કેળવણી એટલે બાળક કે મનુષ્યનાં શરીર, મન અને આત્મામાં જે ઉત્તમ અંશો હોય, તેનો સર્વાંગી

* આજે એ સવાલ એથી જરાક ફરીને વિકાસ યોજનાઓનો ખર્ચ મેળવવાની સાથે સંકળાયો છે. એટલે ઝાઝો ફરક નથી થયો. — તંત્રી

CC-0. In Public Domain, Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિકાસ સાધીને તેને બહાર આણવા. અક્ષરજ્ઞાન એ કેળવણીનું અંતિમ ધ્યેય નથી, તેમ તેનો આરંભ પણ નથી. એ તો સ્ત્રી અને પુરુષને કેળવણી આપવાનાં અનેકમાંનું એક સાધન માત્ર છે. અક્ષરજ્ઞાન એ સ્વતંત્રપણે કંઈ કેળવણી નથી. એટલે હું તો બાળકની કેળવણીનો આરંભ તેને કંઈક ઉપયોગી હાથ-ઉદ્યોગ શીખવીને અને તેની કેળવણીનો આરંભ થાય તે ક્ષણથી એને કંઈક નવું સર્જન કરવાનું શીખવીને જ કરું. આ રીતે દરેક નિશાળ સ્વાવલંબી થઈ શકે. માત્ર શરત એ છે કે, એ નિશાળોએ તૈયાર કરેલી ચીજો રાજ્યે ખરીદી લેવી જોઈએ.

હું માનું છું કે, આ શિક્ષણપદ્ધતિમાં મન અને આત્માનો ઊંચામાં ઊંચો વિકાસ સાધવો શકય છે. માત્ર દરેક હાથઉદ્યોગ આજે શીખવાય છે તેમ જડ યંત્રવત્ નહીં પણ શાસ્ત્રીય રીતે શીખવાવો જોઈએ. એટલે કે, બાળકને દરેક ક્રિયા શા માટે કરવામાં આવે છે તે સમજાવવું જોઈએ.

આ હું કંઈક આત્મવિશ્વાસપૂર્વક લખું છું, કેમ કે એની પાછળ મારો અનુભવ પડેલો છે. જ્યાં જ્યાં મજૂરોને રેંટિયા પર કાંતતાં શીખવવામાં આવે ત્યાં બધે આ પદ્ધતિ ઓછીવત્તી દાખલ કરવામાં આવી છે. મેં જાતે એ પદ્ધતિએ ચંપલ સીવતાં ને કાંતતાં પણ શીખવ્યું છે, ને તેનાં સારાં પરિણામ મેળવ્યાં છે. આ પદ્ધતિમાં ઇતિહાસ, ભૂગોળના જ્ઞાનનો બહિષ્કાર નથી. પણ હું જોઉં છું કે, એ વિષયો મોઢામોઢ સામાન્ય માહિતી આપવાથી જ સારામાં સારી રીતે શીખવી શકાય છે. વાચનલેખનના કરતાં આ શ્રૌત પદ્ધતિથી દસ ગણું જ્ઞાન આપી શકાય છે. બાળક કે બાળા જ્યારે સારાસારનો ભેદ પાડતાં શીખે ને તેની અભિરુચિનો કંઈક વિકાસ થાય પછી તેને કક્કો શીખવવો જોઈએ.

આ સૂચના આજની શિક્ષણપદ્ધતિમાં ક્રાંતિ કરવાનું સૂચવનારી છે, પણ એથી પાર વિનાની મહેનત બચી જાય છે, અને વિદ્યાર્થીને જે વસ્તુ શીખતાં ઘણો વધારે વખત લાગે, તે આ રીતે એક વરસમાં શીખી શકે છે. આને પરિણામે બધી રીતની બચત થાય છે. બેશક વિદ્યાર્થી હાથઉદ્યોગ શીખતો જાય તેની સાથે સાથે ગ્રાણુતનું જ્ઞાન તો મેળવે જ.

પ્રાથમિક શિક્ષણને હું સૌથી વધારે મહત્ત્વ આપું છું. મારી કલ્પના પ્રમાણે એ શિક્ષણ અત્યારના મૅટ્રિકમાંથી અંગ્રેજી બાદ કરીએ એના જેટલું હોવું જોઈએ. બધા કૉલેજિયનો એકાએક એમનું ભણતર ભૂલી જાય તો થોડાક લાખ કૉલેજિયનોની સ્મૃતિ આમ એકાએક ભૂંસાઈ જવાને લીધે જે નુકસાન થાય તે એક બાજુ મૂકો, ને બાજી બાજુ પાંત્રીસ કરોડ માણસોની આસપાસ જે અંધકારનો સાગર ઘેરાઈ વળેલો છે, તેને લીધે રાષ્ટ્રને જે નુકસાન થયું છે ને હજુ થઈ રહ્યું છે તે મૂકો, તો પહેલું નુકસાન બીજાની આગળ કશી વિસાતમાં નથી. દેશમાં જે નિરક્ષરતા વર્તે છે તેના આંકડા પરથી લાખો ગામડાંમાં પ્રવર્તી રહેલા ઘોર અજ્ઞાનનો પૂરતો ખ્યાલ આવી શકે એમ નથી.

હું તો કૉલેજની કેળવણીમાં ધરમૂળથી પલટો કરું ને એનો દેશની જરૂરિયાતોની સાથે મેળ સાધું. યંત્રશાસ્ત્રના ને બીજા ઇજનેરોને માટે પદવીઓ રખાય. એમને જુદા જુદા ઉદ્યોગોની જોડે જોડી દીધેલા હોય, ને એ ઉદ્યોગોને જે ગ્રૅજ્યુએટો જોઈએ તેમને તાલીમ આપવાનું ખરચ એ ચલાવનારા જ આપે. દાખલા તરીકે, ટાટા કંપનીની પાસે એવી અપેક્ષા રખાય કે, તેમને જે ઇજનેરો જોઈએ તેમને કેળવવાને માટે તે રાજ્યની દેખરેખ નીચે એક કૉલેજ ચલાવે. તે જ પ્રમાણે મિલમાલિકોનાં મંડળ મળીને પોતાને જોઈતા ગ્રૅજ્યુએટો કેળવવાની કૉલેજ ચલાવે. એવું જ બીજા અનેક ઉદ્યોગોને વિષે. વેપારને માટે પણ કૉલેજ હોય. પછી 'આર્ટ્સ', દાક્તરી ને ખેતીવાડી રહ્યાં. આજે કેટલીયે ખાનગી 'આર્ટ્સ' કૉલેજો સ્વાવલંબનપૂર્વક ચાલી રહેલી છે. એટલે રાજ્ય પોતાની આર્ટ્સ કૉલેજો ચલાવવી બંધ કરે. ડાકટરી કૉલેજો પ્રમાણપત્રવાળાં ઇસ્પિતાલોની સાથે જોડેલી હોય. એ કૉલેજો ધનિકોમાં લોકપ્રિય છે, એટલે તેઓ એ કૉલેજોને નભાવવા માટે સ્વેચ્છાએ પૈસા આપે એવી અપેક્ષા રખાય. અને ખેતીવાડીની કૉલેજો સ્વાવલંબી હોય તો જ એનું નામ સાર્થક થાય. મને કેટલાક ખેતીવાડીના ગ્રૅજ્યુએટોનો કડવો અનુભવ થયેલો છે. એમનું જ્ઞાન છીછરું હોય છે. એમને વ્યવહારુ અનુભવ હોતો નથી. પણ જો તેમને સ્વાવલંબી ને દેશની જરૂરિયાતો પૂરી પાડનારી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાડીઓમાં ઉમેદવારી કરવી પડી હોય, તો તેમને પ્રદવી મેળવ્યા પછી ને જેની નોકરી કરતા હોય તેને ખરચે અનુભવ મેળવવાની જરૂર ન રહે.

આ કાલ્પનિક ચિત્ર નથી, ગગનવિહાર નથી. આપણે જો ફક્ત આપણા મનનું એદીપણું કાઢી નાખીએ, તો કેળવણીનો જે સવાલ મહાસભાવાદી પ્રધાનોની અને તેથી મહાસભાની સામે આવી ઊભેલો છે, તેનો આ બહુ જ વાજબી અને વ્યવહારુ ઉકેલ છે એમ જણાઈ આવશે. થોડા વખત પર બ્રિટિશ સરકાર તરફથી જે જાહેરાતો કરવામાં આવેલી તેનો અર્થ જેવો કાનને લાગે છે એવો ખરેખર હોય, તો પ્રધાનોને સિવિલ સર્વિસની સંગઠિત કાર્યશક્તિનો ઉપયોગ તેમની નીતિનો અમલ કરવા માટે મળવો જ જોઈએ. ગમે તેવા મનસ્વી ગવર્નરો અને વાઈસરૉયે ઠરાવેલી રાજ્યનીતિને અમલમાં ઉતારવાનું સરકારી નોકરવર્ગ શીખેલો છે. પ્રધાનો ઠીક ઠીક વિચાર કરીને ઘડેલી પણ નિશ્ચિત રાજ્યનીતિ નક્કી કરે, અને સરકારી નોકરવર્ગ તેના વતી અપાયેલાં વચનો સાચાં પાડે ને જે લૂણ ખાય છે તેને વફાદાર નીવડે.

(હરિજનબંધુ, ૧-૮-'૩૭) **મોહનદાસ કરમચંદ ગાંધી**

ક્રાંતદર્શી શિક્ષણ-યોજના

દેશની ચાલુ કેળવણી ખરેખર નથી અને તેમાં વેળાસર સુધારો જો નહીં કરીએ કે ન કરી શક્યા, તો રાષ્ટ્રની આગેકૂચને માટે મહા જોખમ છે, એ જ્ઞાન બહુ તીવ્રપણે ઊગતું જાય છે. આ આપણે માટે એક ઘણું સારું ચિહ્ન છે.

આ લાગણી બે રીતે વ્યક્ત થાય છે — ૧. અત્યારે જે ચાલે છે, તેના દોષોની સખત ઝાટકણી કાઢવામાં આવે છે, અને તેમ કરનારાઓમાં સરકારી પ્રધાનોય હોય છે, કે જેમની એ ચલાવવામાં જવાબદારી રહેલી છે. ૨. અને બીજી તરફથી, એક પ્રકારના મુગ્ધભાવથી, અને તરણોપાય એટલો જ હોય એમ, ગાંધીજીએ સૂચવેલી પાયાની કેળવણી અમલમાં આણવી જોઈએ, એમ સરકારી તંત્ર તરફથી કહેવાયે જાય છે; પણ તેનો અમલ જોઈએ તો પ્રમાણમાં ઊલટી જ છાપ પાડે એવો હોય છે.

આજે એક ત્રીજું લક્ષણ પણ હવે જાગ્યું છે અને તે એ કે, જૂની શિક્ષણ પ્રથામાં માનનાર લોક, કે જે અત્યાર સુધી પાયાના શિક્ષણ વિષે મનમાં હસતા હશે ને ઉપેક્ષા રાખી ચૂપ રહેતા, તેઓ તેમની એવી પ્રાથમિક વિરોધદશામાંથી નીકળીને ચિંતાના ભાવથી તે સામે બૂમો પાડવા લાગ્યા છે. જેમ કે, શ્રી મીરઝા ઇસ્માઇલ, ડૉ. અમરનાથ ઝા જેવા વર્ગના લોક. અને તેઓ જે શબ્દો વાપરીને બોલે છે તે જો જોઈએ, તો તેમનો છંછેડાટ ભારે હોય, એમ લાગે છે.

આ પણ એક સારી જ નિશાની કહેવાય; કેમ કે હસીને કે અવજ્ઞાના મૌનથી કાઢી ન નાંખી શકાય તેવી વાત એ બનતી જાય છે, એ એનો અર્થ છે.

આ વર્ગના લોકો હવે બોલવા લાગ્યા છે એ સારું છે. પણ તેઓ જરા વધારે જવાબદારીપૂર્વક અને જેની વાત કરે તેનો થોડોય અભ્યાસ કરવો ઘટે એમ સમજીને બોલે કે ચર્ચામાં ઊતરે તો સારું. કેમ કે, એમનાં વક્તવ્યોમાં એમ નથી કે શું, એવી છાપ પડે છે.

વાત એમ છે કે, હિંદના બંધારણમાં એવી કલમ મૂકી છે કે, ૧૯૬૦ સુધીમાં દેશની સરકારો દરેક બાળકને તેની ૧૪ વરસની ઉંમર સુધી મફત અને ફરજિયાત કેળવણી આપવાની જોગવાઈ કરે. આનો અમલ થવો જોઈએ. તે કેમ કરીને બને, એ મોટો કોયડો છે.

આ સવાલનો ઉત્તર સર જોન સારજંટે ગયા રાજ્યના વતી ૧૯૪૪-૪૫માં આપ્યો કે, હિંદે પણ બીજા દેશો (એટલે કે, વિલાયત, અમેરિકા વગેરે) પેઠે પૈસા ખરચવા જોઈશે; તેને માટે સ્વાવલંબી કે આવક આપતો રસ્તો નથી. અને ખર્ચનો આંકડો પણ, ત્યારના ભાવે, ગણી આપ્યો કે, ચાલીસ વરસમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ કામ પૂરું કરો તો તેનો ખર્ચ ત્રણેક અબજ રૂપિયા થશે. આજે તેનાથી ચારેક ગણું ખર્ચ માનવું જોઈએ.

કેળવણી મફત અને ફરજિયાત આપવાની આ રીતને હમણાં મુંબઈમાં ડૉ. અમરનાથ ઝાએ યોગ્ય જ નામ આપ્યું છે — જૂનેથી ચાલુ એવી 'परंपरीण शिक्षणपद्धति'. એ રીતને તે તથા તેમના વિચારના વર્ગના લોક પસંદ કરે છે. આ રીતનું રહસ્ય ટૂંકું છે:-સરકાર પૈસા કાઢે, શિક્ષકોને સારા પગાર આપીને રોકે, અને અંગ્રેજી રાજ્યે જે ચાલુ કર્યું છે તે આગળ ધપાવે, — ભલે તેમાં કાંઈક ઉદ્યોગ બો જેવું ઉમેરવું હોય તો ઉમેરજો, પણ એમાં કશી નવી ભાત પાડતી જુદાઈ કે ઝાઝું તથ્ય નથી.

'ભણેલા' ગણાતા લોકોને આ વાત ગમી. પણ તે ૪૦ વરસ સુધી લંબાવવાની વાત કેમ ગળે ઊતરે? એટલે તેઓએ એ પૂરતું કાંઈક વિચાર્યું અને વરસ ઓછાં કરવાનો પ્રયત્ન કર્યો. પરંતુ, જો સારજંટની 'પરંપરીણ પદ્ધતિ'થી જ કામ કરવું હોય, — અને એમ જ તે વર્ગો માને છે, — તો આ વ્યર્થ વાત હતી, જે આજે હવે સાફ દેખાય છે.

અંગ્રેજી રાજની પરંપરીણ પદ્ધતિનો બીજો પાયો એ હતો કે, દારૂમાંથી પૈસા મળે તે શિક્ષણનું ખર્ચ કાઢવાને એક મોટું સાધન હશે. સ્વરાજ આવશે એટલે આ આવક પણ વધશે એમેય માન્યું હશે? ખેર.

પરંપરીણ પદ્ધતિના આ બે મુદ્દા પર મૂળે ઘા કરતો વિચાર ગાંધીજીએ ૧૯૩૭-૩૮માં દેશ આગળ મૂક્યો હતો, અને તેને ધ્યાનમાં લઈને સારજંટે રિપોર્ટ કર્યો હતો. તેણે તેના બંને મુદ્દાને નાપાસ કર્યા હતા — ૧. શિક્ષણનું ચાલુ ખર્ચ ઉદ્યોગમાંથી નીકળે એ કલ્પના બહારની વાત છે; અને ૨. દારૂની આવક વિષે તો તે વાત જ કેમ કરી શકે? દારૂ દ્વારા જે જાતનું સમાજશિક્ષણ પ્રજામાં ચાલુ થયું છે, તે વિષે ભાગ્યે જ 'પરંપરીણ પદ્ધતિ'ના કેળવણીકારોને કાંઈક શિક્ષણીય મુદ્દાનું વિચારવા જેવું લાગે છે. ગાંધીજી અને રાષ્ટ્રીય કેળવણીકારો આ બાબતમાં સારજંટ જોડે થઈ શકે એમ નહોતા.

આમ દેશને ગાંધીજીએ મફત અને ફરજિયાત સાર્વત્રિક શિક્ષણનો રસ્તો બતાવેલો તે પણ દેશ સામે ઊભો હતો કે, ઉદ્યોગ-દ્વારા કેળવણીનો જો રસ્તો લો, તો શિક્ષણનો ચાલુ ખર્ચ, જતે દહાડે આ પદ્ધતિનો વિકાસ થતાં, તેમાંથી નીકળશે એટલું જ નહીં, કેળવણીને નામે બાળકની જે ગેર-કેળવણી આજે થઈ રહી છે તે અને તેનો વ્યર્થ ખર્ચ બચશે, અને તેની સર્વાંગીણ ખરી કેળવણી સાધવાનો સાચો માર્ગ લાધશે. જુનવાણી કે પરંપરીણ પદ્ધતિમાંથી હવે વેળાસર નીકળી જવું ઘટે છે.

ગાંધીજીનો આ માર્ગ કેમ છોડી શકાય? સામેથી સારજંટનો 'પરંપરીણ' માર્ગ ગમે, તોપણ તેનો ખર્ચ ક્યાંથી લાવવો? અને એ માર્ગ એવો છે કે, તે માટે કોઈને ઉત્સાહ નથી, તેનાં ફળ ચાખી ચૂક્યા છીએ. આ આંટીમાં આજે સરકારો ફસાઈ છે. એટલે તેઓ દારૂની આવક છોડવામાં આનાકાની અને ખોટાઈ કરે છે, અને શિક્ષણ-સુધારના કામમાં ઢીલ થયે જાય છે. દેશનાં આવાં કામોમાં જે શ્રદ્ધા અને તજ્જન્ય જોમ જોઈએ, તે દેખાતું નથી.

પરિણામે આજે એવો તાલ ઊભો થયો છે કે, મીનીએ યા કહીએ એક અને કરીએ યા ઇચ્છીએ બીજું. એ જ દશા ભણેલા વર્ગોમાં પણ છે. તેથી કેટલાક તો આ સ્થિતિને એવી રીતે વર્ણવે છે કે, 'फरजियात वि० पायानी કેળવણી!' તેઓ ભૂલી જાય છે કે, ફરજિયાત મફત શિક્ષણ એ કોઈ શિક્ષણની પદ્ધતિ નથી; એ તો એક રાજવહીવટી આદર્શ છે. તેને કઈ રીતે પાર પાડવો એ સવાલ છે; અને કયું શિક્ષણ મફત ને ફરજિયાત આપવું એ એથી મોટો સવાલ ઊભો થાય છે. આથી કરીને બે વચ્ચે વિરોધ જોઈને વર્તવું, એ વિચારદોષ છે એટલું જ નહીં, એક સાદા સીધા સવાલને, જાણ્યેઅજાણ્યે, ગૂંચવવાપણું એમાં રહેલું છે.

પ્રાથમિક શિક્ષણ આપવાનો એક રસ્તો અંગ્રેજ રાજકર્તાઓએ ઘડ્યો છે. તે રસ્તે જતાં અબજોનો ખર્ચ થાય છે. અને કેળવણી ખરેખર શી થાય છે તે જોઈએ તો તેને નામે તો હતા તેવા ને તેવા જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નહીં, બલ્કે ખરાબ દશામાં આવીને ફસાઈએ છીએ! જાતમહેનતની અરુચિ, નોકરીનાં વલખાં, બેકારી, ધન અને ભોગની માઝા વિનાની તરસ, ઇત્યાદિ દૂષણો જે આજે છે, તે બધાં તો ઊલટાં વધે છે;—માનો ફરજિયાત અને મફત આખા દેશમાં અને બધી વસ્તીમાં વધારવા લાગ્યા છીએ! કેમ કે, જે માબાપ ન માને તેમનો દંડ કરવાના કાયદા પણ થાય છે.

આ સ્થિતિનો સમગ્ર વિચાર કરીને જ ગાંધીજીએ પોતાની કલ્પના રજૂ કરી હતી. તેને કેવળ આર્થિક યા તો બેકારીનિવારણની પાર્થિવ નજરવાળી કહેવી, એ નર્યું અજ્ઞાન છે. એમાં તો ગાંધીજીના ઉપર પણ એક અઘટિત આક્ષેપ છે કે, તે માણસ મનુષ્યના વિકાસનો આવો એકાંગી વિચાર જ કરીને શિક્ષણ વિષે વિચારનાર હતો કે શું?

તેથી ગાંધીજીએ તેમની યોજના જે ક્રાંતદર્શી લેખ દ્વારા રજૂ કરી હતી, તે આ અંકમાં ફરી પ્રગટ કર્યો છે. વાચકોને વિનંતી છે કે તેઓ તેનું ફરી મનન કરે.

એ લેખમાં ઉચ્ચ કહેવાતા શિક્ષણનો પણ કાંઈક વિચાર રજૂ થયો છે. ઉચ્ચ શિક્ષણવાળાઓને તે ત્યારેય નહીં રુચેલો અને આજેય રુચે એમ નથી; આજે ઉચ્ચ શિક્ષણ માટે મનાતી યુનિવર્સિટી જ્યાં ત્યાં કઢાય છે; તેમાં શિક્ષણના કરતાં બીજા ખ્યાલો વધારેપડતા પ્રેરતા હોય એમ લાગે છે. તેની લાંબી ચર્ચા ન કરું; પણ તેવા કાળમાં યુનિ૰ની પુનર્ઘટના અંગે પણ ગાંધીજીએ એક બે વસ્તુઓ કહી છે, તે તરફ ધ્યાન હવે તો જવું જોઈએ.

આજે કેળવણીનું મોં કે દિશા જ બદલવા જેવી મૌલિક વાત આ છે. દેશની કેળવણીમાં ખરેખર નવપ્રયાણ કરવાની વાત આ છે, એ ખ્યાલ જોઈએ તેટલો સાફ નથી થયો. તે કરવાનું કામ સૌથી મોટું કામ છે. તેમાં વર્ગવિહીન સમતાવાદી રાજ્યની સ્થાપનાનો પણ આદર્શ સિદ્ધ કરવાનાં બીજ રહેલાં છે.

મગનભાઈ દેસાઈ

ગ્રામ વિદ્યાપીઠનો હેતુ અને આદર્શ

[ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, નો ૧૩મો પદવીદાન સમારંભ, તા. ૧૪-૧૧-'૫૪ ને રવિવારના રોજ, તેના કુલપતિશ્રી ડૉ. રાજેન્દ્રપ્રસાદના પ્રમુખપદે થયો. તેમાં કુલ ૨૯ સ્નાતકોને 'સમાજવિદ્યા વિશારદ'ની પદવી આપવામાં આવી તથા 'હિંદી સેવક'ની પરીક્ષા પાસ કરનારાને તેનાં પ્રમાણપત્ર આપવામાં આવ્યાં.

આ પ્રસંગે કુલનાયક શ્રી મોરારજીભાઈ દેસાઈએ જે વ્યાખ્યાન આપ્યું તથા મહામાત્રે જે નિવેદન કર્યું તેમાં, ગૂજરાત વિદ્યાપીઠના ઉદ્દેશ તથા કાર્ય વિષે વિવેચન તથા વર્ણન કરતાં, ગ્રામવિદ્યાપીઠ અથવા 'રૂરલ યુનિવર્સિટી'નો હેતુ અને આદર્શ કેવાં હોય તેનું વિવેચન કર્યું.

અને અંતે શ્રી કુલપતિજીએ પોતાનો આદેશ આપ્યો.

આ ત્રણે સમગ્રપણે જોતાં, એ વસ્તુ સાફ થાય છે કે, આજે હિંદનું રાષ્ટ્રીય શિક્ષણ ક્યાં છે અને તેણે હવે પછી કઈ દિશા શું કામ લેવાની જરૂર છે.

શ્રી કુલનાયક અને શ્રી મહામાત્રનાં વ્યાખ્યાનો નીચે આપવામાં આવ્યાં છે. શ્રી કુલપતિજીનું વ્યાખ્યાન 'બે વિચારધારા' એ મથાળે અલગ આ અંકમાં આપ્યું છે.

—મ૰]

૧
શ્રી કુલનાયકનું વ્યાખ્યાન

ગૂજરાત વિદ્યાપીઠ પરિવારના કુલપતિ તરીકે આજે આપ બીજી વાર પધારો છો, તે પ્રસંગે સૌના તરફથી હું આપનું સ્વાગત કરું છું. અને તેના ટ્રસ્ટી તથા કાર્યવાહક મંડળના અધ્યક્ષ તરીકે આ પ્રસંગે બે શબ્દો કહેવાની રજા લઉં છું.

પહેલા આપ ૧૯૫૨ના માર્ચમાં પદવીદાન માટે પધાર્યા હતા. તે વાતને આજે ત્રણેક વરસ થવા આવશે. આ સમય દરમિયાન જે કામકાજ થયાં છે, તેનો વિગતમાં જઈને હેવાલ, મારા પછી મહામાત્ર આપની આગળ રજૂ કરશે. એટલે હું તેમાં ઊતરતો નથી. પરંતુ આ પ્રસંગે સંસ્થાના વિકાસ અને તેની પ્રગતિ તથા રાષ્ટ્રના શિક્ષણમાં જે કામ સાધવાની તેની દૃષ્ટિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે તે વિષે કેટલાક વિચાર અત્રે રજૂ કરવા ઇચ્છું છું. એક રીતે જોતાં તે નવા ન ગણાય, કેમ કે તે વિષે મેં ૧૯૫૨માં પદવીદાન પ્રસંગે મારા નિવેદનમાં ટૂંકાણમાં છતાં ઇશારો કર્યો હતો.

ગૂજરાત વિદ્યાપીઠનો વિકાસ

મેં ત્યારે જાહેર કર્યું હતું કે, વિદ્યાપીઠ પ્રાથમિક શિક્ષણની પહેલી શ્રેણીથી શરૂ કરીને સ્નાતક પદવી સુધીના શિક્ષણનો પ્રબંધ કરશે. મને જણાવતાં આનંદ થાય છે કે, એ ક્રમ અમે આ વરસે પૂરો કર્યો છે, અને આજે વિદ્યાર્થી પહેલી શ્રેણીથી વિનીત પરીક્ષાની ૧૧મી શ્રેણી અથવા મુંબઈ રાજ્યની એસ. એસ. સી. પરીક્ષા સુધીની, અને ત્યાર બાદ મહાવિદ્યાલયની સ્નાતક કે ગ્રૅજ્યુએટ પદવી સુધીની અહીં તાલીમ લઈ શકે, એવી આખી યોજના આ વરસથી ચાલુ થઈ ગઈ છે. આગળ પારંગત (એમ. એ.)ના અભ્યાસ માટે યોજનાનો પણ ઠરાવ કર્યો છે.

સ્નાતકનું શિક્ષણ સમાજવિદ્યાની જ વિદ્યાશાખામાં હાલ અપાય છે. તે ઉપરાંત રાષ્ટ્રભાષા હિંદીની સ્નાતક પરીક્ષા યોજવાનો વિચાર છે છતાં, એટલું કહેવું જોઈએ કે, વિદ્યાપીઠ બધી વિદ્યાશાખાઓનો અભ્યાસ યોજવા ચાહતું નથી; તે જે કામ કરે તે તેનાં ધ્યેયો અને આદર્શોને સામે રાખીને જ ગોઠવે અને ચલાવે, એ ઉઘાડું છે.

યુનિવર્સિટીઓની મર્યાદા

પોતાને માટે આવી મર્યાદા આંકીને ચાલવું, એ આજે તો દેશની બધી વિદ્યાપીઠો માટેય જરૂરનું છે. આજે દેશમાં યુનિવર્સિટીઓ જૂની ઢબે વધ્યે જાય છે અને તેઓ જ્ઞાનવિજ્ઞાનની બધી શાખાઓ શીખવવા માગે, તો તે વ્યવસ્થા હવે ફાવે એવી નથી, એમ દેખાવા લાગ્યું છે. દરેકે પોતાની ખાસિયત કેળવીને આગળ વધવું જોઈએ, અને તે નાહક ખેવડાય નહીં ને બધું સમન્વયપૂર્વક ચાલે એ જરૂરી છે. ગૂજરાત વિદ્યાપીઠે આ બાબતમાં પોતાની મર્યાદા શરૂથી આંકેલી છે અને તે તેનાં ધ્યેયોમાંથી જણાય છે.

વિદ્યાપીઠનાં આદર્શો અને ધ્યેયો ગાંધીજીએ તેની શરૂઆતથી આંકી આપ્યાં છે. અને તે આજે પૂરાં ૩૦ વરસ બાદ પણ એવાં દીર્ઘદૃષ્ટિવાળાં અને ક્રાંતદર્શી સાબિત થયાં છે કે, રાષ્ટ્રના શિક્ષણમાં સુધારો કરવા માટે તેમાંથી આજે પણ માર્ગદર્શન મળી શકે છે. અફસોસની વાત એ છે કે, એ ઢબે આપણી કેળવણીની પ્રગતિ સંતોષ આપે એવી થતી નથી. તે ન થાય ત્યાં સુધી, આ સંસ્થાનું કામ ઊભું છે, એમ અમે માનીએ છીએ.

અંગ્રેજી શિક્ષણનો પાયાગત દોષ

વિદ્યાપીઠે કઈ મર્યાદા પોતાને માટે આંકી છે, તે વાત કરતી વખતે મને, ગાંધીજી હિંદમાં આવ્યા ત્યારથી એક વાત કહેતા, તે યાદ આવે છે. તે કહેતા કે, આજે દેશમાં ચાલતું અંગ્રેજી શિક્ષણ એવું છે કે, તેમાંથી આપણને રાષ્ટ્રનું કામ કરનાર સેવાપરાયણ નાગરિકો મળે, એવી આશા રાખવી વ્યર્થ છે. હવે તો સૌ કબૂલ કરે છે કે, એ શિક્ષણ કેવળ સરકારી નોકરી-પરસ્ત અને વકીલ-દાક્તર-કે ઇજનેર-વગેરે ઉજળિયાત ધંધાદારીનું જ રહ્યું છે, અને એ ભાવનાએ આપણા શિક્ષણનો જે કબજો લીધો છે તે હજી છૂટ્યો નથી. આ શિક્ષણ રાષ્ટ્રના થોડાક જ લોકને સ્પર્શે છે, તેથી તેને વ્યાપક શિક્ષણ પણ ન કહી શકાય. તે શિક્ષણ કેવળ 'કૅરિયરિસ્ટ' જ રહ્યું છે. આની માઠી અસરો આજે હવે દીવા જેવી દેખાય છે. જેમ કે, આપે થોડા દિવસ ઉપર દિલ્હીમાં બોલતાં કહ્યું કે, તેની અસર વિદ્યાર્થીની શિસ્ત પર સારી નથી પડતી. આવી આવી અનેક બીજી બાબતો ગણાવવાની અહીં જરૂર નથી. સાર રૂપે કહું તો ઉચ્ચ શિક્ષણ જો આ પ્રકારે મુખ્યત્વે 'કૅરિયરિસ્ટ' જ રહે, તો હવે સ્વરાજમાં તો તે ન જ ચાલી શકે. જેમ જેમ આપણે દેશનું નવઘડતર કરવા બાજુ આગળ જઈએ છીએ, તેમ તેમ આ વસ્તુ વધુ ને વધુ સાફ દેખાય છે.

ગ્રામ વિદ્યાપીઠનો હેતુ

સરકારી શિક્ષણમાં રહેલી આ પાયાગત ખામીનો વિચાર કરીને ગાંધીજીએ પોતાનો રાષ્ટ્રીય કેળવણીનો પ્રયોગ શરૂ કર્યો હતો; અને તેનો ઉલ્લેખ આ સંસ્થાનાં તેમણે આંકેલાં ધ્યેયોમાં અને પોતે તેમાં રસ લઈને તેને આપેલી વિકાસદિશામાં સાફ જોઈ શકાય છે. ધ્યેયોમાંથી કેટલાંક અહીં યાદ કરવા જેવાં માનું છું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ વિદ્યાપીઠનું મુખ્ય કામ કેળવણી દ્વારા ચારિત્ર્યવાન, શક્તિસંપન્ન, સંસ્કારી અને કર્તવ્યનિષ્ઠ કાર્યકર્તાઓ તૈયાર કરવાનું છે.

અને તેનું મુખ ગામડાંમાં રાષ્ટ્રપોષક કેળવણીનો પ્રચાર કરવા તરફ હશે; એટલે, કેળવણીનો ક્રમ ઘડવામાં ગ્રામવાસીઓની હાજતોને પ્રધાનપદ આપવામાં આવશે, એમ તેમાં બતાવ્યું છે.

આ બે વસ્તુઓ મળીને વિદ્યાપીઠનું સ્વરૂપ નક્કી કરી આપે છે કે, તે આપણી ગ્રામપ્રજાની જરૂરો ધ્યાનમાં રાખીને ઉચ્ચ શિક્ષણ સુધીનો પોતાનો ક્રમ યોજશે. આજે પ્રચલિત થયેલી પરિભાષામાં કહું તો, તે એક 'રૂરલ યુનિવર્સિટી' તરીકે કામ કરશે, અને તે રીતે જનતાનું શિક્ષણ વિચારશે. ગ્રામ વિદ્યાપીઠે પોતાનું ધ્યેય હિંદની મોટા ભાગની જે ગ્રામવસ્તી છે, તેના શિક્ષણને પોતાનું કામ માન્યું છે. તેનો અર્થ એટલો છે કે, તે ૯૦ ટકાને પોસાય ને કામ દે તેવી ઢબે શિક્ષણની પદ્ધતિ યોજશે. ખરું જોતાં, આપણા દેશની સાચી કેળવણીએ હવે આ દિશામાં જવું જોઈએ: રાધાકૃષ્ણન રિપોર્ટે આ બાબતમાં દેશનું ઠીક ઠીક ધ્યાન ખેંચ્યું છે; અને સરકાર ગ્રામ વિદ્યાપીઠના ધ્યેય વિષે કાંઈક વિચારો કરતી થઈ છે, એ આનંદની વાત છે. આ વિદ્યાપીઠ તે આદર્શ નજર સામે રાખીને પોતાનું કામ કરે છે.

રાષ્ટ્રીય શિક્ષણના મૂળ સિદ્ધાંતો

ઉપરના આદર્શની સાથે, શિક્ષણમાં કેટલાક મૂળભૂત ગણાય એવા સિદ્ધાંતોને તેણે ધ્યેય તરીકે માન્યા છે, કે જે નજર સામે રાખીને ચાલવું જોઈએ. તેમાં નીચેના કેટલાક અહીંયાં નોંધ લેવા જેવા માનું છું—

૧. બૌદ્ધિક શિક્ષણ જેટલું જ મહત્ત્વ ઔદ્યોગિક શિક્ષણને આપવું.

૨. રાષ્ટ્રને પોષક જે જે ઉદ્યોગો છે, તેમને જ તેમાં સ્થાન આપવું ને બીજાને નહીં.

૩. સર્વધર્મસમભાવ અને અહિંસા તથા સત્યને દૃષ્ટિમાં રાખીને ધર્મનું જ્ઞાન આપવું તથા કેળવણીનું સમગ્ર કામ યોજવું.

૪. સ્વભાષાને પ્રધાનપદ આપવું અને બધું શિક્ષણ સ્વભાષા દ્વારા આપવું. જોકે, બીજી ભાષાઓ શીખવતાં તે જ ભાષા વાપરવામાં બાધ નહીં ગણાય.

૫. રાષ્ટ્રભાષા હિંદી-હિંદુસ્તાનીને શિક્ષણમાં આવશ્યક સ્થાન હશે.

૬. વ્યાયામ અને અંગમહેનતની તાલીમ આવશ્યક ગણાશે.

આપને ખબર છે કે, આ બધા મુદ્દા આજે શિક્ષણ જગતમાં સર્વમાન્ય થયા છે, કેમ કે ચાલુ શિક્ષણની ઊણપો દૂર કરવામાં તે કીમતી ફાળો આપી શકશે. રાષ્ટ્રની કેળવણીમાં આ સિદ્ધાંતોનો અમલ શરૂ કરવો, એ આપણા દેશની પુનર્ઘટનાને અંગેનાં હવે પછીનાં કામોમાં સૌથી મોટું કામ છે. મને લાગે છે કે, આ કામની નીતિ નક્કી કરીને, આવતાં કેટલાંક વરસ સુધી લગાતાર તથા એકાગ્રપણે અને મક્કમતાથી ધ્યાન આપવાની જરૂર છે; તેમાં હવે જો ઢીલ થશે, તો આપણા રાષ્ટ્રીય વિકાસમાં ભારે નડતર ઊભું થશે, એમાં મને શંકા નથી.

ચાલુ શિક્ષણમાં સુધારાની જરૂર

હિંદની બહુજનવસ્તીનું સર્વાંગીણ શિક્ષણ એ સાચું રાષ્ટ્રીય શિક્ષણ છે, એ હવે મુખ્ય ધ્યાનને પાત્ર મુદ્દો બને છે. આપણું રાજ્ય એક પ્રજાતંત્ર છે અને દરેક પુખ્તવયી સ્ત્રીપુરુષને મતાધિકાર છે, એ વસ્તુ આ બાબતને વિસારે પડવા દે તેમ નથી. અફસોસની વાત એ છે કે, શિક્ષણની પુનર્ઘટના માટે આ મુદ્દો કેટલો ઊંડે જઈને અને ક્રાંતિકારી ફેરફારો માગે એવો છે તે શિક્ષણમાં કામ કરનારાઓના ખ્યાલમાં પૂરતું આવ્યું નથી. આપણી યુનિવર્સિટીઓનું ધ્યાન આ બાબત તરફ જવું જોઈએ. એ વસ્તુનો વિચાર ચર્ચતાં રાધાકૃષ્ણન કમિશને સાચું કહ્યું છે કે,

> "Our present universities—besides some qualitative limitations—touch only the fringe of what is required in the way of higher education in the world's

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

newest and most populous democracy."*

આ ઊણપ દૂર કરવી હોય, તો શિક્ષણનો સળંગ વિચાર કરવો જોઈએ. આજે જેમ ઉપરના ઉચ્ચ વિભાગને હિસાબે તેના ત્રણ વિભાગ કરવામાં આવ્યા છે એમ નહીં, પણ આખી જનતાને ધ્યાનમાં રાખીને એકમાંથી એક ફૂટે અને આગળ વધે, એમ થવું જોઈએ. એ દૃષ્ટિએ ગાંધીજીએ દેશને પોતાની પાયાની કેળવણીની યોજના આપી છે. તેનો અમલ અત્યારે થાય છે તે કરતાં વધારે ઝડપે અને નિષ્ઠાથી થવો જોઈએ. આવતાં પાંચ વરસમાં આપણે ૧૪ ઉંમર સુધીનાં રાષ્ટ્રનાં બધાં બાળકોને મફત શિક્ષણ આપવાનું છે. આ પદ્ધતિ સ્વીકાર્યા વગર તે નહીં થઈ શકે, એમાં મને શંકા નથી. ચાલુ શિક્ષણના પાયામાં આજે જૂની 'કેરિયરિસ્ટ' દૃષ્ટિ રહી છે. તે દૂર કર્યા વગર આપણી ગરીબ અને મજૂરી કરીને માંડ લૂખોસૂકો રોટલો કૂટી કાઢતી પ્રજાને તેનાં બાળકોને શાળામાં મોકલવા ભાગ્યે જ આપણે પ્રેરી શકીશું. આજે તો તેને પોતાનાં ભણે એવડાં છોકરાંને શાળામાં મોકલવાં પરવડતાં નથી, એવી દયામણી સ્થિતિ તેની છે. અને તે જો શાળામાં જાય તો કામનાં મટે, એવું તેમનું માનસ થાય છે, એ મોટી આફત છે.

શિક્ષણમાં ઉદ્યોગનું સાંસ્કૃતિક સ્થાન

આનો વિચાર કરીએ છીએ ત્યારે શિક્ષણમાં રાષ્ટ્રીય મહત્ત્વના અને તેને પોષક એવા ઉદ્યોગોને સ્થાન આપવાની ગાંધીજીની સૂચના કેવો ક્રાંતિકારી ફેરફાર છે, તે નવી જ રીતે સમજાય છે. ભણીને જો બાળક જીવનનાં કામોમાં વધારે યોગ્ય અને ઊલટવાળું ન થાય, તો ભણવાનો ધંધો આમજનતાનાં માબાપોને પાલવે કેમ? ચાલુ શિક્ષણે ભણેલાને શહેરો અને શહેરી ધંધા તરફ ખેંચીને આપણાં ગામડાંની જે દીન દશા કરી છે – રાષ્ટ્રની પ્રગતિને માટે કેવો અવળો ફાળો આપ્યો છે, તે વર્ણવવાની જરૂર નથી. સારી વાત છે કે, આ બાબતમાં પણ રાધાકૃષ્ણન કમિશને એક મનનીય વાત નોંધી છે કે,

"The chief issue is not where young people *come from* to get an education, but where they *go* with their education."*

જો શિક્ષણ દેશના યુવકોને ગામડામાંથી ખેંચીને શહેરોમાં ભીડ કરવા ને ભણેલી બેકારી સેવવા માટેનું જ કામ કર્યા કરે, તો હવે તે ન નભી શકે એવી અવળી ગંગા થઈ. એ દૃષ્ટિએ, મને જણાવતાં આનંદ થાય છે કે, જે સ્નાતકોને આપ પદવી આપો છો, તેમાંના મોટા ભાગના ગામડાંનાં કામોમાં જાય છે; અને ત્યાં નવી તાલીમ તથા સરકારનાં સર્વોદય તથા ગ્રામ-વિકાસ યોજનાના તથા આદિવાસીઓની સેવાનાં કામો માટે જોઈતી લાયકાતવાળા આ સ્નાતકો નીવડ્યા છે.

સ્વભાષા તથા આંતર-ભાષા

તેઓ આ સંસ્થામાં પોતાનું શિક્ષણ સ્વભાષામાં લે છે અને હિંદી ફરજિયાત ભણે છે, એ પણ એક નોંધપાત્ર પ્રયોગ છે. યુનિવર્સિટીઓનું ધ્યાન આ પ્રશ્ન તરફ વળ્યું છે, એ આનંદની વાત છે. મારે એક વસ્તુ અહીં કહેવાની છે અને તે એ કે, આપણા દેશ જેવા અનેકભાષી મુલકમાં પોતપોતાની સ્વભાષા સ્વાભાવિક છે, તેની સાથે રાષ્ટ્રભાષા તેના અનિવાર્ય અને પૂરક અંશ તરીકે રહેલી છે, એ વિચાર ભૂલવો ન ઘટે. દેશની આમપ્રજા તરફ જોઈએ, તો તેની ભાષાઓને આપણે છોડી નથી શકતા, એ ઉઘાડું છે. પરંતુ રાષ્ટ્રને સમગ્ર રૂપે પણ જોવાનું રહે છે, કેમ કે હિંદ એક રાષ્ટ્ર છે. તેથી તેની આંતર-ભાષા હિંદીનું મહત્ત્વ પણ એટલું જ છે. માટે તેના પર બરોબર ભાર મૂકવો જોઈએ. એટલે આવતાં પાંચ વરસમાં આ ભાષા દેશમાં બધી શાળા મહાશાળાઓમાં ફરજિયાત શીખવાતી થાય, એ તદ્દન જરૂરી વસ્તુ છે. આપણી પ્રજાકીય એકતાને માટેની સાધનામાં આ વસ્તુ સારો મોટો ફાળો આપશે, એ નિર્વિવાદ છે.

---

* આપણી ચાલુ યુનિવર્સિટીઓને કેટલીક ગુણદોષ વિષયક મર્યાદાઓ છે. ઉપરાંત, જગતની નવામાં નવી અને મોટામાં મોટી વસ્તીવાળી જે આપણી લોકશાહી, તેને સારુ જેવું ઉચ્ચ શિક્ષણ હોવું ઘટે, તે જોઈએ તો, આપણી ચાલુ યુનિવર્સિટીઓ એ પ્રશ્નને કેવળ સ્પર્શે જ છે.

* ભણવા માટે યુવકો ક્યાંથી આવે છે એ મુખ્ય નથી, પરંતુ તેઓ ભણીને ક્યાં જાય છે, એ મુખ્ય મુદ્દો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વધર્મ અને સર્વધર્મસમભાવ

અને એ જ દૃષ્ટિએ આપણી અનેકધર્મી પ્રજાએ સર્વધર્મસમભાવનો વિચાર પણ કરવો જોઈએ; એટલે કે, તેને શિક્ષણની પોતાની નવી પ્રથામાં ઉતારવો અને વણી લેવો જોઈએ. દેશની એકતાનું જીવંત દર્શન દરેક નાગરિકમાં પેદા કરવું હોય, તો આજે જે ધર્મવાર કોમિયતનો ખ્યાલ ઊંડે ઊતરી ગયો છે, તેને દૂર કરવા માટે સક્રિય પગલાં લેવાં જોઈશે. અને એ કામ તો આપણું શિક્ષણ કરી શકે.

ધર્મવાર કોમિયતનો આપણે ત્યાંનો આ ખ્યાલ દૂર કરવો એટલે સામ્યવાદના વિચારની પેઠે, ધર્મવસ્તુને નિંદ્ય ગણીને કાઢવી, એમ હરગિજ નથી. આ દેશનું એક વિશેષ લક્ષણ હોય તો આ છે કે, તે પોતાની સંસ્કૃતિમાં ધર્મવિમુખતા કલ્પી કે સહી શકે એમ નથી. બલ્કે, એ વિષે એની લાગણી એટલી બધી આળી થઈ ગયેલી છે કે, તેમાં વિવેકની જરૂર છે. ધર્મવાર કોમિયતનો ખ્યાલ દૂર કરવો એનો મારો અર્થ એ છે કે, એમાં વિવેક અને વિચાર પૂરવાં, જેથી કરીને વિશાળ માનવધર્મના પાયા ઉપર, એટલે કે, માનવમાત્રની બંધુતા, સમતા તથા સ્વતંત્રતાના એકમાત્ર પાયા ઉપર, પોતે પોતાના ધર્મસંપ્રદાયનું પાલન કરવું, એને દરેક જણ સાચો ધર્મ માને. જ્ઞાન અને વિજ્ઞાનની ઉપાસના અને અનુશીલન જો ધર્મની આસ્તિકતા અને શ્રદ્ધા વગર ચાલશે, તો માનવ કુટુંબ એક નહીં થઈ શકે, એ દીવા જેવું છે; કેમ કે, માનવ જીવાત્મામાં સાચી ધર્મબુદ્ધિ અને ધર્મપરાયણતા જ એવું એકમાત્ર રસાયણ છે, કે જે તેની ભાત ભાતની જુદાઈઓ અને આવેગો તથા વાડાઓને ઓગાળી કાઢીને એકતા જમાવી શકે. ગાંધીજીના સર્વધર્મસમભાવના સિદ્ધાંતનું આ રીતે અનુશીલન કરવાનું કામ હવે પછી શિક્ષણ જગતે કરવું જોઈએ. મેં રાષ્ટ્રભાષામાં ઉપર કહ્યું તેમ, આ વાતને રાષ્ટ્રધર્મની નેમથી ઉપાડવી જોઈએ. તે વિના ધર્મવાર કોમિયતના ઝનૂની અથવા ઝઘડતા ખ્યાલો નવા યુગમાં દૂર કરવા માટે આપણને ભાગ્યે જ રસ્તો જડે. અહીંના અભ્યાસક્રમમાં આ વિચારને ઉતારવા અમે બનતો પ્રયત્ન કરીએ છીએ.

અસ્પૃશ્યતા અને શિક્ષણ

અસ્પૃશ્યતાના કલંકનો ઉલ્લેખ અહીં કરું તો તે સંગત થશે. શિક્ષણમાં એને સ્થાન ન હોઈ શકે, એવું આ સંસ્થાનું ધ્યેય છે; તે અર્થે તેણે શરૂમાં સારી પેઠે સમાજનો રોષ વેઠીનેય પોતાનું કામ કર્યું છે. આપણા બંધારણથી અસ્પૃશ્યતા વર્જ્ય હોવા છતાં આપણે જાણીએ છીએ કે, સમાજમાં અસ્પૃશ્યતા દૂર થઈ નથી; હજી ઘણું કામ બાકી છે. તેથી અસ્પૃશ્યતા-નિવારણનો સંદેશો હવે રાષ્ટ્રમાં જીવતોજાગતો કરવાનું કામ પણ શિક્ષણ જગતે હાથ ધરવું જોઈએ. તે બાબતમાં શિક્ષકો પોતે તો પહેલા સુધરેલા હોવા જોઈએ; એ વગર આ કામ ન બને, એ ઉઘાડું છે.

શાળાજીવનમાં સાદાઈ અને જાતમહેનત

આ અગાઉ હું શિક્ષણમાં ઉદ્યોગના અનિવાર્ય સ્થાન વિષે કહી આવ્યો. એનો વિશેષ વિચાર કરવા જેવો છે. ઉદ્યોગની સાથે જાતમહેનતનું કામ આવી જાય છે. આપણી કૉલેજોમાં પોતાનાં જાતમહેનતનાં કામો કરવા તરફ અરુચિ જ નહીં, બિનઆવડત અને તેમાં ઊંચતાનો ભાવ કેળવાય છે! આ એક મોટો દોષ છે. ગાંધીજીએ રાષ્ટ્રીય શિક્ષણની જે પ્રણાલીનો પ્રયોગ કર્યો, તેમાં આ વસ્તુ બરોબર યાદ રાખવામાં આવી છે. આજે કૉલેજિયન પોતાના ખાધાખર્ચ પેટે રૂા. ૫૦–૬૦ ઉપર ખર્ચે છે. તે જો બીડીની ટેવવાળો હોય — અને તે ટેવ ફૅશન બનીને વધી રહી છે — તો વળી વિશેષ ખર્ચ થાય. આ પણ એક મોટી સુધારવાની બાબત છે. રાષ્ટ્રના શાળાજીવનમાં સાદાઈના અને ઉદ્યોગના સંસ્કાર પાડ્યા વગર આ નહીં બને. ભણેલાની એક અલગ નાત થઈ બેઠી છે, તેથી કરીને આપણે ત્યાં એક ભારે હાનિકારક વિષમતા પેદા થઈ છે. એમાંથી નીકળવાનો રસ્તો પણ તો જ મળશે.

ઉદ્યોગશિક્ષણનો રહસ્ય-અર્થ

ઉદ્યોગશિક્ષણનો આ વિચાર જેને ધંધાદારી અથવા 'વોકેશનલ' કે 'ટેકનિકલ' કહેવાય છે, તે જાતના ઉદ્યોગશિક્ષણનો વિચાર નથી. આ વિચાર તો હિંદના સાર્વત્રિક પ્રજાઘડતરના 'લિબરલ' શિક્ષણનો છે. રાષ્ટ્રની પ્રજાના એક વ્યાપક સંસ્કાર તથા જીવનઘડતરના બળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તરીકે ઉદ્યોગનું સ્થાન કલ્પીને આ હું કહું છું. આપણી છોકરીઓના ઘરશિક્ષણમાં આ વસ્તુ સચવાઈ રહી છે; તેથી છોકરીઓમાં વિશેષ હરેલતા અને સંસ્કૃતિના ટકાવની દૃષ્ટિએ વિશેષ યોગ્યતા જે જોવા મળે છે, તેનું એક કારણ આ છે, એમ મને લાગે છે. કેળવણીમાં ઉદ્યોગશિક્ષણનો વિચાર, ઉપર જેમ 'ટેકનિકલ' કે 'વોકેશનલ'થી અલગ કહ્યું, તેમ જ આ ઘરશિક્ષણ પણ, આજે જે 'હોમ કે ડોમેસ્ટિક સાયન્સ' નામે ચાલે છે, તેથી જુદી વસ્તુ છે. આ સાયન્સનું શિક્ષણ પણ ધંધાદારી જેવું બની જાય તો નવાઈ નહીં. જેની હું વાત કરું છું, તે આપણું ઘરશિક્ષણ એક સંસ્કાર છે, કે જેમાં આર્થિક, સામાજિક તથા સાંસ્કૃતિક શક્તિ રહેલી છે.

તે ઉપરથી હું પૂછું છું કે, છોકરાઓ આ કીમતી સંસ્કારથી વંચિત શું કામ રહે? બંને જાતિઓની સરખી સાથે કેળવણીમાં માનતા હોઈએ, તો આ ભાવમાં પણ સમાજે સુધારો કરવા તત્પર થવું જોઈએ. આ કામ ઉદ્યોગશિક્ષણ દ્વારા કરી શકાય. તે દ્વારા વ્યવસ્થિત કામની, ચીવટની તથા હાથપગ વાપરવાની ટેવો પાડી શકાય.

રાષ્ટ્રને પોષક ઉદ્યોગોની દૃષ્ટિ

ઉદ્યોગ અને જાતમહેનત દ્વારા આપણે સામાન્ય લોકો જોડે સમાનતાનો ભાવ જગવી તેમની સાથે અનુસંધાન કરી શકીશું, એ પણ ઓછું કીમતી નથી. આ ઉદ્યોગો કયા, તે વિચાર અહીં આપોઆપ ઊઠે છે. તે ઉદ્યોગો રાષ્ટ્રના પોષક હોય, એમ વિદ્યાપીઠના ધ્યેયમાં કહેલું છે. તેમાં એક દૃષ્ટિ રહી છે; તે એ કે, રાષ્ટ્રનો બહુજનસમાજ ખેતી પર નભે છે. એકલી ખેતી ભાગ્યે જ પરવડી શકે, સિવાય કે દરેક પાસે સારી પેઠે પૂરતી જમીન હોય. એ તો છે નહીં; એટલે ખેતીની જોડે જીવનને જરૂરી એવો સરસામાન તથા સાધનસામગ્રી વગેરેના ઉદ્યોગો ખેતીના પેટામાં અને ખેડૂતના ઘરમાં કે તેની આસપાસ ગામડામાં ચાલવા જોઈએ. તો. વ્યક્તિ તરીકે તેની કુશળતા વધે, તે દ્વારા એની કેળવણી થાય, તથા ખેતીની નવરાશમાં કામ પણ મળી રહે; અને તો જ તે સ્વમાનથી પોતાનું જીવન ગાળી શકે. રાષ્ટ્રના સાચા પોષક ઉદ્યોગોનો વિચાર આ બહોળી રાષ્ટ્રીય જરૂર સમજી લઈને જ કરી શકાય. એવા ઉદ્યોગ ખેતીની સાથે કાપડકામ, લાકડકામ, જેવા વ્યાપક જરૂરના જ હોઈ શકે. એ કામો કરવાની કુશળતા રાષ્ટ્રીય શિક્ષણ પેદા કરે, તો જ ખેતીને સમૃદ્ધ કરી શકીએ અને આપણા ગ્રામજીવનને તૂટતું બચાવાય. ગ્રામજીવન હિંદનું સામાન્ય જીવન છે. ત્યાં જે દળદર, દરિદ્રતા, અજ્ઞાન, ભૂખમરો, રોગ, આળસ, અભણતા ૯૦ છે, અને તેથી સ્વમાનને ઘાતક એવી જે નિરાશા અને નિસ્તેજતા જોવા મળે છે, તેને વિદ્યાના તેજથી દૂર કરવાં, એ કામ ગાંધીજીએ 'ઉદ્યોગ દ્વારા કેળવણી' એવા ટૂંકા સૂત્રથી સૂચવ્યું છે. આપણી જ્ઞાનોપાસના આ ન્યાયે થાય. આ વિદ્યાપીઠ તેને સારુ છે, એમ અમારી શ્રદ્ધા છે.

ગૂજરાત વિદ્યાપીઠનું કામકાજ

ભાઈ મગનભાઈ હવે પછી, આ દૃષ્ટિ સામે રાખીને અહીં થતા પ્રયત્નોનું વર્ણન આપશે. આ પ્રયત્નો બને તેટલા આગળ લેવાના છે. તે અર્થે અમે, સ્વતંત્રતા આવ્યા પછીનાં વરસોમાં, કામ આદર્યું છે. કામ કરતાં નાણાંની જરૂર રહે છે. મકાનો ૯૦ જેવાં થાપણખર્ચનાં કામો અંગે ગાંધી સ્મારક નિધિએ અમને દસ લાખ રૂપિયા આપવાનું નક્કી કર્યું છે, અને તેમાંથી અહીંયાં તથા બોચાસણમાં જરૂરી મકાનો બંધાય છે. ગ્રંથાલયના મકાનનો પાયો આપે પહેલી વાર આવ્યા ત્યારે નાખેલો; તે કામ હવે એકેક માસમાં પૂરું થશે, એટલે ગ્રંથાલય ત્યાં પહોંચશે. અમારું પ્રકાશન કામ પણ ઠીક ચાલે છે. ગુજરાતની પાયાની કેળવણીનાં સાત વરસને માટે ઘટે એવી વાચનમાળા તૈયાર કરેલી છે, જેની સુધારી વધારીને નવી આવૃત્તિ આજકાલમાં બહાર પાડીશું. જોડણીકોશના કામ સાથે હિંદી ગુજરાતી કોશ તથા સંસ્કૃત ગુજરાતી કોશનું કામ ચાલે છે. તે ઉપરાંત હવે અમે ગુજરાતી જ્ઞાનકોશનું કામ હાથ ધરવા નક્કી કર્યું છે. આ જ્ઞાનકોશનું કામ ભારે મોટું છે. સ્વભાષા દ્વારા શિક્ષણનું કામ આગળ ધપાવવા માટેય જ્ઞાનકોશ જેવું કામ ઉપાડવું ઘટે. આ કામમાં અમારે ઠીક ઠીક રકમની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જરૂર પડશે. તે અમને સરકાર તથા પ્રજા તરફથી મળશે એવી આશા રાખીએ છીએ.

ગુજરાતમાં હિંદી પ્રચારનું કામ પણ અમે કરતા આવ્યા છીએ. એમાં પણ આ વરસોમાં સારો વિકાસ થયો છે. તેને સારુ સાહિત્ય પેદા કરવા તરફ પણ અમે ધ્યાન આપ્યું છે.

ઉદ્યોગશિક્ષણમાં અત્યારે ખેતીવિદ્યા, ખાદીવિદ્યા, તથા સુતારી ચાલે છે. આ રાષ્ટ્રપોષક ઉદ્યોગો ઉપરાંત હાથકાગળ, ઘાણી, તથા સીવણ અને ચંપલકામ જેવા બીજા ઉમેરવાની ધારણા છે, જેથી કરીને અહીં રહેનારાઓને જરૂરી એવી ચીજો પૂરી પાડતાં પાડતાં તેમને પેદા કરવાની કળા તથા તેનું મહા બળવાન એવું સ્વયંપૂર્ણ અર્થશાસ્ત્ર વિદ્યાર્થીઓ સહેજે હાથ કરી શકે.

આ બધાં કામોનો ચિતાર આપવાને માટે એક પ્રદર્શન પણ ગોઠવવામાં આવ્યું છે, જેનું આપે હમણાં ઉદ્‌ઘાટન કર્યું અને જોયું છે.

આટલું કહીને હવે મહામાત્રને પોતાનું નિવેદન આપની આગળ રજૂ કરવા જણાવું છું.

૨

શ્રી મહામાત્રનું નિવેદન

શ્રી કુલનાયકની આજ્ઞા અનુસાર, નીચેનું નિવેદન આપની આગળ રજૂ કરું છું. આપ આજે પધાર્યા તેથી અમને સૌને ઘણો આનંદ થાય છે. સૌ તરફથી હું આપનું તથા આ પ્રસંગે પધારેલા સૌ મહેમાનોનું સ્વાગત કરું છું.

૧૯૫૨ના માર્ચમાં આપ આવ્યા પછી આજ સુધીમાં સ્નાતકોની ત્રણ ટુકડીઓ બહાર પડી. આપ ક્યારે પધારશો ને પદવી આપશો એવી વાટ તેઓ જોતા હતા. દેશના રાષ્ટ્રપતિની જવાબદારીઓમાંથી વખત કાઢીને દર વરસે પદવીદાનને માટે આવવું, આપને માટે કઠણ ગણાય; ન અમે એવી અપેક્ષા પણ રાખી શકીએ. છતાં એકાંતરે વરસે પધારો એવી અમે આશા રાખીએ છીએ. આપ વખત કાઢીને પધાર્યા, તેથી અમને સૌને અપાર ખુશી થાય છે.

વચલાં બે વરસનાં કામકાજનાં વાર્ષિક નિવેદન તથા હિસાબ બહાર પાડ્યા છે. ૧૯૫૩-૫૪નો હેવાલ હમણાં બહાર પાડ્યો છે, જે સભામાં વહેંચવામાં આવ્યો છે. એટલે તે અત્રે વાંચીને આપનો સમય લેવા માગતો નથી. વિદ્યાપીઠની ચાલુ પ્રવૃત્તિઓનો દર્શની ખ્યાલ આપવાને માટે એક પ્રદર્શન ગોઠવવામાં આવ્યું છે. તેનું ઉદ્‌ઘાટન કરી તથા તે જોઈ ને આપ અહીં પધારો છો. એટલે અત્રે હું ટૂંકમાં કેટલીક મુખ્ય બાબતોનો ઉલ્લેખ કરીશ.

૧૪ વર્ષનો શિક્ષણક્રમ

શ્રી કુલનાયકે હમણાં જ જણાવ્યું તેમ, ગુજરાત વિદ્યાપીઠનો વિકાસ, આજે આપણે જેને ગ્રામ-વિદ્યાપીઠ કહેવા લાગ્યા છીએ, તે ઢબે થયો છે. તે ઢબે વિદ્યાર્થીનું કુલ ચૌદ વરસનું શિક્ષણ હવે ગોઠવવામાં આવ્યું છે:–

(૧) ધોરણ ૧ થી ૭ — સાર્વત્રિક પાયાની કેળવણીને માટે ચાલતું ગુજરાત કુમાર મંદિર.

(૨) ધોરણ ૮ થી ૧૧ — ઉત્તર-બુનિયાદી ઢબે ચાલતું ગુજરાત વિનય મંદિર અથવા હાઈસ્કૂલ. તથા

(૩) શ્રી મહાદેવ દેસાઈ સમાજસેવા મહાવિદ્યાલયનો ત્રણ વરસનો અભ્યાસ. આ ઉપરાંત (૪) શિક્ષકોની તાલીમને માટે ઉદ્યોગ-અધ્યાપન મંદિર ચાલે છે.

ગુજરાત કુમાર મંદિરમાં ૬ થી ૧૨-૧૩ ઉંમરનાં બાળકો ભણે છે. આજે તેમની કુલ સંખ્યા ૧૯૬ છે.

વિનય મંદિરનો પ્રયોગ

ગુજરાત વિનય મંદિર ઈ. સ. ૧૯૫૦માં ફરી શરૂ કર્યું અને દર વરસે એક એક ધોરણ વધારીને આ વરસથી પૂરી વિનીત કે S. S. C. પરીક્ષાની કક્ષા સુધીનો અભ્યાસ યોજ્યો છે. આજે તેમાં કુલ ૫૪ વિદ્યાર્થી છે, જેમાં ૧૮ વિદ્યાર્થિની છે.

પ્રથમ ૭ ધોરણોનો બુનિયાદી પ્રયોગ હવે ધીમે ધીમે સમાજમાં મૂળિયાં નાંખતો જાય છે. તેની તુલનામાં, આગળનું ઉત્તર બુનિયાદી શાળાનું કામ નવું છે. તેથી કરીને, વિદ્યાપીઠના ઉત્તર બુનિયાદી કામ માટે ચાલતા વિનય મંદિરમાં વિદ્યાર્થી સંખ્યા ઓછી રહે છે છતાં હવે અનેક હેતુ-સાધક 'મલ્ટી-પરપઝ' હાઈસ્કૂલો સરકાર તરફથી શરૂ થશે, એટલે વિદ્યાપીઠના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિનય મંદિરના પ્રયોગનું રહસ્ય સમાજગત થતું જશે. આશા છે કે, મલ્ટી-પરપઝ સ્કૂલોનું સરકારનું આ નવું કામ સાવ 'વોકેશનલ' શહેરી ધંધાઓ પૂરતું સંકુચિત નહીં રહે અને ગ્રામોદ્યોગોને ને ગ્રામદૃષ્ટિને તેમાં મહત્ત્વનું સ્થાન મળશે.

મહાવિદ્યાલયનું કાર્ય

શ્રી મ૦ દે૦ મહાવિદ્યાલયનો અભ્યાસક્રમ ત્રણ વરસનો રાખ્યો છે. સ્નાતકની કક્ષાના સમાજસેવકો તૈયાર કરવાના ઉદ્દેશથી એ યોજવામાં આવ્યો છે. ઓછામાં ઓછી વિનીત કે S. S. C.ની પરીક્ષા પાસ થનારને, પ્રારંભિક પરીક્ષા લઈ ને, દાખલ કરવામાં આવે છે. રોજના ૬॥ કલાકના કામના હિસાબે, વરસનાં બે સત્રમાં કુલ ૨૨૫ દિવસ કામ ચાલે છે. આથી કરીને, ત્રણ વરસમાં અપાતો કુલ સમય જોઈએ તો, તે ચાલુ યુનિવર્સિટીઓનાં ચાર વરસથી ક્યાંય વધારે થાય છે. મહાવિદ્યાલય વિભાગમાં હાલ કુલ ૫૧ વિદ્યાર્થીઓ છે, જેમાં ૧૩ વિદ્યાર્થિની છે.

ઉદ્યોગ–અધ્યાપન–મંદિર

ઉદ્યોગ–અધ્યાપન–મંદિરમાં પ્રાથમિક તથા મુખ્યત્વે માધ્યમિક શાળાઓમાં કામ કરતાં શિક્ષક ભાઈબહેનો, પાયાની કેળવણીને દૃષ્ટિમાં રાખીને, કાંતણ, પીંજણ, તથા વણાટ ઉદ્યોગની તાલીમ લે છે. આજે તેમાં ૫૪ શિક્ષકો છે.

આમ નાના મોટા થઈ ને કુલ ૩૫૫ વિદ્યાર્થીઓ આજે વિદ્યાપીઠમાં અભ્યાસ કરે છે. તેમાંના ૬૧ છાત્રાલયમાં રહે છે.

આ તથા બીજાં કામોમાં કામ કરતો કુલ સેવકગણ બાવન છે. તે બધા આ ભૂમિ પર રહે એવી નીત રાખવામાં આવી છે. અત્યારે તેમાંથી કુલ ૩૩ કુટુંબો અહીંયાં વિદ્યાપીઠની ભૂમિ પર રહે છે. બાકીનાને માટે રહેવાની સવડ આપી શકયા નથી. તેમને માટે વધુ મકાનો કરવાની તજવીજ ચાલે છે.

વલ્લભ વિદ્યાલય

અમદાવાદ બહાર ચાલતી વિદ્યાપીઠની શિક્ષણ પ્રવૃત્તિઓમાં મુખ્ય વલ્લભ વિદ્યાલય, બોચાસણ, છે. ધીમે ધીમે કરીને, આજે તે ગ્રામકેન્દ્રને ઠીક રીતે ખીલવી શકયા છીએ, તે જણાવતાં આનંદ થાય છે. આપ ૧૯૫૨માં પધાર્યા ત્યારે તે કેન્દ્ર જોઈ આવ્યા છો. ત્યાર બાદ ત્યાંની જરૂર વધી હોવાથી, છાત્રો તથા શિક્ષકોને માટે નવાં મકાનો બંધાવ્યાં છે. તથા ગોશાળાને માટે પણ તેના ખાસ મકાનની તૈયારી કરી છે. અને ગ્રામજનતાને માટે જે દવાખાનું ત્યાં ચાલે છે, તે પણ સારી સેવા આપી રહ્યું છે. તેને સારુ પણ વધુ મકાનો કરવા દાન મળ્યાં છે.

બોચાસણ વિદ્યાલયમાં કુલ ૧૦૨ વિદ્યાર્થી ભણે છે. તથા સેવકગણની સંખ્યા ૧૩ છે. છેલ્લાં ત્રણ વરસથી ત્યાં પ્રાથમિક શિક્ષકો માટે અધ્યાપનની નવી તાલીમ આપવાનું ગોઠવ્યું છે. તેમાં ૧૮૫ શિક્ષકો તાલીમ લઈ ચૂકયા છે; અને અત્યારે ૬૬ શિક્ષકોની નવી ટુકડી તાલીમ લે છે.

નવું ગ્રામવિદ્યાલય

બોચાસણ વિદ્યાલયની ઢબે, સુરત જિલ્લાના પારડી –ધરમપુર વિભાગમાં એક આશ્રમ–વિદ્યાલય સ્થાપવાને માટે વિદ્યાપીઠને નવસારીના શ્રી ડાહ્યાભાઈ કુંવરજી તરફથી લગભગ ૨૦૦ વીઘાં જમીન થોડા માસ પહેલાં મળી છે. ત્યાં એક સેવકને નીમીને કામ પણ શરૂ કરી દેવામાં આવ્યું છે. આ પ્રવૃત્તિને ખીલવવાને માટે અમને સરકારના આદિવાસી સેવા ખાતા તરફથી પણ મદદ મળશે, એમ માનીએ છીએ.

બીજાં મુખ્ય કામો

આ કામોની સાથે ફૂલગૂંથણીમાં બીજાં કામ ચાલે છે તે મુખ્યત્વે નીચે પ્રમાણે છે:

૧. પ્રકાશન કામ;	૪. ગ્રંથાલય પ્રવૃત્તિ
૨. કોશ પ્રકાશન પ્રવૃત્તિ;	૫. રાષ્ટ્રભાષા પ્રચાર પ્રવૃત્તિ;
૩. પુરાતત્ત્વ કામ અને તેનું પ્રકાશન;	૬. વિજ્ઞાનની પરિભાષાનું કામ.

વિદ્યાપીઠે અત્યાર સુધીમાં, વિવિધ વિષયો ઉપર ૧૯૦ પુસ્તકો બહાર પાડયાં છે. આ કામ અંગે લગભગ ૨॥ લાખનું વાર્ષિક રોકાણ આજે થાય છે.

વાચનમાળાની નવી આવૃત્તિ

પ્રકાશનોમાં મુખ્ય નોંધવા જેવાંમાં વિદ્યાપીઠ વાચનમાળાની આઠ ચોપડીઓ છે. ગુજરાતની ઘણી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શાળાઓમાં તે ચાલે છે. તેની નવી આવૃત્તિ, કુલનાયકશ્રીએ જણાવ્યું તેમ કાલે બહાર પડશે. એની એક નકલ આપની સેવામાં અત્રે રજૂ કરું છું.

કોશ પ્રકાશન પ્રવૃત્તિ

કોશ પ્રકાશન પ્રકાશન પ્રવૃત્તિ બીજી મુખ્ય બાબત છે. જોડણીકોશની શાળોપયોગી આવૃત્તિ આ વરસે બહાર પાડી છે.

ગયા બે વરસમાં કોશ પ્રવૃત્તિ અંગે બે ત્રણેક વિશેષ કામો ઉપાડ્યાં છે :—

૧. હિંદી-ગુજરાતી કોશની બીજી આવૃત્તિ પૂરી થઈ ગઈ છે, તેથી તેની સુધારેલી વધારેલી ત્રીજી નવી આવૃત્તિ અત્યારે છપાય છે. માર્ચ સુધીમાં તે બહાર પાડવા ધારણા છે.

૨. ગુજરાતી-હિંદી કોશ પણ હવે તૈયાર કરવો જોઈએ. તેનું કામ વરસથી શરૂ કર્યું છે.

૩. સંસ્કૃત-ગુજરાતી કોશ પણ હવે વિદ્યાર્થીઓને મળવો જોઈએ. તેથી તે કોશનું કામ પણ આવતા વરસમાં પૂરું કરવા ઇરાદો રાખ્યો છે.

૪. આ ઉપરાંત જ્ઞાનકોશ કરવાનું પણ માથે લીધું છે. આ કામમાં ચારપાંચ લાખ રૂપિયા જોઈએ, એમ અંદાજ છે. આશા છે કે, પ્રજા અને સરકાર તરફથી આ નાણાં અમને મળશે.

પુરાતત્ત્વ સંશોધન

પ્રજાની સાચી જાગૃતિ સાધવી હોય તો તેનો પ્રાચીન કાળ જોઈને, તેમાં દટાયેલા કીમતી ભાવો તથા રત્નો સજીવન કરવાં જોઈએ. આથી પુરાતત્ત્વ સંશોધન પણ એક જરૂરની પ્રજાકીય વિદ્યા બને છે. આ વિચારથી વિદ્યાપીઠે તેની સ્થાપનાથી શરૂ કરીને આજ સુધી તે તરફ બરોબર ધ્યાન આપ્યું છે. આ કામ કેવળ પંડિતાઈમાં અટવાઈ ન રહે, પણ તેમાંથી પ્રજાને ઉપયોગી કાંઈ ને કાંઈ મળે, એ તેણે ખાસ કાળજી રાખી છે. એ અંગે બૌદ્ધ, જૈન તથા બ્રાહ્મણ, ઇસ્લામ વગેરે ધર્મસાહિત્યમાંથી સંશોધન કરી તેનાં ઉમદા પુસ્તકો ગુજરાતીમાં ઉતારવામાં આવે છે. તે અંગે કુલ ૫૧ ગ્રંથો બહાર પડ્યા છે, જે પ્રદર્શનમાં જોવા મળી શકશે.

વિદ્યાપીઠ ગ્રંથાલય

ગૂજરાત વિદ્યાપીઠનું ગ્રંથાલય તેની એક વિશેષતા છે. તેમાં આજે કુલ ૪૩,૬૯૭ ગ્રંથો છે. તેનો ઉપયોગ સંશોધન તથા વિદ્યાભ્યાસ માટે લેખકો, વિદ્વાનો, તથા ઉચ્ચ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓથી માંડીને નાનાં બાળકો સુધીની કક્ષાના વાચકો કરે છે.

આ કાર્યની કદર કરી મુંબઈ સરકારે પોતાની પાસે આવતાં ગુજરાતી કૉપીરાઈટ પુસ્તકો સંભાળીને રાખવાને આ ગ્રંથાલયને સોંપ્યાં છે. આથી ગુજરાતી ભાષાનું સાહિત્ય અહીં પૂરું એકઠું કરેલું મળી શકે. તેમ જ ગાંધી સાહિત્ય પણ બધું અત્રે મળી શકે તે માટે પણ ધ્યાન અપાય છે. આ સાહિત્યની એક સૂચિ —'ગાંધિયાના' નામથી થોડાં વરસ પર બહાર પાડી હતી. ગ્રંથપાલવિદ્યાની તાલીમ આપવા માટે પણ જોગવાઈ કરવામાં આવે છે.

હિંદી-હિંદુસ્તાની પ્રચારકાર્ય

રાષ્ટ્રભાષા પ્રચારનું કામ ગુજરાતમાં વિદ્યાપીઠ તેની સ્થાપના થઈ ત્યારથી કરતું આવ્યું છે. આજે તે ઠીક ખીલ્યું છે, અને તેને માટે અમે પાંચ ક્રમિક પરીક્ષાઓ યોજી છે. છઠ્ઠી સ્નાતક કક્ષાની પરીક્ષા યોજવાનું ઠરાવ્યું છે.

આ પરીક્ષાઓનો લાભ દર વરસે હજારો જણ લે છે. આને માટે યોગ્ય એવાં અત્યાર સુધીમાં ૨૨ પાઠ્યપુસ્તકો પણ યોજ્યાં છે.

વિજ્ઞાનની પરિભાષાનું કામ

વિજ્ઞાનને સ્વભાષામાં શીખવવા માટે સરળ અને સાદી પરિભાષાની જરૂર તરફ પણ વિદ્યાપીઠ વરસોથી ધ્યાન આપતું આવ્યું છે. તે અંગે ગણિત, પદાર્થવિજ્ઞાન, રસાયણ, અર્થશાસ્ત્ર તથા રાજકારણની પરિભાષા પ્રસિદ્ધ કરવામાં આવી છે; અને તેને ગુજરાતીમાં સારો આવકાર મળ્યો છે. છેલ્લાં બેત્રણ વરસમાં પ્રાણીવિદ્યા તથા વનસ્પતિવિદ્યાની પરિભાષાનું કામ થયું છે.

આ પરિભાષા ગુજરાતી સાહિત્યમાં ઊતરે એ દૃષ્ટિએ, લોકોપયોગી સાહિત્ય તૈયાર કરવામાં આવે છે. એવી ૭ પુસ્તિકાઓ અત્યાર સુધીમાં બહાર પાડી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉદ્યોગશિક્ષણ સફળ પ્રયોગ છે.

કુલનાયકજીએ શિક્ષણમાં ઉદ્યોગના સ્થાન વિષે કહ્યું. અહીંના શિક્ષણમાં ધો. ૧ થી સ્નાતક વર્ગ સુધી ઉદ્યોગનું શિક્ષણ આવશ્યક રાખ્યું છે. તેમાં ખેતી, ખાદીવિદ્યા તથા સુતારી અત્યારે ચાલે છે.

શિક્ષણમાં ઉદ્યોગ દાખલ કરવાથી તે ખર્ચાળ બને છે, બગાડ થાય છે, ઇ૦ વાતો આજે વહેતી મુકાઈ છે. અમારો તથા બીજે બધેથી જોવા મળતો અનુભવ ઊલટો જ છે; જે ઉપરની વાતને નાપાયાદાર ઠરાવે છે. અમારે ત્યાંના ગયા વરસના આંકડા પરથી કહું તો, દર કલાકે દર વિદ્યાર્થી દીઠ અહીંના કુમાર મંદિરનાં નાનાં બાળકો, ઉદ્યોગનું ખર્ચ કાઢતાં, ચોખ્ખી દોઢ પાઈ કમાણી કરે છે. બોચાસણ વિદ્યાલયમાં એથી વધીને સાડાચાર પાઈ થાય છે, અને તેના આખા ખર્ચના હિસાબે જોઈએ તો શાળાના કુલ ખર્ચના ૨૯.૪ ટકા વિદ્યાર્થીઓના ઉદ્યોગકામમાંથી મળે છે. આથી, પાયાની કેળવણી દ્વારા જ સાર્વત્રિક શિક્ષણનો પ્રચાર વધારવો જોઈએ અને તો જ તે શક્ય છે, એ ગાંધીજીની કલ્પના કેટલી સાચી દિશાની હતી, એની ખાતરી થાય છે.

વિદ્યાપીઠને માન્યતા

અંતમાં એક બાબત નિવેદન કરવાની રહે છે, તે વિદ્યાપીઠની પદવીઓ વગેરેની માન્યતા અંગે. એ વરસ ઉપર પદવીદાન પ્રસંગે કુલનાયકશ્રીએ તેમના વ્યાખ્યાનમાં આ વિષે લાંબી ચર્ચા કરી હતી. તેથી તે વિષે આજે શી સ્થિતિ છે તે જણાવવું પ્રસ્તુત થાય છે.

ગુજરાત યુનિવર્સિટીએ વિદ્યાપીઠના કુલનાયક કે વાઈસ-ચાન્સેલરને, તેમના પદની રૂએ, યુનિવર્સિટીની સેનેટના સભ્યનું સ્થાન આપ્યું છે. તથા ગુજરાત વિદ્યાપીઠ તરફથી ઈ. સ. ૧૯૪૭ પહેલાં અપાયેલાં પ્રમાણપત્રોને બરાબરી આપી છે. એટલે, જેઓ તે સંસ્થામાં આગળ અભ્યાસ કરવા ઇચ્છે, તેમને આ દ્વારા સવડ મળી છે. એનો લાભ લઈને દા૦ ત૦, આપણા એક જૂના સ્નાતકે આ વર્ષે 'પીએચ. ડી' ની પદવી મેળવી છે. હવે આ યુનિ૦એ ગુજરાતી માધ્યમ સ્વીકાર્યું છે, તેથી આપણા ચાલુ વિનીત તથા સ્નાતકોની પદવી પણ તે યોગ્ય ઢબે યથાકાળે સ્વીકારશે, એવી આશા રખાય.

મુંબઈ સરકારે વિદ્યાપીઠની વિનીત પરીક્ષાને એસ. એસ. સી. બરાબર ગણવા માટે તથા આ વરસથી બહાર પડતા સ્નાતકોને ગ્રેજ્યુએટ બરાબર ગણવા માટે અમુક મર્યાદામાં ઠરાવ બહાર પાડ્યો છે.

વિદ્યાપીઠનો ખર્ચ

અંતમાં, સંસ્થાના ખરચ વિષે બે શબ્દો કહેવા ઘટે છે. ઈ. સ. ૧૯૫૩–૫૪ નું નિવેદન, જે અત્યારે સૌ આગળ મૂક્યું છે, તે જોતાં જણાશે કે, તે વરસે સંસ્થાએ પોતાનો લગભગ ત્રણેક લાખનો કુલ ખર્ચ કાઢ્યો છે. અને નવા વરસનું બજેટ આપ્યું છે તેમાં લગભગ ૩૪ હજાર ખૂટે એવું બતાવ્યું છે. કુલનાયકજીએ જણાવ્યું છે તેમ, વધતાં જતાં કામો માટે નાણાંની જરૂર વધશે, એ દેખીતું છે. એમાં અમને પ્રજા તથા સરકાર દરેક રીતે મદદ કરે એવી આશા રાખું છું.

સાભાર સ્વીકાર

सस्तुं साहित्य वर्धक कार्यालय, अमदावाद तरફથી :

શ્રી સ્વામિનારાયણ ભગવાનનાં વચનામૃત: સંપા૦નું નામ આપ્યું નથી, કિં. રૂ. ૫-૦-૦; **સંતોની અનુભવ-વાણી:** લે૦ બ્રહ્મચારી વિષ્ણુપ્રકાશજી, કિં. રૂ. ૧-૮-૦; **શ્રી રામકૃષ્ણ પરમહંસનું સંક્ષિપ્ત જીવન:** લે૦નું નામ આપ્યું નથી, કિં. રૂ. ૦-૪-૦; **જપ અને નામસ્મરણ:** લે૦ વામનરાવ પ્રા૦ પટેલ, કિં. રૂ. ૧-૦-૦; **બ્રહ્મદેશ-દર્શન:** લે૦ મણિલાલ માધવલાલ પુરાણિક, કિં. રૂ. ૧-૦-૦.

भारती साहित्य संघ लि०, अमदावाद तरફથી :

જિબ્રાનની જીવનવાણી, સંસ્કાર કથાઓ, ચારિત્ર્ય કથાઓ: ત્રણેના લે૦ ધૂમકેતુ, દરેકની કિં. અનુક્રમે રૂ. ૩-૮-૦, ૧-૦-૦, ૧-૦-૦; **શરણાઈના સૂર:** લે૦ ચૂનીલાલ મડિયા, કિં. રૂ. ૪-૦-૦; **મહારાત્રિ, કીમિયાગરો, નવ સંતો:** ત્રણેના લે૦ યશોધર ન૦ મહેતા, દરેકની કિં. અનુક્રમે રૂ. ૫-૮-૦, ૩-૦-૦, ૧-૦-૦; **વિરહગીતા:** લે૦ રમેશ હ૦ પાઠક, કિં. રૂ. ૧-૪-૦.

महादेव रामचंद्र जागुष्टे, अमदावाद तरફથી :

રણવીર અભિમન્યુ, સતી દ્રૌપદી: બન્નેના લે૦ કૃષ્ણપ્રસાદ ભટ્ટ, દરેકની કિં. રૂ. ૦-૮-૦.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નયી તાલીમની જરૂર

[અખિલ ભારતીય નયી તાલીમ સંમેલનને પ્રસંગે સણોસરા (સૌરાષ્ટ્ર)માં ૧૩ મી નવેમ્બર, ૧૯૫૪ને રોજ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદે આપેલા ભાષણમાંથી નીચેનું ઉતાર્યું છે.]

જે પદ્ધતિ આજ સુધી પ્રાથમિક વર્ગથી માંડીને યુનિવર્સિટીની ઉચ્ચ કક્ષા સુધી પ્રચલિત છે તે બ્રિટિશ સરકારે આ દેશમાં ચલાવી હતી તે જ પદ્ધતિ છે અને સ્વરાજ મળ્યા પછી પણ આપણે હજી સુધી એમાં ક્યાંયે કશો ફેરફાર કરી શક્યા નથી. એને માટે આપણે કોઈને દોષિત પણ ઠરાવી શકતા નથી, કેમ કે જે રીતે આપણે શાન્તિપૂર્વક સ્વરાજ મેળવ્યું તેમાં, સ્વરાજની સાથે સાથે તે શાસન પદ્ધતિ, શિક્ષણ પદ્ધતિ, તથા અંગ્રેજી રાજ્યમાં પ્રચલિત હતો તે સઘળો ઉપક્રમ આપણને વારસાના રૂપમાં મળે એ અનિવાર્ય હતું. એમાંથી પ્રત્યેકને લઈને તેને વિષે આપણે નવી પરિસ્થિતિ પ્રમાણે વિચાર કરીએ અને જે કંઈ ફેરફારો જરૂરી હોય તે કરીએ એ આપણું કામ છે.

જે શિક્ષણ પદ્ધતિ અંગ્રેજોએ શરૂ કરી તે વિશેષે કરીને, પોતાના રાજ્ય અમલને સહેલાઈથી અને અનુકૂળતાપૂર્વક ચલાવવાને માટે શરૂ કરી હતી એ વિષે લવલેશ શંકા નથી. એની સાથે સાથે તેમના મન તથા અંતરમાં એ વિચાર પણ કાર્ય કરી રહ્યો હતો કે, પોતાની સંસ્કૃતિ અને સાહિત્ય વગેરેને મુકાબલે ચડિયાતું હોય અથવા જેને ટકાવી રાખવાનું તેમને યોગ્ય લાગે એવું અહીંની સંસ્કૃતિ તથા સાહિત્યમાં કશું જ નથી. ધીમે ધીમે તેમના વિચારોમાં થોડોઘણો ફેરફાર પણ થયો, પણ એ ફેરફાર ધરમૂળનો ફેરફાર નહોતો અને એ ગાળા દરમ્યાન યુરોપમાં વિજ્ઞાનની જે પ્રગતિ થઈ તેને આ દેશમાં તેમની ભાષા દ્વારા જ ફેલાવી શકાય એમ હતું. એ બધાનું પરિણામ એ આવ્યું કે, રાજ્ય અમલની અનુકૂળતા તથા પોતાની ભાષા અને સંસ્કૃતિ માટેની શ્રદ્ધાને કારણે તેમણે એ પદ્ધતિ ચાલુ રાખી અને તેને વધુ ને વધુ પ્રોત્સાહન આપવામાં આવ્યું.

આપણી કેટલીયે પેઢીઓએ જે કેળવણી લીધી તે એ જ પદ્ધતિથી લીધી અને જે કંઈ આપણા પોતાના દેશની સંસ્કૃતિ, સાહિત્ય વગેરેમાંથી મળી શકતું હતું તેના તરફ ન ખાસ લક્ષ ગયું કે ન આપણાં હૃદયોમાં તેને વિષે કશી પ્રતિષ્ઠા પણ વધી, એ વિષે પણ સંદેહ નથી. આમ છતાં, એ પણ સાચું છે કે, થોડાક એવા વિદ્વાનો થયા જેમણે અંગ્રેજીમાંથી જ પ્રેરણા મેળવીને આપણી સઘળી વસ્તુઓનો અભ્યાસ કરીને સુયોગ સાધ્યો તથા તેની શ્રેષ્ઠતા પણ બતાવી. એથી કરીને આજે બે વિચારસરણીઓમાં સંઘર્ષ છે.

કેટલાક લોકો એવા વિચારતા છે કે, સ્વભાષા જ એક એવી ભાષા છે જે કેવળ શિક્ષણ સંસ્થાઓ માટે જ નહીં પણ પ્રત્યેક વ્યક્તિને માટે પણ શિક્ષણનું માધ્યમ બની શકે છે અને એને માધ્યમ બનાવવા તરફ જ્યાં સુધી ધ્યાન ન આપવામાં આવે ત્યાં સુધી કેળવણી ગણ્યાગાંઠ્યા લોકો માટેની વસ્તુ રહેશે અને જનસમૂહના જીવન સુધી નહીં પહોંચી શકે. બીજી વિચારસરણી એ છે કે, આજના વિજ્ઞાનના યુગમાં આપણે આ દેશને યુરોપની વિચારસરણીથી દૂર ન રાખી શકીએ અને એ રીતે એને અળગો રાખવો એ ઇચ્છવા જોગ પણ નથી. અને તેથી, કંઈ નહીં તો ઉચ્ચ શિક્ષણ તો અંગ્રેજી માધ્યમ દ્વારા જ આપવું જોઈએ અને એમ કરવામાં નહીં આવે તો આપણે જીવનની હરીફાઈમાં અને દેશોની સરખામણીમાં પાછળ પડી જઈશું અને પ્રગતિ કરી શકીશું નહીં. આ વાત કેવળ શિક્ષણના માધ્યમની બાબતમાં જ નથી પણ ઊંડા ઊતરીને જોઈશું તો સમગ્ર પદ્ધતિના સંબંધમાં છે.

છેલ્લાં ૫૦ વરસમાં શિક્ષણની બાબતમાં લોકોની શ્રદ્ધા ઘણી જ વધી છે અને એ વસ્તુ આવા પ્રકારની કેળવણીની સંસ્થાઓની વધતી જતી સંખ્યાથી પુરવાર થાય છે. ૧૯૧૧-૧૨માં બ્રહ્મદેશ તથા પાકિસ્તાન ભારતની અંદર હતાં. ત્યારે યુનિવર્સિટીઓ તથા કૉલેજોની સંખ્યા ૧૮૬ હતી અને ૧૯૪૮-૪૯માં જ્યારે બ્રહ્મદેશ અને પાકિસ્તાન ભારતથી અલગ થયાં હતાં અને ક્ષેત્રફળ તથા જનસંખ્યામાં સારી પેઠે ઘટાડો થયો હતો, ત્યારે યુનિવર્સિટીઓ અને કૉલેજોની સંખ્યા ૫૩૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થઈ ગઈ હતી. માધ્યમિક શાળાઓની સંખ્યા ૧૯૧૧-૧૨માં ૬,૩૭૦ હતી અને ૧૯૪૮-૪૯માં ૧૪,૩૪૨ હતી. જ્યાં ૧૯૧૧-૧૨ માં ઇન્ટર, બી. એ., બી. એસસી.ના વર્ગોમાં વિદ્યાર્થીઓની સંખ્યા ૩૧,૯૪૭ હતી ત્યાં ૧૯૪૮-૪૯માં એ વર્ગો તથા એમ. એ., એમ. એસસી. વગેરે વર્ગોની મળીને એ સંખ્યા ૨,૧૪,૬૭૭ થઈ ગઈ, જેમાં ૨૩,૦૫૮ વિદ્યાર્થિનીઓ હતી. અને ૧૯૫૧-૫૨માં બી. એ., બીએસ. સી., એમ. એ., એમ. એસસી. તથા બીજી ઉચ્ચ પરીક્ષાઓમાં પાસ થયેલા વિદ્યાર્થીઓની સંખ્યા ૬૩,૪૯૫ હતી અને હું સમજું છું કે, એ પછી પણ પહેલાં ત્રણ વરસોમાં એ સંખ્યામાં વળી વધારો થયો છે. આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે, લોકોની શિક્ષણ મેળવવાની ઇચ્છા છે અને તે હવે શહેરો પૂરતું જ સીમિત ન રહેતાં ગામડાંના લોકોમાં પણ ફેલાવા લાગ્યું છે.

પરંતુ એનું એક ફળ એ પણ જોવામાં આવે છે કે, આટલા લોકો આ સંસ્થાઓમાંથી ઉત્તીર્ણ થઈને પોતે એક પ્રકારે બેકાર બની રહ્યા છે. સરકારી નોકરીઓ તથા ભણેલા લોકોને મળી શકે એવાં બીજાં કામો મર્યાદિત છે અને જેટલા લોકો ઉત્તીર્ણ થાય છે એમાંથી થોડા જ લોકો એમાં કામે લાગી શકે છે અથવા એમાં કામે લાગવાની યોગ્યતા ધરાવતા હોય છે. મોટા ભાગના લોકો તો એવા છે જેઓ તેમના પિતા અને બીજા પૂર્વજો કરતા હતા તે કામો હવે કરી શકતા નથી. શિક્ષણને કારણે, કાં તો એ કામ પ્રત્યે તેમની ભાવના બદલાઈ ગઈ અથવા તેમની યોગ્યતા ઓછી થઈ ગઈ અથવા બીજા કોઈ કામને માટે તેમનામાં યોગ્યતા આવી જ નહીં. પરિણામ એ આવ્યું કે, બેકારી વધતી ગઈ અને એ બેકારીના ફળરૂપે અસંતોષ, જીવન પ્રત્યે ઉપેક્ષાની ભાવના અને થકાવટ વધતાં ગયાં. એ આ દેશને માટે ઘણી જ ખતરનાક વસ્તુ છે. એટલા માટે આપણે એને વિષે મૌલિક રીતે વિચાર કરવો જોઈએ કે, જે વસ્તુ આજે આટલા બધા જોરથી ફેલાઈ રહી છે અને જેની પાછળ આપણે આટલો બધો ખરચ કરી રહ્યા છીએ એ આજની પરિસ્થિતિને ક્યાં સુધી અનુકૂળ અને લાભદાયી છે.

મહાત્મા ગાંધી આ આવનારી પરિસ્થિતિને પામી ગયા હતા અને એ જોયું હતું કે, દેશમાં અમીર અને ગરીબ પ્રત્યેક ભારતવાસી માટે કેળવણી જરૂરી હોય તો એ પદ્ધતિથી તે નહીં આપી શકાય, કેમ કે, એમાં એટલો બધો ખરચ થાય છે કે, દેશ એ બોજો ઉઠાવી જ શકશે નહીં. આ બંને વિચારોમાંથી તેમણે નયી તાલીમની પદ્ધતિ નિર્માણ કરી અને બીજા દેશના ઉચ્ચ કક્ષાના શિક્ષણશાસ્ત્રીઓએ પણ શાસ્ત્રીય રીતે વિચાર કરીને તેને ઉપયોગી અને લાભદાયી ઠરાવી.

મારી સમજ પ્રમાણે, મહાત્માજીના વિચાર મુજબ, આ પદ્ધતિમાં બે મૌલિક તથ્યો હતાં.

એક તો એમાં શિક્ષણ પુસ્તકો દ્વારા જ ન અપાતાં કોઈ ને કોઈ કામ દ્વારા આપવામાં આવે. એમાં બાળકોને જે જ્ઞાન મળે તે અનુભવ દ્વારા મળે, કેવળ સ્મરણશક્તિ પર આધાર રાખીને ગોખણપટ્ટીથી નહીં. તેમણે વિચાર્યું હતું, અને ઉચ્ચ કક્ષાના શિક્ષણશાસ્ત્રીઓનો પણ એવો જ વિચાર છે, કે આ રીતે મળેલું જ્ઞાન બાળકોમાં જાગરૂકતા, કાર્યકુશળતા, સ્વતંત્ર ભાવના પેદા કરે છે જે જીવનસંગ્રામમાં બહુ જ મદદરૂપ થાય છે.

તેમનો બીજો મૌલિક વિચાર એ હતો કે, આ પ્રકારનું શિક્ષણ આ દેશને માટે માત્ર અનુકૂળ જ નથી પણ અનિવાર્ય છે, કેમ કે, બાળકો પાસેથી જે કંઈ કામ કરાવવામાં આવે તે ઉત્પાદક કામ હોવું જોઈએ અને એમાંથી જે કંઈ પણ ઉત્પન્ન થાય તેમાંથી શિક્ષણનો પૂરો ખરચ ન નીકળે તોપણ ઘણોખરો ખરચ નીકળી શકે. કેમ કે, શિક્ષણનો ખરચ બીજી રીતે કાઢવાનો પ્રયત્ન કરવામાં આવશે તો, એનો બોજો એટલો બધો હશે કે શિક્ષણ સાર્વજનિક નહીં બની શકે.

છેલ્લાં ૧૬, ૧૭ વરસમાં જે કંઈ વિચાર કરવામાં આવ્યો અને પ્રયોગ કરીને જોવામાં આવ્યું તેનું, મારી સમજ પ્રમાણે, પહેલા સંમેલનમાં જે ભાષણો થયાં તેમાંથી કાઢી શકાય તે જ પરિણામ કાઢી શકાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમ છે. તે એ છે કે, આ પદ્ધતિની અનુકૂળતા અને શ્રેષ્ઠતા તો આપણા શિક્ષણશાસ્ત્રીઓએ માન્ય કરી હતી, પણ તેના દ્વારા શિક્ષણનો ખર્ચ કાઢવો એ વસ્તુ અસંભવિત જ નહીં પણ અનુચિત પણ લેખવામાં આવી હતી. પ્રયોગથી જોવામાં આવ્યું કે આ પદ્ધતિ ઉપયોગી છે અને એમાંથી પૂરેપૂરો નહીં તો ઘણોખરો ખરચ તો કાઢી શકાય છે. આ હું પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ વિષે કહું છું. ઉચ્ચ શિક્ષણની બાબતમાં હજી નહીં જેવા જ પ્રયોગો થયા છે, એટલે એને વિષે અનુભવને આધારે કંઈ પણ કહી શકાય એમ નથી.

આટલા પરથી પણ આપણે જોઈ શકીએ છીએ કે, એ પદ્ધતિને જેટલું જોઈએ તેટલું પ્રોત્સાહન નથી મળ્યું તથા તેનો એટલો પ્રચાર પણ નથી થયો. સ્વરાજ મળ્યા પછી આપણે એટલું તો કરી શકતા હતા. મારી સમજ પ્રમાણે, એનું કારણ એ છે કે, એની ઉપયોગિતા પુરવાર થયા છતાં પણ, પુરાણી પદ્ધતિ પર જે આસ્થા હતી તે હજી દૂર થઈ નથી અને એ કારણે, જે લોકો શિક્ષણના કાર્યમાં પડ્યા છે તેમનું એના તરફ એટલું ધ્યાન નથી તથા તેમણે એને વિષે એટલા ઊંડાણથી ચિંતન કર્યું નથી. એ વસ્તુ બહુ જ જરૂરી છે. આજે પણ આપણે એટલું જ કહી શકીએ છીએ કે, હજી એ પદ્ધતિની એક મર્યાદિત ક્ષેત્રમાં પ્રયોગના રૂપમાં અજમાયશ જ થઈ રહી છે. એને રાષ્ટ્રીય કાર્યક્રમ માનીને આપણી સરકારે એનો પ્રચાર કરવાનો તથા એનો ફેલાવો કરવાનો નિશ્ચય ન કર્યો અને ક્રિયાત્મક રૂપમાં લગભગ કશું જ કરવામાં આવ્યું નથી. હું જાણું છું કે, જ્યારે જ્યારે સંમેલનો થયાં છે ત્યારે એની તરફેણમાં કેટલાક ઠરાવો પણ પસાર કરવામાં આવ્યા અને સરકારે માની પણ લીધું કે એ પદ્ધતિ ચલાવવી જોઈએ, પણ એનો પ્રચાર ન કર્યો. એનું પરિણામ એ આવ્યું છે કે, જૂની પદ્ધતિની સંસ્થાઓ દિનપ્રતિદિન વધતી ગઈ છે અને શિક્ષણની બાબતમાં સરકાર જે કંઈ ખરચ કરે છે અથવા કરવા ઇચ્છે છે, તેનો ઘણો મોટો ભાગ એ પદ્ધતિને કાયમ રાખવામાં અને પ્રચાર કરવામાં વપરાઈ રહ્યો છે અને આ પદ્ધતિને બહુ જ ઓછું પ્રોત્સાહન મળે છે. મારો વિશ્વાસ છે કે મૌલિક રીતે વિચાર કરીને મૌલિક પરિવર્તન કરવામાં નહીં આવે ત્યાં સુધી આજે આપણે જે દૃશ્ય જોઈ રહ્યા છીએ તે હજી વધારે ભયંકર થતું જશે. શિક્ષણના ફેલાવાના પરિણામે અસંતોષની ભાવના અને શિક્ષિત વર્ગમાં જીવન પ્રત્યે અસંતોષ, ઉપેક્ષા અને નિરાશા વધતાં જશે. એટલા માટે હું ઇચ્છું છું કે જેટલા લોકોને શિક્ષણ સાથે સંબંધ છે તેમણે તથા ખાસ કરીને શિક્ષણશાસ્ત્રી લોકો, યુનિવર્સિટીઓ, કૉલેજો તથા શાળાઓના સંચાલકોએ તથા શિક્ષણપ્રધાને આ સમગ્ર વિષય સામે રાખીને કેવળ વિચાર જ નહીં પણ સક્રિય રીતે શિક્ષણપદ્ધતિ બદલવાનો નિશ્ચય કરવો જોઈએ. જ્યાં સુધી તેઓ એમ ન કરે ત્યાં સુધી આપણી સમસ્યા વધારે ને વધારે ગૂંચવણભરી થતી જશે.

જોકે મહાત્મા ગાંધીએ પોતાના વિચારો એકઠા કરીને એક જ જગ્યાએ બધા વિષયોના એક શાસ્ત્રીય ગ્રંથના રૂપમાં રાખ્યા નથી એ ખરું, પણ તેમના સિદ્ધાંતો સાર્વભૌમ હતા અને જીવનની સઘળી બાજુઓ પર તેની અસર પડતી હતી એમાં કશો સંદેહ નથી. એમાં શિક્ષણનું પ્રધાન સ્થાન હતું, કારણ કે શિક્ષણ દ્વારા જ દેશ અથવા દુનિયાની પછાત સ્થિતિ બદલી શકાય છે, ખાસ કરીને એ શિક્ષણ સૈદ્ધાંતિક બાબત ન રહેતાં લોકોના રોજિંદા જીવનનો ભાગ બની જાય છે ત્યારે. એટલા માટે, તમે આ કાર્યક્રમ હજારો વિઘ્નો અને બાધાઓ નડવા છતાં પણ ગ્રહણ કરો અને જ્યારે એની ઉપયોગિતા તથા શ્રેષ્ઠતા કેવળ સૈદ્ધાંતિક રૂપમાં નહીં માનવામાં આવે પણ એનો સક્રિય રીતે સમગ્ર દેશમાં પ્રચાર તથા ફેલાવો કરવામાં આવે એવા સમયની રાહ જોતા રહો એમ હું ઇચ્છું છું.

(હિંદી પરથી) રાજેન્દ્રપ્રસાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યુનિવર્સિટીઓના સુધારાની દિશા

[ધીમે ધીમે પાયાની કેળવણીનો વિચાર પાયામાંથી ઉપર આવતો હવે દેખાય છે. ઉદાહરણાર્થે, હાઈસ્કૂલ શિક્ષણમાં તેનો વિચાર શરૂ થયો છે; અને હવે ઉચ્ચ શિક્ષણમાં પણ તેનો રસ ચડતો ચડતો પહોંચશે, એવાં ચિહ્ન દેખાય છે. જેમ કે, ગ્રામ-વિદ્યાપીઠને વિચાર ચર્ચામાં આવ્યો છે.

આ વિષયની ચર્ચા રાધાકૃષ્ણન રિપોર્ટે કરી છે. તેની ચર્ચા કરતો એક નિબંધ તે કમિશનના સભ્ય, ડૉ. મૉર્ગને ત્યારે લખેલો. ડૉ. મૉર્ગન જાણીતા અમેરિકન કેળવણીકાર, ઇજનેર, તથા વિચારક છે. વિકેન્દ્રિત જીવનપદ્ધતિમાં તે શ્રદ્ધા ધરાવેછે, પરંતુ અમેરિકામાં જેવી ઘટે તે ઢબે. તેમનો આ નિબંધ ગુજરાતીમાં વિદ્યાપીઠ તરફથી બહાર પડચો છે. (ગ્રામવિદ્યાપીઠ, અનુ૦ ગોપાલદાસ પટેલ તથા મુકુલભાઈ કલાર્થી, કિં. ૧-૧૨-૦) તેની પ્રસ્તાવનામાં મેં કરેલી કેટલીક ચર્ચા આજે ધ્યાન પર લાવવા જેવી હોઈ, તેમાંથી નીચેનું ઉતાર્યું છે. શ્રીનાનાભાઈ ભટ્ટે તેની પ્રસ્તાવના લખી છે, તેમાંથી પણ ઉતાર્યું છે. —મ૦]

૧

હિંદની યુનિવર્સિટીઓને સાચા અર્થમાં રાષ્ટ્રીય બનાવવા માટે આપણે શું કરવું? સાચું હિંદુસ્તાન ગામડાંમાં વસે છે, એનો મર્મ હવે યુનિવર્સિટીએ શો સમજીને ચાલવું જોઈએ? કે પછી એને માટે એ કોઈ વસ્તુ જ નથી, એમ માનવું? આજે તો જાણે કે એમ જ મનાય છે; પણ એ બરોબર છે? છાતી પર હાથ મૂકી, એ બરોબર છે, એમ કહેનાર ભાગ્યે કોઈ મળે. તો પછી આપણે કરવું શું?

આજ સુધી આપણી કેળવણી મોટે ભાગે વિલાયતની પ્રથાને અનુસરતી રહી છે. મૌલિક એવો કોઈ વિચાર એણે ઓછો કર્યો છે; એ કરવાનું તેને ભાગે આવ્યું નથી. આથી કરીને એમ જ વર્તવું એ લગભગ તેનો સ્વભાવ થઈ ગયો છે. પરદેશી રાજ્ય હતું ત્યાં સુધી એ નભ્યું. હવે તે નભી ન શકે. હિંદે પોતાની કેળવણીનું મૌલિક નવસર્જન કરવું જોઈએ. આની દિશા કઈ? એનું પહેલું પગલું કયું? તે કયાંથી માંડવું? એનું આછું છતાં કલ્પી શકાય એટલું સમગ્ર ચિત્ર કેવું હોય? આ વિચાર કરવામાં ડૉ. મૉર્ગનની આ ચોપડી ખૂબ મદદરૂપ થશે, એમ માનું છું.

ગાંધીજીએ સ્વતંત્ર હિંદને માટે ૧૯૩૭માં રાષ્ટ્રીય શિક્ષણનો જે નવો મંત્ર આપ્યો, તેમાં શું શું ભરેલું હતું, તે પણ આમાંથી કલ્પી શકાય છે. એવી કલ્પના કરનાર એક અમેરિકન છે, તેથી તેની સંસ્કૃતિની કેટલીક છાપ નષ્ટકે એમાં ઊતરી છે ખરી. જેમ કે, યંત્રો ઉપર અમર્યાદ શ્રદ્ધા; જથાબંધ માલ ઉત્પન્ન કરવા પર આંધળો ઝોક. વળી, કેળવણીની જે ચર્ચા તે કરે છે, તેમાં જગતની શાંતિ, યુદ્ધનિષેધ, વર્ગવિગ્રહ ઇત્યાદિ સવાલો ઓછા આવે છે. યંત્રવાદ અને યંત્રોદ્યોગ-સંસ્કૃતિમાંથી નીપજતો કરપીણ વેપાર-વાદ અને પરરાષ્ટ્રના વેપારના કબજાને માટેની પડાપડી વગેરે અર્વાચીન પશ્ચિમ જગતનાં અનેક દૂષણો આ પુસ્તકમાં ચર્ચાયાં નથી. અંગ્રેજ ઇતિહાસકાર ટોઇન્બી કહે છે તેમ, આજે માનવજગતે યુદ્ધ અને વર્ગાવર્ગની ઊચનીચતા નાબૂદ કરવી જોઈએ, નહીં તો તે બે થઈને માનવતા અને સંસ્કૃતિને આખી જ ખાઈ જશે. ગાંધીજીની શિક્ષણદૃષ્ટિમાં આ માનવ આપત્તિનો ખ્યાલ મૂળ રૂપે રહેલો છે. તે આપત્તિ ટાળવા માટે આર્થિક ને સામાજિક ક્રાંતિ સાધવી જોઈએ; અને તે કામ કેળવણીનું છે. ડૉ. મૉર્ગને પોતાની સૂચનાની ભૂમિકા આ દૃષ્ટિએ નથી માંડી, અને કેવળ આર્થિક સંપન્નતા જ મુખ્ય નજરમાં લીધી છે. તેમ જ, આપણી કેળવણી ગામડાં અને આમલોકથી વિખૂટી પડીને એક સંકુચિત વર્ગીય પ્રવૃત્તિ બની ગઈ, તેમાં પરભાષાના માધ્યમનું જે મોટું કારણ બન્યું, તે વસ્તુ પણ આ ચોપડીમાં ચર્ચાઈ નથી. તથા શરીરશ્રમ એક મોટી મૂડી છે, જેના ઉપર જ હિંદમાં તો આપણે મદાર બાંધવી જોઈએ, નહીં તો ગામડાંની પ્રજા માટે આરો નથી, એ એક વાસ્તવિક સમાજ-સ્થિતિ પણ જોઈએ તેટલી આગળ નથી આવી. આ બધું એક પરદેશી નિરીક્ષકને કદાચ તરત ખ્યાલમાં ન આવે. છતાં ડૉ. મૉર્ગન એનો સાર તો પામી ગયા છે, તે એમણે કરેલી ચર્ચામાંથી જણાઈ આવે છે. જેમ કે, પા. ૧૧૪ પર તે કઠોર પરિશ્રમ અને કરકસરની કિંમત આંકે છે તે જુઓ. આ બે વસ્તુઓ આપણી યુનિવર્સિટીની કેળવણીમાં છે કે? મોટાં મકાનો ને ભપકા પાછળના ખોટા ખર્ચની તે ટીકા કરે છે. એને કોઈ ગંભીરપણે વિચારે પણ નહીં, એવી લાગશે. પરીક્ષાની બલા અને પદવી જોડે સરકારી નોકરીની સગાઈ—આ બે વસ્તુએ આપણા શિક્ષણતંત્રના કેવા હાલ કર્યા છે, તેની નોંધ પણ મૉર્ગન લે છે. અને ગ્રામ વિદ્યાપીઠના કામને આગળ લેવું હોય તો સરકાર અને વિદ્યાપીઠોએ કઈ ઢબે ચાલવું તેની સૂચના પણ તે કરે છે. તે કહે છે કે, ગ્રામવિદ્યાપીઠની તાલીમ પામેલાને કોઈ પણ જગા મળવામાં બાધ આવવો ન જોઈએ; તથા ગ્રામ-વિદ્યાપીઠોએ પોતાના કાર્યને સ્વતંત્રપણે કરવા દેવા માટે આગ્રહ રાખવો જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવી વિદ્યાપીઠ કેવી રીતે સ્થાપવી, એ સવાલ પણ મૉર્ગને ચર્ચ્યો છે. પરંતુ એનો વહેવારુ રસ્તો તો આપણે જાતે પ્રયોગથી ખોળવાનો રહે છે. અને એ સવાલ આજે સ્વરાજ-સરકાર વિચારતી નથી એ ખરેખર અફસોસની વાત છે; અને જે વિચારે છે તેમાં જૂના ચકરાવામાં જ ફરવાનું ને ગૂંચાઈ મરવાનું થઈ રહે છે. તોપણ આગળ તો વધવું જ જોઈએ. તેનો રસ્તો શો?

ગ્રામ-વિદ્યાપીઠ એટલે ગામડાંમાં કાઢેલી પણ જૂની ઢબની યુનિવર્સિટી, એવો અર્થ હરગિજ નથી. ગ્રામ-વિદ્યાપીઠ એ કેવળ ભૌગોલિક વિસ્તાર પર અવલંબતો ખ્યાલ નથી. એ એક સાંસ્કૃતિક ધ્યેયનિષ્ઠ વસ્તુ છે. લોકજીવનમાં તેનો પાયો હોય; તેની વિદ્યાપૂત જીવનદૃષ્ટિથી લોકજીવન ઉદાત્ત અને સંસ્કારી જ નહીં સમૃદ્ધ અને સર્વોદયકારી બને. એમ વિદ્યા દ્વારા સાચા હિંદની સેવા કરવાને વરેલી સંસ્થા એ હશે.

ચાલુ યુનિવર્સિટીઓ એવી ન બને? શું ગ્રામ-વિદ્યાપીઠ નવી જ કાઢવી જોઈએ? નવી કાઢવી અશક્ય નહીં તોય અવ્યવહારુ તો લાગે છે. તે નવી કાઢીએ તોપણ ચાલુ યુનિવર્સિટીએ ફરવું જોઈએ, એ તો દીવા જેવું છે. આજે યુનિવર્સિટી કેવળ શહેરોના અમુક વર્ગની ધંધાદારી જરૂર જ પૂરી પાડે છે; તેની પાછળ કોઈ રાષ્ટ્રીય કે સાંસ્કૃતિક આદર્શ છે નહીં. એમાં સુધારો કરવો જોઈએ. બાકી સાચું કામ તો પાયાથી કરતા કરતા આગળ જવાનું છે. તે સિવાય રસ્તો દેખાતો નથી. આ બાબતમાં વાચકને ગાંધીજીએ પાયાની કેળવણી અને નવી વિદ્યાપીઠો વિષે દર્શાવેલો વિચાર યાદ કરાવવા જેવો છે.* ડૉ મૉર્ગનની કલ્પનાને તે રસ્તે જ આગળ લઈ શકાય એમ લાગે છે. દેશે ને સરકારોએ પાયાની કેળવણીને સૌથી પ્રથમ ગણી તેને આગળ કરી તેની પાછળ ખંત-અને ચીવટ-ભેર લાગવું જોઈએ. આના વિના આગળનાં પગલાં ભાગ્યે જ સૂઝી શકે, અને સૂઝે તોપણ તે ભરી ન શકાય એવાં અવહેવારુ લાગશે.

ગાંધીજીએ ગ્રામ-વિદ્યાપીઠ વિષે લખ્યું છે, "હું માનું છે કે ગામડાની નવી વિદ્યાપીઠો કાઢવાને બદલે શહેરોની વિદ્યાપીઠોને પલટાવી શકાય." ('પાયાની કેળવણી', પા. ૧૩૫.) તે પલટવી હોય તો પાયાથી કામ શરૂ કરવું જોઈએ. અને તેમણે આ કામના પાયા નીચે પ્રમાણે ગણાવ્યા છે:—

"(૧) બધી કેળવણી સ્વાશ્રયી હોવી જોઈએ, એટલે કે સરવાળે મૂડી બાદ કરતાં બધું ખર્ચ પોતે ઉપાડે.

"(૨) એ કેળવણીમાં છેવટ લગી હાથનો પૂરો ઉપયોગ થતો હોય, એટલે કે હાથ વડે કંઈક ઉદ્યમ છેવટ લગી થતો હોય.

"(૩) કેળવણીમાત્ર પોતાના પ્રાંતની ભાષામાં અપાવી જોઈએ.

"(૪) આમાં સાંપ્રદાયિક ધર્મને સ્થાન નથી, સાર્વજનિક નીતિને પૂરું સ્થાન હોય.

"(૫) આ કેળવણી એવી છે કે જેને બાળક કે બીજા શીખે એટલે તે વિદ્યાર્થીના ઘરમાં ને ગામમાં પ્રવેશ કરે.

"(૬) વળી, આ કેળવણી લેતા કરોડો વિદ્યાર્થીઓ પોતાને હિંદુસ્તાનનું અવિભાજ્ય અંગ ગણશે, તેથી બધા પ્રાંતના વિદ્યાર્થી સમજી શકે એવી એક ભાષા હોવી જોઈએ. આ ભાષા બંને લિપિ — નાગરી અને ઉર્દૂમાં લખાતી હિંદુસ્તાની જ હોઈ શકે.

"આ પાયાનો વિચાર કર્યા વિના કે તેની અવગણના કરીને નવી વિદ્યાપીઠો થાય એ દેશને લાભ પહોંચાડે એમ હું માનતો નથી, નુકસાન જ કરે."

('નવી વિદ્યાપીઠો', તા. ૨૬–૧૦–'૪૭)

આજે પણ આ વાસ્તવિક સ્થિતિ લાગે છે. સ્વરાજ સરકારો ચાલુ ચકરાવામાંથી નીકળી નથી શકતી, એ આ પ્રગતિમાં મોટું વિઘ્ન છે. છતાં સુધારકોએ પોતાની વસ્તુ પ્રયોગ દ્વારા તેમની આગળ રાખ્યા જ કરવી જોઈએ. તેને માટે વિચારની સ્પષ્ટતા જોઈએ. તેમાં આ પુસ્તક મદદરૂપ થશે.

૧૫–૫–'૫૧ **મગનભાઈ દેસાઈ**

૨

ડૉ. મૉર્ગનનું આ નાનકડું પુસ્તક એક રીતે આપણી આંખ ઉઘાડે એવું છે. લોકવિદ્યાપીઠનો વિચાર તો ગૂજરાત વિદ્યાપીઠ જેટલો જૂનો છે. મહાત્મા ગાંધીજીએ આપણી કેળવણીને તદ્દન નવો ઘાટ આપવા માટે ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના કરી, ત્યારે ગૂજરાત વિદ્યાપીઠના હાડમાં આ વસ્તુ પડી હતી. પરંતુ તે દિવસે એ વિચારે આકાર ન લીધો; એ આકાર લે એવી હવા તે દિવસે ન હતી. ત્યાર પછી તો વર્ષો વહ્યાં. દેશ આખાયને અગ્નિપરીક્ષાઓમાંથી પસાર થવું પડ્યું અને પરિણામે મહાત્મા ગાંધીજીએ દેશની કેળવણીના

---

* જુઓ 'પાયાની કેળવણી' (લે૦ ગાંધીજી; પ્રકા૦ નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ–૧૪, કિં. રૂ. ૧–૪–૦; ટપાલરવાનગી ૦–૫–૦.) પ્રકરણ ૩૭, 'ગ્રામવિદ્યાપીઠ'; પ્ર૦ ૩૮, 'નવી વિદ્યાપીઠો' – પા. ૧૩૪ થી આગળ.

CC-0. In Public Domain: Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાના વિચારોને વધારે સ્પષ્ટ આકાર આપતાં 'નયી તાલીમ'ને દેશ પાસે ધરી.

"પણ આપણી કેળવણીને નવો ઘાટ આપનાર ગાંધી કોણ? એ ક્ષેત્રમાં માથું મારવાનો એનો શો અધિકાર? એ તો પંડિતોનું ક્ષેત્ર, એ તો વિદ્વાનોનું ક્ષેત્ર, એ તો શિક્ષણ-શાસ્ત્રીઓનું ક્ષેત્ર, એ તો યુનિવર્સિટીના પદવીધરોનું ક્ષેત્ર." પંડિતોનો આ વિરોધ સમજાય તેવો છે; ગાંધી-છાપની 'નયી તાલીમ' પંડિતોનાં શાસ્ત્રોમાં શોધી ન જડે, એટલે એ ભાઈઓએ વિરોધ કરવો જ રહ્યો; એ લોકો વિરોધ ન કરે તો એમની શાસ્ત્રનિષ્ઠા લાજે.

પણ આ શાસ્ત્રીઓના ખ્યાલમાંથી એક વાત સરી ગઈ. આજે દુનિયા આખી ધીમે પગલે પણ મક્કમ પગલે પોતાનું પાસું બદલી રહી છે અને જ્યાં સુધી જગતનાં જીવનમૂલ્યોમાં ધરમૂળનો ફેરફાર ન થાય ત્યાં સુધી દુનિયા જંપવાની નથી, એ વાત આ શાસ્ત્રીઓ સમજી ન શક્યા. આજે જ્યારે ખુદ આપણી આંખ આગળ દુનિયા કાયાપલટ માટે તલસી રહી છે ત્યારે પણ આપણે આપણાં જૂનાં શાસ્ત્રોને જ કેવી ચીવટથી વળગી રહ્યા છીએ અને વળગી રહેવા માગીએ છીએ એ જોવું હોય, તો આજકાલ નવી સ્થપાતી યુનિવર્સિટીઓને જોઈ લો.

લોકવિદ્યાપીઠની કલ્પના અત્યંત સાદી છે, માટે જ અત્યંત ભવ્ય છે, માટે જ ક્રાન્તિકારક છે અને તેથી જ આપણી કલ્પનાને જલદી સ્પર્શતી નથી. જેમ મોટા મોટા વરઘોડા, મોટાં મોટાં મિષ્ટાન્ન જમણો, મોટી મોટી જાનો, હસ્તમેળાપના મોટા મોટા વિધિઓ વગેરેથી ટેવાયેલા લોકોને શુદ્ધ પ્રેમભાવે પણ સાદાઈથી અને સાદા વિધિથી કરેલું લગ્ન આકર્ષી શકતું નથી, તે જ પ્રમાણે યુરોપ અમેરિકાની આલેશાન ઇમારતોવાળી, જંગી ફર્નિચરોવાળી યુનિવર્સિટીઓની ઢબે ઊભી થયેલી આપણી યુનિવર્સિટીથી ટેવાયેલા આપણને જ્ઞાનની ઉપાસનામાં તલભાર ઊતરતી નહીં પણ બાહ્ય ઠઠારામાં આપણા દેશની ગરીબી અને આપણા સાદાઈના આદર્શને અનુરૂપ એવી લોકવિદ્યાપીઠ આકર્ષી ન શકે એ સમજી શકાય તેવું છે. અને છતાં, આપણને ગમે યા ન ગમે, આપણને આકર્ષે કે ન આકર્ષે, પણ જગત આખું કાયાપલટ માટે પોકારી રહ્યું છે અને કાયાપલટ થયા પછી જ જંપવાનું છે, એ પણ ચોક્કસ છે. આપણા દેશ માટેની આવી કાયાપલટવાળી વિદ્યાપીઠ એ આપણી લોકવિદ્યાપીઠ.

ડૉ. મૉર્ગને આપણા દેશ માટેની આવી લોકવિદ્યાપીઠના વિચારને ઠીક ઠીક છણ્યો છે. આપણી આજની યુનિવર્સિટીઓ હવે એક રીતે જૂની થઈ ગઈ છે; દેશના અને જગતના પલટાયેલા સંયોગોને અનુકૂળ જો તેઓ થઈ નહીં શકે, તો તેઓ જૂનાં મંદિરોની માફક પ્રાણહીન થઈ જશે અને હજારો દર્શનાર્થીઓ ત્યાં આવતાં હશે તોપણ દેવ તો ત્યાંથી વિદાય લીધા વિના નહીં જ રહે.

આ ઉપરથી આપણે એમ સમજી લેવાનું નથી કે, ડૉ. મૉર્ગન જણાવે છે તે રીતે આપણે એક વિદ્યાપીઠ રાતોરાત ઊભી કરી દઈએ એટલે બસ છે. ડૉ. મૉર્ગને તો આવી લોકવિદ્યાપીઠની પોતાની કલ્પના આપી છે. પણ આપણે આપણી ઢબે લોકવિદ્યાપીઠને ઊભી કરવી જોઈએ. આવી લોકવિદ્યાપીઠ આપણી ધરતીમાંથી ઊગવી જોઈએ, એટલે તેનાં બી વાવવાં જોઈએ અને એક કુશળ માળીની કુશળતાથી ને ચીવટથી તેને જતન કરીને ઉગાડવી જોઈએ.

આપણા માટે આ લોકવિદ્યાપીઠનું કલેવર કેવું હશે, તેનો આકાર કેવો હશે, તેનાં અંગઉપાંગો કેવાં હશે, એ આજે નક્કી ન થઈ શકે. કલેવર, બાહ્ય આકાર, અંગઉપાંગો પ્રે-અંદરથી કેવાં આવે છે તે આપણે જોવું રહ્યું. આપણે એનો પ્રાણ જગાડવો. એટલે આ પ્રાણ જ પોતાને અનુકૂળ આકાર વગેરે શોધી લેશે.

આપણા દેશના જે વિદ્વાનો અને પંડિતો, પદવીધરો ને શાસ્ત્રીઓ વિશ્વની આ કાયાપલટ જોઈ શકતા હોય અને એનો વેગ રોકવાને બદલે એમાં પોતાનો યત્કિંચિત્ પણ ફાળો આપવા માગતા હોય, તેમણે આ દિશામાં પગલાં ભરવાં જોઈએ.

આજે આપણે આપણી યુનિવર્સિટીઓમાં ફેરફારો કરવા માગીએ છીએ, પણ આ ફેરફારો એક રીતે માત્ર થીંગડાં જેવા છે. આવતી કાલ આવાં થીંગડાંને ચલાવી લે તેમ નથી. એટલે આપણે આ દિશામાં પગલાં ભરવાં જ જોઈએ, નહીંતર સંભવ છે કે, જગતનો પ્રવાહ આપણને કાંઠા પર કાઢીને ફેંકી દેશે.

આપણાં ગામડાંઓનું, એમની સ્થિતિનું, ત્યાંના અજ્ઞાન, દરિદ્રતા, અનારોગ્ય વગેરેનું, શહેરવાસીઓની બેદરકારીનું, આજના કેળવાયેલા ભાઈઓ અને ગામડાંઓની વચ્ચેની અભેદ્ય ભીંતનું વગેરેનું વર્ણન ડૉ. મૉર્ગને આબેહૂબ આપ્યું છે. એટલે એના પર સુધારો કરવાપણું રહ્યું નથી. માત્ર એટલું દુઃખ તો થાય જ કે, ડૉ મૉર્ગને યુનિવર્સિટી કમિશન પાસે પોતાનું અલગ નિવેદન રજૂ કર્યું તેવું અથવા તે દિશામાં આપણા પોતાના જ દેશના બીજા કોઈ ભાઈએ નિવેદન કર્યું નથી! આપણો આજ સુધીનો અનુભવ એવો છે કે, આપણી પોતાની જ સારી વાત આપણને પરદેશીને મોઢેથી સાંભળવા મળે ત્યારે જ તે આપણને પણ સારી લાગે છે. દુનિયાભરમાં ગુલામોનું માનસ આવું જ હશે?

૧૦-૫-'૫૧

નાનાભાઈ ભટ્ટ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નવા પાયાની કેળવણી

[સણોસરા નવી તાલીમ પરિષદને પ્રમુખસ્થાનેથી આપેલા વ્યાખ્યાનમાંથી.]

દુનિયાનો અનુભવ છે કે, અર્ધસત્યો રાજસિક હોઈ ખૂબ જોશીલાં દેખાય છે, ઘણી પ્રવૃત્તિ કરાવે છે, પણ પ્રગતિ સાધી શકતાં નથી. સત્ય જેમ જેમ સંપૂર્ણ થતું જાય છે તેમ તેમ, ભરેલા ઘડાની પેઠે, અવાજ ઓછો કરે છે, પણ વધારે જીવનપૂર્ણ અને કલ્યાણકારી હોય છે. આવા બહોળા અનુભવને અંતે કહી શકું છું કે, ભારતની આજની સ્થિતિમાં સામાન્ય માણસના ઉદ્ધારને અર્થે બુનિયાદી તાલીમ એ જ સૌથી વધારે ઉપયોગી શિક્ષણપદ્ધતિ છે.

૧

સામાજિક આદર્શ સિદ્ધ કરવા માટે જરૂરી સંસ્કારિતા અને પોતાનો ધંધો સરસ ચલાવવા માટે જરૂરી કુશળતા — આ બે મળીને કેળવણી પૂરી થાય છે. પરરાજ્યમાં સામાજિક આદર્શો ઢીલા થાય છે. પુરુષાર્થ હણાઈ ગયા પછી સામાજિક સંગઠન ઢીલું થાય છે. તેજસ્વી સદ્‌ગુણોની પ્રતિષ્ઠા રહેતી નથી. એને પરિણામે સામાજિક સંસ્કારિતા વિકૃત થઈ જાય છે. આ રીતે કેળવણીનું એક અંગ નષ્ટ થાય છે.

અને જ્યારે પરદેશી માલની આયાત વધવાથી દેશના હુન્નરઉદ્યોગ નષ્ટ થાય છે, ત્યારે કલાકૌશલ્ય અને કાર્યકુશળતા એ કેળવણીનું બીજું અંગ પણ નષ્ટ થાય છે. અને ત્યાર પછી આજીવિકા મેળવવા માટે સમાજદ્રોહ માટે તૈયાર થનાર ચારિત્ર્યહીન કેળવણી જ બાકી રહે છે. સામાજિક તેમ જ રાષ્ટ્રીય જવાબદારીનું ભાન ઓછું કરનાર, પુરુષાર્થની તકો જ ન મળી શકે એવી સ્થિતિને પોષણ આપનાર, અને હાથપગ ચલાવવાની ટેવને પ્રોત્સાહન ન આપનાર એવી કેળવણી આપણા દેશમાં ચાલી.

છેલ્લાં હજાર વરસથી આપણી સમાજવ્યવસ્થા જરા વિચિત્ર હતી. મહેનતમજૂરી કરનારો અભણ વર્ગ, કારીગરી પર નભનારો કુશલ વર્ગ, બીજાને પોતાના કાબૂમાં રાખી રાજસત્તા ભોગવનારો પુરુષાર્થી વર્ગ, અને જ્ઞાન અને તત્વજ્ઞાનની ઉપાસના કરનારો પણ ધાર્મિક રૂઢિમાં સપડાયેલો પુરોહિત વર્ગ — એવી રીતે વિભક્ત થયેલો આપણો સમાજ પોતાનું સામર્થ્ય ખોઈ બેઠો હતો. દરેક વર્ગનું જીવન એકાંગી. અને ચાર વર્ગમાં આપસમાં મેળ ન મળે. આ સ્થિતિ સામાજિક સામર્થ્ય કેળવવા માટે અનુકૂળ ન હતી. અને જ્યાં જીવનક્રમ સદોષ હોય ત્યાં રાષ્ટ્રીય સદ્‌ગુણો મોળા પડવાના જ. એ જીવનક્રમ સુધારવા માટે ગાંધીજીએ કેળવણીની જે નવી પદ્ધતિ ચલાવી તેને આપણે બુનિયાદી તાલીમ અથવા નયી તાલીમ કહીએ છીએ.

પશ્ચિમના લોકોએ ‘કૉમ્પિટીશન’ એટલે કે પ્રતિસ્પર્ધા અને હોડના પાયા ઉપર પોતાનું અર્થશાસ્ત્ર રચ્યું. તે અર્થશાસ્ત્રમાંથી સામ્રાજ્યવાદને પોષણ આપનાર સમાજશાસ્ત્ર નીપજ્યું. આવા અર્થશાસ્ત્ર અને સમાજશાસ્ત્રમાંથી જે જીવનક્રમ ખીલ્યો તેમાં પુરુષાર્થ ગમે તેટલો હોય, જ્ઞાનોપાસના ગમે તેટલી ઉત્કટ હોય અને કૌશલ્યનો વિકાસ ગમે તેટલો થતો હોય, પણ માણસાઈનો તો એમાં હ્રાસ જ થવાનો. બંધુતા અથવા વિશ્વકુટુંબનો આદર્શ સ્થાપિત કરવો હોય તો કેવળ વિચારો જ નહીં, જીવનક્રમ પણ બદલવો જોઈએ. અને જીવનક્રમ બદલવો હોય તો ઊછરતી પેઢીની કેળવણી પણ આમૂલાગ્ર બદલવી જોઈએ.

૨

આપણી આ નવી કેળવણીને આપણે પાયાની કેળવણી કહીએ છીએ, એમાં મારી દૃષ્ટિએ કંઈક ભૂલ થાય છે. પાયાની કેળવણી કહેતાંવેંત એવો જ ખ્યાલ મનમાં આવે છે કે, એ ફક્ત પ્રાથમિક કેળવણી છે. મેં જોયું છે કે, કેળવણી ખાતાના મોટા મોટા અધિકારીઓ એમ જ માને છે કે, ગાંધીજીની નવી કેળવણી ફક્ત પ્રાથમિક વિભાગ પૂરતી જ છે. હાઈસ્કૂલની કેળવણી અથવા કૉલેજની કેળવણી તો જૂની ઢબથી જ ચાલવાની છે. સહેજસાજ સુધારાને અવકાશ દરેક ક્ષેત્રમાં હમેશાં હોય જ છે. પણ માધ્યમિક અને ઉચ્ચ કેળવણીનું સ્વરૂપ તો મોટે ભાગે, અત્યારે છે તેવું જ રહેવાનું. આ ભ્રમણા દૂર કરવી હોય તો આપણે આ નવી કેળવણીને ‘પાયાની કેળવણી’ ન કહેતાં, ‘નવા પાયાની કેળવણી’ કહેવું જોઈએ.

૩

જીવનનો સાચો પાયો કેવળ વિચાર અથવા કલ્પના નથી. પણ શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ કલ્પનાને અવકાશ આપી શકે એવું વિચારયુક્ત કર્મ અથવા પ્રવૃત્તિ — એ જ છે. વ્યાવહારિક જીવનની સફળતા હોય અથવા આધ્યાત્મિક જીવનની કૃતાર્થતા હોય, બન્નેનો આધાર કુશળ સત્કર્મ જ છે. કેટલાક તત્ત્વજ્ઞાની કહે છે કે, જીવનનું અંતરતમ આત્મતત્ત્વ પણ કર્મથી ભિન્ન નથી. જીવનવીર તત્ત્વજ્ઞાની યાજ્ઞવલ્ક્યે એકાન્તમાં જઈને જેની રહસ્ય-ચર્ચા કરી હતી તે પણ કર્મ જ હતું. રાજા ભર્તૃહરિએ પણ સ્પષ્ટ કહ્યું છે: ‘बुद्धिः कर्मानुसारिणी’. બુદ્ધિ પણ કર્મની પાછળ પાછળ જાય છે; જેવું કર્મ કરીએ તેવી બુદ્ધિ કેળવાય છે.

એવા કર્મને પ્રધાનપદ આપી તમામ કેળવણીનો વિસ્તાર આપણે કરવા માગીએ છીએ. જીવનોપયોગી અને સમા જો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પયોગી સત્કર્મ, કરોડોને પ્રામાણિક આજીવિકા મેળવી આપનારું કર્મ, એ જ આપણી કેળવણીનું મુખ્ય સાધન છે. શબ્દ, અક્ષર કે આંકડા એ કેળવણીનું મુખ્ય વાહન નથી. પણ જીવન સુઘડ રીતે જીવવા માટે અત્યંત જરૂરી કર્મ એ જ કેળવણીનું વાહન થઈ શકે છે. માટે કેળવણીનો પ્રારંભ અંક, લિપિ અને અક્ષરથી ન કરતાં, કર્મથી જ કરવો જોઈએ. ગણતરી અથવા ગણિત એને મદદ કરશે. વાણી એની ખૂબી સમજાવશે, કેમ કે વાણી એ અનુભવ અને વિચારની આપ-લે કરવાનું સાધન છે. પણ કેળવણી તો નિરીક્ષણ, પરીક્ષણ, પ્રયોગ, રચના આદિ કર્મપ્રવૃત્તિથી જ સધાય છે.

આપણે ભલે કર્મપ્રવૃત્તિને ઘડભાંજ કે ભાંજઘડ કહીને વખોડીએ, પણ જે કાંઈ જીવનને પ્રતિકૂળ છે તે ભાંગવું અને જીવનને અનુકૂળ જેવું જણાય એને ઘડવું, એનું જ નામ જીવનપ્રવૃત્તિ. કાતરથી વસ્ત્રના કકડા કરવા અને એ કકડા સોયદોરાથી સીવવા — એવી દ્વિવિધ પ્રવૃત્તિથી આપણે આપણું શરીર ઢાંકીએ છીએ. એને જો આપણે 'ભાંજઘડ' કહીને છોડી દઈએ તો નાગા રહી ટાઢે ઠરી જવાનો વખત આવે.

જીવનની પ્રાથમિક તેમ જ સર્વોચ્ચ જરૂરિયાતો પૂરી પાડતાં જે અનુભવ મેળવાય છે, જે જ્ઞાન કેળવાય છે, અને જે રિવાજો ગોઠવાય છે, તેને જ આપણે સંસ્કૃતિ કહીએ છીએ. આવી જીવનપ્રવૃત્તિ માટે જે જ્ઞાન કામનું હોય તેને જ કેળવણીમાં પ્રધાન સ્થાન મળવું જોઈએ. કૃત્રિમ મહત્ત્વની વસ્તુઓ પાછળથી ભલે કેળવાય. એમને કેળવણીમાં સ્થાન ન જ મળવું જોઈએ.

જીવન જીવતાં જે જ્ઞાન શોધાય છે અને એમાંથી જે શાસ્ત્રો આપણે તારવીએ છીએ, તે શીખવા-શીખવવાનો ક્રમ પણ એ જીવનક્રમ સાથે જ બંધાયેલો હોવો જોઈએ. એને આપણે અનુબંધ કહીએ છીએ. જીવન જીવતાં અથવા ખીલવતાં જે અને જેટલું જ્ઞાન જરૂરનું ગણાય, તે અને તેટલું જ્ઞાન તે તે પ્રસંગે મેળવતા જઈએ, તો તેનો બોજો જણાતો નથી. નવા પાયાની કેળવણીની ખૂબી એ જ છે કે, દરેક જ્ઞાનનો કકડો, અનુબંધને કારણે, શુભ મુહૂર્તે મળતો હોવાથી, એ મેળવતાં કે સાચવતાં મહેનત જેવું જણાતું નથી. સરસ કકડતી ભૂખ લાગી હોય, એવે વખતે જે આપણે ખાઈએ છીએ એનો બોજો કે દી આપણે અનુભવીએ છીએ ?

૪

આપણે ભૂલવું ન જોઈએ કે, રાષ્ટ્રના કસાયેલા નેતાઓ જ્યારે સ્વરાજ્યનાં સૂત્રો પોતાના હાથમાં લેવાને તૈયાર થયા, ત્યારે જ મહાત્માજીએ આ નવા પાયાની કેળવણીની કલ્પના દેશ આગળ મૂકી. આ કેળવણી કેવળ રાષ્ટ્રીય સ્વરૂપની જ નહીં, પણ સ્વરાજ સરકાર દ્વારા રાષ્ટ્રીય સવાલોનો ઉકેલ આણતી, રાષ્ટ્રવ્યાપી કેળવણી થવી જોઈએ, એ એમનો આગ્રહ હતો. અને તેથી એ આખી યોજના ઉતાવળે તૈયાર કરાવી, એમણે એ કોંગ્રેસ આગળ મૂકી. અને એને કોંગ્રેસની માન્યતા મેળવી, સ્વરાજ સરકારને આદેશ આપ્યો કે, આખી કેળવણીનું મંડાણ આ દિશામાં ફેરવો.

પાયાની કેળવણી તત્ત્વતઃ રાષ્ટ્રમાન્ય થઈ ચૂકી છે. પંડિત જવાહરલાલ નેહરુ હૃદયથી એની હિમાયત કરે છે. એટલે સરકારી તંત્ર પણ પાયાની કેળવણીનું મહત્ત્વ સ્વીકારે છે. બે જ મુશ્કેલીઓ તેઓ જુએ છે: એક એ કે, આપણી પાસે પૂરતા શિક્ષકો નથી. અને બીજું, પાયાની કેળવણી ઘણી ખર્ચાળ છે. વાદવિવાદથી આ મુશ્કેલી દૂર થવાની નથી. વાંધાઓના રદિયા ગમે તેટલા આપીએ, સરકારી તંત્ર પોતાની ભૂમિકા છોડશે નહીં.

અંગ્રેજોનું રાજ્ય હતું ત્યાં સુધી એને પરદેશી રાજ્ય કહી, એની સાથે અસહકાર કરી આપણે સ્વતંત્ર પ્રયોગો ચલાવી શકતા હતા. સ્વરાજ્યના દિવસોમાં સરકારી તંત્ર સાથે અસહકાર કરવો આપણને પોસાય નહીં. સરકારી તંત્રમાં પ્રવેશ કરી, એમાં સુધારા કરવાની કોશિશ કરવી જોઈએ. અને સાથે સાથે, સરકારની મદદથી, પણ સરકારના અંકુશ વગરના સ્વતંત્ર પ્રયોગો પણ કરવા જોઈએ. રૂઢિવાદી, પ્રતિગામી કેળવણીકારોને આપણે આપણી ગફલતથી અધિકારારૂઢ થવા દીધા છે. એ ગફલત સુધાર્યે જ છૂટકો.

જો સરકારને ખરેખર લાગતું હોય કે, ચાલુ રિવાજી કેળવણી કરતાં પાયાની કેળવણી સારી છે, તો એણે જાહેર કરવું જોઈએ કે, સરકારને ત્યાં નોકરી આપતી વખતે, એ કેળવણી પામેલા લોકોની પ્રતિષ્ઠા વધારે હશે. સરકાર આટલું કરે તો સરકારને ઝાઝા પૈસા ખરચ્યા વગર સરસમાં સરસ કેળવણીની પદ્ધતિ ચલાવ્યાનું શ્રેય મળશે અને દેશ આખાનું કલ્યાણ થશે.

પૂજ્ય બાપુજી હમેશાં કહેતા હતા કે, રાષ્ટ્રની જેવી આવશ્યકતા તેવી જ કેળવણી આપણે પ્રજાને આપવી જોઈએ. પાયાની કેળવણીની એ જ ખૂબી છે. દેશની સ્થિતિ જોઈ, નાડ તપાસી, એ કેળવણીનું રૂપ નક્કી કરવામાં આવ્યું છે.

જેમ સમાજોપયોગી કોઈ વ્યાપક હસ્તઉદ્યોગ દ્વારા તમામ કેળવણી આપવાનો આપણો પ્રયત્ન છે, તેવી જ રીતે સંસ્થાના જીવનમાંથી પણ આપણે કૌશલ્યની, ચારિત્ર્યની અને સામાજિક સદ્ગુણોની કેળવણી આપવાની છે. તેથી નવા પાયાની કેળવણીમાં પાઠશાળાને જેટલું મહત્ત્વ છે એટલું જ — અથવા એથીયે વધારે મહત્ત્વ છાત્રાલયોને છે. એવાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છાત્રાલયોમાં બધા વિદ્યાર્થીઓ સાથે એમના બધા શિક્ષકો પણ રહી શકે તો ઉત્તમ. કેમ કે પછી એ આશ્રમજીવન થઈ જાય છે. એવા આશ્રમો પોતાનું સામુદાયિક જીવન વૈજ્ઞાનિક ઢબે ચલાવશે. એટલું જ નહીં પણ ગ્રામજીવન ઉપર પણ સારામાં સારી અસર પાડશે.

નવા પાયાની કેળવણી જીવન માટે અપાય છે અને જીવનમારફતે અપાય છે, એટલું સ્વીકાર્યા પછી જીવનનાં મહત્ત્વનાં બધાં જ અંગોનો એમાં સ્વાભાવિક સમાવેશ થવાનો. આવા આદર્શને કારણે જ અમે કહીએ છીએ કે, નવા પાયાની કેળવણી એ નવા સામાજિક નેતૃત્વ માટેની કેળવણી છે.

કાકાસાહેબ કાલેલકર

બે વિચારધારાઓ

[આ અંકમાં ગૂજરાત વિદ્યાપીઠના પદવીદાન સમારંભ વખતે તેના કુલનાયકે તથા મહામાત્રે જે ભાષણો આપ્યાં હતાં તે 'ગ્રામ વિદ્યાપીઠનો હેતુ અને આદર્શ' એ મથાળા નીચે પ્રગટ કર્યાં છે, તે વાચકે જોયાં હશે. સમારંભના પ્રમુખસ્થાનેથી કુલપતિ ડૉ. રાજેન્દ્રબાબુએ જે પ્રવચન કર્યું હતું તે નીચે ઉતાર્યું છે. આજે જગતમાં બે વિચારધારાઓ — કે બે નિષ્ઠાઓ મોજૂદ છે. તેમાંથી આપણે કઈ પસંદ કરીશું તેના પર આપણા રાષ્ટ્રના ભાવિ વિકાસનો જ નહીં, બલકે આપણી તથા જગતની શાંતિ અને સુખ-સંતોષનો આધાર છે. રાષ્ટ્રપતિએ આ ભારે મોટા પ્રશ્નને પોતાના ભાષણમાં છેડ્યો છે. દેશનો વિચારક વર્ગ કેળવણીના સવાલ પર આ વાતને ખ્યાલમાં રાખીને વિચાર કરે એવી ખાસ જરૂર છે.

૨૪-૧૧-'૫૪ — સં૦]

કેટલાંક કારણોને લીધે આથી વહેલાં હું અહીં આવી શક્યો નહીં તે માટે દિલગીર છું. મારી ઇચ્છા એવી હતી કે, તમારા આ સત્કાર્યમાં કોઈ પણ રીતે મારે કારણે ઢીલ ન થવી જોઈએ. પણ મારી એ ઇચ્છા બર આવી નહીં. આજે અઢી વરસે હું અહીં આવી શક્યો છું.

વિદ્યાપીઠ તરફથી જે કામ થઈ રહ્યું છે, પૂજ્ય મહાત્મા ગાંધીજીની પ્રેરણાથી તમે જે આદર્શ તમારી સામે રાખ્યો છે અને જે કાર્યક્રમ તમારી સમક્ષ રાખીને તમે કામ કરી રહ્યા છો તે વિષે વિદ્યાપીઠના કુલનાયક અને મહામાત્રે જે કહ્યું, તે સાંભળીને મને ઘણો સંતોષ થયો છે.

આજે દેશમાં કેળવણી વિષે અનેક વિચારો ચાલી રહ્યા છે. લોકો એ રીતે વિચારતા થાય એ જરૂરી છે. ખરું પૂછો તો એ અનિવાર્ય પણ છે. બ્રિટિશ સરકારે તેના ખ્યાલથી એક શિક્ષણપદ્ધતિ ચલાવી હતી. આપણે સ્વતંત્ર તો થયા, પણ પછીયે આપણે તો બ્રિટિશ સરકારની તે જૂની શિક્ષણપદ્ધતિ અને પ્રણાલીને વળગી રહ્યા છીએ અને તે જ ચાલુ રાખી છે. પૂજ્ય મહાત્મા ગાંધીજીએ પહેલાં 'રાષ્ટ્રીય શિક્ષણ' અને પછીથી 'બુનિયાદી તાલીમ'ના નામથી જે શિક્ષણપદ્ધતિનો પ્રચાર કર્યો હતો, તે હજુ આપણે સંપૂર્ણ રીતે અપનાવી નથી. વિદ્યાપીઠ જેવી સંસ્થાઓ આ પ્રકારનું કામ કરી રહી છે. સરકારી નિશાળોમાં પણ આવું થોડુંઘણું કામ થાય છે.

જૂની શિક્ષણપદ્ધતિ પ્રમાણે કામ કરતી યુનિવર્સિટીઓ અને કૉલેજો એક બાજુ જુઓ. બીજી બાજુ આ સંસ્થાઓ જુઓ. સહેજે જોઈ શકાશે કે, આ સંસ્થાઓ દેશમાં કેટલી ઓછી છે! હું માનું છું કે, આપણા દેશે જો પોતાનું સ્વત્વ સાબિત કરવું હશે, તો આપણે આ શિક્ષણપદ્ધતિ વિષે મૌલિક રીતે વિચાર કરવો જોઈશે; કારણ કે તે મારફત આપણે ભાવી પેઢીના જીવનમાં અને દેશની વિચારધારામાં પરિવર્તન કરી શકીશું.

અત્યારે બે વિચારધારાઓ વચ્ચે સંઘર્ષ ચાલી રહ્યો છે. એક વિચારધારા પશ્ચિમથી આવેલી છે. જેને અંગ્રેજોના જમાનામાં ખાસ ઉત્તેજન મળ્યું છે અને આજે દુનિયાભરમાં તે ફેલાયેલી છે. બીજી વિચારધારા તે આપણી છે. તે આથી ઘણી નિરાળી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જગતમાંની કુદરતી શક્તિઓ પર પોતાનો કાબૂ કેવી રીતે મેળવવો, તેનો પોતાને માટે કેવી રીતે ઉપયોગ કરવો તેની પાછળ આજે આખી દુનિયા પડી છે. એવો સામાન્ય ખ્યાલ વર્તે છે કે જ્યાં સુધી કોઈ માણસ કે કોઈ દેશ એ વસ્તુઓ પર પોતાનો અધિકાર સ્થાપિત કરે નહીં અને પોતાને માટે એ ચીજો વિપુલ પ્રમાણમાં મેળવે નહીં ત્યાં સુધી તે માણસ કે તે દેશ ઉન્નત કે સુખી છે એમ ન કહી શકાય. ભૌતિક વસ્તુઓની પ્રાપ્તિને મનુષ્યજીવનનો ઉદ્દેશ માનવામાં આવે છે. સુખ માણસના અંતરમાં નહીં પણ બાહ્ય વસ્તુઓની પ્રાપ્તિમાં રહ્યું છે. તેથી રાતદિવસ આપણે એ વાત પર ભાર મૂકીએ છીએ કે, જ્યાં સુધી આ વસ્તુઓ આપણે પ્રાપ્ત કરીએ નહીં, ત્યાં સુધી આપણે સુખી થઈ શકીશું નહીં. એથી કરીને આપણે થોડી શક્તિ પ્રાપ્ત કરીએ એ આવશ્યક છે.

ગયાં બસો વરસોમાં વિજ્ઞાનના ક્ષેત્રમાં જે પ્રયત્નો થયા છે, જે પ્રગતિ થઈ છે તે માપવાનો ગજ પણ કુદરતી શક્તિઓ કે નેચર પર કેટલો કાબૂ મેળવ્યો છે તે રહ્યો છે. વિજ્ઞાને આપણને ઘણાં એવાં સાધનો મેળવી આપ્યાં છે, જેથી આપણે શારીરિક સુખ મેળવી શકીએ છીએ, જેનાથી આપણી જરૂરિયાતો પૂરી કરી શકીએ છીએ. તે ચીજો મેળવવા માટે અગાઉ માણસને ઘણું કષ્ટ ઉઠાવવું પડતું હતું. પણ તેની સાથે સાથે માણસના હાથમાં એવી શક્તિ આવી છે, જે કેવળ સંહારક છે, જે લાભને બદલે સંહાર કરી શકે છે. આ સંહારક શક્તિને મેળવીને જગત હજુ એ નક્કી કરી શકતું નથી કે, તેણે છેવટે આ સંહારક શક્તિને છોડવી જોઈશે. તેમાં જે કાંઈ પોષક શક્તિ હોય તે લઈને તેનો ત્યાગ કરવો જોઈશે. આમ કદી થઈ શકશે કે નહીં તે માલૂમ નથી.

પણ આપણો જીવનનો આદર્શ અને ઉદ્દેશ સનાતન કાળથી નિરાળો રહ્યો છે. આપણે સુખનું સાધન આપણી બહાર નહીં પણ પોતાના હૃદયમાં શોધ્યું છે. જોકે આપણા પૂર્વજોએ શારીરિક જરૂરિયાતો પૂરી કરવાનાં સાધનોને તદ્દન છોડયાં નહોતાં કે તેની ઉપેક્ષા પણ કરી નહોતી. પણ તે વસ્તુઓની પ્રાપ્તિને તેમણે કદી જીવનનો સર્વોચ્ચ ઉદ્દેશ માન્યો નથી. આપણું સુખ તે વસ્તુ પર નિર્ભર છે એમ પણ તેમણે માન્યું નથી.

આજે આ બે વિચારધારાઓ વચ્ચે સંઘર્ષ ચાલી રહ્યો છે. સ્વરાજ્ય મળ્યા પછી આપણ ભારતવાસીઓને એ વિચારવાની તક મળી છે કે, જે પ્રવાહમાં આખી દુનિયા તણાઈ રહી છે, તેમાં આપણે પણ તણાવું છે કે, આપણે આપણું સ્વત્વ રાખીને દુનિયાને કાંઈક આપી શકીશું ? આપણે એ વિચારી લેવું ઘટે કે, પશ્ચિમ પાસેથી આપણે જે શીખી રહ્યા છીએ તેમાંથી આપણે કોઈ એવી ચીજ નિર્માણ કરીને પશ્ચિમને આપી શકીશું જે તેમની પાસે નથી ? અત્યારે આપણે ક્યારે સફળ થઈ શકીશું તેની ખબર નથી.

પશ્ચિમવાસીઓએ પોતાની કેળવણી એવી રીતે યોજી છે અને શિક્ષા-દીક્ષાનું એવું સ્વરૂપ બનાવ્યું છે કે, તેઓ દિનપ્રતિદિન પોતાની દિશામાં આગળ ને આગળ વધી રહ્યા છે. તેઓ આજે જ્યાં પહોંચી ગયા છે ત્યાં આપણે અત્યારે પહોંચવું, આપણે માટે મુશ્કેલ છે. તેથી એવી આશા રાખવી કે આપણે નિકટના કાળમાં ત્યાં પહોંચી શકીશું અને તેમને કાંઈક આપી શકીશું એ ફોગટ છે. પણ આપણે વિચારીએ તો જણાશે કે, આપણી પાસે એવી કેટલીક ચીજો છે જે આપણે જગતને આપી શકીએ એમ છીએ અને જેની ખોજમાં આજે જગત પડેલું છે અને તે માટે તે આપણી સામે મીટ માંડે છે.

તેથી જ્યારે હું મહાત્મા ગાંધીજીના વિચારો જોઉં છું અને આવી શિક્ષણ સંસ્થાઓ સ્થાપીને તેમણે જે રસ્તો બતાવ્યો તેનો ખ્યાલ કરું છું, ત્યારે મને જણાય છે કે, આ એક એવી ચીજ આપણી પાસે છે જે આપણે બીજાને આપી શકીએ એમ છીએ અને આ ચીજ એવી છે જે તેઓ શોધે પણ છે. અને તેઓ ઇચ્છે પણ છે કે આપણે તેમને આ આપીએ, પણ આપણામાં આપવાની શક્તિ આવવી જોઈએ. જ્યારે આપણે પોતે એ સમજતા નથી, જાણતા નથી, તેનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આચરણ કરતા નથી, તો પછી આપણે તે બીજાને કેવી રીતે આપી શકીએ? મહાત્માજીએ માણસના સમગ્ર જીવન પર દૃષ્ટિ નાખી હતી અને જે વિષય પર અને જે રૂપમાં જે કાંઈ કહ્યું, તે બધું એકબીજાના સંબંધમાં રાખીને જોઈએ તો એક સમગ્ર દૃષ્ટિ જોવા મળે છે. જો આ બધી જુદી જુદી વસ્તુઓને એકબીજાની સાથે જોડી દઈએ તો ભારતને માટે અને જગતને માટે મહાત્મા ગાંધીજી જે ચિત્ર ઇચ્છતા હતા તે અખંડ ચિત્ર ઊભું થાય.

આપણે આ બધી ચીજો પ્રત્યે સમગ્ર દૃષ્ટિથી જોતા નથી તેનું મને દુઃખ થાય છે. આપણા હાથમાં આજે રાજકીય અધિકારો આવ્યા છે, છતાં આપણે એ વિચારધારાને પૂરી રીતે અપનાવીને દેશનું ઘડતર અને પુનર્નિર્માણ કરતા નથી, કરવા ઇચ્છતા નથી. હજુ પણ આપણે બીજી વિચારધારાઓમાં અંજાઈ જઈને તેમાં તણાઈ રહ્યા છીએ અને ગાંધીજીની વિચારધારા પર ચાલતા નથી. તેમની એકબે વાતો સ્વીકારીને એટલાથી આપણે સંતુષ્ટ થઈ જઈએ છીએ અને માનીએ છીએ કે આપણે ગાંધીજીની વાતો પૂરી કરી અને આપણે તેમના ઉદ્દેશોની પૂર્તિ કરી રહ્યા છીએ. પણ આ વિચાર અધૂરો વિચાર છે. તેમના બધા વિચારોને એકત્ર કરીને, જીવનનું ચિત્ર સામે રાખીને દેશના લોકોનું જીવન ઘડવું જોઈએ. ત્યારે આ પ્રયોગનું પૂરું પરિણામ આવી શકે. નહીં તો આ જાતના એકાંગી પ્રયત્નનું પરિણામ પણ એકાંગી આવશે અને તેથી કોઈને સંતોષ નહીં થાય. તેથી વિદ્યાપીઠ જેવી સંસ્થાઓનું સૌથી મુખ્ય કામ એ છે કે, તે આ વિચારધારાને દેશની આગળ મૂકે અને એ વાતનું હંમેશાં ધ્યાન રાખે કે, મહાત્માજી જે શીખવતા હતા અને બતાવતા હતા, તે કેવળ બૌદ્ધિક જ્ઞાનની વાત નહોતી, તેઓ તેને ક્રિયાત્મક રૂપ આપતા હતા.

તેથી આપણે આશા રાખીએ કે, આવી સંસ્થાઓ સાથે જે લોકોનો સંબંધ છે તેઓ ક્રિયાત્મક દૃષ્ટિ પોતાની આગળ રાખશે. એ પ્રમાણે જો થોડા લોકો પણ આ કામમાં તન્મય થશે, તો આશા છે અને મારો તો વિશ્વાસ છે કે એક સમય એવો આવશે જ્યારે દેશ-વિદેશના લોકો તે સમજશે. ક્યારેક ક્યારેક એમ લાગે છે કે, વિદેશીઓ તે પહેલાં સમજશે અને જ્યારે તેમનું સર્ટિફિકેટ મળશે, ત્યારે આપણે તે સહેલાઈથી ગ્રહણ કરી શું. ઘણાયે બાબતોમાં એવું થયું છે અને ભવિષ્યમાં પણ એવું થયા કરશે.

આવી સંસ્થાઓનું કામ આ જ્યોતિને જલતી રાખવાનું છે. કાલે હું તાલીમી સંઘના સંમેલનમાં સણોસરા ગયો હતો. ત્યાં મેં કહ્યું હતું કે નઈ તાલીમનું કામ એક પ્રકારના દીપકનું છે. સને ૧૯૨૩-૨૪માં બિહાર વિદ્યાપીઠના સ્નાતક-પદવીદાન સમારંભમાં રાજાજીએ કહ્યું હતું કે આ જાતની સંસ્થાઓ દીવા જેવા, દીપક જેવા છે અને ૧૯૨૧ના આંદોલનની સ્મારક છે. મેં કાલે કહ્યું હતું કે હું આ સંસ્થાઓને દીવારૂપ માનું છું પણ સ્મારકનો દીવો નહીં પણ સ્વરૂપનો દીવો; જે એકમાંથી હજાર દીવા સળગી શકે એવો. તો હજાર દીવામાંથી કેટલા દીવા સળગશે?

હું આશા રાખું છું કે તમારી સંસ્થા અને આ જાતની જેટલી સંસ્થાઓ છે, તે કેવળ બૌદ્ધિક જ્ઞાન જ નહીં બલકે ક્રિયાત્મક રૂપથી ચારિત્રનિર્માણની કેળવણી આપતી રહેશે અને પોતાના વિચારો પોતાનાં પ્રકાશનો મારફત દેશની આગળ મૂકશે તો ક્યારેક એવો સમય આવશે જ્યારે લોકો તે પ્રત્યે ધ્યાન આપશે. અને પોતાના જીવનના સુખને માટે લોકો અંતર્મુખ થઈને બહારની દોડાદોડ છોડીને બીજાઓની સાથેના ઝઘડા ઓછા કરી નાખશે. આ કામ આપણે કરવા જેવું છે. જગતના બીજા દેશોને માટે આ કામ જરૂરી છે. તેથી હું ઇચ્છું છું કે, જે કામ તમે કરી રહ્યા છો, તે તમે તત્પરતાથી કરો. સંસ્થાના કામથી મને આનંદ થયો છે. તમારું કામ આગળ વધી રહ્યું છે.

મેં તમારો હિસાબ જોયો. તમારી પ્રગતિ થઈ રહી છે તે જોઈને મને આનંદ થયો. ઈશ્વરને પ્રાર્થના છે કે તે તમને બળ આપે, જેથી આ મહાન કાર્ય પૂરું કરી શકો.

(હિંદી પરથી) રાજેન્દ્રપ્રસાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માસિક વિવેચન

શ્રી રફી અહમદ કિડવાઈ

શ્રી રફી અહમદ કિડવાઈ તા. ૨૪-૧૦-'૫૪ના રોજ એક સભામાં વ્યાખ્યાન આપી રહ્યા હતા. ત્યાં જ એકાએક હૃદયરોગનો હુમલો આવ્યો અને તે બેહોશ બન્યા, અને થોડા કલાકની અંદર તેમનો દેહાંત થયો. આ દુઃખદ સમાચારથી આખા દેશમાં શોક છવાઈ ગયો. તેઓ ઉત્તર પ્રદેશના હતા અને તેને જ પોતાનું કાર્યક્ષેત્ર કર્યું હતું. તેથી કેટલાંય વરસો સુધી ઉ૦ પ્ર૦ બહાર બીજા પ્રાંતના લોકો તેમને ઓળખતા નહોતા. પણ ભારત સરકારના અનાજ ખાતાના પ્રધાન તરીકે તેમણે જે કામ કર્યું, તેથી તે આખા દેશમાં જાણીતા થયા એટલું જ નહીં, તેમણે મોટી નામના મેળવી. આખા દેશના લોકોએ જોયું કે, રફી સાહેબ, દેશમાં લોકોની ઇચ્છા સમજીને તેને સફળ કરી શકનારા અને તેમાં અડચણ કરનારાઓનું — ભલે પછી તેઓ સરકારી તંત્રના પણ કેમ ન હોય, — જેમની સામે ચાલતું નથી એવા થોડા દેશસેવકો અને પ્રધાનો છે, તેઓમાંના એક છે.

યુદ્ધના જમાનામાં અને યુદ્ધને કારણે અનાજ પર અંકુશ આવ્યો. ગાંધીજી તેની તદ્દન વિરુદ્ધ હતા. આમ જનતાને તે ઘણો ખટકતો હતો. પણ મામલો ભારે જટિલ બન્યો હતો. તેને લીધે અનીતિ, કાળાં બજાર અને લાંચરુશવત વગેરે દૂષણો દેશભરમાં ઘર કરી બેઠાં હતાં. સરકારી તંત્ર પણ તેમાં ફસાયેલું હતું. આ સ્થિતિમાં આ જાળને ઉખાડીને ફેંકી દેવી એ ભારે હોશિયારી, હિંમત અને આત્મવિશ્વાસનું કામ હતું. રફી સાહેબનાં શક્તિ, સ્વદેશપ્રેમ અને પ્રામાણિકતા માટે શ્રી જવાહરલાલજીના મનમાં ભારે કદર અને શ્રદ્ધા હતી. શ્રી રાજગોપાલાચારી જેવા પ્રદેશ સરકારના મુખ્ય પ્રધાને આ નીતિમાં તેમને ભારે મદદ કરી.

કુદરતે પણ વરસાદ મોકલીને મહેર કરી. રફી સાહેબે દેશને તકલીફમાં નાખ્યા વિના અંકુશો રદ કર્યા અને દેશની ભારે સેવા કરી, જેને માટે દેશ તેમને હંમેશાં યાદ કરશે.

શ્રી કિડવાઈ આપણા જૂના દેશભક્ત અને સ્વાતંત્ર્ય સંગ્રામના સૈનિક હતા. કોમી ઐક્ય તેમની નસેનસમાં ભર્યું હતું. સને ૧૯૨૦થી તેમના અવસાન સુધી તેઓ સતત દેશસેવામાં કાર્યરત રહ્યા. તેમની કાર્યશક્તિની આપણે ઘણી ઊંચી કિંમત આંકીએ છીએ. જ્યારે દેશને આવા અનેક સેવકોની જરૂર છે, ત્યારે તેમનું એકાએક ચાલ્યા જવુ, એ એક ભારે ખેદની વાત છે. પ્રભુ તેમના આત્માને શાંતિ આપે.

૧-૧૧-'૫૪ મ૦

રાષ્ટ્રીય શિક્ષણ અંક

આ અંક અનાયાસે રાષ્ટ્રીય શિક્ષણ અંક બની ગયો છે. કારણ, ગયા માસમાં બે મહત્ત્વના સમારંભ થયા: એક સણોસરામાં નવી તાલીમ પરિષદ; બીજો, ગૂજરાત વિદ્યાપીઠનું પદવીદાન. બંને જગાએ રાષ્ટ્રની કેળવણી વિષે તલસ્પર્શી વિવેચનો થયાં. આ અંકમાં વાચકને તેના સારાંશરૂપે તે બધું મળશે.

સ્વાતંત્ર્ય પૂર્વે રાષ્ટ્રીય શિક્ષણનો એક અર્થ હતો; બાદમાં એ અર્થ આપોઆપ ફર્યો છે. સ્થૂલ રીતે જોતાં, શિક્ષણમાં જે કાંઈ આજે ચાલે છે તે, રાષ્ટ્રનું શિક્ષણ હોઈ ને રાષ્ટ્રીય શિક્ષણ કહેવાય. પરંતુ તેથી કરીને સવાલ પતતો નથી. હવે તે શિક્ષણ કેવા પ્રકારનું હોવું ઘટે, એ ખૂબ પ્રસ્તુત સવાલ થયો છે. તેથી કેળવણીકારો એના જવાબ ભણી અનાયાસે વળવા લાગ્યા છે. અને તેમાં પણ, રાષ્ટ્રના પુનર્ઘટનાનાં બીજાં ક્ષેત્રો જેમ, શિક્ષણમાંય ગાંધીજીના વિચારોનું સંશોધન અને પરિગ્રહણ થવા લાગ્યું છે. અત્યાર સુધી પોપટ પેઠે તેમની શિક્ષણ યોજનાનાં સ્તુતિગાન કરનારાઓ હવે ઊંડા ઊતરીને તપાસે છે, કેમ કે તે વસ્તુ અમલક્ષેત્રમાં ઊતરવા લાગી છે.

એ પ્રસંગે, પોતાની યોજના રજૂ કરતો ગાંધીજીનો જૂનો લેખ આ અંકમાં ઉતાર્યો છે. તથા આજે જે ચર્ચાઓ ચાલે છે તેમની અમુક સમીક્ષા રૂપે લખેલો મારો લેખ ('હ૦ બં૦'માંથી) પણ જોડે આપ્યો છે.

૨૩-૧૧-'૫૪ મ૦

વિરોધનાં વહેણ

પાયાની કેળવણીના વિચાર સામે અને તેને લઈને જે વિરોધ ઊઠ્યો છે, તેનાં વહેણનું સ્વરૂપ તથા જોર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાણી લેવાં જોઈએ; કેમ કે, તેમાં આપણી ભાવી કેળવણીનો સવાલ રહેલો છે: ક્રાંતિનાં એંધાણુ એ છે.

વાચકને યાદ હશે કે, ૧૯૩૭-૩૮માં જ્યારે ગાંધીજીએ પોતાનો વિચાર રજૂ કર્યો, ત્યારે યુનિવર્સિટીના કેટલાક વાઇસ-ચાન્સેલરો ખળભળેલા, અને સ્વ૦ નામદાર શાસ્ત્રીએ તેમનો વિરોધ ગાંધીજીને લખેલો. ગાંધીજીએ તેનો જવાબ આપેલો, અને તે વખતે તો એમ જણાવીને એ સવાલ આટોપેલો કે, અત્યારે હું પ્રાથમિક સાત દસ વરસોના જ શિક્ષણની વાત કરું છું; તે હાથ પર લઈ, આગળનો વિચાર મોકૂફ રાખવો. આથી કરીને યુનિવર્સિટીઓ પાસું ફેરવીને પાછી ઊંઘી ગઈ; તે હવે પાછી સળવળે છે, કેમ કે પાયાની કેળવણીનો પ્રસાર તેમને હવે દાખવવા લાગ્યો છે. નીચેની ધરતી ડોલે પછી બીજું થાય શું?

મ૦

અંગ્રેજી જતું દેખાયું

આપણા દેશના શિક્ષણની ધરતી એ રીતે ડોલી કે, અંગ્રેજી તેના પાયામાં હતું ત્યાંથી તેને આઘું પાછું કરવાની વાત પાયાની શિક્ષણયોજનાએ ઉપાડી.

આ યોજનાની પહેલી અખિલ ભારતીય પરિષદ પૂનામાં ૧૯૩૮-૩૯માં મળી, ત્યારે ઠરાવ થયો કે, ભણતરનાં પહેલાં સાત વરસમાં અંગ્રેજીને સ્થાન ન હોય; સિવાય કે, બાળકની સ્વભાષા તે હોય. આ વિચારને મુંબઈ રાજ્યે ઉપાડી લીધો અને ધીમે ધીમે કરીને ૧૯૪૮-૪૯માં — બરોબર દસ વરસે અમલમાં આણ્યો. અને તેની સાથે ખળભળાટ જાગ્યો, જે હજી શમ્યો નથી. કોર્ટબાજી પણ તે અંગે થઈ.

આ બધામાં સરકારી શિક્ષણખાતાની દાનત સાફ હોત અને તે કાંઈક મક્કમતા બતાવત, તો આ પ્રશ્નનો નિકાલ સારો અને સરળ આવત. તેમ ન હોવાથી, હજી આ સવાલ શમતો નથી, અને તેને અંગે મક્કમ નીતિ આપીને સરકાર વાતાવરણ સાફ નથી કરતી. પણ આ હું તે લાંબો ઇતિહાસ અને તેનાં કારણો ચર્ચવાને માટે લખતો નથી. એટલું જ અહીં કહેવાનું કે, અંગ્રેજી આમ ખસતું જવાથી પલટો આવ્યો; નહીં તો યુનિવર્સિટીઓના પેટનું પાણી ભાગ્યે હાલત.

સ્વતંત્રતા આવ્યે, બંધારણે અંગ્રેજીના સ્થાન ઉપર મહોર મારી કે, ૧૫ વરસમાં તે પલટશે. અને શિક્ષણમાં માધ્યમ તરીકે તે ન ઘટે એ જે આપણા રાષ્ટ્રની કેળવણીનો એક જૂનામાં જૂનો મુદ્દો હતો, તે જોર પર આવ્યો અને તેનો અમલ કરવા માટે પગલાં શરૂ થયાં.

પાયાની કેળવણી સામે વિરોધનું મોટું કારણ આ બાબત બની છે. અંગ્રેજીની આસપાસ વહીવટી, શિક્ષણી, અદાલતી, તથા બીજાં અનેકવિધ સ્થાપિત વર્ગહિતોનું જે ચોકઠું જામ્યું છે, તે આ સુધારા સામે વિરોધનું એક પ્રેરક કારણ છે.

અને ભણેલા વિરોધ કરે ત્યારે તેની ઢબ સુફિયાણી અને સફાઈદાર તો હોવી ઘટે જ. એટલે, આ વર્ગ અંગ્રેજી સાહિત્ય અને ભાષાનાં ગુણગાન દ્વારા, જ્ઞાન અને ઉદારતા અને શિક્ષણનું ધોરણ અને એવી બધી અલક-મલકની વાતો કરે છે. જાણે કે, નવી કેળવણીનો વિચાર જ્ઞાનવિજ્ઞાનનો કે ભાષાશિક્ષણનો વિરોધી હોય એમ ગણીને આ વિરોધ-વર્ગ વાત કરે છે, ત્યારે તેમની દલીલશક્તિ વિષે પણ હસવું આવે એવું થાય છે.

મ૦

ચોપડી વિ૦ પ્રવૃત્તિ

પાયાની કેળવણીએ બીજો મુદ્દો જે મૂક્યો તે કેળવણીનું માધ્યમ ઉદ્યોગ અને જાતમહેનત તથા સેવા લેવું ઘટે કહ્યું તે. આ પણ એટલો જ ક્રાંતિકારી છે; પરંતુ તે હવે અને ધીમે ધીમે દાખવવા લાગ્યો છે.

શિક્ષણનું માધ્યમ ભાષા હોય, અને તે પણ પાછી પરભાષા! — આમ માનીને ચાલનારું અંગ્રેજી શિક્ષણજગત પહેલું તો આ વાત જ સમજ્યું નહીં. પણ જ્ઞાની લોક ન સમજે એવું તો હોય જ કેમ? એટલે તેઓ વાતને જ હસવા લાગ્યા અને કહેવા લાગ્યા કે, ગાંધીજી બધાં ક્ષેત્રોમાં માથું મારે એ કુટેવ શિક્ષણમાં નહીં ચાલે. અને આ બાબતમાં ગાંધીજી કોઈ ગ્રંથ લખી કાઢે તો તેઓ વળી તેને વાંચેય ખરા. પણ એવું તો આ માણસનું મળે નહીં; પછી તેની વાત સમજાય પણ કેવી રીતે!

અને બીજી બાજુથી, કેવળ ચોપડીને જ્ઞાનનું સાધન માનનારી આ શિક્ષણપ્રથા પોતાની વાત પર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૂળમાં જ ઘા કરે એવી વસ્તુને કેમ સાંખે ? વિરોધનું બીજું કારણ, ચોપડીચુંબક અને ગોખણપ્રધાન બની ગયેલી કેળવણી પરનું. આ પ્રવૃત્તિ અને ઉદ્યોગના માધ્યમની સૂચનાની અંદર રહેલું કટાક્ષ બન્યું.

શિક્ષણખાતું અને શિક્ષણપદ્ધતિકારો પણ આ નહીં સમજ્યા. તેમણે 'અનુબંધ'ની વાતોનાં વડાં કરવાનું ઉપાડ્યું; અને તકલીમાથી અકબર અને ઇતિહાસ ભૂગોળ વગેરે કાઢવાના ખેલ પાડવા માંડ્યા. કોઈએ તેમાંથી કળા તરફ પ્રયાણ જોયું. સૌએ એકસરખું જે કહ્યું તે એ કે, ઉદ્યોગમાંથી આવક થાય અને તેમાંથી શાળાનો ચાલુ ખર્ચ નીકળે. એ વાત ખોટી. આ પ્રકરણમાં ગમતની વાત એ હતી કે, આ જ મુદ્દાને ગાંધીજીએ પોતાની યોજનાની તેજાબી કસોટી કહી ! એના ઉત્તરમાં શિક્ષણ-જગતે કહ્યું કે, એ વાત જ ન કરો. પરિણામે ઉદ્યોગના મૂળ વિચાર જોડે રમત રમાયા કરી; અને પછી તેમાં ખર્ચ થયો તેની જ ફરિયાદ કરવા લાગ્યા ! હજીય તે જગતમાં એ ગપગોળો ચાલ્યા જ કરે છે કે, ઉદ્યોગથી શિક્ષણ ખરચાળ બને છે. પ્રયોગનાં પરિણામો રજૂ કરીને આ પરપોટો હવે ફોડવો જોઈએ.

૨૩-૧૧-'૫૪ મ૦

બે પાયાગત સુધારા

સમાજજીવનનો આધાર શ્રમમૂલક પ્રવૃત્તિ અને પેદાશ છે. તેને માટે મનુષ્યે જ્ઞાનવિજ્ઞાન ખીલવ્યાં છે તથા ભાષા અને સાહિત્ય સરજ્યાં છે. તેથી કેળવણી પણ જીવનના આ મૂળભૂત સિદ્ધાંત પ્રમાણે, જીવનને વફાદાર હોવી જોઈએ, નહીં તો તે કેળવણી કેળવણી નહીં રહે; — આ વસ્તુને ગાંધીજીએ 'ઉદ્યોગ દ્વારા કેળવણી' સૂત્ર મારફતે વર્ણવી, અને રાષ્ટ્રીય શિક્ષણના પોતાના પ્રયોગ દ્વારા તે વિચારને શિક્ષણમાં ઉતારવાને માટે અનુભવસિદ્ધ કાર્યક્રમ મૂકયો. આ રીતે લોકજીવનને માટે જરૂરી ઉદ્યમિતા બાળકમાં કેળવવી અને તે સમજપૂર્વક કરવું; તો બાળકનું ઘડતર થવાની સાથે તેનું જ્ઞાનવિજ્ઞાન પણ, પચે એવા રૂપે અને ક્રમે તથા માત્રામાં, તેની સાથે જડાઈ-વણાઈને થશે, — બોજારૂપ વળગાડ તે નહીં હોય; અને તેની પ્રતિભાને અને સર્જનશક્તિ તથા વિકાસને દાબક અને મારક નહીં, પણ પ્રેરક અને પ્રકાશક તે બનશે. આ ગાંધીજીની ટૂંકી વાત હતી.

તેમાં પણ એમણે એક વાત ક્રિયાત્મક રૂપે મૂકી. તેમની ક્રાંતિની રીતની ખાસિયત જ એ છે કે, કેવળ સિદ્ધાંત નહીં, પણ તેને અમલી બનાવે એવો ક્રિયાત્મક માર્ગ પણ હોવો જોઈએ. અહીંયાં તેમણે કહ્યું,

૧. રાષ્ટ્રને પોષક અને આખા પ્રજાજીવનને વ્યાપે એવો ઉદ્યોગ બાળકો માટેય હોઈ શકે છે અને તે શિક્ષણમાં તેના અંતર્ગત ભાગ કે વાહન તરીકે લેવો.

૨. અને તેની સમજ, જ્ઞાનનાં અંગઉપાંગોમાં જઈને, બાળકને પચે એ ઢબે આપવી, અને તે આપવાને માટે બાળકની સ્વભાષાનું જ માધ્યમ ઘટે છે.

આ બે વિચારથી બેત્રણ મોટા સુધારા શિક્ષણમાં શરૂ થયા — ૧. શિક્ષણમાં ઉદ્યોગને સ્થાન આપવું ઘટે, જેથી ચોપડીવખુ શિક્ષણ સુધરે; ૨. માધ્યમ સ્વભાષા ઘટે; ૩. અભ્યાસક્રમ કેવળ કાલ્પનિક કે કૃત્રિમ ન રહેતાં, જીવનમૂલક અને તેને સમજવાને માટે તથા તે જીવવાને માટે જે જરૂરો ફૂટતી જાય, તેના અનુબંધમાં જીવંત અને સાચો તથા સહજ બને.

ઉદ્યોગમાં ગાંધીજીએ પોતાના અનુભવમાંથી મળેલી ખાદી સૂચવી. ખેતી વગેરે બીજું પણ લઈ શકાય; પરંતુ તે બાળકને ફાવે એવું અને શાળાતંત્રમાં અને શિક્ષણયંત્રમાં ઊતરે ને નભે એવુ હોવું ઘટે.

કરોડો બાળકો ભણતાં ભણતાં ખાદીકામ કરે તો શિક્ષણમાં ક્રાંતિ જ નહીં, તેમાં એક મોટી આર્થિક અને ઔદ્યોગિક ક્રાંતિ પણ સંતાયેલી છે. યંત્રોદ્યોગના સુધારાથી મોહાયેલા વર્ગના લોકને આમાં સુધારાની વિમુખતા લાગી, અને શ્રી મીરઝા ઇસ્માઇલ જેવા શાણા ગણાતા માણસ એવુ બોલી પણ બેઠા ! સુધારાનું મક્કાધામ જેમને મન પશ્ચિમ જ હોય, તેઓ આમ અકળાય અને બોલે, તો તે સમજી શકાય એવું છે. અને જે સમજે તે ગુસ્સે ન થતાં શાંત થાય, એ સાચી સમજની કસોટી છે. ધરતી ડોલે તો જૂના પોપડા ઊંચા નીચા થઈ તતડે અને તેમાં તરાડો પડે, એ પલટાની કુદરતી પ્રક્રિયા જ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગાંધીજીના આ વિચાર સામે બીજા બીજા જાણીતા વિરોધીઓમાં જાણવા મળે છે એક શ્રી અમરનાથ ઝા. શ્રી સંપૂર્ણાનંદે પણ એક જ્ઞાનાભાસી દલીલ કરી શિક્ષણની આ ઉદ્યોગ–પદ્ધતિ સામે વાંધા લીધા છે. અને એ તાજેતરમાં એનું બયાન કર્યું છે, તેથી તેની નોંધ લેવી ઘટે.

શ્રી ઝાનો વિરોધ

શ્રી ઝા એ જ સમજી શકતા નથી કે 'પાયાની' કહેવાતી નવી કેળવણી એ વળી છે શું! તે કહે છે કે, એક નવી કેળવણી નીકળી છે કે જે 'બેઝિક' કહેવાય છે! તેમને જે વાંધો છે તે એ છે કે, આ કેળવણીની વાત કરનારા ભાષા, ઇતિહાસ, ઇ૦ ના જ્ઞાનની ઉપેક્ષા કે અવજ્ઞા કરે, એ બરોબર નથી. ઉદ્યોગને શિક્ષણમાં દાખલ કરો, એમાં એમને વાંધો નથી; પણ જ્ઞાનની ઉપાસના શિથિલ ન થાય, એ એમની ચિંતા લાગે છે. અને જો જૂના માળખામાં તે થતી હતી, — કે જે રીતે તેમણે કરી હોઈ, તેને માટે તેમને પૂર્વગ્રહ બંધાઈ જાય એ ઉઘાડું છે; — તે રીત નહીં ટકે, તો કોણ જાણે શું થશે, એવી ભીતિ એમને ઊંડે ઊંડે સતાવી રહી હોય એમ લાગે છે. પણ તેમના જેવા જ્ઞાન- અને વયો- વૃદ્ધ વર્ગે એવી ભીતિ રાખવાનું કારણ નથી. હિંદ સ્વરાજ લાવ્યું છે તે જ્ઞાન વિજ્ઞાન અને સ્વમાન તથા જીવનશક્તિ સુધારવાને અને વધારવાને માટે લાવ્યું છે. તે અર્થે સુધારા કરવા માટે મથીએ છીએ, તેમાં ભૂલ ન થાય એ સાવધાની જરૂર રાખવી ઘટે. પણ જૂના-પરસ્તી અને અનુકરણ એ સાવધાની નથી.

સંપૂર્ણાનંદનો વાંધો

શ્રી સંપૂર્ણાનંદે પોતાનો વાંધો એક મનનીય લેખ દ્વારા વ્યક્ત કર્યો છે. તે એમ કહે છે કે, રોટલો કમાવો અથવા જીવનમાં આર્થિક ઉપયોગિતા એ કાંઈ જ્ઞાનનો ઉદ્દેશ નથી. તેથી ઉપજાઉ કામ અને બેકારી-નિવારણને દૃષ્ટિમાં રાખીને શિક્ષણનો વિચાર કરવામાં દોષ ગણાય. માટે ઉદ્યોગ દ્વારા કેળવણીના સૂત્રમાં માનનારાઓ આ વિષે સંભાળે એ જરૂરી છે. કાંઈક એને જ મળતી દલીલ શ્રી ઝાએ પણ કરેલી છે.

ગાંધીજી શિક્ષણને કેવળ રોટી પૂરતું માનીને વિચારનારા નહોતા. એટલે આ વર્ગના લોકે માનવ-વિકાસની આધ્યાત્મિક વગેરે બાજુઓનો વિચાર કે ચિંતા ગાંધીજી કરતાં વધારે કરવાની જરૂર નથી. અને અંગ્રેજી કેળવણીએ જે આધ્યાત્મિકતા ઇ૦ નો વિકાસ કે અવિકાસ કર્યો છે, એ સૌ હવે તો જાણે છે. એટલે, રોટી અને આર્થિક ઉપયોગિતા ઇ૦ ના દોષ પાયાની કેળવણીને માથે મઢવાની વાત છોડીને, ખરેખર જે વાંધો હોય તેનો મુદ્દો કહેવો ઘટે છે, અને તે મુદ્દો શ્રી સંપૂર્ણાનંદે આવા શબ્દોમાં કહ્યો છે:

> "હિંદના ઋષિમુનિઓના બોધમાં માનનારા અમે એમ માનીએ છીએ કે, જીવાત્માનું સ્વરૂપ જ્ઞાન છે– જીવાત્મા જ્ઞાનરૂપ છે, અને તેનો શ્રેષ્ઠ પુરુષાર્થ આત્મ-સાક્ષાત્કાર છે. સામાજિક, આર્થિક કે શૈક્ષણિક એવી કોઈ યોજનામાં જ્ઞાનને ઉચ્ચ સિંહાસને મૂકવું જોઈએ, અને તેને પોતાનું જ સ્વતંત્ર મહત્ત્વ છે, એમ તેનો આદર કરવો જોઈએ; ક્યાંક કશોક તેનો ઉપયોગ થઈ શકે છે, તેવી એની બાજુ સાથે તેનો કોઈ રીતે સંબંધ ન તાકવો."

જ્ઞાન અને કર્મ

બ્રાહ્મણસંસ્કૃતિના આપણા જ્ઞાન-પરાયણ પ્રાચીન દેશમાં આવી નિતાન્ત નિરપેક્ષ જ્ઞાનોપાસનાની દલીલ સામે શું કહેવું? શું કહી શકાય? માત્ર એટલું જ કે, તેમાં જેને જ્ઞાન કહ્યું છે તે જુદી વસ્તુ છે; આજે યુનિવર્સિટીઓ અને તેને ચલાવનારા જેને જ્ઞાન કહી કૂટી મારે છે તે પેલું જ્ઞાન નથી.

અને બીજું એ કહેવાનું કે, સાચી જ્ઞાનોપાસના એ કર્મવિમુખ નથી, કે જેવું કાંઈક સંપૂર્ણાનંદજી કહેતા લાગે છે. ગીતાકારે આ સવાલને ચર્ચ્યો છે, તેનો ઉલ્લેખ કરવો અહીં બહુ ઉચિત અને સ્થાને લાગે છે.

ગીતાકારે જ્ઞાન શાને કહ્યું છે? જુઓ ગીતા અ૦ ૧૩ શ્લો૦ ૭થી ૧૧. (આ અંકના પૂઠા પર આ શ્લોકો ઉતાર્યા છે.)

આવું જ્ઞાન સદાયં સર્વ યોજનાઓમાં જરૂર ઉચ્ચ સિંહાસને બિરાજે.

પણ ઉત્પાદક કામ કરવું એમાં જ્ઞાનોપાસના નથી, એવો ખ્યાલ જ્ઞાનને નામે ખપાવવો, એ. તે કેવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહેવાય ? આવી વિપરીત ભૂલ થવી, એ પણ જૂની વાત છે. ગીતાકારે તેને બે નિષ્ઠા કહીને વર્ણવી છે– જ્ઞાનનિષ્ઠા અને કર્મનિષ્ઠા (અ૦ ૩–૩) અને તેમની ચર્ચા કરીને તે અંતે જણાવે છે, "આ બેને અલગ સમજવાં એ કેવળ બાળબુદ્ધિ છે. જે બંનેને એકરૂપ જુએ છે તે સાચું જુએ છે." (અ૦ ૫–૪, ૫)

શ્રી સંપૂર્ણાનંદ જેવા પ્રાચીન સંસ્કૃતિના અભિમાની વિદ્વાન આપણા યુગના મહાન કર્મયોગીએ શિક્ષણમાં કર્મયોગ ઉતારનારી એવી શિક્ષણયોજના આપી, તેને જ આમ નિંદે, એથી દુઃખ થાય છે. તેમના જેવાએ તો આ મહાન શિક્ષણમંત્રમાં રહેલી પ્રાચીન આર્ષ શક્તિને પ્રગટ કરવા વિવેચન કરવાં જોઈએ, અને તેના જે ખોટા અર્થો તથા ભ્રામક પ્રયોગો આજે સરકારો ને શિક્ષણકારો કરે છે, તેમાંથી તેની મૂળશક્તિને બચાવવા ઉગ્ર પ્રયત્ન આદરવો ઘટે છે.

૨૪–૧૧–'૫૪ મ૦

યુનિવર્સિટી અને સરકાર

વાઈસ-ચાન્સેલરની નિમણૂક કઈ ઢબે કરવી, એ વિચાર આજકાલ ચર્ચાવા લાગ્યો છે. યુનિવર્સિટી સુધારામાં આ એક મહત્ત્વનો મુદ્દો તો ખરો જ, કેમ કે આ પદ તે સંસ્થાનું મુખ્ય છે.

આ અંગે હમણાં એક એવી ભલામણ નીકળી છે કે, દિલ્હી યુનિ૦માં છે તેમ કરવું સારું ફાવશે. જાણવા મળે છે તે પરથી કહું છું કે, ત્યાં એવું છે કે, 'વિઝિટર' (એટલે ચાન્સેલર) બે નામ આપે, સિન્ડિકેટ એક નામ આપે; આ ત્રણમાંથી એકને 'વિઝિટર' વા૦ ચા૦ તરીકે નીમે.

આ પ્રથાનો સાર એ છે કે, ચાન્સેલર નિમણૂક કરે; માત્ર તે અમુક ત્રણની યાદીમાંથી કરે, જેમાંનું એક નામ સિન્ડિકેટ કહે તે હશે. મતલબ કે, ચૂંટણી નહીં.

આ નવી વાત નથી. ગુજરાત યુનિવર્સિટીમાં ચારની યાદી સેનેટ કરે તેમાંથી એકને ચાન્સેલર નીમે એમ છે. ઉપરની સૂચનામાં વિચિત્ર એ લાગે છે કે, વિઝિટર બે નામ કહે અને પાછા પોતે જ એકને નીમે, એ કેવું ! તો પછી સિન્ડિકેટ પાસે નામ માગવાનો અર્થ શો રહ્યો ? નીમનાર અને નામ સૂચવનાર એક જ હોય એ ઠીક નથી.

પણ સવાલ તો એ છે કે, ચૂંટણીથી જ કેમ નહીં ? આજે આ વિચાર ઝટ ગળે નહીં ઊતરે. પણ છેવટે સ્વાભાવિક માર્ગ તો એ જ ઠરશે. સરકારનો પ્રભાવ અને તેની દખલ યુનિવર્સિટી અને શિક્ષણ પર ઓછાં થતાં જાય, એ બહુ જરૂરી છે; તે તરફ હવે જાગ્રત ભાવે વિચાર થવા જોઈએ. પરંતુ જૂના અંગ્રેજી રાજ્યની નોકરશાહી પ્રથાના લિસોટા ભૂંસતાં વાર લાગે; એમ છતાં તે ભૂંસવા માંડવાની હિંમત કરવી જોઈએ.

૨૪–૧૧–'૫૪ મ૦

હિમાલયની ઊંચાઈ

હિમાલયની ચોકસ ઊંચાઈ નક્કી કરવા માટે સરકારી તદ્વિદો બેચાર વરસથી મંડેલા. તેમણે હવે જાહેર કર્યું છે કે, દસ ફૂટ આમ તેમ ભૂલ હશે, બાકી તેની ઊંચાઈ ૨૯૦૨૮ ફૂટ આવે છે. છેલ્લાં સો દોઢ સો વરસથી મનાતી ઊંચાઈમાં થોડાક ફૂટનો વધારો છે.

સામાન્ય માણસને થશે કે, આમાં વળી આટલી બધી માથાફોડ શું કામ પંડિતો કરતા હશે ? પણ થોડા વખત ઉપર ગાંધીજીની ઊંચાઈ કેટલી, એ વિષય વાદ નહોતો જાગ્યો ? પંડિતો કેટલીક વાર 'अव्यापारेषु व्यापार:' કરતા લાગે છે, એ જ તો આપણ સામાન્ય માણસની મગજશક્તિની સામાન્યતા બતાવે છે ને !

હિમાલય ચડવા માટે પ્રયત્નો થાય છે; તેમ જ ગાંધીજી ચડવા માટેય પ્રયત્નો થવા ન જોઈએ ?

પહેલા આરોહણની તાલીમ આપવાને માટે હવે દાર્જિલિંગમાં શાળા નીકળી છે અને પર્વતારોહણવીર તેનસિંગ શરપા તેમાં કામ કરશે. આ આનંદની વાત છે. એ રીતે આપણી રાષ્ટ્રશક્તિ સમૃદ્ધ બનશે. બાજા આરોહણની તાલીમ પણ આપવા જેવી તો ખરી; તેની શાળા બધે જ છે, તે તરફ પણ ધ્યાન જાય તો ગાંધીજીની ઊંચાઈ આપણે માપી શકીશું. ગાંધીજીની ઊંચાઈ માપવાનો અને ચડવાનો એ હિમાલય, ગાંધીજી કહેતા હતા તેમ, આપણા દરેકના દિલમાં રહેલો છે તેથી તેની પર ચડવું પાસે જ છે, અને દરેક માટે શક્ય છે; પણ તે અઘરું છે, કેમ કે ઘણી વાર તે દેખાતું નથી.

૨૪–૧૧–'૫૪ મ૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઇતિહાસ અને દંતકથા

[દિલ્હી પાસે ફરીદાબાદથી એક બહેન લખે છે:—

"અમે દિલ્હી પાસે વસેલા નિરાશ્રિતોના શહેર ફરીદાબાદમાં ત્રણ વર્ષથી રહીએ છીએ. પાસેના નાનકડા ગામના એક જણને નોકર રાખ્યો છે. એની સાથે એક દિવસ સહેજ વાત નીકળતાં, પૂ. બાપુના ખૂન વિષેની વિકૃત વિગત જાણવા મળી, જે આપની જાણ માટે લખું છું. લોકોક્તિનાં તથ્યો કેટલાં કાલ્પનિક હોય છે અને તેથી ઇતિહાસની વિગતો પર કેટલો આધાર રાખી શકાય, એ વિશે શંકા થાય છે.

"સુખપાલે (નોકરનું નામ) મને કહ્યું કે, એણે પૂ. બાપુનું ખૂન નજરે જોયું છે. અને તેની વિગત આ પ્રમાણે કહી: બિરલા મંદિરમાં ગાંધીજી આરતી કરતા હતા ત્યારે, ત્યાં દર્શન કરવા મળેલા લોકોમાંથી એક જણે એમને ગોળીથી ઠાર કર્યા. તે વખતે ત્યાં પોલીસ પણ ઘણી હતી અને પેલા માણસને પકડી લીધો.

"મને આ સાંભળી દુઃખ થયું. એને સાચી વિગત સમજાવી; ત્યારે એણે કહ્યું કે, એ તો ગામમાં જેવી વાતો થાય, એવી અમે કહીએ. (પાછળથી એ સ્મશાન-યાત્રામાં ગયો હતો.)

"આપણી કથા–ચાહક જનતા આ સાચું માને તેમાં શી નવાઈ! અને ફરીદાબાદ દિલ્હીથી ફક્ત અઢાર માઈલ દૂર છે એ પણ એક નવાઈ નથી?"

વાતમાં, પ્રાર્થનાસભાની જગાએ મંદિરની આરતીપૂજા આવી; પછી બિરલા હાઉસની જગાએ બિરલા મંદિર આવે, એ સુસંગત છે અને માની શકાય એવું લાગે; નહીં તો ઇતિહાસમાં સંશોધન કરવાની જરૂર પડે! અને 'જાતે જોયું છે' એમ કહેવાથી ખાસ વાંધો નથી જણાતો! ઇતિહાસ કહેવાતી કેટલીય વિગતોમાં શું શું આમ થયું હશે, તે તો ઇતિહાસેશ્વર જાણે. છતાં ઇતિહાસને આપણે છોડી ન શકીએ, કેમ કે એ માનવ–મગજની વિચાર કરવાની ઢબમાં જડાયેલું સાધન છે. માત્ર ઇતિહાસનો અર્થ સ્પષ્ટ અને સાફ હોવો જોઈએ. તે દ્વારા અમુક તમુક હકીકત નહીં, પણ માનવનું સનાતન તત્ત્વ પકડવું છે. "इतिहास-पुराणाभ्यां वेदं समुपबृंहयेत ।" (મહાભારત ૧-૧-૨૬૦)

૨૪-૧૧-'૫૪ મ૦

વડા પ્રધાનની ચીનની મુલાકાત

શ્રી જવાહરલાલની ચીનની મુલાકાત સંબંધી ભારે યશોગાન કરતાં છાપાંઓ થાકતાં નથી. અને એ વસ્તુ બરાબર અને ઉચિત છે. પરંતુ એ બાબતમાં એક પ્રકારનું ભોળપણ અને બાલિશતાભર્યો અહોભાવ પણ જોવામાં આવે છે. એ વસ્તુ આપણા જેવી પ્રૌઢ પ્રજાને માટે સારી નથી.

મારા ઉપરના આ કથન વિષે વાચકો ગેરસમજ ન કરે એવી આશા હું રાખું છું. આપણા વડા પ્રધાને ચીન તેમ જ અગ્નિ એશિયાના મુલકોની ઊડતી મુલાકાત લેવાનો નિર્ણય કર્યો, એ એક જબરદસ્ત અને બહાદુર પગલું હતું. પશ્ચિમના સોવિયેટવિરોધી જૂથના દેશો એને વિષે ગેરસમજ કરે, એ બનવા જોગ છે; અને આ ઘડીએ તે એવી ગેરસમજ કરે એ, આર્થિક દૃષ્ટિથી જોતાં, આપણને ફાયદાકારક ન થાય; કારણ કે, આપણે જાણીએ છીએ કે, શ્રી નેહરુ ચીનની મુલાકાતે ગયા તે જ વખતે તેમની કૅબિનેટના એક સભ્ય અમેરિકામાં (ભલે કશી શરત વિનાની છતાં) આર્થિક મદદ મેળવવાના પ્રયાસ કરી રહ્યા હતા. પરંતુ વડા પ્રધાનની ચીનની મુલાકાતની પાછળ એવું અતિશય ઉચ્ચ ધ્યેય રહેલું હતું કે, આવા કશા ભૌતિક લાભની ગણતરીઓ તેના પર કોઈ પણ પ્રકારની અસર કરી શકે નહીં. એ મુલાકાત હિંદ માટે, એશિયાને માટે સુલેહશાન્તિને અર્થેનું મિશન હતું. અને કદાચ તેમનું એ પ્રયાણ સમગ્ર દુનિયાને માટે પણ સુલેહશાન્તિનું મિશન નીવડે. અને એ ચર્ચિલના બળના સિદ્ધાંત દ્વારા, એટલે કે, લશ્કરી બળ દ્વારા, અથવા સંયુક્ત રાષ્ટ્રસંઘના 'સામુદાયિક સલામતી'ના સિદ્ધાંતની અમેરિકન આવૃત્તિ દ્વારા, એટલે કે, આખી દુનિયામાં ઠેકઠેકાણે લશ્કરી છાવણીઓ રચીને નહીં; પણ માનવી આ અવનિ પર શાન્તિથી જીવવા ઇચ્છતો હોય, તો એ માટે કુદરતે તેને આદેશેલા માનવજાતના સર્વ પ્રજાઓએ સમભાવપૂર્વક સાથે રહીને જીવવાના નિયમની શુદ્ધ હિમાયત દ્વારા સુલેહશાન્તિ માટેનું મિશન હતું. આપણા વડા પ્રધાનના નેતૃત્વ નીચે, એક પ્રજા તરીકે આપણે આવા ઉમદા મિશનના અગ્રણીઓ બન્યા છીએ, એને માટે આપણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગૌરવ અનુભવીએ, એ સ્વાભાવિક છે. એ દર્શાવે છે કે, આપણે આપણા મહાન રાષ્ટ્રપિતાની વફાદાર પ્રજા બનવાને પાત્ર છીએ. આમ છતાં, ગૌરવની આવી લાગણી પર આપણે એક પ્રકારનો શાણપણ-ભર્યો સંયમ રાખવો ઘટે; એક પ્રજા તરીકે આપણે સમધારણની અને સપ્રમાણતાની સ્વાભાવિક લાગણી કેળવવી જોઈએ. એ આપણું પ્રજાકીય પ્રૌઢત્વ બતાવે. એક પ્રજા તરીકે આવું ગૌરવ અને આવી વીરપૂજા સમજી શકાય એવી વસ્તુ છે. પરંતુ એને મર્યાદા હોય છે. એ મર્યાદાનું આપણે ઉલ્લંઘન કરીએ, તો આપણે સ્વેચ્છાએ નિર્માણ કરેલા આપણા પ્રજાસત્તાક રાજ્યનો સંગીન લોકશાહી વિકાસ જોખમાય એવો ભય રહે છે.

૫-૧૧-'૫૪ મ૦

(અંગ્રેજી પરથી)

રાજકારણ અને રાષ્ટ્રકારણ

પં૦ જવાહરલાલજી ચીન ગયા તે પહેલાં એક મોટો ગોળો ગબડાવતા ગયા હતા: તેમણે એક જાહેર નિવેદન કરીને કહ્યું કે, હું ચિંતન મનન વ૦ માટે, કૉંગ્રેસના પ્રમુખપદેથી તથા વડા પ્રધાનપદેથી અમુક વખત નિવૃત્ત થાઉં તો કેવું, એમ વિચારું છું.

સ્વાભાવિક રીતે, આથી ભારે અને જાત જાતનાં મનોમંથનો અને ભાત ભાતના તર્કવિતર્કો શરૂ થયાં. "જવાહરલાલ પછી કોણ?"—એ વિચાર પણ પાછો ચાકે ચડ્યો. મહાકાંક્ષી લોકોમાં નવી નવી જગાઓ માટે પણ મનમાં તરંગો જાગ્યા હશે. આપણા દેશની આજની સ્થિતિમાં આ બધું સ્વાભાવિક છે.

એક વસ્તુ બધાના ધ્યાનમાં આવી હશે કે, કૉંગ્રેસ અંગે કરતાં સરકારનાં પદો અંગે વધારે ચર્ચા ચાલી. એમાં કૉંગ્રેસ સંસ્થા ધીમે ધીમે ફીકી થતી જાય છે, એ જણાય છે.

રાજકારણ અને રાષ્ટ્રકારણ એકમેક સાથે સંકળાયેલાં હોવા છતાં, એ જુદી વસ્તુઓ છે. પૂર્વ-સ્વાતંત્ર્ય યુગમાં કૉંગ્રેસમાં તે ભેગાં થઈ એક બન્યાં હતાં. હવે નવા સ્વરાજ યુગમાં શું?—એ સવાલ આપણી પ્રજા પ્રયોગ દ્વારા અનુભવ લેતાં લેતાં ઉકેલતી જાય છે. એવા પ્રયોગો રાજકારણક્ષેત્રમાં શરૂ થયા છે.

રાજકારણ એ રાજ્યસત્તાનું કામ છે; રાષ્ટ્રકારણ એ રાષ્ટ્રની પ્રજાનું કામ છે. પહેલાની સરખામણીમાં બીજું કામ વધારે વ્યાપક છે. એનું લોકવ્યાપી અને લોકોને ગોઠે એવું યંત્ર-તંત્ર નિર્માણ કરવું, એ કામ રાષ્ટ્રકારણનું છે. તેના નેતાઓ અને રાજકારણના નેતાઓ અવશ્ય એક હોવા જોઈએ એવું નથી; બન્ને નોખી નોખી વૃત્તિ માગે છે. જોકે, બંને માટે ઘટતી વૃત્તિઓ એકની પાસે ભેગી હોય એવી વ્યક્તિઓ હોય; અને રાષ્ટ્રજીવનમાં એવો સંજોગ પણ હોય કે જ્યારે તેવી વ્યક્તિઓ બંને કામની જવાબદારી ઉપાડે, એ ઠીક હોય. આપણા દેશમાં એવા સંજોગનો સમય હતો, અને તેમાંથી હવે આપણે નીકળવા વખત આવ્યો છે, એમ લાગે છે. આપણા લોકજીવનની પ્રગતિનું એ ચિહ્ન ગણાય.

૨૫-૧૧-'૫૪ મ૦

નિવૃત્તિની જરૂર

યુવક કૉંગ્રેસ નામે, પાછી યુવક-પ્રવૃત્તિ દેશમાં જાગવા લાગી છે. આ પણ નવા યુગની નિશાની મનાય. બાપ બેટા પેઢી વચ્ચે અમુક સોરાબ-રુસ્તમી તો હોય જ છે. એ એક સનાતન લક્ષણ છે. ઘરમાં જ નહીં, સમાજમાં પણ. એટલે જ તો એનો ઉકેલ દરેક સમાજ પોતપોતાની રીતે વિચારી લે છે; એની સંસ્કૃતિનું એક તત્ત્વ જ એ હોય છે. જેમ કે, હિંદ અને ચીનની સંસ્કૃતિમાં પિતૃઓનાં આદર અને સન્માન સેવા-શુશ્રૂષા એક પાયાનો ધર્મ જ મનાયો. 'પિતૃદેવો ભવ' આદેશે આપણાં સંસારમાં કેટકેટલી સોરાબ-રુસ્તમીને ઓગાળી કાઢીને સુખસમાધાન અર્પ્યાં છે, તેની ગણતરી ન કરી શકાય.

આપણી સંસ્કૃતિએ બીજું પણ એક તત્ત્વ આંક્યું હતું, અને તે વ્યક્તિની જીવનવ્યવસ્થામાં સેવાર્થે વાનપ્રસ્થનું તથા મોક્ષાર્થે જ્ઞાનસંન્યાસનું ધ્યેય. આ આદર્શ ક્ષત્રિયો માટે ખાસ હતો. એટલે કે, સત્તા પરત્વે આને માટે વિશેષ ધ્યાનની જરૂર મનાતી હતી. હિંદના સમાજકારણ તથા રાજ્યકારણમાં અને વ્યક્તિવિકાસમાં પણ, જીવનવ્યવસ્થા વિષેનો ચાર આશ્રમોનો આ આદર્શ હિંદે પાછો વિચારવો જોઈએ. તેમાં રહેલું સનાતન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તત્ત્વ નવા યુગને અનુરૂપ ઢબે પાછું સજીવન કરવું ઘટે છે. આપણી સંસ્કૃતિના પાયામાં રહેલી થોડીક બાબતોમાંની આ એક છે, એ ભૂલવું ન જોઈએ.

૨૫-૧૧-'૫૪ મ૦

સર્વરાષ્ટ્રસમભાવ

હમણાં આંતરરાષ્ટ્રીય રાજ્યકારણમાં 'કો એગ્ઝિસ્ટન્સ' શબ્દ બહુ વપરાવા લાગ્યો છે. એનો ભાવ તો સાવ સાદો છે—સૌ સૌની રીતે જીવન ગાળો અને રમીગમીને સાથે રહો અને સામાને રહેવા દો.

આ ભાવ, ખરું જોતાં, સર્વ પ્રકારના જીવનનો મંત્ર છે. પરંતુ રાજ્યો કે રાષ્ટ્રોનો વ્યવહાર એ નહીં માનતો. રાજસૂયયજ્ઞને નામે કે સમ્રાટપદની મહાકાંક્ષાથી કે ત્યાર બાદના અત્યારના યુગમાં લોભી વેપારના સામ્રાજ્યવાદથી રાજ્યો માંહોમાંહે મારામારી કરતાં રહ્યાં છે. પોતાનાં ધર્મ અને સંસ્કૃતિ કે વિચારસૃષ્ટિ ફેલાવવા માટેય મારામારી અને દાવપેચ થતા રહ્યા છે. આજે પણ એ ચાલે છે. તેથી રાષ્ટ્રો વચ્ચે શાંતિ સ્થાપવાને માટે ઉપરનો શબ્દ વાપરીને, પેલું સનાતન સમભાવનું જીવનસૂત્ર આગળ આવ્યું છે. એ એમ કહે છે કે, દરેક રાષ્ટ્ર સરખા માનને પાત્ર છે, કોઈ ઊંચુંનીચું નથી; પોતપોતાનાં સ્વધર્મ સંસ્કૃતિ દ્વારા સૌ સાથે રહીને પોતપોતાનો જીવનમાર્ગ કાપે; આવો સર્વરાષ્ટ્રસમભાવ એ 'કો-એગ્ઝિસ્ટન્સ' છે. જગતની શાંતિને અર્થે જેમ સર્વધર્મસમભાવ, સર્વભાષાસમભાવ, તેમ જ સર્વરાષ્ટ્ર સમભાવ પણ નવો યુગધર્મ છે. એ જો આંતરરાષ્ટ્રીય રાજકારણ હવે સ્વીકારે તો જગત એક ડગલું શાંતિમાર્ગે આગળ વધે. 'કો-એગ્ઝિસ્ટન્સ' એવા સમભાવી રાષ્ટ્રજીવનનો વાચક છે.

૨૫-૧૧-'૫૪ મ૦

કોણ જીત્યું ?

જર્મની અને જાપાન ગયા વિશ્વયુદ્ધમાં હાર્યાં અને પરરાજ્યની એડી તળે પહોંચ્યાં. હવે તે બેઉ તેમાંથી નીકળ્યાં છે;—જોકે જર્મની આખું નથી નીકળ્યું, તેનો પૂર્વ ભાગ હજી રશિયાના વર્ચસમાં અલગ છે.

જાપાનમાં અમેરિકન કબજો હતો તે દરમિયાન મૅક આર્થરે તે દેશમાં લોકશાહીના પાઠ ચલાવ્યા, એમ કહેવાય છે. તે કાળ દરમિયાન તે દેશમાં કામધંધા ખૂબ વધ્યા અને લશ્કરી ખર્ચ ઝાઝો કે કાંઈ નહીં. જર્મનીમાં પણ એવું થયું. પરિણામે, બંને દેશોમાં પેદાશ ને કામધંધા પાછાં તાજાં થઈ ગયાં.

પછી આગળ ચાલતાં એમ વિચારવાનું આવ્યું કે, આ બંને દેશો સાથે સલાહ કરી તેમને પાછા મુક્ત કરવા જોઈએ અને લશ્કરી કબજો લીધેલો તેનો અંત આણવો જોઈએ. પણ તેના રક્ષણનું શું કરવું?

આ વિચાર કરનારાં રાષ્ટ્રો તે અમેરિકા, ફ્રાન્સ, ઈંગ્લન્ડ વગેરે, કે જે તેમને હરાવનારા હતા. તેઓ જ હવે તેની સલામતીની ચિંતા કરવા લાગ્યાં!

એ વિચારમાં મુદ્દો એ હતો કે, આ દેશો રશિયાના સોવિયેટ જૂથના વર્ચસમાં ન જાય અને અમેરિકા આદિના મિત્રજૂથમાં રહે. આથી કરીને જર્મની અંગે ટૂંકમાં 'નાટો' (NATO) તથા જાપાન અંગે 'સ્કાપ' (SCAP) કહેવાતી લશ્કરી યોજનાઓ થઈ. એ બે સલામતી-વ્યૂહમાં બે નવા રાષ્ટ્રને ગોઠવી દઈને પાછા સ્વતંત્ર ગણવામાં આવ્યા. આ બે રાષ્ટ્રોની અપાર માનવશક્તિ અને તેમનું યુદ્ધબળ, આગળ ઉપર ન-કરે નારાયણ અને લડવાનું થાય તો, તૈયાર કરાવવાં અને આપણા વળમાં લેવાં, એ ઇરાદો આમાં ઉઘાડો છે.

સારાંશ, બંને દેશો અર્થમાં ને યુદ્ધમાં પગભર કરાયા અને તે એમના જ વિજેતા રાષ્ટ્રોના ધનથી અને ટેકાથી! આજના યુદ્ધની આ ખૂબી જ નહીં?

આ જોઈ ને, કોઈ રાષ્ટ્રે હવે પછી યુદ્ધમાં પડતી વખતે એવી જ પ્રાર્થના ના કરવી જોઈએ કે, હે પ્રભુ, તું અમને હાર જ આપજે, જેથી અમને હાર મારફતે જીતનો લાભ મળે! કેમ કે, જીતનારાની દશા પણ હારનાર જેવી જ થાય છે. મહાભારતનો સનાતન પાઠ છે કે, યુદ્ધમાં જીતનાર જીતતો નથી — તેય હારે છે; અને હારનાર છેવટે હારતો નથી.

યુદ્ધથી કોઈ પણ માનવતા-પ્રેરક લાભ થતો નથી. તો પછી કોણ જીત્યું અને કોણ હાર્યું? બંને હાર્યાં; અને જો ફરી ન લડવું જોઈએ એમ સમજે તો બંને જીત્યા.

૨૪-૧૧-'૫૪ મ૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

IR 696
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ર. નં. બી. ૪૩૦૭

જ્ઞાન એટલે શું?

अमानित्वमदंभित्वम् अहिंसा क्षांतिरार्जवम् ।
आचार्योपासनम् शौचं स्थैर्यमात्मविनिग्रहः ।।

इन्द्रियार्थेषु वैराग्यम् अनहंकार एव च ।
जन्ममृत्युजराव्याधिदुःखदोषानुदर्शनम् ।।

असक्तिरनभिष्वंगः पुत्रदारगृहादिषु ।
नित्यं च समचित्तत्वं इष्टानिष्टोपपत्तिषु ।।

मयि चानन्ययोगेन भक्तिरव्यभिचारिणी ।
विविक्तदेशसेवित्वम् अरतिर्जनसंसदि ।।

अध्यात्मज्ञाननित्यत्वं तत्त्वज्ञानार्थदर्शनम् ।
एतज् ज्ञानमिति प्रोक्तम् अज्ञानं यदतोऽन्यथा ।।

નિર્માનતા, અહિંસા, ને અદંભ, આર્જવ, ક્ષમા,
ગુરુભક્તિ તથા શૌચ, સ્થિરતા, આત્મનિગ્રહ;

વિષયો પ્રતિ વૈરાગ્ય, નિરહંકારતા, તથા
જન્મ-મૃત્યુ-જરા-વ્યાધિ-દુઃખ-દોષોનું દર્શન;

નિર્મોહતા, અનાસક્તિ પુત્ર-પત્નીગૃહાદિમાં,
સારા માઠા પ્રસંગોમાં ચિત્તની સમતા સદા;

અનન્ય યોગથી મારી ભક્તિ અવ્યભિચારિણી,
એકાન્તવાસમાં પ્રેમ, ના ગમે ડાયરા વિષે;

અધ્યાત્મજ્ઞાનમાં નિષ્ઠા, તત્ત્વજ્ઞાન-વિચારણા;
આ લક્ષણે કહે જ્ઞાન, તેથી અજ્ઞાન ઊલટું.

(ગીતા, અ૦ ૧૩ – શ્લો. ૭ થી ૧૧)

મુદ્રક અને પ્રકાશક : જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ, નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૧૪

GURUKULA KANGRI 2 DEC 54 ...
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Compiled
1999-2000

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri